# સ્વાધ્યાય

પુસ્તક ૧૬
અંક ૩

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૩૫

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्




ગણેશ અને સરસ્વતી
[ પ્રાચ્યવિદ્યા મન્દિરની "શ્રીમદ્ભગવદ્ગીતા"ની હસ્તપ્રતમાંથી ]

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક,

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય


પુસ્તક ૧૬ : અંક ૩ મે, ૧૯૭૯

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૩૫


## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | વેદગૌરવ—જયદેવભાઈ શુકલ ... | ૨૨૫ |
| ૨. | वयं स्याम—ગૌતમ પટેલ ... | ૨૩૪ |
| ૩. | સાંખ્યદર્શનપ્રણીત સર્ગયોજનામાં એક ખૂટતી કડી—વસંત પરીખ ... | ૨૪૪ |
| ૪. | ન્યાયદર્શનમાં તર્કનું સ્વરૂપ—લક્ષ્મેશ વી. જોષી ... | ૨૫૦ |
| ૫. | સર્જાતું સંસ્કૃત સાહિત્ય—અરુણોદય ન. જાની ... | ૨૬૫ |
| ૬. | કાલિદાસ અને આનન્દવર્ધન—તપસ્વી નાન્દી ... | ૨૭૩ |
| ૭. | વક્રોક્તિજીવિતમાં વસ્તુવક્રતા—નરેન્દ્રસિંહ એ. મહીડા ... | ૨૭૯ |
| ૮. | જયંત ભટ્ટ અને તેની કાવ્યપ્રકાશની દીપિકા ટીકા—ભક્તિનાથ ગિ. શુકલ ... | ૨૮૪ |
| ૯. | 'માલવિકાગ્નિમિત્રમાં અર્થપ્રકૃતિ'—ડી. જી. વેદિયા ... | ૨૯૧ |
| ૧૦. | સંસ્કૃત નાટકો અને સામાજિક પરિવેશ—સી. એલ. શાસ્ત્રી ... | ૨૯૯ |
| ૧૧. | છાયાનાટક—આર. પી. મહેતા ... | ૩૦૩ |
| ૧૨. | શ્રીદત્તપુરાણ—શિવપ્રસાદ મ. દવે ... | ૩૧૨ |
| ૧૩. | પૂ. શ્રીરંગઅવધૂતરચિત 'रङ्गहृदयम्' એક વિહંગાવલોકન —જી. કે. પંડ્યા ... | ૩૧૮ |
| ૧૪. | "અવધૂતજીનું તત્ત્વચિંતન"—ઉમા દેશપાંડે ... | ૩૨૨ |
| ૧૫. | ઋગ્વેદના દ્રષ્ટાઓમાં ઋષિ દીર્ઘતમસ્‌નું સ્થાન અને પ્રદાન —ભરતકુમાર ડી. ભટ્ટ ... | ૩૨૯ |
| ૧૬. | ગ્રન્થાવલોકન ... | ૩૩૫ |
| ૧૭. | સાભાર સ્વીકાર ... | ૩૪૭ |

# સંપાદકીય

સામાન્ય રીતે **સ્વાધ્યાય**માં સંપાદકીય લેખ હોતો નથી. પરંતુ નારેશ્વરમાં ભરાયેલ જ્ઞાનસત્રમાં રજૂ થયેલ અભ્યાસપૂર્ણ નિબંધો વડે આ અંકનું કલેવર ઘડાયું હોવાથી પ્રસ્તાવનારૂપે કંઈક લખવું ઉચિત લાગવાથી આ બે શબ્દો લખવામાં આવે છે.

તા. ૨૩-૭-'૭૮ના રોજ અમદાવાદ ખાતે ભરાયેલી ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળની કારોબારીની બેઠકે નારેશ્વર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પૈકીના એક ઉત્સાહી ટ્રસ્ટી ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઈ) શિ. જોષીનું આમંત્રણ સાભાર સ્વીકારી ૧૯૭૮ના ડિસેમ્બરની ૩૧મી અને ૧૯૭૯ના જાન્યુઆરીની પહેલી એમ બે દિવસોએ રેવાને તીરે આવેલા પૂ. રંગાવધૂત બાપજીના પવિત્ર નારેશ્વર તીર્થમાં મંડળનું જ્ઞાનસત્ર ભરવાનું નક્કી કર્યું.

વડોદરાના સંસ્કૃત મહાવિદ્યાલયમાં અતિથિ પ્રાધ્યાપક તરીકે આવેલા નાગપુર યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ અને સંસ્કૃતના મહાકવિ પ્રા. શ્રી. ભા. વર્ણેકર તથા વડોદરાના આર્યકન્યા ગુરુકુળની ચકાસણી માટે કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત થયેલા તિરુપતિના કેન્દ્રીય સંસ્કૃત વિદ્યાપીઠના પ્રાચાર્ય પ્રો. એમ. ડી. બાલસુબ્રહ્મણ્યે પણ જ્ઞાનસત્રમાં અનાયાસે ઉપસ્થિત રહી અધ્યાપકોના આનંદ અને ઉત્સાહને દ્વિગુણિત કર્યો હતો.

પ્રસ્તુત જ્ઞાનસત્રમાં સૂરત, વડોદરા, વલ્લભવિદ્યાનગર, આણંદ, અમદાવાદ, મોડાસા, કલોલ, લુણાવાડા, કપડવંજ, ભાવનગર અને છેક અમરેલીથી પ્રાધ્યાપક બંધુઓએ હાજર રહી જ્ઞાનસત્રને સફળ બનાવ્યું હતું.

અગાઉથી સૂચવ્યા મુજબ મોટાભાગના પ્રાધ્યાપકો તા. ૩૦-૧૨-૭૮ના રોજ સાંજે જ નારેશ્વર આવી પહોંચ્યા હતા.

તા. ૩૦-૧૨-'૭૮ના રોજ સાંજે પ્રા જે. જે. પંડ્યાના અધ્યક્ષપદે સંસ્કૃતના અભ્યાસક્રમનું માળખું આજના તબક્કે કેવું હોવું જોઈએ તે અંગેની ઉપયોગી ચર્ચા થઈ હતી.

તા. ૩૧-૧૨-'૭૮ના રોજ સવારે નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી અને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રિય પુરસ્કાર પ્રાપ્ત કરનાર શ્રી જયંતીલાલ આચાર્યના હસ્તે જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન થયું. ત્યારબાદ ગુજરાત યુનિવર્સિટીના સંસ્કૃતના રીડર ડૉ જયદેવભાઈ મો. શુકલના અધ્યક્ષપદે યોજાએલ વૈદિક વિભાગમાં નિબંધોનું વાચન થયું હતું.

અપરાહ્ણમાં ડૉ. અરુણોદય ન. જાનીના અધ્યક્ષપદે સાહિત્યવિભાગના નિબંધો વંચાયા હતા.

તત્ત્વજ્ઞાનવિભાગના અધ્યક્ષ પ્રો. દલસુખભાઈ માલવણિયા ન આવી શકવાથી તે વિભાગનું સંચાલન પણ ડૉ. જાનીએ જ કર્યું હતું.

તા. ૧-૧-૧૯૭૯ના રોજ સવારમાં પ્રા. શ્રી બંસીધરના આસન અને પ્રાણાયામ અંગેના યૌગિક પ્રયોગો સાથે જ્ઞાનસત્રની સમાપ્તિ થઈ હતી.

વૈદિક વિભાગમાં ૫, સાહિત્ય વિભાગમાં ૧૩ અને તત્ત્વજ્ઞાન વિભાગમાં ૫ મળી, એકંદરે ૨૩ લેખો પૈકી અનુક્રમે ૨ + ૮ + ૩ મળી કુલ ૧૩ સ્વીકૃત નિબંધો તથા વેદ અને સાહિત્ય વિભાગના બે અધ્યક્ષીય પ્રવચનો એમ બધા મળીને કુલ ૧૫ નિબંધો વંચાયા હતા. પ્રાધ્યાપકો તથા સંશોધન છાત્રોના અભ્યાસના પરિપાકરૂપ આ નિબંધો સહુને એકી સાથે એકત્ર ઉપલબ્ધ બને એ શુભ આશયથી સ્વાધ્યાયનો આ અંક **જ્ઞાનસત્ર વિશેષાંક** તરીકે રજૂ થાય છે. આશા છે અમારા વિદ્વાન વાચકો આ અંકને ઉષ્માભર્યો આવકાર જરૂર આપશે.

પ્રસ્તુત વિશેષાંકમાં પોતાના નિબંધો સમયસર મોકલી આપવા માટે પ્રાધ્યાપક બંધુઓનો આભાર માનવો જ રહ્યો.

ગુરુપૂર્ણિમા
તા. ૯-૭-'૭૯

**અ. ન. જાની**

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૫ — પુસ્તક ૧૬

મે, ૧૯૭૯ — અંક ૩

# વેદગૌરવ[1]

જયદેવભાઈ શુક્લ

इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः पूर्वेभ्यः पथिकृद्भ्यः ।

ऋग्वेद १०-१४-१५cd.

સંસ્કૃત વાઙ્મયમાં વૈદિક સાહિત્ય અત્યંત વિશાળ અને લાંબા સમયપટમાં પથરાયેલું હોઈ સંશોધન અને અભ્યાસ માટે તે મહત્ત્વનું છે. સંસ્કૃત વિદ્યાનાં બીજાં અધ્યયનક્ષેત્રોની સરખામણીમાં વૈદિક સાહિત્યના સંશોધનમાં અર્વાચીન ભારતીય વિદ્વાનોનો ફાળો પ્રમાણમાં ઓછો ગણી શકાય. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં પાશ્ચાત્ય વિદ્વાનોએ વિપુલ સંશોધન, વેદ અને વૈદિક સાહિત્ય અંગે કર્યું છે, તે સુવિદિત છે. ઋગ્વેદ અને ઉપનિષદો અંગે સૂક્ષ્મ અભ્યાસ અને સંશોધનો થયાં છે; પરંતુ સામવેદ, મૈત્રાયણી સંહિતા, કાઠક સંહિતા, કેટલાક બ્રાહ્મણગ્રંથો, શ્રૌતસૂત્રો, શુલ્વસૂત્રો, છન્દસ્, સામવેદ પ્રાતિશાખ્ય અને નિઘણ્ટુ જેવાં અભ્યાસક્ષેત્રોમાં સંશોધનને સવિશેષ અવકાશ છે, એટલું જ નહિ, પરંતુ ઋગ્વેદ અંગે પણ હજુ વિશેષ સંશોધનને ઘણો અવકાશ છે. વૈદિક સાહિત્ય અંગે પાશ્ચાત્ય સંશોધકોના કાર્યથી સૌ સુપરિચિત છે, તેથી તે સંશોધનકાર્યનો સારસંગ્રહ હું અહીં કરતો નથી; પરંતુ અર્વાચીન વેદવિદોમાં સૌથી વધારે પ્રતિભાસંપન્ન યાન હોન્ટા ( Jan Gonda )ના ઉત્કૃષ્ટ અને વિપુલ સંશોધન કાર્ય તરફ સૌનું ધ્યાન દોરાવું જોઈએ. લુઈ રેનૂના Bibliographic Vedique, ડૉ. દાંડેકરના Vedic Bibliographyના ત્રણ ગ્રંથો અને 'પ્રાચી જ્યોતિ'ના ગ્રંથોમાં વેદ અંગેના સંશોધનની માહિતી સુપ્રાપ્ય છે. વેદનાં શાસ્ત્રીય સંપાદનો અંગે "વૈદિક સંશોધન, મંડળ, પૂના" અને "વિશ્વેશ્વરાનંદ વિશ્વબંધુ ઇન્સ્ટિટ્યૂટ, હોશિયારપુર", જાણીતાં છે. વ્યક્તિગત અર્વાચીન ભારતીય વેદવિદોમાં ભાવે, અગરવાલ, વેલણકર, વેંકટ સુબ્બૈયા, અભ્યંકર, ફાધર એસ્ટ્રેલર, ડૉ. દાંડેકર અને બીજા વિદ્વાનોનું કાર્ય જાણીતું છે.

ગુજરાતમાં છેલ્લાં લગભગ દસ વર્ષમાં થયેલા અભ્યાસ અને સંશોધનકાર્યને નીચે પ્રમાણે વિભાગોમાં સમજી શકાય.

---

૧ નારેશ્વર મુકામે તા. ૩૦, ૩૧ ડિસેમ્બર, ૧૯૭૮ના રોજ યોજાયેલા સંસ્કૃત અધ્યાપક મંડળના અધિવેશન પ્રસંગે આપેલું વ્યાખ્યાન.

(અ) જનસમુદાયને વેદ તરફ આકૃષ્ટ કરનાર અને છેલ્લાં પચાસ વર્ષથી વેદનો પ્રચાર કરનાર સાતવળેકરના વેદના ગ્રંથોનું પ્રકાશન અને સમગ્ર ભારતમાં તેનો પ્રચાર, સ્વામી ગંગેશ્વરાનંદજીના 'ભગવાન વેદ'નું પ્રકાશન અને તેની આપણા દેશમાં અને પરદેશમાં સ્થાપના અને અંબાજીમાં પ્રતિવર્ષ યોજાતી વેદપાઠસ્પર્ધા જાણીતાં છે.

(આ) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ઉપયોગી અને જિજ્ઞાસુઓમાં રસ જાગ્રત કરનાર ગ્રંથોમાં ડૉ. સોલોમન દ્વારા સંપાદિત ગુજરાત યુનિવર્સિટીના એસ.વાય.બી.એ. માટેનું વેદસૂક્તોનું સીલેકશન, શ્રી વિષ્ણુદેવ પંડિતનાં ઋગ્વેદ અને સામવેદ અંગેનાં પરિચય પુસ્તકો, ડૉ. કંસારાનું 'ઋગ્વેદ અધ્યયન પ્રવેશિકા' અને ડૉ. ગૌતમ પટેલનું પ્રો. વિનોદ મહેતાના સહસંપાદનમાં પ્રગટ થયેલ "ઋક્સૂક્તમંજૂષા", "વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ" અને તેમના સંપાદનમાં પ્રગટ થયેલ "સંસ્કૃત નિબંધ મંજૂષા"માંના વેદવિષયક લેખો જાણીતા છે.

(ઇ) સંશોધનાત્મક ગ્રંથો અને લેખોમાં ભગવદાચાર્યનાં વેદભાષ્ય, સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજીનાં 'શુકલયજુઃસંહિતાસમન્વયભાષ્ય'નાં બે પુસ્તકો, 'કુન્તાપસૂક્તભાષ્ય', વેદ અને ભગવદ્ગીતાનો સંબંધ જોડતું 'ભગવદ્ગીતા ઔર વેદગીતા' પુસ્તકનું આમુખ, ડૉ. જે. એમ. શુકલનો 'ઋગ્વેદના સપ્તમ મંડલનું રસદર્શન' એવા શીર્ષકવાળો વિસ્તૃત લેખ, ડૉ. એ. ડી. શાસ્ત્રીનો "વૈદિક વાઙ્મયમાં ગુજરાતનો ફાળો"એ શીર્ષકવાળો લેખ, ડૉ. કાંટાવાળાના મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી જર્નલ, સુરભારતી, જર્નલ ઑફ ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, સ્વાધ્યાય વગેરેમાં પ્રસિદ્ધ થએલ ઋગ્વેદના ધર્મ, અર્થદર્શન, અગ્નિદેવ, વિશ્વામિત્ર–નદી સૂક્ત, પુરૂરવસ્–ઉર્વશી, યમયમી સંવાદ, ઇન્દ્રદૂતી સરમા, ઋભુઓ વગેરે અંગે પ્રસિદ્ધ થએલા લેખો, ડૉ. કંસારાના साम्मनस्यम् માસિકમાં પ્રગટ થયેલ અને ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોનું રસદર્શન કરાવતા લેખો, ડૉ. ગૌતમ પટેલના 'ઋગ્વેદની કવિતા', 'વેદના ભાષ્યકારો', 'વૈદિક દેવતા–એકેશ્વરવાદ' એવાં શીર્ષકોવાળા લેખો જાણીતા છે.

(ઈ) વેદમંત્રપાઠની પરંપરાને જીવંત રાખનાર ગુજરાતના વેદપાઠી વિદ્વાનોનું અને અગ્નિહોત્રની પરંપરાને જાળવી રાખનાર પ્રોફે. અગ્નિહોત્રીનું કાર્ય પણ અગત્ય ધરાવે છે કારણ કે મન્ત્રપાઠની પદ્ધતિ અને યજ્ઞકાર્યની કેટલીક પરંપરાપ્રાપ્ત વિગતો તેમાં સચવાઈ રહે છે.

ચાલુ સંશોધનકાર્યમાં શ્રી વિષ્ણુદેવ પંડિતના સામવેદ ભાષ્યનો અનુવાદ, ડૉ. જે. એમ. શુકલનો ઋગ્વેદ તૃતીય મંડલનો અનુવાદ અને ગુજરાત યુનિવર્સિટીની પીએચ. ડી. પદવી માટે સંશોધન કરી રહેલાં શ્રીમતી ઉષા બ્રહ્મચારી, પ્રોફે. ધનરાજ પંડિત અને પ્રોફે. ભરતકુમાર ભટ્ટના અનુક્રમે ઋગ્વેદ તૃતીયમંડલ, ભારદ્વાજમંડલ અને દીર્ઘતમસ્નાં સૂક્તોનાં વિવેચનોને ઉલ્લેખવાં જોઈએ.

ઋગ્વેદનાં સૂક્તોના અર્થદર્શન અંગે કેટલાક વિચારો રજૂ કરીશ. પદપાઠને ઋગ્વેદના અર્થદર્શનનું પ્રથમ સોપાન સમજવામાં આવ્યું છે. પદપાઠદ્વારા, સ્વરયોજનાથી સ્ફુટ થતો અર્થ સમાસનાં પદોનો વિચ્છેદ અને ચરણના આદિની સ્પષ્ટતા તથા સંધિવિચ્છેદદ્વારા પદપૂરણ અવ્યયોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. કૃષ્ણ યજુર્વેદની સંહિતાઓમાં ઋગ્વેદના મંત્રોનો યજ્ઞપરક

વિનિયોગ અને તેના અનુલક્ષ્યમાં તે તે મંત્રોનો ઉલ્લેખ, ઋગ્વેદના અર્થદર્શનમાં, ત્યાર પછીનું સોપાન સમજવું જોઈએ. ઋગ્વેદ અને બ્રાહ્મણગ્રંથોની રચના વચ્ચેનો સમય વધારે હોવો જોઈએ, કારણ કે બ્રાહ્મણગ્રંથો યજ્ઞકાર્યની ચર્ચાના સંદર્ભમાં ઋચાઓનો ઉલ્લેખ છે પરંતુ પર્યાયમૂલક અર્થ આપવાને બદલે ઘણીવાર કેવળ તેમનાં ચરણોની અન્વયાત્મક પુનરુક્તિ કરે છે અને પર્યાય તો કવચિત્ જ એવા પદપૂરણથી આપવાનો પ્રયત્ન કરે છે.[2] શ્રૌતસૂત્રોમાં ઘણીવાર ઋચાઓનાં પ્રતીકો પ્રાપ્ત થાય છે. યાસ્કનું વેદમંત્રોનું અર્થદર્શન અનેક પદ્ધતિઓનો ઉલ્લેખ કરે છે. જેમાં નૈરુક્તો મુખ્ય સમજવામાં આવ્યા છે. આધ્યાત્મિક અર્થદર્શનનો પણ તેમાં ઉલ્લેખ છે.

પ્રાતિશાખ્યો પણ ઋગ્વેદના અર્થદર્શનમાં ઉપયોગી છે. પ્રાતિશાખ્યો વેદનાં વ્યાકરણો છે અને વેદની ઉચ્ચારણપદ્ધતિના નિયમો તેમાં રજૂ થયા છે, એવો મત સાચો નથી. વ્યાકરણ અને શિક્ષા અર્થાત્ ઉચ્ચારણપદ્ધતિના કેટલાક પ્રાથમિક નિયમો તેમાં પ્રાપ્ત થાય છે. દરેક પ્રાતિશાખ્ય પોતાની સંહિતા તરફ વિશેષ ધ્યાન આપે છે અર્થાત્ પોતાની શાખાનાં જ ઉદાહરણો રજૂ કરે છે. આ રીતે સ્વરો અને છન્દો અંગે ઋગ્વેદ પ્રાતિશાખ્ય ઋગ્વેદનાં અર્થદર્શન અંગે કેટલેક અંશે ઉપયોગી ગણી શકાય.

ઋગ્વેદના તથા બીજી વેદસંહિતાઓના અર્થદર્શન અંગે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં પ્રાપ્ત થતાં નિયમસૂત્રોનું ઘણું મહત્ત્વ સમજવામાં આવ્યું છે. પાણિનિને પોતાના સમયમાં પ્રચલિત વેદસંહિતાઓનું સૂક્ષ્મ જ્ઞાન હતું તે વાત તેમના, વેદમાંના ક્રિયારૂપોના ઉલ્લેખોથી સ્પષ્ટ થાય છે. સાયણનાં ભાષ્યોનો આધારસ્તંભ પાણિનિ જ છે, એટલું જ નહિ પણ સ્વર અને વ્યાકરણના અપૂરતા જ્ઞાનવાળા જે અનુવાદકોએ ઋગ્વેદનું અર્થદર્શન કરાવ્યું હોય તે નિરુપયોગી બને એ હકીકત સ્વીકારવી જોઈએ. ભાવેના સોમમંડલના અંગ્રેજી અનુવાદમાં તેમણે સ્વીકારેલો પાણિનિને જ સમક્ષ રાખીને અર્થદર્શન કરવાનો આદર્શ અને આગ્રહ મહદંશે સફળ થયો છે. આમ હોવા છતાં 'લેટ્' જેવા ક્રિયા પ્રયોગોમાં પ્રાપ્ત થતું વૈવિધ્ય, तितउ, जर्भरी, तुर्फरीत् જેવા ઋગ્વેદ પછીના કાળમાં લુપ્ત થયેલા પ્રયોગોને સમજાવવા માટે પાણિનિ હંમેશાં ઉપયોગી બનશે નહિ. પાણિનિને આપણા ભોમિયા (guide) સમજીએ તોપણ બરાબર નિરખીને ડગલાં માંડવાનું તો આપણે જ કરવાનું છે.

પાશ્ચાત્ય વિદ્વાનોમાં ઋગ્વેદના અર્થદર્શનના ચાર તબક્કા જોવા મળે છે. એક રોટ, ગ્રાસમાન વગેરેના, સાયણ ન જોઈએ, એવો આદર્શ લઈ બેઠેલ અર્થદર્શનનો. બીજો સાયણ જ જોઈએ, રોટ વગેરેને ઉવેખવા જોઇએ એવા આદર્શવાળા વિલ્સન અને ગોલ્ડસ્ટકરનો. ત્રીજો સાયણનો વિચારીને ઉપયોગ કરવો અને પુરોગામીઓ પાશ્ચાત્ય કે પૌરસ્ત્યની ઉપેક્ષા ન કરવી તથા ઋચાના શબ્દોના બીજાં મંડલોમાં અન્યત્ર ઉલ્લેખોનું ધ્યાન રાખીને અર્થદર્શન કરવું અને યજ્ઞમૂલક અર્થદર્શનથી ચેતતા રહેવું એવો આદર્શ સ્વીકારનારા બર્ગેઈન, ઓલ્ડનબર્ગ અને ગેલ્ડનરનો. આ

---

૨ अञ्जन्ति त्वामध्वरे देवयन्तो......॥ વગેરે ऋग्वेद ३.८.१, મન્ત્રવર્ણોને ઐતરેય બ્રાહ્મણમાં ( ૨.૨ ) अञ्जन्ति त्वामध्वरे देवयन्त इत्यन्वाह । अध्वरे ह्येनं देवयन्तोऽञ्जन्ति मधुना दैव्येन इत्येतद्वै मधु दैव्यं यदाज्यं यदूर्ध्वस्तिष्ठा द्रविणेह धत्ता यद्वा क्षयो मातुरस्या उपस्थ इति यदि च तिष्ठासि यदि च शयासि द्रविणमेवानुधत्तादित्येव तदाह ।

આદર્શ સ્વીકારાયેલ જણાય છે. અહીં એક બાબત ધ્યાનમાં લેવા જેવી છે કે આવું તૌલનિક પદ્ધતિનું અર્થદર્શન સાયણ ભાષ્યમાં પણ સૂચવાયું છે.[3] આ તૌલનિક પદ્ધતિની મદદ વેલણકર અને મેકડોનલ-કૈયટે સ્વીકારી છે. શ્રી અરવિંદ, મધુસૂદન ઓઝા અને વાસુદેવશરણ અગ્રવાલે આધ્યાત્મિક અને પ્રતીકાત્મક અર્થદર્શનોનો આગ્રહ રાખ્યો છે. સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી ઋચાઓના અર્થમાં પુરાણોમાં પ્રસિદ્ધ વ્યક્તિઓ અને પ્રસંગો તેમજ મહાભારતનાં પાત્રો-કૃષ્ણ અને વિષ્ણુનો ઉલ્લેખ સમજવા માટે જાણીતા છે.[4] આવાં બધાં અર્થદર્શનો વિદ્વત્તાપૂર્ણ, આશ્ચર્યકારક અને આનંદપ્રદ છે. તે કેટલે અંશે સર્વમાન્ય બને તે વિચારવું જોઈએ. યાસ્કની પહેલાં પણ અર્થદર્શનની આવી અનેક પરંપરાઓ વિકસી હોય તો અર્વાચીન સમયમાં તેવી કેમ ન વિકસે? વેદમાં વિજ્ઞાનનાં અનેક ગૂઢ રહસ્યો છે અને તે રહસ્યોને મહેશ યોગી જેવા જ સમજી શકે છે. વાસ્તવમાં ઋગ્વેદ એક એવો શુદ્ધજલરાશિ છે જેમાંથી પ્યાલું ભરીને તેમાં મનગમતું એસેન્સ નાંખવાથી આપણને ઈષ્ટ શરબત અથવા તો છેવટે તે શરબતની સુવાસ પ્રાપ્ત થાય છે. એસેન્સ નાંખનાર સિવાય અન્યને તેની વાસ ન આવે તો તેનાં નસીબ.

ઋગ્વેદનાં સૂક્તોમાં પ્રગટ થયેલ વિચારસમૃદ્ધિ અને કાવ્યતત્ત્વને માણવા માટે તેની શૈલી અંગે વિચારવું જોઈએ. ઋગ્વેદના ઋષિકવિઓએ કાવ્યતત્ત્વની ઉત્કૃષ્ટતાને સ્ફુટ કરવા અનેક ઉપાયો યોજ્યા છે. તેમાં ઉપમા મુખ્ય છે. ઉપમાઓ સ્થૂળ રીતે વિચારીએ તો, દરેક સૂક્તમાં ઓછામાં ઓછી પાંચ છ જેટલી પ્રાપ્ત થશે. આ ઉપમાઓની સામગ્રી આર્યોના ગ્રામજીવન, દૈનિક જીવન અને યજ્ઞકાર્યમાંથી પ્રાપ્ત થાય છે. રૂપક અને ઉત્પ્રેક્ષાનો ઉપયોગ પણ તેઓ કરે છે. શબ્દાલંકારમાં યમક અને અનુપ્રાસ અસંખ્ય વાર પ્રાપ્ત થાય છે. કાવ્યના શબ્દદેહને સુંદર બનાવવા માટે ઋગ્વેદના કવિઓ અનેક પ્રકારની પુનરુક્તિઓ,[5] સમાન્તર વર્ણક્રમ,[6] શબ્દક્રમ

---

૩ ऊर्वे गा विवेद । ऋग्वेद ९.८८.८ ઉપરના ભાષ્યમાં ऊर्वं गव्यं महि गृणानः । ऋग्वेद ६.१७.१ તેમ જ कृण्वन्नपो वर्षयन्द्यामुते माम् ॥ ऋग्वेद, ९.९६.३ માટે भूमिं पर्जन्या जिन्वन्ति दिवं जिन्वन्त्यग्नयः (ऋग्वेद, १.१६४.५१) રજૂ કરે છે.

૪ (અ) इम इन्द्र भरतस्य पुत्रा....परिणयन्त्याजौ ऋग्वेद ३.५३.२४નો સંબંધ धर्मक्षेत्रे कुरुक्षेत्रे..............संजय ॥ भगवद्गीता, १.१ સાથે યોજે છે.

(બ) आशुः शिशानो वृषभो न भीमो घनाघनः क्षोभणश्चर्षणीनाम् ।
संक्रन्दनोऽनिमिष एकवीरः शतं सेना अजयत्साकमिन्द्रः ॥

ऋग्वेद १०.१०३.१

માં યુધિષ્ઠિર, ભીમ, કાશીરાજ, પુરુજિત્, અર્જુન વગેરે યોદ્ધાઓનાં નામ તે સમજ્યા છે.

૫ (અ) પદપુનરુક્તિ

(૧) यमाय सोमं सुनुत यमाय जुहुता हविः । ऋग्वेद १०.१४.१३

(२) शुनं नः फाला वि कृषन्तु भूमिम् ।

शुनं कीनाशा अभि यन्तु वाहैः । ऋग्वेद ४.५७.८

પરિવર્ત,[7] એક જ વિચારનું નકારાત્મક પુનઃકથન,[8] વ્યુત્પત્તિમૂલક અલંકાર,[9] અનુપ્રાસ[10] અને યમકનો[11] વારંવાર ઉપયોગ કરે છે.

શૈલી અંગેનાં આવાં અને બીજાં[12] લક્ષણોદ્વારા ઋચાઓના ઉત્કૃષ્ટ કાવ્યતત્ત્વને આસ્વાદી શકાય. પરંતુ આટલું પૂરતું નથી. ઋગ્વેદનાં સૂક્તો કેવળ શક્તિ, નિપુણતા, લોકાવેક્ષણ અને કાવ્યશાસ્ત્રાદ્યવેક્ષણથી પ્રાપ્ત થતું આસ્વાદ્ય કાવ્ય નથી. અલૌકિક પ્રજ્ઞાવાળા ઋષિકવિઓનું તે દર્શન છે. તે કેવળ છંદ, અલંકાર, ભાષાવૈભવ અને વિચાર ચમત્કૃતિની સંપત્તિવાળા કવિઓની કૃતિ નથી. આંતર અને બાહ્ય પ્રકાશને આત્મસાત્ કરનારા ઋષિઓને પ્રાપ્ત થયેલું આ દર્શન સમગ્ર ઋગ્વેદમાં પ્રાપ્ત થતા કાવ્યના પર્યાયો ઉપરથી સ્પષ્ટ થાય છે. આવા પર્યાયો છે ધી, બ્રહ્મ, મતિ, મનીષા, શુક્ર વચઃ, વચસો જ્યોતિઃ, ધારા ઋતસ્ય, વિપા, મન્મ, મેધા, વગેરે.

---

(આ) આવર્તિત પુનઃકથન

गावो न यूथमुप यन्ति वध्रयः । ऋग्वेद ८.४६.३०.

अर्जयो गाः अजयः शूर सोमम् । ऋग्वेद १.३२.१२

६ सनेम मित्रावरुणा सनन्तो भवेम द्यावापृथिवी भवन्तः । ऋग्वेद ७.५२.१

७ समन्या यन्त्युप यन्त्यन्याः । ऋग्वेद २.३५.३

८ मदे चिदस्य प्र रुजन्ति भामा

न वरन्ते परिबाधो अदेवीः ॥ ऋग्वेद ५.२.१०

९ (અ) युवं वस्त्राणि पीवसा वसाथे । ऋग्वेद १.१५२.१

(આ) अपां नपादा ह्यस्थादुपस्थम् । ऋग्वेद २.३५.९

(ઇ) यजिष्ठेन मनसा यक्षि देवान् । ऋग्वेद ३.१४.५

(ઈ) आ वां वहिष्ठा इह ते वहन्तु । ऋग्वेद ४.१४.४

(ઉ) जनिष्ट हि जेन्यो अग्रे अह्नाम् । ऋग्वेद ५.१.५

(ઊ) ये सहांसि सहसा सहन्ते । ऋग्वेद ६.६६.९

(ઋ) इन्द्राय यत्र सवनानि सुन्वे गमन्मदाय प्रथमं वयश्च । ऋ. ७.३७.१

(એ) आ वहेथे पराकात् पूर्वीरश्नन्तावश्विना । ऋग्वेद ८.५.३१

(ઐ) अस्येदिन्द्रो मदेष्वा ग्राभं गृभ्णीत सानसिम् । ऋग्वेद ९.१०६.३

(ઓ) अक्षैर्मा दीव्यः कृषिमित् कृषस्व । ऋग्वेद १०.३४.१३

१० वचो वन्दारु वृषभाय वृष्णे । ऋग्वेद ५.१.१२

अर्चा शक्राय शाकिने शचीवते । ऋग्वेद १.५४.२

११ (અ) पोषं रयीणामरिष्टिं तनूनाम् । ऋग्वेद २.२१.६

(આ) विश्वेषामदितिर्यज्ञियानां विश्वेषामतिथिर्मानुषाणाम् । ऋग्वेद ४.१.२०

12 Gonda Jan; Stylistic Repetitions in The Veda, Amsterdam, 1959.

ઋગ્વેદનો કવિ પ્રકાશનો કવિ છે. પ્રકાશનાં જ પ્રતીકો અગ્નિ, ઇન્દ્ર, ઉષસ્, વિષ્ણુ–એને સૌથી વધારે આકર્ષે છે. પ્રકાશનાં આ તત્ત્વો તેણે સમગ્ર સૃષ્ટિને ઉપકારક માન્યાં છે. ઋગ્વેદના કવિનું હૃદય, મન અને નેત્રો બાહ્યાભ્યંતર પ્રકાશથી ઝળહળતાં છે તેને પ્રાપ્ત થયેલ જ્યોતિ કાવ્યજ્યોતિરૂપે તેણે પ્રતિફલિત કર્યો છે.

ઋગ્વેદ અને વૈદિક સાહિત્યમાં સંશોધનક્ષેત્રો વધારે વિશાળ બનતાં ગયાં છે, પરિણામે ઋગ્વેદ અને વેદ સાહિત્યમાં હજુ અનેક દિશામાં વિપુલ સંશોધનને અવકાશ છે. આવા સંશોધન અંગેની આપણી સજ્જતા અને અધિકારમાં એક વાત ભૂલવી ન જોઈએ અને તે એ છે કે વૈદિક સાહિત્ય અંગેના સંશોધનમાં અત્યાર સુધી પ્રાપ્ત થએલા નિર્ણયોને ફરીવાર તપાસવા જોઈએ. હિલ્બ્રેન્ટ, બર્ગેઈન, ઓલ્ડનબર્ગ અને મેકડોનેલ જેવા અત્યંત પ્રતિભાસંપન્ન સંશોધકોના મતાન્તરોની પણ પુનર્વિચારણા થવી જોઈએ. ઋગ્વેદના દેવોનાં વ્યક્તિત્વ, બ્રાહ્મણગ્રંથોમાં અને શ્રૌતસૂત્રોમાં પ્રાપ્ત થતી યજ્ઞકાર્યની વિગતો આ અંગેનાં ઉદાહરણો ગણી શકાય. યજ્ઞકાર્યની વિગતોને તે સમયે પ્રવર્તમાન સામાજિક સ્થિતિના સંદર્ભમાં મૂલવવી જોઈએ. આપ્રી સૂક્તો, અશ્વમેધમાં યજમાનપત્નીનું કાર્ય, પ્રજ્વલિત અગ્નિની ઉત્તરે કરવામાં આવતું પાત્રાસાદન, વગેરેની પશ્ચાદ્‌ભૂમિકામાં ચોક્કસ પ્રકારનો સામાજિક સંદર્ભ રહેલો છે તે સ્પષ્ટ સમજવો જોઈએ.

વેદો, બ્રાહ્મણગ્રંથો, મહાભારત અને પુરાણોમાં કેટલીક સમાન આખ્યાયિકાઓ પ્રાપ્ત થાય છે. આવી આખ્યાયિકાઓનાં મૂળ રૂપ અને જે સંદર્ભમાં તેમાં ફેરફારો થયા તે જાણવું રસપ્રદ થઈ પડશે. ઋગ્વેદના અર્થદર્શનમાં **इतिहासपुराणाभ्यां वेदं समुपबृंहयेत्** । એવા કથનથી પ્રાપ્ત થતો ઉપબૃંહણનો સિદ્ધાન્ત પાશ્ચાત્યોએ દૃઢ કરેલા તૌલનિક અર્થદર્શન જેટલો જ મહત્ત્વનો અને રસિક છે. આવી જ સ્થિતિ તત્ત્વચિંતનની છે. ઋગ્વેદ દશમમંડલ, આરણ્યકો અને ઉપનિષદોમાં તત્ત્વવિચારની લગભગ સમાન્તર ધારા પ્રવહમાન બનતી રહી છે. આ તત્ત્વચિંતનમાં થયેલા ફેરફારોનો ધાર્મિક અને સામાજિક સંદર્ભ પણ મહત્ત્વનો છે.

ઋગ્વેદનાં વ્યક્તિગત અર્થાત્ ઋષિકુલગત મંડલોનો સર્વતોગામી અભ્યાસ એક બીજો રસિક વિષય છે. ઋષિકુલોના આંતર સંબંધો, તેમના વચ્ચે પૌરોહિત્ય અંગે હરીફાઈ, તે તે મંડલનું સામાજિક દર્શન અને ભાષાકીય વૈશિષ્ટ્ય પણ અગત્યનાં છે. અહીં અષ્ટમ મંડલ, બેથી સાત મંડલોના સંદર્ભમાં મોડું અને આર્યોના ભારતમાં આગમન પહેલાં રચાયું હતું એવા હોપકિન્સના[૧૩] મતનું પરીક્ષણ રસપ્રદ થશે. આ રીતે વિચારતાં ઋગ્વેદનું દશમ મંડલ આપણને ઘણી સંશોધન સામગ્રી પૂરી પાડે છે. આ મંડલનાં સૂક્તોના કવિઓની પરંપરા નષ્ટ થઈ હશે તેમ સમજાય છે, કારણ કે કેટલાંય સૂક્તોના કવિઓનાં નામ નવાં તૈયાર કરેલાં, વિકલ્પોવાળાં અને દેવોમાં આરોપેલ કર્તૃત્વવાળાં છે. તેનાં એકસો એકાવન સૂક્તોમાંથી ઈઠ્ઠોતેર સૂક્તોના કવિઓનાં નામ પ્રાચીન પરંપરામાં પ્રાપ્ય છે, પરંતુ તોતેર સૂક્તોના કવિઓનાં નામ અજાણ્યાં અને કાલ્પનિક છે. આ મંડલને બીજાં મંડલોથી જુદા વાતાવરણમાં રચાયેલું સમજવામાં આવતાં ઘણી સ્પષ્ટતાઓ થશે અને તેથી તેનો આરણ્યકો અને ઉપનિષદોના તત્ત્વવિચાર સાથેનો સંબંધ પણ વધારે સ્પષ્ટ થશે.

---

૧૩ J.A.O.S., XXI, 1.

ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં ચિન્તનપ્રધાન સૂક્તોનો સૂક્ષ્મ અને તૌલનિક અભ્યાસ થયો નથી. આ અંગે હજુ પણ પરદેશી વિદ્વાનોનાં કથનોનું અનુકથન થતું રહે છે. દશમ મંડલમાં હિરણ્યગર્ભસૂક્ત, વાક્સૂક્ત, પુરુષસૂક્ત, નાસદીયસૂક્ત વગેરેમાં પ્રાથમિક તત્ત્વચિંતન છે એમ દર્શાવાયું છે. વાસ્તવમાં દરેક મંડલમાં આવાં ચિન્તનપ્રધાન સૂક્તો અને મન્ત્રો મળે છે. પ્રથમ મંડલમાંનું अस्य वामीय सूक्त (૧.૧૬૪), તૃતીયમંડલમાંનાં આડત્રીસ અને પંચાવન એ સૂક્તો ઉદાહરણ રૂપે સમજી શકાય. હજુ પણ નવા અભ્યાસીઓ અનેક ભ્રમમૂલક કથનો ઋગ્વેદના તત્ત્વચિંતન અંગે કરતા રહે છે. ઉ. ત. શ્રીમતી અણિમા સેનગુપ્તા[૧૪]ના પુસ્તકમાં શાંકર વેદાન્તમાં પ્રાપ્ત થતો માયાનો અર્થ ઋગ્વેદમાં અનેક સ્થળોમાં મળે છે એવું મંતવ્ય રજૂ થયું છે. વાસ્તવમાં, માયાનો અર્થ કપટ અથવા કપટયુક્ત કાર્યો એવો થતો હોવા છતાં, સૂક્ષ્મ યુક્તિ, શકિત, ક્રિયાશીલતા એવા તેના અર્થો સમજવા જોઈએ.

કેટલાક અર્વાચીન પાશ્ચાત્ય અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓનાં ઋગ્વેદ અંગેનાં અધ્યયનો આપણું ધ્યાન ખેંચે છે. મહત્ત્વના એકેક સૂક્તનું સ્વતંત્ર અર્થદર્શન અને તેના પ્રાચીન સંસ્કૃતિ સંદર્ભો તરફ પીટર ક્વેલા[૧૫] (Peter Kwella)એ આપણું ધ્યાન દોર્યું છે. તેણે વિશ્વામિત્ર–નદી–સૂક્તને કોઈક ચોક્કસ કથનવિષય, પ્રાચીન યજ્ઞકાર્ય અને નદીઓની દૈવી શક્તિના સંદર્ભમાં મૂલવવાનો પ્રયાસ કર્યો છે. અહીં સોમને બિલાડીનો ટોપ સમજનારા ગોર્ડન વેસનના[૧૬] સંશોધનનો પણ ઉલ્લેખ કરવો જોઈએ.

સિંધુ સંસ્કૃતિ અને ઋગ્વેદ તથા આર્યોના સંબંધ અંગે કેટલુંક સંશોધન ચાલી રહ્યું છે. માર્શલ અને હેરાસે સિંધુ સંસ્કૃતિને દ્રવિડ સંસ્કૃતિ તરીકે ઠસાવવાના કરેલા પ્રયત્નો સફળ થયા નથી. જંગલી અથવા અર્ધજંગલી આર્યો અને તેમના ક્રૂર નેતા ઈન્દ્રે શાંતિપ્રિય અને સુધરેલી સિંધુ સંસ્કૃતિની પ્રજાનો નાશ કર્યો એવા મોર્ટિમર વ્હીલરના વિચારને પણ સમર્થન મળ્યું નથી. રશિયન અભ્યાસીઓનાં, પાર્પોલાનાં અને રાવનાં અનુમાનો હજુ નિર્ણયની કક્ષાએ પહોંચ્યાં નથી. એક નિવૃત્ત ગૃહસ્થ ડૉ. ગુપ્તાના હજુ અપ્રકાશિત અનુમાનોનો ઉલ્લેખ કરવો જોઈએ. સિન્ધુ સંસ્કૃતિનાં અનેક અવશેષસ્થાનોમાંથી પ્રાપ્ત થયેલી મુદ્રાઓનાં અંકનો ઉપરથી તેની લિપિને સમજવા તેમણે પ્રયત્નો આદર્યા છે. સિંધુ સંસ્કૃતિ અને આર્યો વચ્ચેનો સંબંધ હજુ પણ અસ્પષ્ટ રહ્યો છે. સંશોધન અંગેની આવી એક હળવી વિચારણા[૧૭] અંગે અભ્યાસીઓનું ધ્યાન દોરીશ. સંભવ છે કે હળવી રીતે રજૂ થયેલી આ વાત ગંભીર સંશોધન બને. ભારતના આર્યોનો પાડોશી દેશો અને પૂર્વ આફ્રિકાના દેશો સાથે સંબંધ હતો. અનેક ભારતીય સાહસિકો આ દેશોમાં જતા. જેમ આર્ય ઋષિ અગસ્ત્યે આર્ય સંસ્કૃતિને દક્ષિણ ભારતમાં પ્રસરાવી તેમ અત્યંત સાહસિક નેતા રાજા યમે આર્ય સંસ્કૃતિને પૂર્વ આફ્રિકામાં ફેલાવી. ઋગ્વેદના દસમા મંડલનું યમસૂક્ત આ વાતની સાક્ષી પૂરે છે. प्रवतो महीरनु परेयिवांसम्, बहुभ्यः पन्थामनुप-

14 Sāṁkhya and Vedānta.

15 East and West, New Series, Vol. 24, Nos. 3–4, Sept-Dec. '74.

16 Gordon Wasson: Soma : Divine mushroom of immortality.

17 East Africa to-day, Bombay, 1960.

सङ्गमनम्, जनानां संगमनम् राजानम् જેવાં વિશેષણો આ અંગે નિર્ણાયક ગણી શકાય. જ્યાં પ્રાચીન પિતૃઓ ગયા તે માર્ગ કે યમે સૌ પહેલો જાણ્યો. તેના અનુસંધાનમાં પહોળાં નાકવાળી, લોહીની તરસવાળી, ભૂખરા વર્ણવાળી, જનસમુદાયમાં ફરનારી પૂર્વ આફ્રિકાની કેટલીક જાતિઓ હતી. યમને રાજા કહ્યો છે અને તેનો સંબંધ ઋતના પાલક વરુણ સાથે સમજવામાં આવ્યો છે. યમનું નિવાસસ્થાન પ્રકાશ અને પાણીથી જાણીતું છે.

અહીં ચાલીસ વર્ષો જેટલા સુદીર્ઘ સમય સુધી ઋગ્વેદના પુનર્ઘટનને સંશોધન કાર્ય તરીકે સ્વીકારીને તેનો અભ્યાસ કરનાર રેવ. ફાધર હેરાસના પ્રશસ્ય કાર્યનો ઉલ્લેખ કરવો જોઈએ. તેમના મતે આપણને પ્રાપ્ત થયેલ ઋગ્વેદસંહિતા ઋગ્વેદના ઋષિ કવિઓની મૌલિક કાવ્યરચના નથી. પરંતુ આ ઋષિકવિઓએ રચેલાં સૂક્તોનું પુનર્ગ્રથન અને પુનર્ઘટન ( Palimpself ) છે. સંહિતાકારે સૂક્તો અને પ્રકીર્ણ ઋચાઓને ચોક્કસ ક્રમમાં ગોઠવ્યાં છે એટલું જ નહિ પરંતુ ઋચાઓના આન્તર દેહમાં પણ ફેરફારો કર્યા છે. આવા ફેરફારોને સંહિતાકારે છંદ, અભિનિહિત સંધિ અને લયના અનુલક્ષ્યમાં કર્યા છે અને તે ફેરફારો યોગ્ય નથી એવો તેમનો મત છે. આવા મતને કાર્યાન્વિત કરવા તેમણે કેટલાંક પુનર્ગ્રથિત સૂક્તોનું પ્રકાશન કરવાનો પ્રયત્ન કર્યો છે. રેવ. હેરાસનાં આ કાર્યનો કેટલાક વિદ્વાનોએ વિરોધ કર્યો છે, પરંતુ મહદંશે રેવ. હેરાસના કાર્યની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. અહીં આ કાર્ય વિષે પક્ષમાં કે વિપક્ષમાં, સ્થળસંકોચને કારણે કશો અભિપ્રાય ઉચ્ચારવામાં આવતો નથી.

સ્વ. પ્રોફે. કે. વી. અભ્યંકરે તેમના અંતિમ દિવસોમાં ઋગ્વેદના અર્થઘટન માટે પદપાઠનો જ મુખ્ય આધાર લેવો એવો મત પ્રદર્શિત કર્યો હતો. તેમના આ કાર્યના નિચોડરૂપ પ્રકાશન અંગે ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વિચારી રહી છે. તેમણે વેદના પાઠની વિવિધ પદ્ધતિઓને લગતા અત્યંત પ્રાચીન ગ્રન્થો—ઉ. ત. વ્યાડીના विकृतिवल्ली, पदगाढ વગેરે— विकृतिवल्लीलक्षणसङ्ग्रह એવા નામે પ્રગટ કરાવ્યા છે.

મારું વક્તવ્ય પૂરું કરતાં પહેલાં સાયણ ભાષ્ય અંગે કેટલાક વિચારો પ્રગટ કરીશ.

સાયણે રચેલાં ભાષ્યો તેની પોતાની સ્વતંત્ર રચના નથી, હોઈ શકે નહિ, કારણ કે ભાષ્ય-રચનાની આવી વિસ્તૃત પ્રવૃત્તિ સેનાપતિ અને મંત્રીની ફરજો બજાવનાર વ્યક્તિથી થઈ શકે નહિ. સાયણે જુદા જુદા શિષ્યોને અને વિદ્વાનોને ઋગ્વેદનાં જુદાં જુદાં સૂક્તો અષ્ટક અને અધ્યાયના ક્રમમાં ભાષ્ય રચવા માટે વહેંચી આપ્યાં હતાં. આવો પૂર્વપક્ષ મેકડોનેલ જેવા વેદવિદે પ્રચલિત કર્યો છે. આવા પૂર્વપક્ષમાં તેમની દલીલો ભાષ્યના આન્તર પરીક્ષણ ઉપર આધાર રાખતી નથી પરંતુ વિજયનગરના ઉત્કીર્ણ લેખોમાંથી પ્રાપ્ત થતી સામગ્રી ઉપર આધાર રાખે છે. આવા પૂર્વપક્ષના સમર્થનમાં કેટલીક દલીલો હું રજૂ કરીશ. સાયણનું ઋગ્વેદભાષ્ય વાંચતાં ત્રણ ભાષ્ય-પદ્ધતિઓ માલૂમ પડે છે. કેટલાંક સૂક્તોના ભાષ્યમાં માત્ર અન્વય અને પર્યાય શબ્દો જ આપવામાં આવ્યા છે. બીજી પદ્ધતિમાં પાણિનિ-સૂત્રોનો કવચિત ઉપયોગ, પર્યાયમૂલક વ્યાખ્યાન ઉપરાંત, કરવામાં આવ્યો છે. ત્રીજી અને વિસ્તારયુક્ત ભાષ્યરચનામાં દરેક શબ્દનો સ્પષ્ટ અર્થ, તેના સ્વર અને વ્યાકરણ અંગે પ્રાપ્ય તેટલાં બધાં પાણિનિ સૂત્રોનો અવતાર, કવચિત્ તે તે શબ્દ અંગે ઋગ્વેદની ઋચાઓનાં સંદર્ભવચનો, બૃહદ્દેવતા, ઐતરેય બ્રાહ્મણ, તૈત્તિરીય બ્રાહ્મણ, શાંખાયન શ્રૌતસૂત્ર અને નિરુક્તમાંથી પૂરાં અવતરણો અને કવચિત્ વિકલ્પ વ્યાખ્યાન પ્રાપ્ત

થાય છે. આવી ત્રણ જુદી જુદી પદ્ધતિઓ ઉપરથી સાયણભાષ્ય એક જ લેખકનું છે એમ માની શકાય નહિ. આ ઉપરાંત સાયણ એક જ શબ્દના જુદે જુદે સ્થળે જુદા જુદા અર્થો આપે છે. ધીઃના અનુષ્ઠાતૃપ્રજ્ઞાન, કર્મ, બુદ્ધિ, ધન, અંગ્નિ, ધ્યાનથી નિષ્પન્ન સ્તુતિ, એવા જુદા જુદા અર્થો આપવામાં આવ્યા છે. એક જ લેખક એક જ શબ્દના જુદા જુદા અર્થો આપે નહિ.

મેકડોનેલના મતના પક્ષમાં મેં કલ્પેલા આ વિચારોનો ઉત્તરપક્ષ પણ હું રજૂ કરીશ. વેદભાષ્યમાં ત્રણ જુદી જુદી પદ્ધતિઓ હંમેશાં પ્રાપ્ત થતી નથી. ગાયત્રી છંદવાળી, અગ્નિદેવપરક અને પ્રમાણમાં સહેલી ઋચાઓ માટે પર્યાય શબ્દો સિવાય બીજા કશાની ખાસ જરૂર નથી. જ્યાં વિશિષ્ટ અને વિગતપૂર્ણ અર્થદર્શન પ્રાપ્ત થાય છે ત્યાં તેવી અર્થગર્ભ અને ચિંતનમૂલક ઋચાઓનું અસ્તિત્વ હોય છે. આવી ઋચાઓ પ્રથમ મંડલમાં અને દશમ મંડલમાં સવિશેષ છે. એક જ શબ્દના ભિન્ન ભિન્ન અર્થો તે તે સંદર્ભમાં સુયોગ્ય ગણાય. જ્યાં અત્યંત અઘરા અને અજાણ્યા શબ્દો પ્રાપ્ત થાય છે ત્યાં સાયણ ઘણી કાળજીથી અર્થદર્શન કરાવે છે. આપણે બે ઉદાહરણો લઈશું. सक्तुमिव तितउना पुनन्तो......ऋग्वेद १०.७१.२માંના तितउ શબ્દને—જેને સુનીતિકુમાર ચેટરજી બેબિલોનીઅન આગંતુક શબ્દ ગણે છે—સમજાવતાં, સાયણ યાસ્કનાં અને પતંજલિનાં વચનો રજૂ કરે છે અને ઉણાદિસૂત્ર રજૂ કરી તેની સિદ્ધિ કરે છે. ભૂતાંશ કાશ્યપ ઋષિના સૂક્તની (ऋग्वेद १०. १०६) શરૂઆતની ઋચાઓમાં उष्टारा, फर्वर, श्वात्री, वंसग, पूषयी, किम्बात, जर्भरी, तुर्फरीत्, पर्फरीका, जेमना, मदेरु, पज्र, चर्चर, खरमत्र, खरज्जु, सनेरु, फारिवा, आरङ्गर વગેરે શબ્દોને ઘણી મહેનત લઈને પાણિનિસૂત્રો, ધાતુપાઠ અને ઉણાદિસૂત્રોની મદદથી સમજાવે છે. સાયણ આટલાં બધાં ભાષ્યો રચી શકે નહિ એવી દલીલ માનવમનની અને માનવક્રિયાશક્તિની અમાપ કાર્યસાધકતાનું અજ્ઞાન દર્શાવે છે. ચોક્કસ પુરાવાઓ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી આ બાબત અનિર્ણીત રહેશે.

વૈદિક સાહિત્ય અંગેનાં સંશોધન ક્ષેત્રો અને વિષયો અનંત છે. આર્યો જેવી શૌર્યવાન પ્રજાએ ઋગ્વેદ અને અન્ય વેદગ્રન્થો દ્વારા આપણને તેમનો સંસ્કારવારસો બક્ષ્યો છે તે તો પરમાત્માની નિઃસીમ વત્સલતાનું જ પરિણામ છે.

---

# वयं स्याम

ગૌતમ પટેલ

વેદ અને વૈદિક સાહિત્યનો અભ્યાસ તો વ્યાપક પ્રમાણમાં ભારતીય તેમ જ ભારતીયેતર વિદ્વાનોએ કર્યો છે. છતાં એ મહાસાગરના પેટાળમાં પડેલા અણમોલ ખજાનાનો અલ્પાલ્પ અંશ જ હજુ ઉપલબ્ધ થયો છે એમ કહી શકાય. વૈદિક સભ્યતાને સ્પર્શતા અનેક પુસ્તકો, નિબંધો કે મહાનિબંધો રચાયાં છે પણ વૈદિક સંસ્કૃતિને સ્પષ્ટ વાચા મળે તેવું ક્યાં છે?

આરંભમાં સંસ્કૃતિ અને સભ્યતાનો ભેદ પામવો જરૂરી છે. 'સંસ્કૃતિ અને સભ્યતા વચ્ચે લક્ષ્મણરેખા દોરવાનો પ્રશસ્ય પ્રયત્ન વિચક્ષણ વિદ્વાનોએ કર્યો છે. સંસ્કૃતિ ને સવિશેષ કરીને આંતરિક ગુણો કે માનવજીવનનાં મૂલ્યો સાથે સીધો સંબંધ છે. જ્યારે સભ્યતા બાહ્ય ઉપકરણ સર્જનની પદ્ધતિ કે સિદ્ધિ છે. યુગોનું પરિવર્તન થવા છતાં સભ્યતાની વણથંભી કૂચ આગળ વધવા છતાં, સંસ્કૃતિના મૂળ જીવાતુભૂત તત્ત્વોમાં પરિવર્તનને અવકાશ હોતો નથી. સંસ્કૃતિને ગંગાની પવિત્રતા જેમ શાશ્વત અને સભ્યતાને તેના વધતા ઘટતા પ્રવાહની જેમ પરિવર્તનશીલ ગણાવી શકાય '.[1]

વેદના કાળના ઋષિઓની સંસ્કૃતિમાં આવાં ગંગાની પવિત્રતા જેવાં કેટલાંક તત્ત્વો રહેલાં છે. તે કાળના ઋષિઓની માનસિક ઝંખનાઓ, આશાઓ, ઉમંગો કે અપેક્ષાઓમાં તત્કાલીન સંસ્કૃતિનું આછુંપાતળું દર્શન કરી શકાય. તેને અહીં वयं स्याम એ શીર્ષક નીચે જોવાનો પ્રયત્ન કરીશું.

तरणिर्विश्वदर्शतो ज्योतिष्कृदसि सूर्य ।
विश्वमाभासि रोचनम् ॥

ઋ. વે. ૧-૫૦-૪; સા. વે. ૬૩૫; ય. વે. ૩૩-૬૬
અ. વે. ૧૩-૨-૧૯; ૨૦-૪૭-૧૬

'હે સૂર્ય! આપ (સહુના) તારક, (સહુને) જોનાર તથા પ્રકાશિત કરનાર છો આપ આ રમણીય વિશ્વને પ્રકાશિત કરો છો.'

અહીં रोचनं विश्वम्માં કાલિદાસની उदाररमणीया पृथिवीની ભાવના જોઈ શકાય છે. વેદના ઋષિને મન વિશ્વ એ રોચક અને રમણીય છે. તેમાં જીવન જીવવા જેવું બને માટે તે ઈષ્ટદેવ પાસે અનેકવિધ આકાંક્ષાઓ સેવે છે.

દેવ સાથે સખ્યની કામના એ વેદકાળની રમણીય ભાવના છે. इन्द्रो मुनीनां सखा-(ઋ. વે. ૮-૧૭-૪; સા. વે. ૨૭૫) ઇન્દ્ર મુનિઓનો મિત્ર છે અને દેવ સાથે અતૂટ મૈત્રી આ મુનિઓ

---

૧ પટેલ (ડૉ.) ગૌતમ વાડીલાલ, 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', ગ્રંથારંભે ઉપનિષદ્, પૃ. ૭-૮

માંગે છે. तवेद सख्यमस्तृतम ( ઋ. વે. ૧-૧૫-૫; સા. વે. ૨૨૯ ) આ ઋષિ ઇન્દ્ર અને પૂષન્‌ને સખ્ય, સ્વસ્તિ અને અન્નની પ્રાપ્તિ માટે આહ્વાન આપે છે. જુઓ :

इन्द्रा नु पूषणा वयꣳ सख्याय स्वस्तये ।
हुवेम वाजसातये ॥                    ( ઋ. વે.૬- ૫૭-૧, સા. વે. ૨૦૨ )

અગ્નિ સખા તરીકે 'वरेण्यः–પસંદ કરવા યોગ્ય ( ઋ. વે. ૧-૨૬-૩ ) છે. દેવ 'शिवः सखा'-કલ્યાણકારી મિત્ર બને' તેવી ભાવના પણ ઋ. વે. ૧-૩૧-૧માં વ્યક્ત થઈ છે. 'वयं वां मित्रा स्याम' 'અમે તમારા મિત્રો થઈએ' ( ઋ. વે. ૫-૭૦-૨; સા. વે. ૯૮૬ ) કે देवानां सख्यमुपसेदिमा वयम् ( ઋ. વે. ૧-૮૯-૨ )માં દેવતાની મિત્રતાની કામના કરવામાં આવી છે. સોમ અમારે માટે 'सुमित्र' થાય ઋ. વે. ૧-૯૧-૧૧ આ સૂક્તમાં દેવની મિત્રતા એકથી વધુ મંત્રોમાં ઇચ્છવામાં આવી છે. યજુર્વેદમાં જળ અને ઔષધિને પોતાને માટે सुमित्रियाः અને જે અમારો દ્વેષ કરે કે જેનો અમે દ્વેષ કરીએ તેને માટે दुर्मित्रियाः થવાનું ઋષિ કહી રહ્યા છે :—

सुमित्रिया न आप ओषधयः सन्तु दुर्मित्रिया-
स्तस्मै सन्तु योऽस्मान्द्वेष्टि यं च वयं द्विष्मः ॥          —ય. વે. ૩૬–૨૩

એક હકીકત નોંધવાનું મન થાય છે કે પાછળથી આ ભાવનાનું ઉદાત્તીકરણ થયું છે જેમાં 'शत्रूणां बुद्धिनाशोऽस्तु'–'શત્રુઓની બુદ્ધિનો નાશ થાવ' એવું પરંપરામાં કહેવાય છે. 'હણો ના પાપીને' ન્યાયથી શત્રુ નહીં પણ તેની દુર્બુદ્ધિનો નાશ થાય એ વૈચારિક ઉત્ક્રાન્તિ છે.

દેવોની જ મિત્રતા નહીં પરંતુ 'પરસ્પરની મિત્રતા'ને વેદના સમાજમાં ગુણોની યાદીમાં અગ્રિમ હરોળમાં સ્થાન પ્રાપ્ત થયું છે. એક સ્થળે મિત્રતાનો મહિમા વર્ણવાયો છે કે—

यस्तित्याज सचिविदं सखायं
न तस्य वाच्यपि भागो अस्ति ।
यदीं शृणोत्यलकं शृणोति
नहि प्रवेद सुकृतस्य पन्थाम् ॥          ઋ. વે. ૧૦–૭૧–૬

'જે મૈત્રીના મર્મને જાણનાર મિત્રને ત્યજી દે છે. તેને તો બોલાવાનો પણ અધિકાર નથી. જે કાંઈ તે સાભળે છે તે ખોટું સાંભળે છે કારણ એ (પોતાના જીવનમાં) સત્કર્મના માર્ગને જાણતો નથી'.

'મિત્રતાના મર્મને ન જાણે તેને બોલવાનો પણ અધિકાર નથી અને એ સત્કર્મના માર્ગને જાણતો નથી' આ કાવ્યમય શબ્દોમાં અહીં મૈત્રીની ભાવનાની ભવ્યતાને નવાજવામાં આવી છે. આથી તો વેદના કવિની હૃદયપૂર્વકની ભાવના છે કે –

दृते दृꣳह मा मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् । मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे । मित्रस्य चक्षुषा समीक्षामहे ॥[२]          —ય. વે. ૩૬–૧૮

२ शान्तं हि मित्रस्य चक्षुः । न वै मित्रं कचन हिनस्ति । न मित्रः कंचन हिनस्तीति । एवमहिंस्यमाना अहिंसन्तश्च परस्परमद्रोहेण सर्वथा मित्रस्य चक्षुषा समीक्षामहे । ઉવટ

'હે મહાવીર (ઈશ્વર)! (વૃદ્ધાવસ્થાથી શરીર) જર્જરિત થઈ જાય તોપણ પ્રત્યેક પ્રાણી મને મિત્રની દષ્ટિથી નિહાળે. હું મિત્રના નેત્રથી-મૈત્રીની ભાવનાથી–પ્રત્યેક પ્રાણીને નિહાળું. અમે મિત્રની દષ્ટિથી સહુને જોઈએ.'

ગીતાએ આ ભાવનાને અન્ય શબ્દોમાં અપનાવી તો છે જ :—

**यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।**

**हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥** ભ. ગી. ૧૨-૧૫

મિત્રતાની ભાવનાની અભિવ્યક્તિ કરતાં ૧૦૦થી વધુ મંત્રો વેદોમાં મળી આવે તો નવાઈ નહિ. વિસ્તારભયે સહુ નોંધ્યા નથી.

'**रयि**'ની ભાવના વેદના ઋષિના ઉદાત્ત સાંસ્કૃતિક દર્શનની ઝાંખી આપણને કરાવે છે. **रयि** શબ્દ **रातेर्दानकर्मणः** ઉપરથી આવે છે. √**रा** એટલે આપવું. 'જે આપવામાં આવે તે ધન' એવો વ્યુત્પત્તિજન્ય અર્થ અહીં રહેલો છે. અન્યને આપી તેના દુઃખ દૂર કરવા માટે ધન છે. તે કેવળ સંગ્રહ માટે નથી. આ સ્થળે જોઈ શકાશે કે ધન તરફ વેદકાળની વૃત્તિ કેવી હતી. આથી '**वयं स्याम पतयो रयीणाम्**' એ વાકય વેદના અનેક મંત્રોમાં જાણે કે ધ્રુવપંકિત બનીને આવે છે. ઋષિને 'રયિ' જોઈએ. તે પણ **चित्रम्**–વૈવિધ્યપૂર્ણ અને **वृषणम्**–સામર્થ્યયુકત.

**अस्मभ्यं चित्रं वृषणं रयिं दाः ।** (ઋ. વે. ૧૦-૪૭-૧; સા. વે. ૩૧૭)

**रयि**ની કામના દેવને કાજે પણ કરવામાં આવી છે. **रयिर्न देवतातये**—(ઋ. વે. ૧–૧૨૭–૯) આ **रयि**ની કામના કેટલીકવાર કાવ્યમય રીતે કરવામાં આવી છે—

**उप प्रक्षे मधुमति क्षियन्त पुष्येम रयिम् । धीमहे त इन्द्र ।**

(સા. વે. ૧૧૧૫)

'હે ઇન્દ્ર! તારા મધુમય નિરીક્ષણમાં રહેનારા અમે પુષ્ટ થઈએ અને ધનને ધારણ કરીએ.' અહીં **मधुमति प्रक्षे**માં ધ્વનિપૂર્ણ અને સરસ કવિતા છે. ઉમંગમાં આવેલો કવિ કવચિત્ ઈષ્ટદેવને હજારો ધનને કે તેથી વધુને ધારણ કરનાર પણ કહી દે છે! માનવી પોતાની આકાંક્ષાઓનો અધ્યારોપ એના ઈષ્ટમાં યુગોથી કરતો આવ્યો છે. જુઓ :

**सहस्रं यस्य रातयः उत वा सन्ति भूयसीः ।**

(ઋ. વે. ૧–૧૧–૮)

વેદમાં **रयि**નો પર્યાય **वसु** છે અને **वसु**ની વિવિધ રીતે કામના કરવામાં આવી છે. **स्पार्हं वसु**—સ્પૃહણીય ધન (ઋ. વે. ૮–૪૫–૪૧; સા. વે. ૧૦૭૨), **भूरि वसु**—પુષ્કળ ધન (ઋ. વે. ૧–૮૧–૧), **वसूनि** (ઋ. વે. ૧–૧૫–૮)ની કામના વેદનો કવિ કરે છે.

ધનની જેમ **सुवीर्य**ની પ્રાપ્તિ એ યુગના ઋષિના હૃદયની બીજી મહત્ત્વની કામના હતી. **सुवीर्यस्य पतयः स्याम** (ઋ વે. ૧૦. ૧૩૧-૬, ય. વે. ૨૦-૫૧)—સંગ્રામમાં વીર્યની આવશ્યકતા એ તો ન્યૂનતમ અપેક્ષા. આંતરિક અને બાહ્ય શત્રુઓ સામે સભાનતાપૂર્વક ઝઝૂમનાર વેદના માનવી માટે વીર્ય અને તે પણ સુવીર્ય જ જોઈએ એ સમજી શકાય તેમ છે. જીવનને જીવવા જેવું બનાવવું હોય એ વ્યક્તિને સુવીર્ય વિના કેમ ચાલે?

ધન અને બળ મળે પછી ? શારીરિક સંપત્તિ જોઈએ. અન્યથા હૃદયરોગ કે પીળિયો થઈ જાય તો નવાઈ નહિ. આથી સૂર્યનારાયણની સ્તુતિ છે કે—

हृद्रोगं मम सूर्य हरिमाणं च नाशय । (ऋ. वे. १. ५०-११.)

આજના જમાના જેમ તે વખતે પણ હૃદયરોગ શું વ્યાપક માનવજીવનશત્રુ હશે ? દીર્ઘ-જીવનની કામના વેદકાળમાં અત્રતત્રસર્વત્ર ઉપલબ્ધ થાય છે. સો સો શરદ સુધી જીવવાની, જોવાની, સાંભળવાની, બોલવાની અને દીન નહિ થઈ જવાની કામના ઋષિ કરી રહ્યા છે.

तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरदः शतं जीवेम शरदः शतं, शृणुयाम शरदः शतं, प्रब्रवाम शरदः शतम्, अदीनाः स्याम शरदः शतं, भूयश्च शरदः शतात् । (य. वे. ३६-२४)

અહીં अदीनाः स्याम शरदः शतम् વાંચતા ગુરુમુખે સાંભળેલ એક પંક્તિ સ્મૃત્યુપસ્થિત થાય છે કે अर्जुनस्य प्रतिज्ञे द्वे न दैन्यं न पलायनम् ।

આયુ, પ્રાણ, અપાન, વ્યાન, ચક્ષુ, શ્રોત્ર, વાચા, મન, આત્મા અને જ્યોતિના રક્ષણની કામના દેવસમક્ષ વેદનો ઋષિ કરે છે. (ય. વે. ૧૪-૧૭) અહીં ઉંમર કે પ્રાણ અપાન વગેરેથી આરંભી ધીમેધીમે સૂક્ષ્મતા પ્રત્યેની ગતિ દૃષ્ટિગોચર થાય છે, જે અંતે આત્મા અને જ્યોતિ એટલે જ્ઞાન સુધી ઉત્ક્રાન્તિ કરે છે. ઉપનિષદમાં તો આત્મા અને જ્ઞાન અથવા જ્યોતિને એક માન્યા છે. प्रज्ञानं ब्रह्म ।

દીર્ઘાયુની કામનામાં એક પ્રસિદ્ધ મંત્ર કાવ્યમય હોવાથી ઉદ્ધૃત કરવાનો લોભ જતો કરી શકાતો નથી.

शतमिन्नु शरदो अन्ति देवा यत्रा नश्चक्रा जरसं तनूनाम् ।
पुत्रासो यत्र पितरो भवन्ति मा नो मध्या रीरिषतायुर्गन्तोः ॥

ઋ. વે. ૧-૮૯-૧૦

'અમારા દીકરાઓ પણ બાપ થાય' ત્યાં સુધી અમારે જીવવું છે. કેવું જીવનનું નર્યું વાસ્તવિક સત્ય છે ! આજે હજારો વર્ષ પછી પણ માનવીનું મન આ બાબતમાં બદલાયું નથી.

મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાની આકાંક્ષા આ સમગ્ર સૃષ્ટિમાં સહુ પ્રથમ મહર્ષિ વસિષ્ઠે કરી છે. મૃત્યુંજય બનવું અને અમૃતથી-અમરતાથી છેડો ન ફાડવો એવી મહાનુભાવોની અભીપ્સા હોઈ શકે. (અલબત્ત એની નજરે દેખાડી શકાય તેવી સિદ્ધિ હજુ ઉપલબ્ધ થવાની બાકી છે). તેનું સહુ પ્રથમ વિચારબીજ ભગવાન્ વસિષ્ઠની મનોભૂમિમાં વૈદિક સંસ્કૃતિમાં પાંગર્યું છે. આ ભવ્યાતિભવ્ય ભાવનાની અભિવ્યક્તિ ઋગ્વેદમાં કાવ્યમય રીતે થઈ છે.

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनान् मृत्योर्मुक्षीय मामृतात् ॥

—ઋ. વે. ૭-૫૯-૧૨

અહીં આવતાં सुगन्धिम् પદનો ધ્વનિ મહીધરે આ મંત્રના પોતાના યજુર્વેદ ૩-૬૦ પરના ભાષ્યમાં સ્ફુટ કર્યો છે કે–

'सुगन्धिं दिव्यगन्धोपेतं मर्त्यधर्महीनम्'. વળી તે કહે છે, 'ततो रुद्रप्रसादान्मृत्योर्मुक्षीय अपमृत्योः संसारमृत्योश्च मुक्तो भूयासम्। अमृतान्मा मुक्षीय स्वर्गरूपान्मुक्तिरूपाच्चामृतान्मा मुक्षीय मुक्तो मा भूयासम्।......अभ्युदयनिःश्रेयसरूपात्फलद्वयान्मम भ्रंशो मा भूदित्यर्थः। मृत्योर्मोचने दृष्टान्तः –उर्वारुकमिव बन्धनादिति। यथोर्वारुकं कर्कन्ध्वादेः फलमत्यन्तपक्कं सत् बन्धनात् स्वस्य वृन्तात् प्रमुच्यते तद्वत्।[3]

યજુર્વેદ ૨૦–૨માં વરુણદેવને વિનવતાં मृत्योः पाहि विद्योत्पाहि એવા શબ્દો ઉપલબ્ધ થાય છે. આનો ઉવ્વટનો અર્થ છે 'मृत्युशब्देनात्राशनिरुच्यते। विद्योत्पाहि विद्युतः पाहि।' મહીધર સમજાવે છે કે मृत्योः अकालमरणान्मां पाहि रक्ष।... विद्योत् विद्योतत इति विद्योत्। विच्प्रत्यये गुणः। विद्युत्पाताद्रक्षेत्यर्थः।[4] આમ મૃત્યુમાંથી બચી અમૃત પ્રત્યે ગતિ કરવાની ભાવનાનું બીજ વેદમાં છે જે ઉપનિષદમાં નિરતિશય રમણીય ફૂલસ્વરૂપે દૃષ્ટિગોચર થાય છે કે मृत्योः मामृतं गमय। મૃત્યુથી અમરતા સુધીની ગતિકામના એ વૈદિક સંસ્કૃતિની સંતર્પક દેન કહેવાય.

જીવવું છે, મરવું નથી, તો કેવી રીતે જીવવું છે? ચક્ષુનું રક્ષણ મેળવીને. જીવન જીવવાની દૃષ્ટિ કેળવીને જુઓ :

चक्षुष्पा अग्नेऽसि चक्षुर्मे पाहि। —ય. વે. ૨–૧૬

અહીં चक्षुर्मे पाहिમાં મધુરં देहि જેવી વ્યંજના છે. જેમ જમવા બેઠા હોઈએ અને ચાર મિષ્ટાન્ન લઈને પીરસવા આવનારને જમનાર मधुरं देहि કહે તે વખતે ચારે મીઠાઈ મધુર છે. પણ છતાં જે સહુથી વધુ મધુર છે તે આપવી એ ભાવ मधुरम् થી ગ્રહણ કરવાનો છે. તેવી રીતે નેત્રનું રક્ષણ કર એ શબ્દોમાં કેવળ ભૌતિક રીતે આંખ કાણી કુબડી થતી અટકાવ એમ કહેવાનો ભાવ નથી. પણ મારી દૃષ્ટિને મધુર, પ્રેમપૂર્ણ, ઔદાર્યયુક્ત બનાવે એવી જીવનને જીવવા જેવું બનાવે તેવી ભાવના પણ સમાયેલી છે. આ રીતે ઋ. વે. ૧૦-૧૫૮-૩ તથા ૧૦-૧૫૮-૫ પણ વિચારણીય મંત્રો છે.

ઋગ્વેદના કવિની એક હૃદયંગમ ભાવના છે. वयं देवानां सुमतौ स्याम। - ઋ વે. ૭-૪૧-૪ Let us be in a good book of the gods એવો ભાવ અહીં સુસ્પષ્ટ છે. तस्य वयं सुमतौ यज्ञियस्यापि भद्रे सौमनसे स्याम। - ય. વે. ૨૦-૫૨, वैश्वानरस्य सुमतौ स्याम। - ય. વે. ૨૬-૭ વગેરેમાં દેવની સુમતિમાં-સુબુદ્ધિમાં-સારી ભાવનાઓમાં અમે રહીએ એ ભાવ અભિવ્યક્ત થયો છે. આપણી પાસે પણ સુમતિ હોવી જોઈએ. सं नः सृज सुमत्या वाजवत्या।-( ઋ. વે. ૧-૩૧-૧૮ ) આપણે ઈશ્વરની સુમતિનું ભજન કરવું જોઈએ महसे विष्णोः सुमतिं भजामहे।—( ઋ. વે. ૧–૧૫૬–૩) આ સુમતિ પણ ભદ્ર–કલ્યાણકારી જોઈએ. ( જુઓ : ઋ વે. ૧૦–૧૩૧–૭ ).

સુમતિના પરિણામે સ્વસ્તિ આવે એ સ્વાભાવિક છે. આથી વેદના કાળમાં સ્વસ્તિની કામના પણ અનેક સ્થળે થઈ છે. यूयं पात स्वस्तिभिः सदा नः એ તો માનો વાસિષ્ઠ મંડલનું ધ્રુવપદ છે, ધ્રુવા કામના છે. એનો નિર્દેશ ય. વે. ૨૦–૫૪માં પણ થયો છે. ઋ. વે. ૧–૧–૯માં सचस्वा नः स्वस्तये કહીને અગ્નિ પાસેથી સ્વસ્તિની કામના કાવ્યમયરીતે કરવામાં આવી છે. એથી પણ કમનીય કાવ્ય તો નીચેના મંત્રમાં છે કે—

૩ ય. વે. ૩-૬૦, મહીધરભાષ્ય.
૪ ય. વે. ૨૦–૨, ઉવટ અને મહીધરભાષ્ય.

सुत्रामाणं पृथिवीं द्यामनेहसं सुशर्माणमदितिं सुप्रणीतिम् ।
दैवीं नावं स्वरित्रामनागसमस्रवन्तीमारुहेमा स्वस्तये ॥

—य. वे. २१-६

સારી રીતે રક્ષણ કરનાર, વિશાળ, પ્રકાશિત, નિર્મળ, સારા આશ્રયયુક્ત, અખંડિત, સુઘટિત દિવ્ય, દૃઢ દંડાઓવાળી, છિદ્રરહિત અને ચૂવે નહિ તેવી નાવમાં અમે કલ્યાણ માટે (નાશ ન થાય તે માટે અથવા સંસાર સાગર પાર કરવા માટે) બેસીએ છીએ.

ટીકાકારો અહીં **नावम्** એટલે યજ્ઞરૂપી નાવ અર્થ ઘટાવી સહુ વિશેષણોનો યજ્ઞપરક અર્થ કરી બતાવે છે **स्वस्तये**નો ઉવટ અને મહીધરનો અર્થ **अविनाशाय** છે. મહીધર અહીં **कल्याणाय** અર્થ પણ આપે છે, અને પછીના મંત્રમાં તે જ શબ્દનો અર્થ **संसारसागरोत्तरणाय** પણ કરી બતાવે છે. જો કે મુંડકોપનિષદે યજ્ઞરૂપી નાવને સંસારસાગર તરવા માટે અદૃઢ માની છે. આપણે તો અહીં સ્વસ્તિની કામના કાજે આ મંત્રની કાવ્યમય અભિવ્યક્તિનો આસ્વાદ માણી વિરમીશું.

**स्वस्ति** જેમ **शम्**ની મહેચ્છા વેદના કાળમાં ઘર કરી ગયેલી જણાય છે! ઋ. વે. ૭-૩૫મા સૂક્તમાં ૫૦ થી વધુવાર **शम्** શબ્દ વપરાયો છે **शं नो मित्रः शं वरुणः** ઋ. વે. ૧-૯૦-૯ અતિ પ્રસિદ્ધ છે. **शम्** ની જેમ **शर्म**—શક્તિની કામના પણ વારંવાર અભિવ્યક્તિ પામી છે, (ઋ. વે. ૧-૧૭-૮; ૧-૨૧-૬; ૧-૫૧-૧૫; ય. વે. ૧૭-૪૮ વગેરે).

મધુની વૃત્તિ અને ઉપાસના એ યુગમાં એટલી બધી તો સુરૂઢમૂલ બની ગઈ હતી કે ઉપનિષદ કાળમાં તો, મધુવિદ્યાના નામે એક ઉપાસ્ય વિદ્યાનું સ્વરૂપ તે પામી ગઈ. ઋ.વે. ૧-૯૦-૬, ૭ અને ૮માં મધુની આકાંક્ષા વાત, ઓષધિ, પાર્થિવરજ દ્યૌ, સૂર્ય અને ગાયોને પણ સ્પર્શી ગઈ છે. મધુમય દૃષ્ટિ મળે એ કેવી સંતર્પક અને આસ્વાદ્ય જીવનવૃત્તિ કહેવાય! માધુર્યનું કણકણમાં ક્ષણેક્ષણે દર્શન જીવનને **अखिलं मधुरम्** બનાવી દે.

**भद्र** ની ભાવના એ વેદના ઋષિનું આગવું પ્રદાન કહેવાય. **भद्रं कर्णेभिः शृणुयाम देवाः** (ઋ. વે. ૧-૮૯-૮) એ મંત્ર તો અતિ પ્રસિદ્ધ છે જ! **भद्रं भद्रं क्रतुमस्मासु धेहि ।** (ઋ. વે. ૧-૧૨૩-૧૨) **भद्रं मनः कृणुष्व**—(ય. વે. ૧૫-૩૮) વગેરેમાં ભદ્રાર્થે ભવ્ય ભાવના છે. **भद्रा रातिः भद्रः आहुतो, भद्रः अध्वरः, भद्राः प्रशस्तयः** (ઋ. વે. ૮-૧૯-૧૯; સા. વે. ૧૧૧) **भद्रा प्रमति** (ઋ. વે. ૧-૯૪-૧; સા. વે. ૧૦૬૪) **भद्रा क्रतवः** વગેરેમાં જોઈ શકાશે કે ભદ્રની ભાવના જીવનના કેટકેટલા ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા પ્રસારીને ઓતપ્રોત થઈ ગઈ હતી.

ઉપનિષદ્ કાળમાં અભય ને તો મુક્તિનો પર્યાય માનવમાં આવે છે. તેની એક જ્યોતિરૂપે ઉપાસના ઋગ્વેદના સમયથી આરંભાઈ છે. **अभयं ज्योतिरश्याम्**—(ઋ. વે. ૨-૨૭-૧૧) અને **उर्वश्यामभयं ज्योतिरिन्द्र**—(ઋ. વે. ૨-૨૭-૧૪)માં ઋષિ અભય-જ્યોતિની કામના કરે છે.[૫] યજુર્વેદમાં તો સર્વત્ર અભયની આકાંક્ષા સેવવામાં આવી છે!

૫ પટેલ ગૌતમઃ 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ' યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૭૮, પૃ. ૩૬૫

यतो यतः समीहसे ततो नो अभयं कुरु ।
शं नः कुरु प्रजाभ्योऽभयं नः पशुभ्यः ॥

—ય. વે. ૩૬–૨૨

વળી

यत इन्द्र भयामहे ततो नो अभयं कृधि ।

ઋ. વે. ૮–૬૧–૧૩ ; સા. વે. ૧૩૨૧

'**शिव**'ની ભાવના અને કામના એ આ વેદની સંસ્કૃતિનું ઊડીને આંખે બાઝે તેવું સ્વયં-સ્પષ્ટ મહત્ત્વ ધરાવતું લક્ષણ છે. યજુર્વેદમાં ૧૨-૧૬; ૧૬-૪૯; ૧૭-૫; ૧૭-૭; ૧૭-૧૧, વગેરે અનેક સ્થળે શિવની કામના છે. **भग एव भगवाँ अस्तु देवास्तेन वयं भगवन्तः स्याम ।** ય. વે. ૩૪–૩૮માં પણ ભગની કામના સુંદર શબ્દોમાં થઈ છે. ભગ જ અમને ભગવાન્ એટલે ધનવાન બનાવે. પાછળથી **भग** એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવો અર્થ રૂઢ થયો અને આ સંપૂર્ણ રીતે જેની પાસે હોય એ ભગવાન્ કહેવાય.

સરસ્વતીની અને તે પણ પાવક અને બળવાન સરસ્વતીની કામના ઋગ્વેદના ઋષિના હૃદયની તીવ્ર અભીપ્સા જણાય છે. યજુર્વેદના એક મંત્રમાં માતા સરસ્વતીના એક સ્તનની કાવ્યમય સ્તુતિ જેટલી હૃદયંગમ છે તેટલી જ અર્થપૂર્ણ પવિત્ર અને સરસ્વતી સમાન સમ્યક્ સંતર્પક અને સુવિચારવાહક પણ છે. જુઓ :—

यस्ते स्तनः शशयो यो मयोभूर्यो रत्नधा वसुविद्यः सुदत्रः ।
येन विश्वा पुष्यसि वार्याणि सरस्वति तमिह धातवेऽकः ॥

—ય. વે. ૩૮-૫

આનો સુંદર ભાવવાહી અંગ્રેજી અનુવાદ છે—

That breast of thine which is exhaustless, health-giving,
by which thou nursest all that is noble,
containing treasure, bearing wealth, bestowed freely,
lay that bare, Sarasvatī, for our nurture.[૬]

विश्वा अप द्विषो जहि ।—(ઋ. વે. ૯-૧૩-૮)માં ઋષિને મન દ્વેષી શત્રુઓમાં આંતરિક અને બાહ્ય બન્ને પ્રકારના દુશ્મનો અભિપ્રેત છે એ ભાગ્યે જ કહેવાની જરૂર રહે છે. એ યુગનો ઋષિ આંતર-યાત્રાના સાધક-માર્ગે પગલી અવશ્ય માંડી ચૂક્યો હતો. તે **सुनृता विभूति**ની કામના કરતો હતો. જુઓ

स्तोत्रं राधानां पते गिर्वाहो वीर यस्य ते । विभूतिरस्तु सूनृता ॥

—ઋ. વે. ૧-૩૦-૫

વેદના કવિના આંતરમનની ખાણ ખોદતાં જે અનેક વિચાર–રત્ન–કણિકાઓ ઉપલબ્ધ થાય છે તેમાં **बृहद् वदेम विदथे सुवीराः** ઋ. વે. ૨–૨૩–૧૯ તેમ જ અન્ય અનેક સ્થળે ઉપલબ્ધ

૬ Bose, A. C., '*Hymns from the Vedas*' London, 1966, p. 251

થતી આકાંક્ષા છે. સભાઓમાં ગર્જી ગર્જીને બોલવાની એની ભાવના એક બાજુ લોકેષણાનું દર્શન કરાવે છે તો બીજી બાજુ તેની જેની પૂર્વશરત વિષયની સજ્જતા છે તેવી મહત્ત્વાકાંક્ષા કે તૈયારીનું પણ દર્શન કરાવે છે.

જીવનને જીવી જાણવાની કામનાવાળો ઋષિ જીવન अनागस्–નિષ્પાપ બને તે માટે એટલો જ સભાન છે.

उदुत्तमं वरुणं पाशमस्मदवाधमं वि मध्यमं श्रथाय ।
अथ वयमादित्य व्रते तवानागसो अदितये स्याम ॥
ય. વે. ૧૨–૧૨

અહીં વરુણ પોતાનો ઉત્તમ અને મધ્યમ પાશ શિથિલ કરે અને અમે સૂર્યના વ્રતમાં નિષ્પાપ બનીએ. એમ નિષ્પાપ થવા માટે વરુણ અને સૂર્યની વારંવાર સ્તુતિ છે. કેટલીક વાર તેમાં મનભાવન કવિતાનું પણ સર્જન થયું છે. ક્યાંક નિર્મળ ગંગાના નીર જેવી સશક્તતમ વહેતી ભાષામાં સહૃદયહૃદયહૃદ્ય કવિતા છે. જુઓ–

विश्वानि देव सवितर्दुरितानि परा सुव । यद् भद्रं तन्न आसुव ।
( ઋ. વે. ૫–૮૨–૫; ય. વે. ૩૦-૩; તૈ આ. ૧૦-૧૦-૧; તૈ. બ્રા. ૨-૪-૬-૩ ).

અથવા ક્યાંક મહામનીષી બનેલ માનવીના હૃદયની મહનીય કામના પણ આ સ્થળે વાચા પામી છે. જેમકે :—

अनागसो अदितये देवस्य सवितुः सवे । विश्वा वामानि धीमहि ।
ઋ. વે. ૫–૮૨–૬

અહીં 'સમગ્ર સૌંદર્યનું અમે ધ્યાન ધરીએ' એ છેલ્લા પાદની કામના યુગો સુધી ભારતીય સાહિત્ય અને કલાના ક્ષેત્રે એક પ્રેરક દીવાદાંડી સમાન રહી છે. આથી તો આપણને કાલિદાસ જેવા મહાકવિમાં પણ જીવનના સૌંદર્યનું સમગ્ર દર્શન થાય છે. કુરૂપતાને તો તેઓ તિરોહિત કરે છે. સૌંદર્યલક્ષી દૃષ્ટિ એ સાહિત્ય સંગીત કે કલાનો આત્મા કહેવાય. તેનું બીજ આ મંત્રમાં સ્પષ્ટ છે.

આવી દૃષ્ટિ કે ભાવના આવે તો ? વેદના શબ્દોમાં तेन नूनं मदे मदेः ।—ઋ. વે. ૮–૯૨–૧૬ ; સા. વે. ૧૧૬. જેમ ઈન્દ્ર સોમથી આનંદ પામે છે અને આપણને આનંદિત કરે છે તેમ આ કેવળ સૌંદર્યમયી નેત્રપ્રવૃત્તિથી માનવી પોતે પ્રસન્નચિત્ત રહે અને અન્યને રાખે પણ ખરો. આવો માનવી અધિકારપૂર્વક ઈશ્વરને પણ કહી દે કે તું કેવળ અમારો છું, અમારો જ બની ને રહે. કારણ सत्यं शिवम् सुन्दरम् એ ઈશ્વરનું સ્વરૂપ છે. જુઓ :—अस्माकमस्तु केवलः ।—( ઋ. વે. ૧–૭–૧૦ ; ૧–૧૩–૧૦ ) આ અધિકારચેષ્ટા માટે પૂર્વનિર્દિષ્ટ અધિકાર એ પૂર્વશરત છે એ ન વિસરાવું જોઈએ.

આ સહુ કરવાની જરૂર શા માટે ? વેદમાં તો કહ્યું જ છે जीवातवे न मृत्यवेऽथो अरिष्टतातये । ( ઋ. વે. ૧૦–૬૦–૮ અને ૯ ) જીવવા માટે, મરવા માટે નહિ, વળી દુષ્ટને દૂર કરવા. વેદના ઋષિની તો ભાવના જ રહી છે. वयं स्याम भुवनेषु जीवसे । Let us be full of life in this world.

અમે આ વિશ્વમાં જીવનથી પરિપૂર્ણ બનીએ. જીવન જીવી જાણીએ. અહીં भुवनेषु-બહુવચન નોંધપાત્ર છે. અનેક લોકો તો છે. પરંતુ વ્યક્તિગત જીવનમાં પણ અનેક બનાવો એક એક વિશ્વ જેટલા અગત્યના બનતા હોય છે. તેમાં પણ અમે જીવી જાણીએ. આ સંદર્ભમાં વાતદેવની સ્તુતિ હૃદયંગમ અને સદૈવ સ્મૃત્યુપસ્થિત કે જીહ્વાગ્રવર્તિની રાખવા જેવી છે કે—

उत वात पितासि न उत भ्रातोत नः सखा । स नो जीवातवे कृधि ॥

—ઋ. વે. ૧૦-૧૮૬-૨

વાતદેવને આવી સ્તુતિ અને અન્યને કેમ નહિ? ભાઈ, ઉત્તર સહજ છે કે ભૌતિક રીતે પણ જીવવા જેટલી વાતની–વાયુની જરૂર પડે તેટલી અન્ય કોઈની આવશ્યકતા નથી. આ વૈજ્ઞાનિક તથ્ય છે. અહીં ભક્તિનું સત્ય પણ એક સ્થળે કવિતા બન્યું છે. ઋષિને વાયુદેવના ઘરમાં અમૃતનો નિધિ છુપાયેલો જણાયો છે. 'તે જીવન જીવવા હે વાયુદેવ, તું અમને આપ' એમ પણ તે કહી દે છે.

यददो वात ते गृहेऽमृतस्य निधिर्हितः । ततो नो देहि जीवसे ॥

—ઋ. વે. ૧૦-૧૮૬-૩

યજુર્વેદ ૬-૨૦માં મન, વાણી, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, આત્મા, પ્રજા, પશુ અને ગણોને તૃપ્ત કરવા માટે પ્રાર્થના છે. જ્યારે ૨૨-૨૨માં રાષ્ટ્રની તથા તેમાં રહેનાર પ્રજા, પશુ જેવાં કે ગાય, અશ્વ વગેરે તેમ જ પુરંધ્રિ, યુવાન, વીર વગેરેની પૂર્ણતાર્થે પ્રાર્થના છે. ત્યાં निकामे निकामे नः पर्जन्यो वर्षतु જ્યારે જ્યારે દૃઢ કામના કરીએ ત્યારે ત્યારે વરસાદ વરસે એવી માગણીમાં કાવ્યમયતા છે તો એક જ શબ્દમાં બધું કહી માંગી લેવાની શક્તિ પણ જોઈ શકાય છે. જ્યારે કવિ કહી દે છે योगक्षेमो नः कल्पताम् । આ એક મંત્રમાં સમષ્ટિ અને વ્યષ્ટિ માટે એકસરખી શુભકામના કરવામાં આવી છે. ય. વે. ૧૮–૫માં યજ્ઞ વડે પ્રાપ્તવ્ય પદાર્થોની યાદીમાં સત્ય, શ્રદ્ધા, મોદ, સૂક્ત અને સુકૃત જેવા ભાવાત્મક ગુણોનો સમાવેશ આ ઋષિ કેવળ ભૌતિકતાથી કેટલો પર છે તે દર્શાવે છે. આવા ભાવોમાં मन्युरसि मन्युं मयि धेहि ય. વે. ૧૯–૧૯ની ભાવના આપણને ભારવિના કિરાતાર્જુનીયના अमर्षशून्येन जनस्य जन्तुना ૧–૨૩ શ્લોકની યાદ અપાવે છે. જીવન જીવવા જેવું બનાવવું હોય તો મન્યુની પણ મોજ માણવા જેવી ખરી! ઋ. વે. ૧–૧૪૧–૬માં ब्रह्म એટલે સ્તોત્ર અથવા જ્ઞાન અને યજ્ઞની વૃદ્ધિની કામના કરી છે. અને અગ્નિને 'रायो दानाय चोदय–અમારૂં ધન અમે દાનમાં આપીએ તેવી પ્રેરણા આપ' એમ કહ્યું છે. આમ આ સહુ આકાંક્ષાઓ તત્કાલીન ઋષિની કહોને, સમાજની જીવનને સૂક્ષ્મતા પ્રત્યે કે આધ્યાત્મિકતા પ્રત્યે દોરી જવાની વૃત્તિની દ્યોતક છે.

કોઈને પ્રશ્ન થાય કે આ તો કયાં એક વ્યક્તિની આકાંક્ષાઓ છે! અહીં તો અનેક ઋષિના અત્રતત્ર વિકીર્ણ વિચારોની કેવળ યાદી છે. તો એટલું કહેવાનું આવી પડશે કે આ પ્રયત્ન એ યુગની ભાવનાઓનું પ્રતિબિંબ પાડતી અકાંક્ષાઓ એકત્ર કરી તત્કાલીન સંસ્કૃતિની ઝલક પૂરી પાડવાનો છે. યુગની અભીપ્સાઓમાં યુગનું પ્રતિબિંબ પડે એ વાત નકારી નહિ શકાય. વળી આ પ્રશ્નનો ઉત્તર આપી શકાય એવું એક સૂક્ત (ઋ. વે. ૧૦-૧૨૮) પણ છે. જેમાં ઋષિ અનેક કામનાઓ કરે છે. સંગ્રામમાં અને યજ્ઞમાં મને દીપ્તિ પ્રાપ્ત થાવ. ચારે દિશાઓ મને નમન કરે. મારા માટે આ

અંતરિક્ષ પુષ્કળ પ્રકાશવાળું બને. મારી મરજી મુજબ માતરિશ્વા વહે, મારા મનની કામનાઓ સત્ય થાવ. બધા દેવો વિવાદમાં મારા પક્ષે બોલે. અમારા શત્રુઓના જ્ઞાનનો નાશ થાવ. મારા યજમાનનો નિકૃષ્ટ અર્થમાંથી દેવો બચાવ કરે. મારા આંતરિક અને બાહ્ય શત્રુઓ દૂર દૂર ચાલ્યા જાય અને મને ઉત્તમપદ-બ્રહ્મપદને પ્રાપ્ત કરાવનાર ઉગ્ર બળ એટલે જ્ઞાન પ્રાપ્ત થાવ.' આમ આ એક જ સૂક્તમાં ઋષિએ જાણે કે એ યુગની સઘળી આકાંક્ષાઓનું एकस्थ सौंदर्यदिदृक्षयेव સંહતીકરણ કર્યું છે.[૭]

આવી ભૌતિકતાના સમગ્ર લાભોને પાયામાં સ્વીકારી તેના આધારે આધ્યાત્મિકતા કે નૈતિકતા તરફ ગતિ કરવાની કામનાવાળી સંસ્કૃતિના સર્જકો 'આદિ માનવ' હતા, 'અબુધ' હતા કે કેવળ 'ભૌતિકવાદી' હતા એમ કહેવું સૂર્ય સામે ધૂળ ઉડાડવા જેવું છે.

અંતે એક વેદના મંત્રની કામનાને વ્યક્ત કરી આપણે વિરમીશું કે:—

इन्द्र श्रेष्ठानि द्रविणानि धेहि चित्तिं दक्षस्य सुभगत्वमस्मे ।
पोषं रयीणामरिष्टिं तनूनां स्वाद्मानं वाचः सुदिनत्वमह्नाम् ॥
ઋ. વે. ૨-૨૧-૬[૮]

———

૭ વધુ માટે જુઓ: પટેલ (ડૉ.) ગૌતમ, 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ' યુનિ. ગ્રંથ નિર્માણ-બોર્ડ, અમદાવાદ, ૧૯૭૮, પૃ. ૩૬૮

૮ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના છઠ્ઠા અધિવેશનમાં નારેશ્વર મુકામે તાં. ૩૧-૧૨-૧૯૭૮ના રોજ રજૂ કરેલ શોધપત્ર.

# સાંખ્યદર્શનપ્રણીત સર્ગયોજનામાં એક ખૂટતી કડી

**વસંત પરીખ**

સાંખ્યદર્શનના સિદ્ધાન્તોની પ્રાચીનતા અને વ્યાપકતા સુપ્રસિદ્ધ છે. ઉપનિષદ, મહાભારત અને પુરાણોમાં સાંખ્યપ્રતિપાદિત તત્ત્વોનો અને કેટલાક સિદ્ધાન્તોનો વિસ્તૃત ઉલ્લેખ જોઈ શકાય છે. એ સંદર્ભમાં આ દર્શન ઘણું પ્રાચીન છે. તો પણ તેની વ્યવસ્થિત માંડણી અને રજૂઆત કરતા માત્ર ત્રણ ગ્રંથો ગણવામાં આવે છે—કપિલકૃત સાંખ્યસૂત્ર અથવા સાંખ્યપ્રવચન, તત્ત્વસમાસ અને ઈશ્વરકૃષ્ણરચિત સાંખ્યકારિકા. આ ત્રણમાં પણ સાંખ્યસૂત્રની પ્રાચીનતા વિવાદાસ્પદ છે અને તત્ત્વસમાસ નાનાં સૂત્રોનો બનેલો અતિલઘુ ગ્રંથ છે. તેથી સાંખ્યદર્શનના અભ્યાસમાં સાંખ્યકારિકાને જ કેન્દ્રમાં રાખી મીમાંસા કરવાનો—સામાન્યરીતે—રિવાજ છે. એટલે અહીં આ દર્શનમાં નિરૂપિત સર્ગયોજનાનો વિચાર પણ મુખ્યત્વે સાંખ્યકારિકાના આધારે જ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

સાંખ્યદર્શન મુખ્યત્વે બે તત્ત્વોનો મૂળભૂત રીતે સ્વીકાર કરે છે. જડ અને ચેતન. આ બન્ને પરસ્પરથી સ્વતંત્ર એવાં ભિન્ન તત્ત્વો છે. એકના ગુણધર્મો બીજામાં સંભવતા નથી. બન્નેનો સંયોગ થઈ શકે છે પણ એમનું સમ્મિશ્રણ થતું નથી. જે જડ તત્ત્વ છે અને જેનો ચેતન એવા આપણે આપણાથી પૃથક્ અનુભવ કરી શકીએ છીએ તે તત્ત્વનું નામ છે પ્રકૃતિ અને એ પ્રકૃતિનો જે દ્રષ્ટા છે તે છે ચેતન–પુરુષ.

પ્રકૃતિ–એ સત્ત્વ રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની સામ્યાવસ્થા છે. આ ત્રણ ગુણોની સામ્યાવસ્થા જ્યારે તૂટે છે ત્યારે તેમના વૈષમ્યને લીધે પ્રકૃતિમાં સર્ગપ્રક્રિયા આકાર લે છે. પરંતુ ત્રિગુણ સામ્યાવસ્થા સ્વયં તૂટતી નથી. તેમાં ક્ષોભ થવાથી જ વૈષમ્ય આવે છે, અને આ ક્ષોભ પ્રકૃતિ સાથેના પુરુષના વિશિષ્ટ સંયોગને લીધે થાય છે. આના પરિણામે અવ્યક્ત અને સૂક્ષ્મ એવી પ્રકૃતિમાંથી, પ્રથમ મહદ્ (બુદ્ધિ), તેમાંથી અહંકાર, અહંકારમાંથી અગિયાર ઈન્દ્રિયો અને પાંચ તન્માત્રાઓ તથા તન્માત્રાઓમાંથી પાંચ મહાભૂતોનો આવિર્ભાવ થાય છે.[1]

પ્રકૃતિ એક જ છે, પણ ગુણવૈષમ્યથી ઉદ્‌ભવતાં પરિણામો અનેક છે. પરંતુ પુરુષ એક નથી. પુરુષો અનેક છે. અને પ્રત્યેક પુરુષ ચેતન, નિર્ગુણ, વિવેકી, અવિકારી તથા નિત્ય છે. પ્રત્યેક પુરુષ સ્વતંત્ર પણ છે. પ્રતિપુરુષનો પ્રકૃતિ સાથે અલગ અલગ સંસર્ગ થાય છે અને તે સંસર્ગ વિશેષથી

---

૧ સાં. કા. ૨૦ અને ૨૨ તથા अपि चोक्तं षष्टितन्त्रे—पुरुषाधिष्ठितं प्रधानं प्रवर्तते । माठर सां. का. १९

પ્રકૃતિ તે તે પુરુષ માટે સર્ગ પ્રકટ કરે છે.[૨] પ્રકૃતિ-પુરુષના સંયોગના કારણે બિમ્બપ્રતિબિમ્બ ભાવથી એકના ધર્મોનો બીજામાં અધ્યાસ થવાથી સર્ગપ્રક્રિયા શક્ય બને છે અને વિવેકથી જ્યારે અધ્યાસ નિવૃત્તિ થાય છે ત્યારે તે પુરુષ માટે સર્ગવ્યાપાર અટકી જાય છે.[૩]

પ્રકૃતિ અને પુરુષ વિષે આટલી પ્રાથમિક વીગત જાણ્યા પછી હવે પ્રશ્ન એ થાય છે કે જો પ્રત્યેક પુરુષ માટે અલગ અલગ સૃષ્ટિ સર્જાતી હોય તો એ સૃષ્ટિનું સ્વરૂપ કેવા પ્રકારનું છે? જેમાં વૈવિધ્યપૂર્ણ અનેક ભૌતિક પદાર્થોનો વ્યવસ્થિત રચનાવિલાસ અનુભવાય છે એવું આ સમગ્ર વિશ્વ તો એક જ છે. અને સામાન્ય રીતે તેના સ્થૂળ સ્વરૂપ વિષે કોઈ ખાસ ભિન્નતા પ્રતીત થતી નથી. સાદા શબ્દોમાં કહીએ તો પર્વત સહુને પર્વત રૂપે જ દેખાય છે, અને વૃક્ષ બધાને વૃક્ષ જ લાગે છે. અર્થાત્ વૈશ્વિક સૃષ્ટિ [અં. કૉસ્મિક યુનિવર્સ] તો એક જ છે. પ્રતિપુરુષ ભિન્ન નથી. જ્યાં ભિન્નતાની વાત કરવામાં આવે છે ત્યાં મનોવૈજ્ઞાનિક સંદર્ભ જોવો જોઈએ, ભૌતિક નહીં. તેથી જ્યારે સાંખ્ય એમ કહે છે કે પ્રત્યેક પુરુષ માટે મહદ્‌થી માંડીને ભૂતો સુધીનો એક મર્યાદિત સર્ગ છે ત્યારે તેનો અર્થ વૈશ્વિક સર્ગ કરી શકાય તેમ નથી. ત્યાં તો પ્રતિપુરુષ વિશિષ્ટ સર્ગ એટલે લિંગશરીર સાથેનું સ્થૂળ શરીર અથવા તો કેવળ લિંગશરીર એમ માનવું જ ઉચિત જણાય છે. શરીરમાં પંચભૂત, તન્માત્રાઓ, ઇન્દ્રિયો, અહંકાર અને બુદ્ધિ એ સર્વનો સમાવેશ બરાબર ગોઠવાઈ જાય છે

પરંતુ અનુભવ દર્શાવે છે કે કેવળ વ્યષ્ટિ સૃષ્ટિ જ અસ્તિત્વમાં છે એમ નથી. તે ઉપરાંત સમષ્ટિ પણ છે જ. સાંખ્ય પણ તેને પુરુષના ભોગ અને અપવર્ગ માટે આવશ્યક માને જ છે.[૪] એટલે વૈશ્વિક સૃષ્ટિ કઈ રીતે પ્રકૃતિમાંથી આવિર્ભાવ પામી તે પ્રક્રિયા પણ દર્શાવવી સાંખ્ય માટે આવશ્યક બને છે. પરંતુ તે અંગે સાંખ્યકારિકા પાસે કોઈ સ્પષ્ટ ઉત્તર હોય તેમ જણાતું નથી.

જો એમ ખુલાસો કરવામાં આવે કે પુરુષોના અદષ્ટ કે કર્મવૈચિત્ર્યને માટે વૈશ્વિક સૃષ્ટિ અનિવાર્ય છે[૫] તો એ ખુલાસો તો વૈશ્વિક સૃષ્ટિ શા માટે છે તે પ્રશ્નના ઉત્તર રૂપે જ છે. વૈશ્વિક સૃષ્ટિના હોવા માટેનું પ્રયોજન દર્શાવે છે. પરંતુ આ વૈશ્વિક સૃષ્ટિ કેવી રીતે કઈ પ્રક્રિયાથી સર્જાઈ તેનો એ ઉત્તર આપી શકે તેમ નથી. અનેક પુરુષોના સામૂહિક-સંયોગ-પ્રતિબિંબથી આ સૃષ્ટિ સંભવી શકે એમ કહેવું પણ સમુચિત નથી, કારણ કે એમાં તો અવ્યવસ્થા જ સર્જાય—એમાં કોઈ નિયામક કે તત્ત્વ કે એવો કોઈ નિયમ કામ કરતો હોય એમ પણ કહી શકાય તેમ નથી; અને મુખ્ય વાત તો એ છે કે એવી કોઈ યોજના સાંખ્યદર્શનમાં સૂચિત પણ નથી.

---

૨ સાં. કા. ૧૮ તથા તેના પર વાચસ્પતિમિશ્રની ટીકા.

સર૦ पुरुषभेदेन सर्गभेदेन च भेदाभाव एव प्रकृतेरेकत्वम् । योगवार्तिक २.१८

૩ સાં. કા. ૬૪, ૬૫.

૪ સાં. કા. ૫૬ અને તેના પરની વાચ.ની ટીકા

૫ कर्मवैचित्र्यात् सृष्टिवैचित्र्यम् । सांख्यसूत्र ६.४१

જગતની ઉત્ક્રાન્તિના સંદર્ભમાં સાંખ્યે આપેલી યોજનાને લગભગ વૈજ્ઞાનિક કહી શકાય—એ પ્રકારની અંજલિઓ મોટા ભાગના વિદ્વાનોએ આ દર્શનને આપી છે. અને એમને પણ આ વૈશ્વિક સૃષ્ટિ જ અભિપ્રેત હોય એમ જણાય છે. સ્થૂળ મહાભૂતોના કારણની વિશ્લેષણાત્મક પદ્ધતિથી શોધ કરતાં કરતાં અંતે મૂળ કારણરૂપ અવ્યક્ત પ્રકૃતિ સુધી પહોંચવાની પદ્ધતિ તર્કરસિક જિજ્ઞાસુઓને પ્રાયઃ સંતોષે પણ છે, પરંતુ પ્રકૃતિ જડ હોઈ સ્વયં સૃષ્ટિ સર્જન કરતી નથી. તેને પુરુષ સંયોગની અપેક્ષા છે, એ સાંખ્ય સિદ્ધાંત છે. અને પુરુષ એક નહીં પણ અનેક છે એવો પણ સાંખ્ય સિદ્ધાંત છે. તથા પ્રત્યેક પુરુષ માટે જ મર્યાદિત સર્ગ ઉદ્ભવે છે એ એનો તાર્કિક નિષ્કર્ષ છે. તેથી વૈશ્વિક સૃષ્ટિ કઈ રીતે આકાર લે છે તે પ્રશ્નનો સાંખ્યકારિકા પાસે શો ઉત્તર છે તે સંશોધનનો વિષય છે. અને એ ન મળે ત્યાં સુધી એમ કહી શકાય કે સાંખ્યે પ્રસ્તુત કરેલી ઉત્ક્રાન્તિની યોજનામાં વૈશ્વિક સૃષ્ટિની સમસ્યા એક ખૂટતી કડી છે.

આ સમસ્યા તરફ વિદ્વાનોનું ધ્યાન નથી ગયું એમ પણ નથી. ડૉ. નગીન શાહ આ બાબતનો નિર્દેશ કરતાં લખે છે કે "......સૃષ્ટિ એ સર્વસાધારણ અને વૈશ્વિક નથી. પરંતુ વિશિષ્ટ અને વૈયક્તિક છે. આમ માનવાને અનેક કારણો છે."—અને એ કારણોમાં સાંખ્યદર્શનમાં ઈશ્વરનો અસ્વીકાર, પુરુષબહુત્વ વગેરે દર્શાવી સમાપાન કરે છે—"સૃષ્ટિપ્રક્રિયા વૈયક્તિક છે, વૈશ્વિક નથી. જો સાંખ્યવર્ણિત તત્ત્વવિકાસક્રમ જોઈશું તો જણાયા વિના નહિ રહે કે તે વિકાસ ખરેખર વૈયક્તિક અને મનોવૈજ્ઞાનિક ( Psychological ) છે."[૬]

આનો અર્થ એમ કરી શકાય કે વૈશ્વિક સૃષ્ટિની મીમાંસા સાંખ્ય દર્શનના ક્ષેત્રની બહાર છે. ડૉ. સી. કુન્હન રાજા પણ કેટલીક બાબતોને સાંખ્યદર્શનના ક્ષેત્રની બહાર ગણે છે. તેમના મત પ્રમાણે અનેક શરીરો અને તેમની પાછળ રહેલ પુરુષોની ભૂમિકા રજૂ કરી સાંખ્ય સંતોષ માને છે. આ પુરુષો કોઈ એક તત્ત્વમાં સમાવી શકાય કે—આ સૃષ્ટિના વિકાસક્રમ પાછળ કોઈ કર્તાનો હાથ છે. એ બધાનો વિચાર સાંખ્ય કરતું નથી. કારણ કે તે મનુષ્યની બુદ્ધિની બહારની વાત છે.[૭]

પરંતુ સાંખ્યકારિકાનું પોતાનું જ પ્રમાણ દર્શાવે છે કે સાંખ્યદર્શને વૈશ્વિક સૃષ્ટિનો સ્વીકાર કર્યો છે. એટલે આ વિચાર એના ક્ષેત્રની બહારનો છે એમ તો નહિ કહી શકાય. કારિકા ૩૯મી સ્પષ્ટ દર્શાવે છે કે ભૂતો ( વિશેષો ) ત્રણ પ્રકારના છે. ( ૧ ) સૂક્ષ્મ શરીર ( ૨ ) માતા–પિતા દ્વારા ઉત્પન્ન થએલાં શરીરો અને ( ૩ ) પ્રભૂતો અર્થાત મહાભૂતો ( જેમાંથી શેષ ભૌતિક પદાર્થો બને છે. ) આ કારિકા પરની ટીકામાં વાચસ્પતિ મિશ્ર આ પ્રભૂત–ત્રીજા પ્રકાર–ને સ્પષ્ટ રીતે જૂદો પાડી મહાભૂતોમાં ઘટ વગેરેનો સમાવેશ થાય છે એમ દર્શાવે છે.[૮]

આ ઉપરાંત ૫૩મી કારિકામાં દૈવસર્ગ, મનુષ્યસર્ગ અને તિર્યગ્સર્ગ એમ મુખ્યત્વે ત્રણ સર્ગ તેના પેટા પ્રકારો સાથે મળીને, કુલ ૧૪ પ્રકારના ભૌતિક સર્ગનો ઉલ્લેખ જોવા મળે છે.

---

૬ સાંખ્ય-યોગ, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, પૃ. ૧૨૫ આ મંતવ્ય માટે ડૉ. શાહ 'The Sāṁkhya Conception of Personality'– એ ગ્રંથનો સંદર્ભ આપે છે.

7 The Sāṁkhya Kārikā of Īśvarkṛṣṇa, Vedic Research Inst., Hoshiarpur. Intro. P. 18.

૮ महाभूतानि तृतीयः महाभूतवर्गे च घटादीनां निवेशः ।

તેમાં ટીકાકારોને મતે પાંચ પ્રકારના તિર્યગ્સર્ગમાં પશુ, મૃગ, પક્ષી, સરીસૃપ અને છેલ્લે સ્થાવર પદાર્થોનો સ્પષ્ટ સમાવેશ કરવામાં આવ્યો છે.[૯] ૫૪મી કારિકામાં ભૌતિકસર્ગનો વ્યાપ દર્શાવતાં કહ્યું છે કે ब्रह्मादिस्तम्बपर्यन्तः । અને એમ સ્પષ્ટ રીતે વૈશ્વિક સૃષ્ટિનો તેના **ભૌતિક** સ્વરૂપેજ સ્વીકાર કર્યો છે. કેવળ મનોવૈજ્ઞાનિક રીતે જ નહીં. આજ કારિકામાં ઊર્ધ્વ, મધ્ય અને અધઃ એમ સર્ગનું ત્રૈવિધ્ય દર્શાવ્યું છે. તેમાં મધ્યલોક એટલે ભૂર્લોક એમ દર્શાવી વાચસ્પતિમિશ્ર તેમાં સપ્તદ્વીપ અને સમુદ્રોનો પણ સમાવેશ કરે છે[૧૦]

આ વૈશ્વિક સૃષ્ટિ શા માટે અસ્તિત્વમાં આવી તે પ્રશ્ન અહિં અભિપ્રેત નથી. પરંતુ તે કેવી રીતે અસ્તિત્વમાં આવી તે જ છે. સાંખ્યે તેનો સ્વીકાર કર્યો છે અને તે પણ પ્રકૃતિથી સ્વતંત્ર એવી રીતે નહીં પરંતુ પ્રકૃતિના જ તત્ત્વોના ઉત્તરોત્તર વિકાસક્રમથી તેનો આ ક્રમ શરીરસર્જનને સમજાવી શકે છે. પણ વિશ્વસર્જનને નહીં.

ડૉ. અણિમા સેનગુપ્ત આ સમસ્યા જુદી રીતે સમજવા પ્રયત્ન કરે છે. તદનુસાર પ્રકૃતિમાંથી સર્વપ્રથમ ઉત્ક્રાન્ત થતું તત્ત્વ તે મહદ્ અથવા બુદ્ધિ છે. આ બુદ્ધિતત્ત્વ **જગદ્બીજ** તરીકે ઓળખાય છે. આ પ્રથમ તત્ત્વ તે વૈયક્તિક નથી. પણ સામષ્ટિક છે. તેથી તેમાં વૈશ્વિકસર્ગની ક્ષમતા રહેલી છે.[૧૧] વળી અન્યત્ર તેઓ વેદાંતની માયાને સમષ્ટિ અંતઃકરણ કહી તેનો સાંખ્યની સમષ્ટિ બુદ્ધિ સાથે અનુબંધ કરે છે.[૧૨]

જો આ મત સાંખ્ય સંમત હોય તો વૈશ્વિકસૃષ્ટિની સર્ગપ્રક્રિયાની દિશામાં એક દ્વાર જરૂર ઉઘડે. પરંતુ સાંખ્ય કારિકા કે તેની પ્રાપ્ય ટીકાઓમાં કે સાંખ્યસૂત્ર અને તેના પ્રસિદ્ધ ભાષ્યમાં પણ બુદ્ધિનો જગદ્-બીજ તરીકેનો ઉલ્લેખ અને તે દ્વારા વૈશ્વિક સૃષ્ટિની સર્ગયોજનાનો વિચાર કરવામાં આવ્યો હોય તેમ લાગતું નથી. ડૉ. સેનગુપ્ત પણ પોતાના ઉપરના મંતવ્યના સમર્થનમાં કોઇ આધાર દર્શાવતા નથી. બુદ્ધિને મહદ્ કહી છે એ ખરૂં અને અન્ય તત્ત્વોની અપેક્ષાએ એ ચેતનની વિશેષ સમીપ છે એ પણ સાચું. યુક્તિદીપિકા પણ કહે છે કે ઉત્પાદ્ય વ્યક્ત તત્ત્વોમાં સૌથી વધુ વ્યાપક અને સ્થાયી તત્ત્વ મહત્ છે. દેશ અને કાળની દૃષ્ટિએ સૌથી વધુ વ્યાપક હોવાથી તે મહદ્ કહેવાય છે.[૧૩] પણ અહિં તેનો અભિપ્રેત અર્થ અન્ય તત્ત્વોની અપેક્ષાએ વ્યષ્ટિ સર્ગમાં તેનો વ્યાપ વિશેષ છે, એટલોજ કરી શકાય.

કદાચ બુદ્ધિને જગદ્-બીજ તરીકે સ્વીકારવામાં આવે તો પણ પ્રશ્ન થશે કે આ બુદ્ધિ એક છે કે અનેક ! જો તે સમષ્ટિબુદ્ધિ હોઈ એકજ છે એમ કહેવામાં આવે તો પુરુષબહુત્વના સિદ્ધાંત સાથે તેનો મેળ કેમ બેસાડવો તે સમસ્યા ઊભી થશે. બુદ્ધિ બે પ્રકારની છે વ્યષ્ટિ અને સમષ્ટિ

---

૯ तैर्यग्योनश्च पञ्चधा भवति-पशुमृगपक्षिसरीसृपस्थावरा इति । वाच. का. ५३- स्थावराः तरुलतागुल्मादयो घटादयश्च, स्वतोगतिशीलत्वाभावात् । सारबोधिनी.

१० भूर्लोकस्तु सप्तद्वीपसमुद्रसन्निवेशः ।

११ Classical Sāṁkhya-A Critical Study, pp. 120-21

१२ *Ibid.*, p. 174

१३ स तु देशमहत्त्वात्कालमहत्त्वाच्च महान् सर्वोत्पाद्येभ्यः महापरिमाणयुक्तत्वात् महान् । का. २२

એમ કહી એમાંથી જો માર્ગ કાઢવા જઈશું તો એ જ ક્રમમાં તર્ક દ્વારા એવા નિષ્કર્ષ પર આવવું પડશે કે પુરુષો અનેક છે, અને તેમનાથી જુદો એક પરમ પુરુષ છે અને એમ આ દર્શનમાં જીવાત્મા અને પરમાત્માની વ્યવસ્થાનો સ્વીકાર કરવો પડશે. અને એ રીતે સેશ્વર સાંખ્યની ભૂમિકાએ આ બધી ચર્ચાની નવેસરથી માંડણી કરવાનો પ્રસંગ ઊભો થશે.

સાંખ્યકારિકા ઈશ્વરની બાબતમાં મૌન ધારણ કરે છે. ઈશ્વર હોય તો પણ સૃષ્ટિસર્જનમાં તેની આવશ્યક્તા સ્વીકારવામાં આવી નથી. ૩૧મી કારિકામાં પ્રકૃતિની સ્વતંત્રતાની ઘોષણા કરતા ઈશ્વરકૃષ્ણ કહે છે કે **न केनचित्कार्यते करणम् ।** અને ગૌડપાદ તેને સમજાવે છે કે **न केनचित् ईश्वरेण पुरुषेण कार्यते प्रबोध्यते करणम् ।** વાચસ્પતિ પણ સાંખ્યતત્ત્વકૌમુદીમાં સૃષ્ટિવ્યાપારમાં ઈશ્વરની કોઈ આવશ્યક્તા નથી એમ લંબાણપૂર્વક પ્રતિપાદન કરે છે.[૧૪]

સેશ્વરસાંખ્યમાં ઈશ્વરને જગતનું નિમિત્ત કારણ માનવામાં આવે છે. આ વલણ પુરાણોમાં જોવા મળે છે. પરંતુ ત્યાં પ્રકૃતિ–અને પુરુષ (જીવાત્મા) એ બન્ને સંપૂર્ણ રીતે ઈશ્વરાધીન દર્શાવાયા હોય છે. ગીતામાં પણ એ બન્નેને પરમાત્માની પરા અને અપરા પ્રકૃતિ તરીકે નિરૂપવામાં આવ્યા છે.[૧૫]

પરંતુ આ વ્યવસ્થાના સ્વીકારની સાથે જ સાંખ્યનો પુરુષ અને પ્રકૃતિના સ્વાતંત્ર્યનો સિદ્ધાંત ખંડિત થાય છે. એ બન્નેના સાંખ્યનિરૂપિત સ્વરૂપને પણ હાનિ થશે, અને વિશેષ તો પુરુષ–પ્રકૃતિ–સંયોગ અને તે દ્વારા પ્રકૃતિમાં થતા ક્ષોભનો સિદ્ધાંત પણ નિરર્થક થઈ જશે. આ ઉપરાંત ઈશ્વરને જગત્કર્તા માનવાના મતની વિરુદ્ધમાં જે અનેક શંકાઓ ઉઠાવવામાં આવે છે તેમનો પણ વિચાર કરી અને ખરેખર ઈશ્વર એટલે શું અને તેનું સ્વરૂપ કેવું છે તે પણ સંતોષકારક રીતે પ્રતિપાદિત કરવું પડે. પતંજલિએ ઈશ્વરને ક્લેશ, કર્મ, વિપાક અને આશયના સંસર્ગથી રહિત પુરુષ વિશેષ કહ્યો છે. તે કાલથી અપરિચ્છિન્ન સર્વજ્ઞ છે.[૧૬] તે સદા મુક્ત છે. તે સૃષ્ટિકર્તા છે કે કેમ તે વિશે યોગસૂત્રોમાં કંઈ કહેવામાં આવ્યું નથી. પરંતુ યોગભાષ્ય, તત્ત્વવૈશારદી અને યોગવાર્તિક વગેરેમાં તેનું વિશેષ વિવરણ જોવા મળે છે. વાચસ્પતિના મતે યોગદર્શનનો ઈશ્વર જગતનો કર્તા છે.[૧૭] ભિક્ષુ પણ માને છે કે પ્રકૃતિમાં ઈશ્વરની ઈચ્છાથી જ ક્ષોભ થાય છે.[૧૮]

પરંતુ જો ઇશ્વરેચ્છા ક્ષોભનું નિમિત્ત કારણ હોય તો પછી પુરુષના સંયોગની અપેક્ષા રહેતી નથી તથા કૈવલ્યપ્રાપ્ત પુરુષો અને ઇશ્વર વચ્ચેનો સંબંધ શો તે પણ વિચારણીય છે. વાસ્તવમાં તો એમ લાગે છે કે પતંજલિ જીવન્મુક્ત પુરુષને ઇશ્વરની અતિરિક્ત ગણતા નથી, અને કદાચ ઇશ્વર જીવન્મુક્તથી ભિન્ન હોય તો તેનાથી જીવન્મુક્ત સ્વતંત્ર રહે છે કે તેના આધીન કે પછી

---

૧૪ सां. का. ५६, ५७......**सर्गः महदादिभूम्यन्तः प्रकृत्यैव कृतो नेश्वरेण, न ब्रह्मोपादानो, नाप्यकारणः ।......** વગેરે તથા આ કારિકા પરની **युक्तिदीपिका** પણ જુઓ.

૧૫ अध्याय ७, श्लोक ४, ५.

૧૬ યોગસૂત્ર ૨૪, ૨૫, ૨૬

૧૭ भगवान् जगत् संजहार । तत्त्ववै. १.२४

૧૮ प्रकृतेर्वैषम्यहेतुः क्षोभोऽपीश्वरेच्छात एव, योगवार्तिक १.२४

તેનામાંજ ભળી જાય છે એ બાબત પણ વિચારણીય છે. અને આ સંદર્ભમાં પ્રકૃતિનું સ્થાન શું છે? સ્વતંત્ર કે પરતંત્ર? તેના ઉત્તરમાં આપેલો કોઈપણ વિકલ્પ સાંખ્યના અન્ય કોઈ સિદ્ધાંતના વિરોધમાં ઊભો રહેશે. એટલે ઇશ્વરનો જગત્કર્તાના રૂપમાં સ્વીકાર કરવામાં સાંખ્યદર્શનની સર્ગયોજના વ્યાઘાત પામશે.

સાંખ્યસૂત્ર ૧-૧૫૪ના[૧૯] આધારે વિજ્ઞાનભિક્ષુ, અનેક પુરુષોમાં રહેલા પુરુષસામાન્યનો સ્વીકાર કરે છે. આ પુરુષસામાન્ય સર્વશક્તિભૂત પ્રકૃતિરૂપ ઉપાધિને ધારણ કરી જગતનું નિમિત્ત કારણ બને છે અને આ પુરુષસામાન્ય તે કારણબ્રહ્મ છે.[૨૦]

એ સ્પષ્ટ છે કે આમ કહેવામાં ભિક્ષુ સાંખ્ય અને વેદાન્તનો સમન્વય સાધવા પ્રયત્ન કરે છે. પરંતુ સામાન્ય-જાતિને એક સ્વતંત્ર પદાર્થ તરીકે વૈશેષિક દર્શનમાં જે રીતે સ્વીકારવામાં આવે છે એ જ રીતે સાંખ્યમાં પણ તેનો સ્વીકાર થયાનો પુરાવો નથી. ઉપરના ભિક્ષુના મતની થોડી વિશદ મીમાંસા કરતાં છેવટે સાંખ્યનું દ્વૈત વેદાન્તના અદ્વૈતને સમર્પિત થઈ જશે.

અને અન્ય દર્શનોના સિદ્ધાંતો સાંખ્યને લાગુ પાડી તેની કોઈ સમસ્યા ઉકેલવાથી-એક સમસ્યા ઉકલે અને નવી સમસ્યા ઊભી થાય એવા પ્રસંગો આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

આથી સાંખ્યકારિકા પોતે પ્રસ્તુત કરેલા સિદ્ધાંતોની જ મર્યાદામાં રહી વૈશ્વિક સૃષ્ટિની બાબતમાં સંતોષકારક સમાધાન આપી શકતી નથી. એ પ્રશ્ને હજુ વધુ સંશોધનને અવકાશ છે.

સૃષ્ટિ-સર્જનના અકળ રહસ્ય પરનો પડદો ઉચકાવવાનો સાંખ્યદર્શને સનિષ્ઠ અને ભારે પ્રયાસ કર્યો છે પણ તે સંપૂર્ણ ઊંચકી શકાયો નથી. જે થોડો ઊંચકાયો છે તેમાંથી થતું સર્ગ-દર્શન રહસ્યની મોહકતા વધારી બુદ્ધિને નમ્ર બનાવે છે.

---

૧૯ नाद्वैतश्रुतिविरोधो जातिपरत्वात् ।

૨૦ सां. प्र. भाष्य १.१५४

# ન્યાયદર્શનમાં તર્કનું સ્વરૂપ

લક્ષ્મેશ વી. જોષી

સામાન્યત: તર્ક એટલે એક વિશિષ્ટ પ્રકારની વિચારણા, ઊહ, Reasoning કે Rational Thinking. ન્યાયદર્શન પ્રમાણે, કુઠાર જેવા કરણમાં દેખાતા, ઊંચે કરવારૂપ અને નીચે પાડવારૂપ વ્યાપારના જેવો, પ્રમાના કરણમાં એટલે પ્રમાણમાં સ્થિત, પુરૂષ દ્વારા થતો એક વિશિષ્ટ વ્યાપાર એટલે તર્ક, આ વ્યાપાર, સંશયથી આગળ વધેલો છતાં નિર્ણય સુધી નહીં પહોંચેલો, પ્રમાણોને સહાય કરનાર, 'ઊહ' નામથી પણ ઓળખાતો અને પ્રસંગના–વૈચારિક રીતે મુશ્કેલ પરિસ્થિતિના–સ્વરૂપવાળો હોય છે. પ્રતિપક્ષીને માટે ઊભો કરવામાં આવતો પ્રસંગ એટલે તર્ક. ઘટ ન દેખાતો હોવાં છતાં પ્રતિપક્ષી જો કહે–'ઘટ છે'; તો તેની સામે તર્ક (પ્રસંગ, મુશ્કેલ પરિસ્થિતિ, cotingency) રજૂ કરવામાં આવે છે: "જો અહીં ભૂતલ ઉપર હોત તો આ ભૂતલની જેમ ઘટ પણ દેખાત, જણાત." આ તર્કનું સ્વરૂપ છે.[1]

પ્રમાણોના અનુગ્રાહક કે સહાયક તર્કને બદલે પ્રમાણના વિઘાતક તરીકે તર્ક રજૂ કરવામાં આવે તો એવો તર્ક નિંદ્ય બને. કઠ ઉપનિષદમાં કહ્યું છે કે આગમથી પ્રતિપાદ્ય આત્મમતિ (આત્મ-જ્ઞાન) તર્કથી પ્રાપ્ત કરી શકાય નહીં.[2] બ્રહ્મસૂત્રમાં બાદરાયણે પૂર્વપક્ષ ઉઠાવીને કહ્યું[3] –કેવલ તર્ક અસ્થિર હોવાને લીધે ભલે એ સિદ્ધ ન થાય કે જગતનું કારણ બ્રહ્મ નહીં, પણ પ્રકૃતિ છે; છતાં અન્યથા એટલે કે કોઈક તર્કને સ્થિર માનીને પ્રકૃતિને જગતનું કારણ માની શકાય; આવા પૂર્વપક્ષ પછી ઉત્તરમાં બાદરાયણ કહે છે-એમ હોય તો પણ-કોઈક તર્કને સ્થિર સ્વીકારીએ તો પણ-પ્રસ્તુત વિષયમાં-જગતકારણના અવધારણમાં-તર્ક અસ્થિરતાના દોષથી મુક્ત થઈ શકે તેમ નથી. 'શેર ઉપર સવાશેર' એ ન્યાયે, કુશળ તાર્કિકના તર્કનું ખંડન કુશલતર તાર્કિક કરી શકે છે. એટલે

---

૧ જુઓ : संशयात् प्रच्युतः निर्णयं च अप्राप्तः प्रमाणानाम् अनुग्राहकः ऊहापरनामा प्रसंगात्मा प्रन्माकरणनिष्ठः पौरुषेयः व्यापारः कुठारगोचर इव उद्यमननिपातनादिः।......... इह भूतले यदि अभविष्यद् घटः इदमिव व्यज्ञास्यत इत्येवमाकारं (तर्कस्य) शरीरम्। उदयनाचार्य, किरणावली, पृ. १७१ जे. एस. जेटली, वडोदरा, १९७१.

२ જુઓ : नेषा तर्केण मतिरापनेया। —કઠોપનિષદ ૨-૯

३ જુઓ : तर्काप्रतिष्ठानाद् अपि अन्यथा अनुमेयम् चेद् एवम् अपि अविमोक्षप्रसंगः॥

ब्र. सू. २-१-११

વાંચો : निरागमाःपुरुषोत्प्रेक्षामात्रनिबन्धनाः तर्काः अप्रतिष्ठिताः भवन्ति। उत्प्रेक्षायाः निरंकुशत्वात्। तथा हि कैश्चिद् अभियुक्तैः यत्नेन उत्प्रेक्षिताः तर्काः अभियुक्ततरैः अन्यैः आभास्यमानाः दृश्यन्ते। तैः अपि उत्प्रेक्षिताः सन्तः ततः अन्यैः आभास्यन्ते इति न प्रतिष्ठितत्त्वं तर्काणां शक्यम् आश्रयितुं, पुरुषमतिवैरूप्यात्।

शांकरभाष्य, ब्र. सू. २-१-११

તર્ક દ્વારા કોઈ અંતિમ નિર્ણય લઈ શકાતો નથી. તેથી બ્રહ્મસૂત્રમાં તર્કને અસ્થિર કે અપ્રતિષ્ઠ કહીને બાદરાયણે શ્રુતિવિરોધી તર્કની નિન્દા કરી છે. વળી, બ્રહ્મના સ્વરૂપ જેવા વિષયો માત્ર શ્રુતિગમ્ય હોય છે. તેને તર્કથી સમજવા પ્રયત્ન કરવો નહીં એમ કહીને પૌરાણિકોએ તર્કના કાર્યક્ષેત્રની મર્યાદા દર્શાવી છે.[૪] બીજી બાજુ તર્કની ઉપયોગિતાને સ્વીકારીને મનુ વગેરે શ્રુતિપ્રવણ વિદ્વાનોએ તર્કની પ્રશંસા પણ કરી છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે ઋષિવચન અને ધર્મવિષયક ઉપદેશને સમજવા તર્કનું અનુસંધાન કરવું પડે છે. તર્કજ્ઞ જ ધર્મને યથાર્થ રીતે જાણી શકે.[૫] તર્કની ચર્ચામાં વાચસ્પતિ મિશ્ર મીમાંસા અને તર્કને અભિન્ન ગણીને, તર્કનું યશોગાન કરતા એક મતને નોંધે છે.[૬] તદનુસાર, મીમાંસા એ તર્કની જ બીજી સંજ્ઞા છે. તર્ક વેદમાંથી ઉત્પન્ન થયો છે તેથી જેમ લવણની ખાણમાંથી મળેલ કાષ્ઠ લવણાત્મક હોય તેમ, તર્ક વેદસ્વરૂપ છે. વેદ જ્યારે કારણ બનીને ધર્મનું જ્ઞાન ઉત્પન્ન કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે મીમાંસા અથવા તર્ક તે કરણની ઈતિકર્તવ્યતા ( કાર્યસંપાદનની રીત )નું કામ કરે છે. આમ, તર્કની મર્યાદાઓ હોવા છતાં, તેની અત્યંત ઉપયોગિતા પણ શાસ્ત્રકારોએ સ્વીકારી છે.

તર્ક પ્રતિપક્ષીને માટે અનિષ્ટ પ્રસંગ ઊભો કરે છે. એક બે ઉદાહરણો જોઈએ. પ્રસિદ્ધ નૈયાયિક જગદીશ વિષે કહેવાતું એક ઉદાહરણ છે: અધ્યયનમાં પ્રમાદ કરતા જગદીશના વર્તનથી ગુસ્સે થયેલા પિતા તેને બળદ કહે છે. જગદીશ પિતાજી સમક્ષ તર્ક રજૂ કરે છે:[૭] શું ગોત્વ (બળદપણું) બળદમાં રહે છે કે અ-બળદમાં? જો બળદમાં બળદપણું હોય તો મને 'બળદ' કહેવાનો કોઈ અર્થ નથી. જો અ-બળદમાં બળદપણું રહે છે એવો આપનો પક્ષ હોય તો હવે આપનામાં પણ બળદપણું હો. બીજું ઉદાહરણ: ઈશ્વર માત્ર નિમિત્ત કારણ છે એ ઈશ્વર-કારણવાદનું ખંડન કરતાં બાદરાયણ એક તર્ક રજૂ કરે છે:[૮] તમારો ઈશ્વર પ્રકૃતિનું, પુરુષોનું

---

૪ વાંચો : तथा च आहुः पौराणिकाः अचिन्त्याः खलु ये भावाः न तांस्तर्केण योजयेत् ।
શા. ભા. બ્ર. સૂ. ૨-૧-૨૭

૫ વાંચો : आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना ।
यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥ મનુસ્મૃતિ ૧૨/૧૦૬

૬ વાંચો : मीमांसासंज्ञकस्तर्कः सर्ववेदसमुद्भवः ।
सोऽतो वेदो रुमाप्राप्तकाष्ठादिलवणात्मवत् ॥
धर्मे प्रमीयमाणे हि वेदेन करणात्मना ।
इतिकर्तव्यताभागं मीमांसा पूरयिष्यति ॥
न्यायचतुर्ग्रन्थिका, टीका, पृ. ६२,
न्यायदर्शन, सं. अनन्तलाल ठाकुर, मिथिला, १९६७

૭ વાંચો : किं गवि गोत्वम् उत अगवि गोत्वम्
चेद् गवि गोत्वम्, अनर्थकम् एतत् ।
अगवि च गोत्वं यदि तव पक्षः
सम्प्रति भवतु भवत्यपि गोत्वम् ॥

૮ अन्तवत्त्वम् असर्वज्ञता वा ॥ ब्र. सू. २-२-४१ ॥

અને પોતાનું માપ જાણે છે કે નહીં ? જો જાણે છે તો ત્રણે ય તત્ત્વો સાન્ત-સીમિત બનતાં વિનાશી ઠરે. જો ઈશ્વર પ્રકૃતિ વગેરેના માપને નથી જાણતો એમ કહો તો એ ઈશ્વર સર્વજ્ઞ ન ગણાય. આમ તર્ક દ્વારા પ્રતિપક્ષનું ખંડન કરીને પ્રમાણ દ્વારા સ્વપક્ષનું સ્થાપન કરવામાં આવે છે. આત્માશ્રય, ઈતરેતરાશ્રય, ચક્રક, અનવસ્થા અને અનિષ્ટ પ્રસંગ તર્કના જ પાંચ પ્રસિદ્ધ પ્રકારો છે.[૯] વસ્તુતઃ પ્રત્યેક પ્રકારનું પર્યવસાન તો અનિષ્ટપ્રસંગમાં જ થાય છે. પ્રતિપક્ષને સ્વીકારતાં કેવી મુશ્કેલી ઊભી થાય એ દર્શાવવાનું તર્કનું મુખ્ય પ્રયોજન છે.

'તર્ક' શબ્દ અનેક રીતે પ્રયોજાય છે. ૧. કોઈ પણ વસ્તુ વિષે યોગ્યાયોગ્યની બૌદ્ધિક વિચારણા તે તર્ક. સામાન્યતઃ આ અર્થમાં 'તર્ક' શબ્દ વધુ પ્રચલિત છે. ૨. વળી મીમાંસા દર્શનમાં, મન્ત્રોના વિધિનિષેધના અર્થઘટનમાં કરવામાં આવતી મીમાંસા-વિચારણા કે ઊહ એટલે તર્ક.[૧૦] ૩. તર્ક એટલે ન્યાય, અને તર્કવિદ્યા એટલે ન્યાયદર્શન અથવા આન્વીક્ષિકી.[૧૧] 'તર્કસંગ્રહ' શીર્ષકને સમજાવતાં અન્નંભટ્ટ તર્કનો અર્થ દ્રવ્યાદિ સાત પદાર્થો કહે છે.[૧૨] આવી જ રીતે, તર્ક એટલે ન્યાયસંમત પ્રમાણ. પ્રમેય વગેરે સોળ પદાર્થો એવો અર્થ પણ લઈ શકાય. આ અર્થમાં ન્યાયવૈશેષિક પ્રકરણગ્રન્થોમાં શીર્ષકો અપાયેલાં છેઃ તાર્કિકરક્ષા (વરદરાજ, ન્યાયપ્રધાનપ્રકરણ), તર્કભાષા (કેશવમિશ્ર, ન્યાયપ્રધાનપ્રકરણ), તર્કામૃત (જગદીશ, વૈશેષિકપ્રધાનપ્રકરણ), તર્કકૌમુદી (લૌગાક્ષિ-ભાસ્કર, વૈશેષિક પ્રધાનપ્રકરણ), તર્કસંગ્રહ (અન્નંભટ્ટ, વૈશેષિકપ્રધાનપ્રકરણ.) ૪. સાહિત્યશાસ્ત્રમાં ગણાવાતા તેત્રીસ વ્યભિચારી ભાવોમાં એક તર્ક છે.[૧૩] તેમાં તર્કનું લક્ષણ અપાય છે. "સંદેહમાંથી ઉત્પન્ન થતો વિચાર કે જે વિચાર કરતી વખતે ભ્રૂ સંકોચાય, મસ્તક હલાવવામાં આવે, આંગળી ઉપર ઉઠાવવામાં આવે; તે વિચારને તર્ક કહે છે" કહ્યા પ્રમાણે નહીં આવનાર પ્રિયતમ વિષે નાયિકા તર્ક કરે છે-શું એને એની બીજી કોઈ પ્રિયાએ રોકી દીધો હશે કે?......આમ સાહિત્યશાસ્ત્રમાં તર્ક એક સંચારી કે વ્યભિચારી ભાવ છે. ૫. 'તર્ક' શબ્દનો પાંચમો અર્થ છેઃ જેનું યથાર્થ સ્વરૂપ જ્ઞાત નથી તેવા પદાર્થ વિષે,

---

૯ स च आत्माश्रय-इतरेतराश्रय-चक्रक-अनवस्था-प्रमाणबाधितार्थ-प्रसंगभेदेन पंचविधः ।
—उदयन, परिशुद्धि, न्याय च. ग्र. पृ. ५८८

૧૦ વાંચો : त्रिविधश्च ऊहः । मन्त्रसामसंस्कारविषयः ।
शाबरभाष्य, पृ. १६३५, आप्टे विनायक गणेश, पूना, १९३२
વાંચો : ऊहो नाम वितर्कणा । -ટુપ્ટીકા (કુમારિલ ભટ્ટ), तदेव पृ. १६२५

૧૧ વાંચો : आन्वीक्षिकी दण्डस्तर्कविद्यार्थशास्त्रयोः—અમરકોશ

૧૨ વાંચો : तर्क्यन्ते प्रतिपाद्यन्ते इति तर्क द्रव्यादिसप्तपदार्थाः तेषां संक्षेपेण स्वरूपकथनं क्रियते इत्यर्थः । તર્કસંગ્રહદીપિકા

૧૩ तर्को विचारः सन्देहात् भ्रूशिरोऽङ्गुलिनर्तकः । १७१ ॥
किं रुद्ध प्रियया......इत्यादि । सा. द. ३।९८–साहित्यदर्पण, ३-१७१
અને વાંચો—तर्क्यते तर्कते तर्को । विचारः स्यात् सहेतुकः ।
विमर्श, सिंह सत्यव्रत, सा. द. पृ. २२५

પ્રમાણની સંભાવનાપૂર્વક, તત્ત્વજ્ઞાન માટે કરવામાં આવતી વિચારણા. આ અંતિમ અર્થમાં અહીં તર્કના સ્વરૂપની ચર્ચા અભિપ્રેત છે. અક્ષપાદે પ્રથમ ન્યાયસૂત્રમાં ગણાવેલા સોળ પદાર્થોમાં એક તર્ક છે.[૧૪] તેથી, સૂત્રકારના મતે, તર્કનું જ્ઞાન પણ નિઃશ્રેયસની પ્રાપ્તિનું સાધન છે.

વૈશેષિક, વેદાન્ત, જૈન વગેરે દર્શનોમાં તર્કના સ્વરૂપ વિષે વિભિન્ન મતો છે. વૈશેષિક સૂત્રોમાં કણાદમુનિએ કે પ્રશસ્તપાદભાષ્યમાં પ્રશસ્તપાદે કયાંય તર્ક જેવા પદાર્થનો સ્વીકાર કર્યો નથી, નિર્દેશ સુદ્ધાં કર્યો નથી. શ્રીધર ન્યાયકન્દલી ( પ્રશસ્તપાદભાષ્યની ટીકા )માં પૂર્વપક્ષ ઉઠાવીને કહે છે કે સંશય, વિપર્યય, અનધ્યવસાય અને સ્વપ્ન-આમ અવિદ્યાના જે ચાર પ્રકારો પ્રશસ્તપાદે ગણાવ્યા છે તે યોગ્ય નથી ; કારણ કે પ્રસિદ્ધ એવો તર્ક પણ અવિદ્યાનો એક પ્રકાર છે. તેથી અવિદ્યાના પાંચ પ્રકારો ગણાવવા જોઈતા હતા.[૧૫] વૈશેષિક જો તર્ક ન સ્વીકારે તો પ્રતિપક્ષીને માટે ઊભો કરવામાં આવતો અનિષ્ટ પ્રસંગ પણ સ્વીકારી નહીં શકાય. વળી પ્રસંગ તર્કથી કંઈ ભિન્ન નથી. વૈશેષિકને પણ પ્રતિપક્ષીની સામે પ્રસંગ તો ઉપસ્થિત કરવો પડે છે. આ પૂર્વપક્ષના ઉત્તરમાં શ્રીધર કહે છે કે તર્કનો સમાવેશ અનુમાનમાં થાય છે ; અને તર્ક પ્રતિપક્ષીએ ઊભી કરેલી બાધાને દૂર કરતો હોવાથી પ્રમાણરૂપ જ છે. તર્ક પ્રમાણરૂપ ન હોય તો બાધા દૂર કરવાનું કાર્ય પણ કેવી રીતે કરી શકે ? અમુક વિષય પ્રમાણને યોગ્ય છે, એમ વિષયની પ્રમાણયોગ્યતા સિદ્ધ કરવાનું કામ તર્ક કરે છે તેથી તે અનુમાનનો જ એક પ્રકાર છે. આમ શ્રીધરના મતે તર્ક પ્રમાણ છે.[૧૬] અને અનુમાનમાં અંતર્ગત છે. તર્ક માત્ર સંભાવનારૂપ જ હોય તો તે નિરર્થક છે, તે કાંઈ સિદ્ધ કે અસિદ્ધ કરી શકે નહીં.

પ્રશસ્તપાદભાષ્ય પરની ટીકા કિરણાવલીમાં પણ ઉદયનાચાર્યે પૂર્વપક્ષીના મુખે પ્રશ્ન ઉઠાવ્યો છે[૧૭] કે પ્રશસ્તપાદ પોતાને તાર્કિક તરીકે માનતા હોવા છતાં તર્કને અવિદ્યાપ્રકારોમાં ગણાવવાનું કેમ ભૂલી ગયા ? આ તો ઘોડા ઉપર બેસનાર ઘોડાને જ ભૂલી જાય એના જેવું થયું. આમ કરવાથી તો પરીક્ષક, પરીક્ષક ન રહેતાં, લૌકિક બની જાય ! આ પૂર્વપક્ષના ઉત્તરરૂપે ઉદયના-

---

९४ प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजाति-निग्रहस्थानानाम् तत्त्वाज्ञानात् निःश्रेयसाधिगमः ॥ न्या. सू. ९-१-१ ॥

१५ ननु अविद्या चतुर्विधा इति परिसंख्यानानुपपत्तिः, रुढस्य
तर्कज्ञानस्यापि सम्भवात् ।

—ન્યાયકન્દલી, પૃ. ૪૧૫, ઝા દુર્ગાશંકર, વારાણસી, ૧૯૬૩

१६ योग्यः अयम् अर्थः इति प्रमाणयोग्यतां
विषयस्य अध्यवस्यति इति अनुमानमेव । इत्थमेव च प्रमाणम्
अनुगृह्णाति, योग्यताप्रतीतैः प्रमाणप्रवृत्तिहेतुत्वात् ।
अन्यथा पुनः इदम् सम्भावनामात्रम् अनर्थकम एव ।—न्यायकन्दली, पृ.४१८

१७ तदिदं तुरगारुढस्य तुरगविस्मरणं यत् तार्किकाभिमानम् उद्वहन् अपि तर्कान् न गणयति । अनेनैव हि परीक्षको लौकिकम् अतिविशते । तत् सत्यमेवेतत्, विपर्ययमेदत्वात् पृथक् नोपदिष्टः । तथापि न्यायांगतया विशेषतो व्युत्पादनमर्हतीति चेत् छलादिवत् समानतन्त्रविषयत्वादिति ।

કિરણાવલી, પૃ. ૭૨

ચાર્ય કહે છે કે આ વાત તો સાચી છે, પણ તર્ક એ વિપર્યયનો જ એક પ્રકાર હોવાથી તેનો પૃથક્ નિર્દેશ કર્યો નથી. વળી, એ પણ સાચું કે તર્ક ન્યાયના અંગરૂપ હોવાથી વિશેષ નિરૂપણ માગી લે છે, છતાં છલ વગેરેની જેમ તર્ક પણ સમાનતંત્ર એટલે ન્યાયદર્શનનો વિષય હોવાથી પ્રશસ્તપાદે તર્કનો નિર્દેશ કર્યો નથી. અહીં ખાસ ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે એક વૈશેષિક તરીકે શ્રીધર તર્કને પ્રમાણ માનીને અનુમાનમાં અંતર્ગત કરે છે; જ્યારે એક નૈયાયિક તરીકે ઉદયન તર્કને પ્રસંગરૂપ ગણીને વિપર્યમાં તેનો સમાવેશ સૂચવે છે. શ્રીધર તર્કને વિદ્યાના પ્રકારમાં એટલે અનુમાનમાં સમાવે છે, જ્યારે ઉદયન તેને અવિદ્યાપ્રકાર વિપર્યયમાં અંતર્ગત ગણાવે છે.

રામાનુજ અને મધ્વના અનુયાયીઓ તર્કને પ્રમાણ તરીકેનું સ્થાન આપે છે. રામનુજશાખાના અનુયાયી વેંકટનાથ તર્કને પ્રમાણ ગણાવવા અને અનુમાનના એક પ્રકાર તરીકે સિધ્ધ કરવા વિસ્તૃત નિરૂપણ કરે છે. માધ્વશાખાના વિદ્વાન જયતીર્થ તેમના 'પ્રમાણપદ્ધતિ' નામના ગ્રન્થમાં પ્રતિપક્ષીના મતનું ખંડન કરતાં પ્રયોજાતા દૂષણાનુમાનના એક પ્રકાર તરીકે તર્કને સ્વીકારે છે.[૧૮]

જૈનદર્શનમાં સર્વપ્રથમ અકલંકે તર્કનો એક સ્વતંત્ર પ્રમાણ તરીક સ્વીકાર કર્યો. તેણે પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે મુખ્ય પ્રમાણપ્રકારો આપીને, પરોક્ષના પાંચ ઉપપ્રકારો ગણાવ્યા: સ્મૃતિ, પ્રત્યભિજ્ઞા, તર્ક, અનુમાન અને આગમ. સમગ્ર ભારતીયદર્શનમાં માત્ર એક જૈનદર્શન જ તર્કને અનુમાનથી પણ ભિન્ન, એક સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકારે છે. વળી, સ્યાદ્વાદ પછી- જૈનદર્શનનું તર્કને સ્વતંત્ર પ્રમાણ માનવારૂપ બીજું એક પ્રદાન છે એમ પણ કહેવાયું છે.[૧૯] વળી, સિદ્ધસેન દિવાકરના 'ન્યાયાવતાર' ઉપરની ટીકામાં સિદ્ધર્ષિ ગણિ નોંધે છે કે ઊહ અથવા તર્ક એક સ્વતંત્ર પ્રમાણ છે. પ્રત્યક્ષ, અનુમાનથી જાણી ન શકાય, અને જેને બીજી કોઈ રીતે ન સમજાવી શકાય તેવા સાધ્યનું જ્ઞાન તર્ક પ્રમાણથી થાય છે.[૨૦] આચાર્ય હેમચન્દ્ર માને છે કે કોઈ પણ અન્ય પ્રમાણથી વ્યાપ્તિગ્રહણ થતું નથી, અને માત્ર તર્ક પ્રમાણ દ્વારા જ વ્યાપ્તિગ્રહણ થઈ શકે છે. પ્રમાણોથી થતા, વસ્તુની સત્તા અને અભાવના જ્ઞાનને નિમિત્તે જે વ્યાપ્તિજ્ઞાન થાય છે તે ઊહ કે તર્ક છે. જે પોતે પ્રમાણ ન હોય એવા તર્ક પાસેથી વ્યાપ્તિગ્રહણની શ્રદ્ધા રાખવી એ તો નપુંસક પાસેથી પુત્રની આશા રાખવા બરાબર ગણાય. વ્યાપ્તિગ્રહણ કરાવનાર તપસ્વી એવા તર્કના યશને ભુંસી નાખવાથી શો લાભ?[૨૧]

---

૧૮ જુઓ : Indian Dialectics, p. 478, Solomon E. A., Ahmedabad, 1976

૧૯ "जैनदर्शन के तर्कप्रमाण का आधुनिक सन्दर्भों में मूल्यांकन"—जैन सागरमल, 29th All India Oriental Conference, Poona.

२० ऊहः अपि प्रत्यक्षानुमानासंवेद्यसाध्यार्थान्यथानुपपन्नत्वलक्षणालिंगसम्बन्धप्रवणः प्रमाणान्तरम् इति ।—टीका-टिप्पणसहितः न्यायावतारः पृ. ३०, अमदावाद १९१७.

२१ उपलम्भानुपलम्भनिमित्तं व्याप्तिज्ञानम् ऊहः । प्रमाणमीमांसा,......अप्रमाण्ये तु व्याप्तिग्रहः अस्तु । किम् अस्य तपस्विनः यशोमार्जनेन......प्रमाणान्तरागृहीतव्याप्ति ग्रहणप्रवणः प्रमाणान्तरम् ऊहः ॥ ५ ॥

—સ્વોપજ્ઞવૃત્તિ, આચાર્ય હેમચંદ્ર મુકર્જી સત્કારી, વારાણસી, ૧૯૭૦

આમ વૈશેષિકો વગેરે તર્કને અનુમાન પ્રમાણના પ્રકાર તરીકે સ્વીકારે છે, જ્યારે જૈનો તર્કને એક સ્વતંત્ર પ્રમાણ તરીકે સ્વીકારે છે. પરંતુ, પ્રાચીન ન્યાય પરંપરા, નવ્યન્યાય તેમ જ ન્યાય-વૈશેષિક પ્રકરણગ્રન્થોમાં તર્કને પ્રસંગરૂપ જ માનેલ છે, પ્રમાણરૂપ નહીં. હવે, આપણે ન્યાયદર્શનમાં તર્કના સ્વરૂપનો સંક્ષેપમાં વિચાર કરીએ.

ન્યાયસૂત્રના પ્રણેતા અક્ષપાદ તર્કનું લક્ષણ આપે છે:[22] "જેનું યથાર્થ સ્વરૂપ ન જાણ્યું હોય તેવા પદાર્થ વિષે, સંશયની બે કોટિમાંથી એક કોટિમાં પ્રમાણની સંભાવના છે એમ દર્શાવીને પ્રસ્તુત પદાર્થના તત્ત્વજ્ઞાન માટે કરવામાં આવતી વિચારણા એટલે તર્ક." આ લક્ષણ જોતાં સ્પષ્ટ થાય છે કે તર્કનો વિષય બનનાર પદાર્થ અવિજ્ઞાત હોય છે-ભલે પછી તે પ્રતિવાદી પૂરતો પણ અવિજ્ઞાત હોય. વળી, તે વિષય સામાન્યત: તો જ્ઞાત હોય પણ વિશેષ રીતે જ્ઞાત હોતો નથી.[23] તેથી, વિજ્ઞાત-વિશેષ રીતે જણાઈ ચૂકેલા-પદાર્થ વિશે કરવામાં આવતો ઊહ કે વિચારણા એ તર્ક નથી. ધૂમ જોઈને પર્વત પર અગ્નિનું અનુમાન કરતા વાદીને પ્રતિવાદી કહે-"ધૂમ દેખાય છે, પણ તેથી ત્યાં અગ્નિ હોવો જ જોઈએ તેમ હું માનતો નથી." અહીં અનુમાન પ્રમાણનો વિષય 'અગ્નિ' એ જ તર્કનો પણ વિષય બનશે. પ્રતિવાદીની સામે વાદી તર્ક રજૂ કરશે[24]-"જો ત્યાં અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય." અહીં, તર્કનો વિષય બનતો 'અગ્નિ' સામાન્યત: વાદી-પ્રતિવાદી ઉભયને જાણીતો છે. પણ વિશેષતઃ પર્વત ઉપર અગ્નિ હોવાની બાબતમાં શંકા ઊઠાવાઈ છે. અથવા જ્ઞાન પ્રાપ્ત કરનાર જ્ઞાતા-આત્મા વિષે કોઈ શંકા ઉઠાવે છે કે તે ઉત્પન્ન થતો હશે કે નહીં. આ ઉદાહરણમાં જ્ઞાતા એ વિષય સામાન્યતઃ વાદી-પ્રતિવાદીને જાણીતો છે; પરંતુ તેનું તાત્ત્વિક સ્વરૂપ-જ્ઞાતા ઉત્પત્તિધર્મવાળો કે અનુત્પત્તિધર્મવાળો એ-અવિજ્ઞાત છે. એટલે તર્કનો વિષય બનતો પદાર્થ સામાન્યતઃ જાણીતો પણ વિશેષ રીતે અજ્ઞાત હોય તે (પર્વત પર અગ્નિની જેમ), અથવા જેનું તાત્ત્વિક સ્વરૂપ જણાયું ન હોય તે (જ્ઞાતા-આત્માની જેમ).

તર્કની પૂર્વભૂમિકા રૂપે. પહેલાં તો જિજ્ઞાસા થાય છે, દા.ત. જ્ઞાતાને તાત્ત્વિક રીતે જાણવાની ઇચ્છા થાય.[25] પછી જ્ઞાતા વિષે સંશય ઊઠે તે ઉપત્તિના ધર્મવાળો હશે કે અનુત્પતિના ધર્મવાળો હશે? આમ સશંયમાં બે વિકલ્પો ઊભા થયા પછી તર્કનો પ્રવેશ થાય છે. તર્ક બે વિકલ્પોમાંથી એક વિકલ્પમાં પ્રમાણની સંભાવના છે એમ સૂચવે છે; દા. ત. જ્ઞાતા કે આત્મા જો ઉત્પન્ન થતો હોય તો તે વિનાશી પણ હોય. તેથી નવા ઉત્પન્ન થનાર આત્માને મળતાં શરીરાદિ પોતે કરેલા કર્મના ફલરૂપ નથી એમ માનવું પડે. વળી, નાશ પછી તે પોતાના કર્મના ફલને

---

૨૨ अविज्ञाततत्त्वे अर्थे, प्रमाणोपपत्तितः तत्त्वज्ञानार्थम् ऊहः तर्कः ॥ ન્યાયસૂત્ર, ૧-૧-૪૦.

૨૩ अविज्ञाततत्त्वे अर्थे इति, तेन ज्ञापयति सामन्यम् अवगतम् इति । यदि पुनः सामान्यम् । अपि न अधिगतं स्यात् न ब्रूयात् अविज्ञाततत्त्वे इति अविज्ञाते ब्रूयाद् इति ।

—न्यायवार्तिक, न्या. च.प्र. पृ. ५८२

૨૪ यदि वह्नि र्न स्यात् तर्हि धूमोऽपि न स्यात् ।—तर्कनुं स्वरूप

૨૫ यः अयं ज्ञाता......तं तत्त्वतः जानीय इति जिज्ञासा । स किम् उत्पत्तिधर्मकः अनुत्पत्तिधर्मकः इति विमर्शः । विमृश्यमाने अविज्ञाततत्त्वे अर्थे यस्य धर्मस्य अभ्यनुज्ञाकारणम् उपपद्यते तमनुजानाति ।

—વાત્સ્યાયન, ન્યાયભાષ્ય, ન્યા. ચ. પ્ર. પૃ, ૫૮૧

ભોગવી પણ ન શકે. તેથી આ જ્ઞાતા કે આત્માને માટે સંસાર ઘટી શકે નહીં. વળી, મિથ્યાજ્ઞાન દૂર થતાં, ધર્માધર્મ અટકી જતાં જન્મ દૂર થતાં દુઃખનો અભાવ એટલે અપવર્ગ, ઉત્પન્ન થનાર આત્માના વિષયમાં ઘટી શકે નહીં. તેથી જો આત્મા ઉત્પત્તિધર્મક હોય તો સંસાર-અપવર્ગ ઘટે નહીં." આ તર્ક આત્મા અનુત્પત્તિધર્મક—નિત્ય છે. એ પક્ષને અનુમતિ આપે છે.

**कारण-उपपत्तित** : એટલે **પ્રમાણો**ની સંભાવના દ્વારા. આ લક્ષણપદનાં બે-ત્રણ અર્થઘટનો થયાં છે. કારણ એટલે પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન કે શબ્દમાંથી કોઈ પણ પ્રમાણ અને ઉત્પત્તિ એટલે સંભાવના. ઘટાભાવનું પ્રત્યક્ષ થતું હોવા છતાં પ્રતિવાદી કહે-ઘટ છે; તો તેની સામે તર્ક રજૂ કરવામાં આવે છે : જો ઘટ હોત તો દેખાત, यदि घट : अभविष्यत् तर्हि अद्रक्ष्यत्, આમ તર્ક દ્વારા પ્રતિવાદી સામે પ્રસંગ મુશ્કેલ પરિસ્થિતિને ( ઘટ દેખાવો જોઈએ એ પ્રસંગ ) ઊભો કરીને પ્રમાણ સામેની આશંકા દૂર કરવામાં આવે છે. આશંકાનું દૂરીકરણ એ જ પ્રમાણનો સંભવ.[26]

અહીં એક સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. નૈયાયિકોનો તર્ક પ્રમાણ કે પ્રમાસ્વરૂપ નથી. તેથી જે પોતે પ્રમા રૂપ કે પ્રમાણરૂપ ન હોય તે વળી શંકાને દૂર શી રીતે કરી શકે? આવો વાંધો ઉઠાવાયો છે. કદાચ તેથી ઉદયન, તેમની તાત્પર્યટીકા ઉપરની પરિશુદ્ધિમાં कारणोपपत्तितः[27] પદની સમજૂતીમાં સાવચેતીથી શબ્દો પસંદ કરે છે. તે કહે છે કારણ-ઉપપત્તિ એટલે પ્રમાણના વિષયને આપવામાં આવતી અભ્યનુજ્ઞા કે અનુમતિ. સંશયમાં ઉભયકોટિવાળી જે જિજ્ઞાસા હોય તેને તર્ક નિયત-ચોક્કસ એક વિષયવાળી બનાવી દે છે. તર્કનું આટલું જ કામ. પછી શંકા દૂર કરીને જ્ઞાન ઉત્પન્ન કરવાનું કામ પ્રમાણનું.[28] ઉદયનના આ મૌલિક વિચારને બિરદાવાયો પણ છે.

હવે, અનુમાન પ્રમાણમાં પણ તર્ક આવી જ રીતે સહાયક બને છે તે જોઈએ : પર્વત પર જો અગ્નિ ન હોત તો ધૂમ ન દેખાત' આ તર્ક પ્રતિપક્ષીને માટે મુશ્કેલી કે પ્રસંગ ઊભો કરે છે. ફલસ્વરૂપે અનુમાન પુનઃ પ્રવૃત્ત થઈને અગ્નિ ન હોવાની શંકા દૂર કરીને, અગ્નિનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. આમ શબ્દ પ્રમાણમાં પણ સમજી શકાય : स्वर्गकामो यजेत-એ શબ્દ પ્રમાણમાં જે

---

૨૬ कारणोपपत्तित इति प्रमाणोपपत्तितः । उपपत्तिः संभवः संभवति एतस्मिन् अर्थे प्रमाणम् इति, भवेद् अयम् अर्थ इति ।—उद्योतकर, न्यायवार्तिक, न्या. च. ग्र. पृ. ५८३,
વળી, यस्मिन् विषये प्रमाणं प्रवर्तितुम् उद्यतं तद्-विपर्ययाशंकायाम् न तावत् प्रमाणं प्रवर्तते, न यावद् अनिष्टयापत्तया विपर्ययाशंका अपनीयते । तदपनय एव च स्वविषये प्रमाणसंभव इति ।
—વાચસ્પતિ મિશ્ર, તાત્પર્યટીકા, તદ્દેવ પૃ. ૫૮૫

૨૭ कारणोपपत्तिः प्रमाणाभ्यनुज्ञा ।......अभ्यनुज्ञातव्यः नियतजिज्ञासाविषयीकर्तव्यः ।... ...उभयकोटिसमसंशयप्रभवसमजिज्ञासाम् अपनीय नियतविषयां जनयता तर्केण प्रमाणविषयः अभ्यनुज्ञातव्यः भवति ।—પરિશુદ્ધિ, ન્યા. ચ. ગ્ર. પૃ. ૫૮૮

28 "We have taken sufficient pains to elucidate Udayana's position here which deserves scrutiny firstly on account of its originality, and secondly because it has not been properly represented even by authors of repute.—Inductive Reasoning, Bagchi, S. p. 15.

આજ્ઞા છે તે સ્વર્ગના ફલ વગરની કોરી યાગભાવના માટે તો ન જ હોઈ શકે. જો માત્ર યાગ-ક્રિયા-રૂપી યજ્ ધાતુનો અર્થ જ અહીં સાધ્ય હોતતો આ વાકયના ઉપદેષ્ટાનું આપ્તત્વ રહે નહીં, વિધિને કોઈ ઇષ્ટના ઉપાય તરીકે માને નહીં, પ્રેક્ષાવાન કે પ્રેક્ષાપૂર્વકારી આવી પ્રવૃત્તિ પણ ન કરે. આ વિચારણા કે તર્ક ધાત્વર્થને સાધ્ય માનનાર પ્રતિવાદીની સામે પ્રસંગ ઊભો કરે છે. યાગક્રિયાના સાધ્ય તરીકે સ્વર્ગને તર્ક દ્વારા અનુમતિ અપાયા પછી સ્વર્ગ એ જ યાગભાવનાનું કે ક્રિયાનું ફલ છે, ધાત્વર્થ નથી એમ તર્ક પછી પ્રવૃત્ત થતું શબ્દ પ્રમાણ સિદ્ધ કરે છે.[૨૯] આવી રીતે તર્ક ઉપમાનને પણ સહાયભૂત બની શકે: જંગલમાં ગોસદૃશ દેખાતા પશુને જો કોઈ 'ગવય' ન માને તો તેની સામે તર્ક કરી શકાય: 'જો તે ગવય ન હોત તો ગોસદૃશ-ગાયના જેવું ન દેખાત'—આ તર્ક પછી ઉપમાન પ્રમાણ સિદ્ધ કરે કે આ પશુ ગાય જેવું દેખાય છે તેથી તે ગવય પશુ જ છે.

આમ તર્ક પ્રમાણોના વિષયને, શંકાની સામે પ્રસંગ ઊભો કરીને, અનુમતિ આપે છે.

कारणोपपत्ति–પદનું એક બીજું અર્થઘટન આ પ્રમાણે છે: કારણ એટલે ન્યાયસૂત્રમાં તર્કની પહેલાં જેનું નિરૂપણ થયું છે તે પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવો. તેથી, કારણ એટલે પાંચ અવયવોવાળું અનુમાન પ્રમાણ. આવા અનુમાનના દૃષ્ટિકોણથી, તર્કમાં, વસ્તુનું જ્ઞાન થાય છે. આમ તર્ક વસ્તુતઃ અનુમાનના મૂળમાં રહેલો છે. એટલું જ નહીં પણ તર્ક જાણે કે અનુમાનનું અવ્યક્ત સ્વરૂપ છે.[૩૦] પરંતુ, આ મત ન્યાયપરંપરાને સંપૂર્ણતઃ સ્વીકાર્ય ન હોઈ શકે.

कारणोपपत्ति—પદનું એક ત્રીજું અર્થઘટન થયેલું છે. ઉદયનાચાર્ય, પ્રથમ ઉપર પ્રમાણેનું (કારણ-ઉપપત્તિ એટલે પ્રમાણ-અભ્યનુજ્ઞા) અર્થઘટન આપ્યા પછી, બીજું અર્થઘટન પણ ક્યાંક અપાય છે એમ કહીને, તેનો નિર્દેશ કરે છે. તે પ્રમાણે कारण એટલે આહાર્ય હેતુ વસ્તુ-નિરપેક્ષ સ્વકલ્પિત હેતુ, અને તેવા કલ્પિત હેતુમાંથી જન્મતી વિચારણા તે તર્ક.[૩૧] આહાર્યહેતુ તે આ

---

૨૯ एवं स्वर्गकामो यजेत इति शब्दः अपि प्रवर्तमानः परम–आप्तस्य भगवतः ईश्वरस्य नियोगो न अस्वर्गफलायां यागभावनायाम् अवकल्पते इति समानपदेनोपात्तः अपि दुःखतया धात्वर्थः साध्यः इति न युक्तम् । भिन्नपदोपात्तः अपि पुरुषविशेषणमपि स्वर्ग एव भावनाफलं युक्त इति तर्केण अनुज्ञायमानः प्रवर्तते ।—वाचस्पति मिश्र, ता. टी., न्या. च. ग्र. पृ. ६२, વળી, धात्वर्थः साध्यः स्यात् तदा उपदेष्टुः आप्तत्वम्, विधेः च इष्टोपायत्वम्......प्रेक्षावतां च प्रवृत्तिः न स्यात् ।

—ઉદયન પરિશુદ્ધિ, તદેવ પૃ. ૧૪૨

30 To what does Karanopapatti refer ? According to the procedural rules of aphorisms the context must be found in the previous aphorisms. The previous chapter deals with nature of Nyaya and discussess avayavas. The Kāraṇa, thus, refers to the Pañcāvayavī Vākya or Anumāna or inference. Tarka, is, then that argument which goes to the root of Anumāna and so is its pre-supposition or condition.——A Modern Introduction to Indian Logic, Barlingay S.S., p. 127.

૩૧ स च आहार्यहेतोः उत्पद्यते इति ज्ञापनार्थम् कारणोपपत्तितः इति पदं तदर्थतयापि क्वचिद् व्याख्यातम् પરિશુદ્ધિ, ન્યા. ચ. ગ્ર. પૃ. ૫૮૮

પ્રમાણે : જો અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય, —અહીં 'જો અગ્નિ ન હોય તો' એ અગ્નિ હોવા છતાં, દલીલ ખાતર માની લીધેલ હોવાથી આહાર્ય હેતુ છે. આવા હેતુમાંથી તર્કની ઉત્પત્તિ થાય છે. ( कारणोपपत्तितः ).

ઉદયનની પણ પહેલાં ભાસર્વજ્ઞે તેમના ગ્રન્થ ન્યાયભૂષણ ( ન્યાયસાર ઉપર સ્વોપજ્ઞટીકા )માં ઉપરનાથી સ્હેજ જુદું અર્થઘટન આપેલું છે. પોતાના મતની પહેલાં કોઈક પૂર્વાચાર્યનો મત ટાંકીને તે કહે છે[૩૨] : કારણોપપત્તિ એટલે બાધક પ્રમાણની સંભાવના. 'જો અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય. આમાં 'ધૂમ ન હોય' એ પરિણામનો પ્રત્યક્ષ પ્રમાણથી બાધ થાય છે; કારણ કે ધૂમ તો દેખાય છે. આમ બાધક પ્રમાણની સંભાવનાપૂર્વક થતી વિચારણા તે તર્ક. આ પૂર્વાચાર્યના મત પછી પોતાનો મત આપતાં ભાસર્વજ્ઞ કહે છે : કારણ-ઉપપત્તિ એટલે સાધન જોઈને કરવામાં આવતી (સાધ્ય વિષેની) સંભાવના. જે સાધન ભાગ્યે જ કોઈક વાર ( જવલ્લેજ ) પોતાના સાધ્ય પ્રત્યે વ્યભિચાર પામે ( અર્થાત્ સાધન હોય છતાં સાધ્ય ન હોય ), તેવા સાધનને જોઈને સાધ્ય વિષે કરવામાં આવતી સંભાવનાથી 'એ ( સાધ્ય ) હોવું જોઈએ,આવી સંભાવનાથી-જન્મતી વિચારણા એ તર્ક. ખેતરમાં પુષ્કળ પાક ઊભેલો જોઈને કોઈ સંભાવના કરે કે ખેતરમાં જરૂર માલિક હોવો જ જોઈએ. અહીં પુષ્કળ પાકનું હોવું એ કારણ કે સાધન કે લિંગ, અને 'ખેતરમાં માલિક હોવો જોઈએ' એ સાધ્ય વિષેની સંભાવના. ભાસર્વજ્ઞનું આ એક નવું જ મૌલિક અર્થઘટન છે.

આમ કારણોપપત્તિ પદનાં જુદાં જુદાં અર્થઘટનો થયાં છે. પરંતુ, ન્યાયપરંપરામાં, કારણોપપત્તિત : એટલે કે પ્રમાણોની સંભાવનાના કારણે કે પ્રમાણના વિષયને અપાતી અભ્યનુજ્ઞા કે અનુમતિને કારણે થતી વિચારણા એ તર્ક, એ પ્રથમ અર્થઘટન સામાન્યત : સ્વીકાર્ય ગણાય છે.

તર્ક તત્ત્વજ્ઞાનને માટે હોય છે. માત્ર દલીલ ખાતર દલીલ કે કોઈકે રજૂ કરેલા પ્રમાણનો માત્ર વિરોધ કરવા ખાતર દલીલ એ તર્ક નથી. તર્ક એ પ્રમાણનું એક સહાયક અંગ છે. તેથી અંગી એવા પ્રમાણનું ફલ એ જ તર્કરૂપી અંગનું ફલ.

આમ, જેનું તત્ત્વ વિજ્ઞાત ન હોય તેવો પદાર્થ, તર્કનો વિષય બને છે; આહાર્ય કે કલ્પિત લિંગ કે હેતુથી થતો, પ્રમાણના વિષયને અનુમતિ આપવારૂપ વ્યાપાર એ તર્કનું ઉત્પત્તિ કારણ છે; તત્ત્વનો નિર્ણય એ જે પ્રમાણનું ફલ છે એ જ તર્કનું પણ ફલ છે.[૩૩] તથા અનિષ્ટ પ્રસંગ -પ્રતિપક્ષીને ઈષ્ટ નહીં તેવી મુશ્કેલ પરિસ્થિતિ એ તર્કનું સ્વરૂપ છે.

---

૩૨ कारणोपपत्तित इति बाधकप्रमाणसम्भवाद् ऊहः तर्कपर्यायः भवति । स च तत्त्वज्ञानार्थः तत्त्वज्ञानविषयविवेचकत्वाद् इति पूर्वाचार्याः । वयं पुनर्ब्रूमः-कारणोपपत्तिः-साधनसम्भावना, यत् साधनं स्वसाध्यं प्रति कदाचिदेव यदि व्यभिचरति, तद्-दर्शनात् 'अनेन भवितव्यम्' इति साध्यविषयो भवति ऊहः ।—न्यायभूषण, पृ. ६८

વળી, क्षेत्रविशेषं दृष्ट्वा मन्यते कश्चित्—अत्र क्षेत्रिणा सस्यबाहुल्येन भवितव्यम् ।—तदेव पृ. २०

૩૩ तदस्य विषयः अविज्ञाततत्वः । कारणम् आहार्यलिंगोत्थाप्यः व्यापारः प्रमाणाभ्यनुज्ञा । फलं प्रमाणपरतन्त्रस्य सतः फलवत्-सन्निधौ अफलं तदंगम् इति तत्त्वनिर्णयः । स्वरूपम् अनिष्टप्रसंगः ।

—ઉદયન, પરિશુદ્ધિ, ન્યા. ચ. ગ્ર. પૃ. ૫૮૮

આવા પ્રસંગ કે તર્કનું હંમેશા તેના વિપર્યયમાં પર્યવસાન થવું જોઈએ. 'અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય' આ તર્કનું વિપર્યય સ્વરૂપ થશે : 'ધૂમ તો દેખાય છે તેથી ત્યાં પર્વતમાં અગ્નિ હોવો જોઈએ.' જે પ્રસંગ કે તર્કનું વિપર્યયમાં પર્યવસાન ન થાય તેવો તર્ક કે પ્રસંગ કોઈ પ્રયોજન સાધી શકતો નથી.[૩૪]

જયન્ત ભટ્ટ તેમના 'ન્યાયમંજરી' નામના ગ્રન્થમાં તર્કવિષયક ન્યાયસૂત્રને સમજાવતાં કહે છે કે જેના વિષે બે વિરોધી વિકલ્પો ઊભા થતા હોય તેવા પદાર્થના કોઈ એક પક્ષમાં અનુકૂળ કારણને જોઈને તે પદાર્થની બાબતમાં 'હોવું જોઈએ' એવા ભવિતવ્યતાના અવભાસવાળું જે સંભાવનારૂપ જ્ઞાન થાય છે, તે તર્ક છે.[૩૫] બીજા વિરોધી પક્ષને શિથિલ બનાવીને તર્ક પ્રમાણને સહાય કરે છે. જે પ્રદેશમાં અશ્વવારોહણ થાય છે તેવા પ્રદેશને લીધે, તેમ જ ઊર્ધ્વપણાથી વિશિષ્ટ વસ્તુને જોવાથી 'એ પુરુષ હોવો જોઈએ' એવું સંભાવનાત્મક જે જ્ઞાન થાય તે તર્ક છે. તર્ક પ્રમાણના માર્ગને સાફ કરી આપે છે અને તે રીતે તત્ત્વજ્ઞાન ઉત્પન્ન કરવામાં પ્રમાણને સહાયભૂત બને છે. સંદેહ અને પ્રમાણ વચ્ચેની વિચારણાને તર્ક કહે છે.

નવ્યન્યાયના પ્રણેતા ગંગેશ ઉપાધ્યાય તેમના 'તત્ત્વચિન્તામણિ' નામના ગ્રન્થમાં કહે છે કે વ્યાપ્તિના ગ્રહણમાં-જ્યાં ધૂમ ત્યાં અગ્નિ હોય જ એવી વ્યાપ્તિનો નિશ્ચય કરવામાં-તર્કનો સીમિત ઉપયોગ છે. જ્યાં શંકા ઊભી થાય ત્યાં વ્યાપ્તિગ્રહણમાં તર્કની જરૂર પડે. વ્યાપ્તિગ્રહણમાં શંકા ઊભી જ ન થાય ત્યાં તર્ક વિના જ વ્યાપ્તિગ્રહણ થાય છે. ગંગેશ કોઈકનો મત નોંધતાં કહે છે કે વિપક્ષને માટે બાધકરૂપ બનતા તર્કથી ઉપાધિરહિત શુદ્ધ હેતુ પ્રાપ્ત થાય છે, તેથી વ્યાપ્તિગ્રહ તર્કને આધીન છે. પરંતુ ગંગેશ કહે છે કે આમ માનવું યોગ્ય નથી, કારણ કે તર્ક પોતે પ્રમાણરૂપ કે પ્રમારૂપ નથી. તેથી તે વ્યાપ્તિગ્રહનો સીધો (સાક્ષાત્) હેતુ બની શકે નહીં. આમ ગંગેશ ઉપાધ્યાય તર્કને અ-પ્રમાણ માને છે અને વ્યાપ્તિગ્રહમાં તેના સીમિત ઉપયોગ સ્વીકારે છે.

---

૩૪ न हि विपर्ययापर्यवसितं क्वचिदपि कृतार्थप्रसंगम् ईक्षामहे ।

—પરિશુદ્ધિ, ન્યા. ચ. ગ્ર. પૃ. ૧૧૨

૩૫ धर्मिणि एकपक्षानुकूलकारणदर्शनात् तस्मिन् सम्भावनाप्रत्ययः भवितव्यतावभासः तदितर-पक्षशैथिल्यापादने तद्ग्राहकप्रमाणमनुगृह्य तान् (પ્રમાણોને ?) सुखं प्रवर्तयन् तत्वज्ञानार्थम् ऊहः तर्कः । यथा वाह्यकेली (वाह्यालीं) प्रदेशात् ऊर्ध्वत्वविशिष्टधर्मिदर्शनात् पुरूषेण अनेन भवितव्यम् इति प्रत्ययः ।......मार्गशोधनद्वारेण तर्कस्य तत्वज्ञानार्थत्वम् इह विवक्षितम् ।.....प्रमाण सन्देहदशान्तराल वर्ती तु तर्कः कथितोऽत्र शास्त्रे ।

—ન્યાયમંજરી (જયન્ત ભટ્ટ), પ્રમેયપ્રકરણ, પૃ. ૧૪૫-૪૮, શુક્લ સૂર્યનારાયણ, વારાણસી, ૧૯૭૧

૩૬ यावद्-आशंकम् तर्कानुसरणात् यत्र च व्याघातेन शंका । एव न अवतरति तत्र तर्कं विना एव व्याप्तिग्रहः ।......अन्ये तु विपक्षबाधकतर्काद् अनौपाधिकत्वग्रह एव तदधीनो व्याप्तिग्रह इति, तदपि न, तर्कस्य अप्रमाणत्वात् ।

—તત્ત્વચિન્તામણિ અનુમાનખણ્ડ, પુ. ૧૪-૧૫, ભટ્ટાચાર્ય જીવાનન્દ વિદ્યાસાગર, કલકત્તા, ૧૮૭૫

ન્યાય-વૈશેષિકના પ્રકરણગ્રન્થો જોતાં તર્ક વિષે રસપ્રદ વિવિધ મંતવ્યો જાણવા મળે છે. ભાસર્વજ્ઞના ‘ન્યાયસાર’ નામના પ્રકરણગ્રન્થમાં તર્કને સંશયથી અભિન્ન ગણ્યો છે, કારણ કે બન્ને અનિશ્ચયાત્મક છે.[૩૭] ન્યાયસાર ઉપરની સ્વોપજ્ઞટીકા ન્યાયભૂષણમાં ભાસર્વજ્ઞ કહે છે કે પૃથ્વી અને પાષાણ બાહ્ય રીતે ભિન્ન દેખાતા હોવા છતાં, ગંધવત્ત્વના લક્ષણથી બન્ને અભિન્ન છે, તેમ અનવધારણ કે અનિશ્ચયના લક્ષણથી,સંશય અને તર્ક ભિન્ન દેખાતા હોવા છતાં, બન્ને અભિન્ન છે.

શ્રી વલ્લભ ‘ન્યાયલીલાવતી’ નામના તેમના પ્રકરણગ્રન્થમાં[૩૮] કહે છે કે પદાર્થના એક ગુણધર્મને સ્વીકારો એટલે બીજા ગુણધર્મને સ્વીકારવો જ પડે. એટલે એકને સ્વીકારતાં અન્યની જે નિયતપ્રાપ્તિ થાય તે નિયતપ્રાપ્તિના સ્વરૂપવાળો તર્ક હોય છે. પર્વત પદાર્થમાં અગ્નિ–અભાવને સ્વીકારો એટલે ધૂમ–અભાવની નિયત પ્રાપ્તિ થાય જ. શ્રી વલ્લભ માને છે કે અનુમાનને અનુકૂલ સંબંધ અર્થાત્ વ્યાપ્તિનો નિશ્ચય જ્યારે ઉત્પન્ન ન થાય ત્યારે, સાધ્ય અને સાધન બેમાંથી એક હોય ત્યારે બીજું ન પણ હોય એવા વ્યભિચારની શંકાને દૂર કરવામાં તર્કનો ઉપયોગ છે. વળી, બહારથી આરોપેલા એવા હેતુમાંથી–પર્વત ઉપર અગ્નિ હોવા છતાં અગ્નિ નથી એમ માનવારૂપ હેતુમાંથી–તર્કનો જન્મ થાય છે તેથી, અને તર્કનો વિષય અન્ય પ્રમાણથી બાધિત થતો હોવાથી (અગ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય–આ ધૂમ–અભાવનો પ્રત્યક્ષ પ્રમાણથી બાધ થાય, કારણ કે ધૂમ દેખાય છે, આથી) તર્ક એ માત્ર આહાર્ય આરોપસ્વરૂપ છે. વસ્તુ–નિરપેક્ષ સ્વેચ્છાથી કોઈ આરોપ કરે તે આહાર્ય–આરોપ, જેમકે પર્વતમાં અગ્નિ હોવા છતાં, અગ્નિ–અભાવનો ઘડીભર દલીલને ખાતર પર્વત ઉપર કરવામાં આવતો અરોપ તે આહાર્ય આરોપ.

કેશવ મિશ્ર ‘તર્કભાષા’ નામના તેમના પ્રકરણગ્રન્થમાં કહે છે કે[૩૯] તર્ક એટલે અનિષ્ટ પ્રસંગ-પ્રતિવાદીને માટે ઊભી કરવામાં આવતી મુશ્કેલી. જે બે ધર્મો વચ્ચે વ્યાપ્તિ સિદ્ધ હોય તેમાંથી વ્યાપ્ય(વહ્નિ–અભાવ)નો સ્વીકાર કરો એટલે અનિષ્ટ એવો વ્યાપક (ધૂમ–અભાવ) પણ આવીને ઊભો જ રહે. જો તમે પર્વતને અગ્નિ વગરનો માનો તો તમારે તેને ધૂમ વગરનો માનવો જ પડે.

---

૩૭ अनवधारणत्व-अविशेषात् ऊहानध्यवसाययोः न संशयाद् अर्थान्तरभावः । तद्यथा बाह्याली-प्रदेशे पुरुषेण अनेन भवितव्यम् इत्यूहः ।—न्यायासार, न्यायभूषण, पृ. १९-२०

વળી, यद्यपि लोके भूभागविशेष एव पृथिवीव्यवहारः तथापि शास्त्रे गन्धव-त्व-अविशेषात् पाषाणादौ अपि पृथिवीत्वम् इष्टम् ।— न्या. भू. पृ. १९

૩૮ अथ कः तर्कः ? एकधर्माभ्युपगमे द्वितीयस्य नियतप्राप्तिरूपः ।........अनुमानानुकूल-प्रतिबन्धानिश्चयोत्पत्तौ व्यभिचारशंकानिवृत्तिद्वारेण अस्य उपयोगात् । स च अयम् आहार्यारोपरूपः आरोपितहेतुसमुत्थत्वात् च ।—ન્યાયલીલાવતી, પૃ. ૬૮, તેલંગ એમ. આર., મુંબઈ ૧૯૨૩.

૩૯ तर्कः अनिष्टप्रसंगः । स च सिद्धव्याप्तिकयोः धर्मयोः व्याप्यांगीकारेण अनिष्टव्यापक-प्रसंजनरूपः ।......यदि अयम् अनग्निः अभविष्यत् तदा अनग्निम-त्वात् अधूमः अपि अभविष्यत् इति अधूमव-त्वप्रसंजनं क्रियते । स एष प्रसंगः तर्क इत्युच्यते । अयं च अनुमानस्य विषयशोधकः......। अत्र कश्चिदाह-तर्कः संशये एव अन्तर्भवतीति । तन्न । एककोटिविषयत्वात् तर्कस्य ।

—તર્કભાષા પૃ. ૧૦૧-૧૦૨, ગજેન્દ્રગડકર અને કરમરકર, પૂના, ૧૯૩૪

(પરંતુ ધૂમ તો પ્રતિપક્ષીને પણ પર્વત ઉપર દેખાય છે), તેથી પર્વતનું 'ધૂમ વગર હોવું' એ અહીં પ્રસંગ છે. આ પ્રસંગ એ જ તર્ક. તે, પ્રમાણોનો વિષય શુદ્ધ કરીને સહાયભૂત બને છે. વળી, કેશવ મિશ્ર સ્પષ્ટતા કરે છે કે સંશયમાં (અગ્નિ હશે કે નહીં હોય એમ બે કોટિ હોય છે, જ્યારે તર્કમાં એક જ કોટિ (અગ્નિ હોવો જોઈએ—) હોય છે, તેથી તર્કનો સમાવેશ સંશયમાં થઈ શકે નહીં.

વિશ્વનાથ પંચાનન, વ્યાપ્તિગ્રહમાં જો શંકા ઊભી થાય તો તે દૂર કરવા પૂરતી તર્કની આવશ્યક્તા માને છે. સાધન-સાધ્ય વચ્ચે વ્યભિચાર ન જ દેખાય, અને બન્ને વચ્ચે સહચારનું જ ગ્રહણ થાય એ મૂળ તો વ્યાપ્તિગ્રહનો હેતુ બને છે, પણ તેમાં જો શંકા થાય તો શંકાને દૂર કરવા અગ્નિ-ધૂમ જેવા પદાર્થો વચ્ચે રહેલા કાર્યકારણ સંબંધનું અનુસંધાન કરીને અગ્નિ ન હોય છતાં ધૂમ હોય એવી શંકા કરનાર પ્રતિવાદી સામે તર્ક ઉભો કરવામાં આવે છે. વળી, જો પોતાની મેળે શંકા ઊભી ન થતી હોય તો તર્કની જરૂર નથી.[૪૦]

'તર્કસંગ્રહ'માં અન્નંભટ્ટ તર્કને અયથાર્થ જ્ઞાનનો એક પ્રકાર માને છે. તેણે આપેલું તર્કનું પ્રસિદ્ધ લક્ષણ છે:[૪૧] વ્યાપ્ય (અગ્નિ-અભાવ)નો આરોપ કરવાથી થતો વ્યાપક (ધૂમ-અભાવ)નો આરોપ તે તર્ક. વળી, તેમની સ્વોપજ્ઞટીકા 'દીપિકા'માં અન્નંભટ્ટ કહે છે કે જો કે આમ તો તર્કનો વિપર્યયમાં જ સમાવેશ થઈ જાય છે, છતાં તર્ક પ્રમાણોનો અનુગ્રાહક સહાયક હોવાથી તેની 'તર્કસંગ્રહ'માં અયથાર્થ અનુભવના એક જુદા પ્રકાર તરીકે ગણતરી કરી છે.

આમ આપણે, ન્યાય-સૂત્ર, વાત્સ્યાયનભાષ્ય, ન્યાયવાર્તિક, તાત્પર્યટીકા, પરિશુદ્ધિ, ન્યાય-મંજરી એ પ્રાચીન ન્યાયગ્રન્થોમાં; નવ્યન્યાયના ગ્રન્થ 'તત્ત્વચિંતામણિ'માં અને ન્યાયસાર, ન્યાયલીલાવતી, તર્કભાષા, ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી, તર્કસંગ્રહ જેવા ન્યાય-વૈશેષિક પ્રકરણગ્રન્થોમાં તર્કના સ્વરૂપ અને તેની ઉપયોગિતા વિષેનાં મંતવ્યો જોયાં.

અંતમાં, આ બધા મંતવ્યોના આધારે તર્કના સ્વરૂપ વિષે આપણે કેટલાંક તારણો કાઢી શકીએ. તર્ક પ્રમાણપદથી સમજાતાં પ્રત્યક્ષાદિ પ્રમાણોમાંનું કોઈ પ્રમાણ નથી કે નથી તો કોઈ

---

૪૦ व्यभिचारस्याग्रहोऽपि सहचारग्रहस्तथा ।
हेतुर्व्याप्तिग्रहे, तर्कः क्वचिच्छंकानिवर्तकः ॥—कारिका १३७

વળી, यत्र तु भूयोदर्शनादपि शंका नापैति तत्र विपक्षे बाधकः तर्क अपेक्षितः । तथाहि वह्निविरहिणि अपि धूमः स्याद् इति यदि आशंका भवति, तदा सा वह्निधूमयोः कार्यकारणभावस्य प्रतिसन्धानात् निवर्तते ।......यत्र स्वतः एव शंका न अवतरति तत्र न तर्कापेक्षा इति ।

—સ્વોપજ્ઞટીકા, ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી, પૃ. ૪૪૮–૪૫૦ વારાણસી, ૧૯૭૨

૪૧ अयथार्थानुभवः त्रिविधः संशयविपर्ययतर्कभेदात् ।...व्याप्यारोपेण व्यापकारोपः तर्कः यथा यदि वह्निः न स्यात् तर्हि धूमोऽपि न स्याद् इति ।—तर्कसंग्रह, आटल्ये अने बोडास, पृ. ५८, વળી, यद्यपि तर्कः विपर्यये अन्तर्भवति तथापि प्रमाणानुग्राहकत्वात् भेदेन कीर्तनम् ।—દીપિકા, તદેવ, પૃ. ૫૭

સ્વતંત્ર પ્રમાણ. કેટલાક[૪૨] તર્કને અનુમાન માને છે તે યોગ્ય નથી, કારણ કે અનુમાનમાં તો હેતુ પક્ષમાં ખરેખર હોય છે અને તેના પરથી અનુમિતિ-જ્ઞાન સાચું હોય છે, જ્યારે તર્કમાં તો તેનો આપાદક હેતુ (—જો અગ્નિ ન હોય તો—) પક્ષમાં વસ્તુતઃ હોતો જ નથી (—તર્કમાં ખરેખર અગ્નિ-અભાવ પર્વત ઉપર હોતો નથી, માત્ર આરોપવામાં આવે છે). તેવા હેતુ પરથી તર્કમાં જે આપાદ્ય (—તો ધૂમ પણ ન હોય—) આવે તે પણ સાચું હોતું નથી. તેથી, પર્વત પર અગ્નિ-અભાવ છે તેથી ત્યાં ધૂમાભાવ છે આ અનુમાન; અને જો અગ્નિ-અભાવ હોય તો ત્યાં ધૂમાભાવ પણ હોય આ તર્ક; બન્ને એક નથી. બીજું તર્કમાં લિંગ કે હેતુ પક્ષમાં નથી હોતું એટલું જ નહીં પણ એ પક્ષને બદલે કોઈક અન્ય વસ્તુમાં પણ રહેલું હોઈ શકે. ખેતરમાં પુષ્કળ પાક હોય અને તેના પરથી સામે દૂર દેખાતી આકૃતિ (પદાર્થ) એ માલિક હોવો જોઈએ એવી સંભાવના કરવામાં આવે છે. આમ સસ્યબાહુલ્યનું લિંગ ખેતરમાં હોય, અને તેના પરથી સામેની આકૃતિમાં ક્ષેત્રી-ખેતરના માલિકરૂપી સાધ્ય સંભાવિત કરવામાં આવે છે. આમ, તર્ક વ્યતિરેકિ-અનુમાન જેવો હોવા છતાં તત્ત્વતઃ તેનાથી ભિન્ન છે.[૪૩]

તર્ક સંશયથી ભિન્ન છે. સંશય અનિશ્ચયના-સ્વરૂપવાળો હોય છે; અને "किं स्वित् अयं स्थाणुः स्यात् पुरुषो वा" એ રીતે દર્શાવાય છે. ખાસ તો સંશયમાં, કારણ અથવા પ્રમાણની સંભાવનાની વિચારણા હોતી નથી, જે તર્કમાં હોય છે. તર્ક સંભાવનાના સ્વરૂપવાળો હોય છે—'अयं पुरुषः भवेत्' કે 'अनेन पुरुषेण भवितव्यम्' એ રીતે તર્ક રજૂ થાય છે.

તર્ક નિર્ણય પણ નથી. કારણ કે નિર્ણય નિશ્ચયના સ્વરૂપવાળો હોય છે; અને 'एवम् इदम्' એ રીતે નિર્ણય દર્શાવાય છે. આવા નિર્ણયથી સંભાવનાના સ્વરૂપવાળો અને भवेत्–भवितव्यम् દ્વારા રજૂ થતો તર્ક જુદો છે.

કેટલાકે તર્કનો સમાવેશ વિપર્યયમાં કર્યો છે.[૪૪] પરંતુ, વસ્તુતઃ તર્ક વિપર્યયથી ભિન્ન છે. 'शुक्तौ इदम् रजतम्–એ વિપર્યયમાં જ્ઞાન ભલે મિથ્યા હોય પણ નિશ્ચયાત્મક હોય છે. તર્કનું જ્ઞાન સંભાવનાત્મક હોય છે. બીજું, વિપર્યયમાં તો જોનાર જોતી વખતે ખરેખર છીપલીને ચાંદી માની લે છે, જ્યારે તર્કમાં તો 'જો અગ્નિ ન હોય તો' એમ કહીને આહાર્ય–સ્વેચ્છાથી, જાણીબૂજીને પર્વત પર અગ્નિ–અભાવનો આરોપ કરે છે. આમ તર્ક વિપર્યયથી પણ ભિન્ન છે.

---

૪૨ The Tarka or Kevala-vyatireki Anumāna is very useful in proving things which can not be proved by positive inference.—
आठल्ये-नी, तर्कसंग्रह उपरनी नोंध, पृ. ३५८, વળી, तर्कः प्रमाणयोग्यतां विषयस्य अध्यवस्यतीति अनुमानमेव ।—

શ્રીધર, ન્યાયકન્દલી, પ્રશસ્તપાદભાષ્ય, પૃ. ૪૧૮, વારાણસી, ૧૯૬૩

૪૩ न केवलं प्रसंगसाधनं साध्यधर्मिणि असिद्धम्, अपि तु अन्यगतमेव, प्रसंगहेतुः । न तु अनुमानम् अन्यगताद् धर्मात् प्रवर्तते, तस्माद् अनुमानाद् अस्य स्फुटो भेदः ।

—તાત્પર્યટીકા, ન્યા. ચ. ગ્ર. પૃ. ૫૮૮

૪૪ ઉદયનાચાર્ય કિરણાવલીમાં—विपयभेदत्वात् पृथक् नोपदिष्टः । પૃ. ૧૭૨; તથા અન્નંભટ્ટ, દીપિકામાં—यद्यपि तर्कः विपर्यये अन्तर्भवति तथापि प्रमाणानुग्राहकत्वात् भेदेन कीर्तनम् । પૃ. ૫૭

આમ, તર્ક પ્રમાણથી—વિશેષતઃ વ્યતિરેકિ અનુમાનથી, સંશયથી નિર્ણયથી અને વિપર્યયથી ભિન્ન સિદ્ધ થાય છે.

ન્યાયભાષ્યમાં[૪૫] વાત્સ્યાયને કહ્યું છે કે તર્ક ઉપલબ્ધિનો વિષય હોવાથી પ્રમેયમાં અન્તર્ગત કરી શકાય. પરંતુ અમુક પક્ષને સિદ્ધ કરતા અને ઈતર પક્ષનું ખંડન કરતા વાદમાં તર્ક, પ્રમાણોને સહાય કરે છે. તેથી તર્કના આ વિશેષ ઉપયોગને લક્ષમાં લઈને, સૂત્રકાર અક્ષપાદે પ્રથમ ન્યાય-સૂત્રમાં તર્કનો પૃથક નિર્દેશ કરેલો છે. વળી, વાર્તિકકાર ઉદ્યોતકર કહે છે કે[૪૬] જે ચર્ચામાં નિયમ-પૂર્વક તર્ક અને પ્રમાણનો ઉપયોગ થાય છે તેને જ વાદ કહેવાય; બીજી બાજુ જેમાં છલ, જાતિ, નિગ્રહસ્થાનના પ્રયોગથી ખંડન-મંડન થાય તે ચર્ચાને વાદ ન કહેવાય, પણ જલ્પ કે વિતણ્ડા કહેવાય. વાચસ્પતિ કહે છે તેમ પ્રમાણની જેમ તર્ક પણ વાદમાં વસ્તુના સાધન અને ખંડનનો હેતુ બને છે.[૪૭] વળી, ઉદયનાચાર્ય તો આગળ વધીને એમ પણ કહે છે કે વાદમાં જ્યારે વસ્તુને સિદ્ધ કરવી હોય ત્યારે જ તર્કને પ્રમાણની અપેક્ષા રહે છે; પણ વાદમાં જ્યારે માત્ર ખંડન જ કરવાનું હોય ત્યારે તો તર્ક એકલો જ તે માટે સમર્થ છે, પ્રમાણની પણ તે અપેક્ષા રાખતો નથી.[૪૮] આમ વાદમાં તર્ક અત્યંત ઉપયોગી બને છે.

તર્ક એક અનિષ્ટ પ્રસંગ છે. પ્રમાણ કરણ હોવાથી તેને ઈતિકર્તવ્યતાની-કાર્ય સંપાદિત કરવાની રીતની જરૂર પડે છે. તર્ક, પ્રમાણરૂપે રહેલા કરણની ઈતિકર્તવ્યતા તરીકે કાર્ય કરે છે. એ ઈતિકર્તવ્યતા એટલે પ્રમાણવિષયના યોગ્ય-અયોગ્ય વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પને અનુમતિ આપવી તે. આમ તર્કમાં પ્રમાણવિષયની યોગ્ય-અયોગ્યતા વિષે વિચારાય છે અને પછી યોગ્ય વિષયને અનુમતિ અપાય છે. તર્કથી પ્રમાણવિષયનું વિવેચન થઈ ગયા પછી, પ્રમાણ એવા વિષયમાં પ્રવૃત્ત થઈને વસ્તુના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે.[૪૯] નિશ્ચય કરવાનું કામ પ્રમાણનું, યોગ્ય પક્ષને અનુમતિ આપવાનું કામ તર્કનું.

---

૪૫ तर्कः प्रमाणसहितः वादे साधनाय उपालम्भाय च अर्थस्य भवति इत्यर्थं पृथगुच्यते प्रमेयान्तर्भूतः अपि ।—ન્યાયભાષ્ય, ન્યા. સૂ. ૧-૧-૧

૪૬ वादे प्रमाणतर्कसाधनोपालम्भस्य नियमात् प्रमाणतर्कसाधनोपालम्भः एव वादः छलजाति-निग्रहस्थानसाधनोपालम्भे जल्पवितण्डे : ન્યા. વા.; ન્યા. ચ. ગ્ર. પૃ. ૬૦૦

૪૭ तर्कस्यापि साधनोपालम्भहेतुभावः सिद्धः भवतीत्यर्थः ।

તા. ટી. ન્યા. ચ. ગ્ર. પુ. ૬૧૦

૪૮ साधने च तर्कस्य प्रमाणापेक्षा, उपालम्भे तु केवलः अपि समर्थः ।

પરિશુદ્ધિ, તદેવ પૃ. ૬૨૧

૪૯ स्वरूपम् अनिष्टप्रसंगः ।—परिशुद्धि, न्या. च. ग्र. पृ. ५८८

निश्चयाय तु प्रवृत्तं प्रमाणं तद्विषयविवेचनेन अनुगृह्णन् तर्कः । इतिकर्तव्यतात्वेन उपयुज्यते । ता. टी. तदेव पृ. ६२

तर्कः प्रमाणविषययुक्तायुक्तविचारात्मा ।— ता. टी. तदेव पृ. ६२

प्रमाणानि पुनः तर्कविविक्तम् अर्थम् तथाभूतम् अधिगमयन्तीति ।—ન્યા. વા. તદેવ પૃ. ૫૮૩

निश्चयः प्रमाणेन भवति, न तर्केण, तदनुज्ञानमात्रत्वात् तर्कस्य इत्यर्थः ।—તા. ટી. તદેવ પૃ. ૫૮૭

તર્કમાં પ્રતિવાદીનો પક્ષ આધાર કે આપાદક બને છે. અને તેના પરથી આવતું અનિષ્ટ પરિણામ આપાદ્ય બને છે. આ આપાદક અને આપાદ્ય વચ્ચે વ્યાપક-વ્યાપ્યભાવ હોવો જ જોઈએ. પર્વત પર ધૂમ જોવા છતાં પ્રતિવાદી પર્વતમાં ‘ અગ્નિ નથી ’ એમ કહે ત્યારે ‘ અગ્નિ ન હોય ’ એ આપાદક બને, અને ‘ તો ધૂમ પણ ન હોય ’એ આપાદ્ય બને. અગ્નિ-અભાવ અને ધૂમાભાવ વચ્ચે વ્યાપક-વ્યાપ્ય સંબંધ છે. અગ્નિઅભાવ ઓછાં સ્થળોએ રહેતો હોવાથી વ્યાપ્ય, ધૂમાભાવ તો અગ્નિ હોય તેવાં સ્થળોએ પણ રહેતો હોવાથી અગ્નિ-અભાવ કરતાં વ્યાપક છે. આમ તર્કના મૂળમાં કોઈક કાર્યકારણ ભાવ કામ કરતો હોય છે.

ન્યાયદર્શનમાં તર્કનો ઉપયોગ ખાસ કરીને વાદમાં, અને શંકા ઊભી થાય ત્યારે વ્યાપ્તિગ્રહણમાં થાય છે. આવા તર્કનો ઉપયોગ વિચાર કે વિભિન્ન મત ધરાવનાર કે શંકા ઉઠાવનારની સામે, સહાયકરૂપે કરવો, જ્યાં ત્યાં નહી, એમાં જ શોભા છે.[૫૦]

---

૫૦ विप्रतिपन्नं प्रति तु परीक्षकैः तर्कः सहायत्वेन उपनेय इति रमणीयम् ।

પરિશુદ્ધિ, ન્યા. ચ. ગ્ર. પૃ. ૧૪૨

# સર્જાતું સંસ્કૃત સાહિત્ય*

**અરુણોદય ન. જાની**

ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના છઠ્ઠા અધિવેશન પ્રસંગે મંડળના સૂત્રધારોએ સાહિત્યવિભાગના અધ્યક્ષ તરીકે મારી નિયુક્તિ કરી મારા પ્રત્યે જે સ્નેહ અને મમતા દર્શાવી તે માટે હું સર્વપ્રથમ તેમનો અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

આપણું બધાનું પરમ સદ્ભાગ્ય છે કે આ અધિવેશન, પ. પૂ. બ્રહ્મલીન શ્રી રંગાવધૂત મહારાજશ્રીની તપશ્ચર્યા અને નિવાસથી પવિત્ર બનેલા અને પૂ. બાપજી આજે સ્થૂળ દેહે આપણી સમક્ષ હાજર ન હોવા છતાં તેમની સૂક્ષ્મ હાજરીનો દરેકને જ્યાં અનુભવ થાય છે એવા પવિત્ર નારેશ્વર તીર્થમાં, ભરાઈ રહ્યું છે. પૂ. બાપજી આજે વિદ્યમાન હોત તો એક સાથે ભેગા થયેલા આટલા ઊગતા સંસ્કૃતાભ્યાસીઓને જોઈને તેઓશ્રીના આનંદનો પાર ન રહ્યો હોત. છતાં પૂ. બાપજી આપણી સમક્ષ સૂક્ષ્મરૂપે વિદ્યમાન છે જ એમ હું માનું છું અને તેઓશ્રીના ચરણોમાં વન્દન કરું છું.

પૂ. બાપજી સ્વયં સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા. તેઓશ્રીએ સંસ્કૃતમાં અનેક સ્તોત્રો, કાવ્યો અને પ્રભાતિયાં જેવાં ગેય પદ્યોની રચના કરી છે.[1] તેઓશ્રીએ સંસ્કૃતના અધ્યાપનને સરળ બનાવવાની દૃષ્ટિએ સંસ્કૃત બાલબોધ નામના ગ્રન્થના બે ભાગ પ્રસિદ્ધ કર્યા હતા. પૂ. કાકાસાહેબ કાલેલકરે તૈયાર કરેલ **सद्बोधशतकम्** ઉપર તેઓશ્રીએ **बालबोधिनी** નામની સરલ છતાં વિદ્વત્તાપૂર્ણ ટીકા (૧૯૬૦) લખી છે એના સંપાદનનું કાર્ય મને સોંપી તેઓશ્રીએ મારા પર મહાન અનુગ્રહ કર્યો છે.

પૂ. બાપજી પોતે પણ સંસ્કૃત સાહિત્યની પ્રેરણામૂર્તિ હતા. પ્રત્યેક રંગજયંતી પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનો અને કવિઓ પૂજ્યશ્રીને સંસ્કૃત કાવ્યો દ્વારા અંજલિ અર્પતા. આવા કાવ્યોના ત્રણ સંગ્રહો નારેશ્વરથી પ્રકાશિત કરવામાં આવ્યા છે. **अवधूतप्रशस्तिः**નું સંપાદન શ્રી ભવાનીશંકર શાસ્ત્રીજીએ (૧૯૫૭) કર્યું છે. **रङ्गप्रशस्तिः**નું સંપાદન શ્રી કાશીશંકર મં. અગ્નિહોત્રીએ (૧૯૫૧?) કર્યું છે. અને **श्रीरङ्गगुणगरिमा**(૧૯૬૦)ના સંપાદનની સેવાનો લાભ મને મળ્યો તે મારું સૌભાગ્ય છે. આજે આ ત્રણે કાવ્યસંગ્રહો ઉપલબ્ધ નથી. સ્થાનના ટ્રસ્ટીઓ એને પુનઃ પ્રકાશિત કરે અને આવા પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનોને એક નકલ ભેટ આપે એવું મારું સૂચન છે—જેથી પૂ. બાપજીના ગૌરવનો અને સાચા સ્વરૂપનો વિદ્વાનોને ખ્યાલ આવે.

---

* નારેશ્વર મુકામે ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના ભરાયેલ છઠ્ઠા અધિવેશન પ્રસંગે સાહિત્ય વિભાગના અધ્યક્ષ તરીકે તા. ૩૧-૧૨-૭૯ના દિવસે આપેલ અધ્યક્ષીય પ્રવચન

૧ જુઓ **रङ्गहृदयम्**.

સંસ્કૃત ભાષાના ક્ષેત્રમાં આજે પણ અનેક પ્રકારના સાહિત્યનું ખેડાણ અસ્ખલિત ચાલુ છે. અને એનું પ્રમાણ એટલું મોટું છે કે આ પ્રવચનમાં એ બધાનો પરિચય આપવો એ અશક્ય છે. તેથી છેવટના પાંચેક વર્ષમાં જ જે કૃતિઓ રચાઈ છે તેનો જ મુખ્યત્વે નિર્દેશ કરી સંતોષ અનુભવીશ.

આધુનિક સંસ્કૃત સાહિત્યકારોમાં જેમનું વિશિષ્ટ પ્રદાન છે એવા કેટલાક સાહિત્યકારોમાં નીચેના સાહિત્યકારોનાં નામો ગણાવી શકાય :—

(૧) વિદ્યાભાસ્કર પં. મણિશંકર વ. ઉપાધ્યાય (વડોદરા).
(૨) શ્રી એસ. બી. વેલણકર (મુંબઈ).[૨]
(૩) શ્રીધર ભાસ્કર વર્ણેકર (નાગપુર).[૩]
(૪) શ્રી વિદ્યાધર શાસ્ત્રી (બીકાનેર).[૪]
(૫) સદ્દગત ડૉ. વી. રાઘવન્ (મદ્રાસ).
(૬) શ્રી વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય (કલકત્તા).[૫]
(૭) સાહિત્યાચાર્ય શ્રી અમીરચન્દ્ર શાસ્ત્રી (દિલ્લી).
(૮) ડૉ. રેવાપ્રસાદ દ્વિવેદી (વારાણસી).[૬]
(૯) શ્રી વાસુદેવ દ્વિવેદી (વારાણસી).[૭]
(૧૦) ડૉ. રસિકવિહારી જોશી (દિલ્લી).
(૧૧) ડૉ. સત્યવ્રત શાસ્ત્રી (દિલ્લી).

આ ઉપરાંત અનેક વિદ્વાનોએ કાવ્ય, નાટક, યાત્રાવર્ણન, ગેયકાવ્ય ઇત્યાદિ અનેક સાહિત્યપ્રકારો રજૂ કર્યા છે.તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં રચાયેલા સાહિત્યનો અલ્પ પરિચય વિષયવાર નીચે આપવાનો પ્રયત્ન કરું છું :—

## (અ) (૧) મહાકાવ્યો :—

(૧) श्रीयुगलशतदलम्—શ્રી સત્યવ્રત શર્મા (સુજન), ચૌખમ્ભા, વારાણસી, ૧૯૭૫, પૃ. ૮૦ + ૨૮૦, રૂ. ૪૦. વૃત્ત, ગેય, પદ્ય અને મુક્ત છન્દોમાં શ્રી રાધાકૃષ્ણના દિવ્યપ્રેમનું કાવ્ય. દ્યોતનિકા નામની પ્રસ્તાવનામાં શ્રીરાધાકૃષ્ણતત્ત્વ અને ગોપીભાવની વિશદ છણાવટ.

(૨) अमृतमन्थनं महाकाव्यम्—સ્વયંપ્રકાશ શર્મા શાસ્ત્રી, મેરઠ, ૧૯૭૫, પૃ. ૧૧ + ૧૮૨, રૂ. ૧૦. હિન્દી અનુવાદ સહિત.

(૩) यशोधरामहाकाव्यम्—ઓ. પરીક્ષિત શર્મા, ૧૯૭૬, સર્ગ ૨૦, પૃ. ૧૫૨, રૂ. ૧૫. જ્ઞાનપીઠપુરસ્કારપુરસ્કૃત.

---

૨ નાટકોના સંપૂર્ણ પરિચય માટે જુઓ, ડૉ. રામજી ઉપાધ્યાય, આધુનિક સં. સાહિત્ય, ભા. ૨, પૃ. ૧૧૪૦.

૩ એજન, પૃ. ૧૨૫૨–૫૩.

૪ એજન, પૃ. ૧૧૮૯.

૫ એજન, પૃ. ૧૧૦૩.

૬ એજન, પૃ. ૧૨૫૯. ૭ એજન, પૃ. ૧૧૯૧

(૪) श्रीरामकृष्णकर्णामृतम्—ઓત્તુર બાલભટ્ટ. શ્રીરામકૃષ્ણ મઠ, મદ્રાસ, ૧૯૭૫, સર્ગ ૧૦, શ્લોક ૨૮૦, પૃ. ૨૦૫, રૂ. ૪=૫૦. અંગ્રેજી અનુવાદ સહિત. અત્યંત સરળ અને પ્રાસાદિક.

(૫) इन्दिरागान्धीचरितम्—ડૉ. સત્યવ્રત શાસ્ત્રી, દિલ્લી, ૧૯૭૬, સર્ગ ૨૫, રૂા. ૭૫.

(૬) केरलोदयम्—કે. એન. એલુત્તચ્છન્, કેરળ, ૧૯૭૭, સર્ગ ૨૧ રૂા. ૫૦.

કેરાળાના છેલ્લા ૨૦૦૦ વર્ષના રાજનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસનું નિરૂપણ.

(૭) करुणाकटाक्षलहरी—ડૉ. રસિક વિહારી જોશી, દિલ્લી, ૧૯૭૭, શ્લોક ૧૧૩, રૂા. ૨૦.

(૮) जनविजयमहाकाव्यम्—ડૉ. પરમાનન્દ શાસ્ત્રી, અલીગઢ, ૧૯૭૭. ભારતના નિર્વાચનમાં જનતાના વિજયને અભિનન્દતું મહાકાવ્ય.

(૯) मोहभङ्गम्—ડૉ. રસિક વિહારી જોશી, જોધપુર યુનિ. પ્રકાશન, ૧૯૭૮, સર્ગ ૮, શ્લોક ૩૩૦, પૃ. ૯૯, રૂ. ૩૦

ભાગવત અને વિષ્ણુપુરાણાન્તર્ગત સૌભરિચરિત ઉપર મહાકાવ્ય.

(૧૦) ख्रिष्टुभागवतम्—પી. સી. દેવસ્સિયા, ત્રિવેન્દ્રમ્, ૧૯૭૭, રૂ ૫૦. ક્રાઇસ્ટના જીવનચરિત્રનું નિરૂપણ.

(૧૧) श्रीजवाहरज्योतिर्महाकाव्यम्—પં. રઘુનાથપ્રસાદ ચતુર્વેદ, મથુરા, ૧૯૭૮, સર્ગ ૨૧, શ્લોક ૧૧૮૭, પૃ. ૧૬૦, રૂ ૨=૫૦.

(૧૨) श्रीशङ्करविजयमकरन्दम्—વૈદ્ય શ્રી શિ. વે. રાધાકૃષ્ણ શાસ્ત્રી, ત્રિચુરાપલ્લી, આસ્વાદ ૩૨, શ્લોક ૨૭૮૭, પૃ. ૩૭૦, રૂ. ૧૫.

(૧૩) लेनिनामृतम्—પદ્મ શાસ્ત્રી, હોશિયારપુર, ૧૯૭૩, પૃ. ૨૫૦, રૂ. ૧૪, નહેરુ પારિતોષિક પુરસ્કૃત, હિન્દી અનુવાદ સહિત.

**(અ) (૨) ખંડકાવ્યો :**—સંસ્કૃત દૂતકાવ્યો.

(૧) मित्रदूतम्—દિનેશપ્રસાદ પાંડેય, રાંચી, રૂ. ૩, કાશ્મીરમાં રહેતી પ્રિયાને

(૨) मयूखदूतम्—રમાશીષ પાંડેય, રાંચી, રૂ. ૩, લંડનમાં રહેતી પ્રિયાને.

(૩) प्लवङ्गदूतम्—ધનેશ્વર પાઠક, રાંચી.

**(અ) (૩) સ્તોત્રસાહિત્ય :—**

(૧) भगवद्‌-ब्रह्मेश्वरपादपूजनविधिः—વિદ્યાભાસ્કર પં. મ. વ. ઉપાધ્યાય, ૧૯૭૮, શ્લો. ૨૮

(૨) स्तोत्रसंहिता—પૂજાલાલ, પોંડીચરી, પૃ. ૧૭૯, રૂ. ૧૨. શ્રી અરવિન્દ અને માતાજી વિષેના સંસ્કૃત સ્તોત્રો, અંગ્રેજી અનુવાદ સહિત.

**(અ) (૪) કાવ્યસંગ્રહો :—**

(૧) सूक्तिमुक्तावली—ભીમરાજુ સત્યનારાયણ, ૧૯૭૫.

(૨) काव्यमालिका—શ્રી પરડ્ડી મલ્લિકાર્જુન, ધારવાડ, પૃ. ૪૨, રૂ. ૩, સ્વરચિત કાવ્યોનો સંગ્રહ.

(૩) कविभारतीकुसुमाञ्जलिः—સં. ડૉ. પ્રેમલતા શર્મા, વારાણસી, રૂ. ૨૧, કવિભારતી સંસ્થાના સભ્ય કવિઓની છેલ્લા ૭ વર્ષની કૃતિઓનો સંગ્રહ.

(૪) विद्याधरग्रन्थावली—વિદ્યાધર શાસ્ત્રી, રાજસ્થાન સાહિત્ય એકેડેમી, પૃ. ૩૬૦, રૂ. ૨૮. શ્રી વિદ્યાધર શાસ્ત્રીના કાવ્યો, નાટકો ઇત્યાદિનો સંગ્રહ.

**(અ) (૫) શતકો :**

(૧) भारतम्-गीतिकाव्यम्—રામ કૈલાસ પાંડેય, અલાહાબાદ, પૃ. ૨૮, રૂ. ૨, શતક ઉપરાંત ૧૧ ગેય પદ્યો.

(૨) श्रीनिवासशतकम्—વિઠ્ઠલ દેવુનિ સુન્દર શર્મા, હૈદરાબાદ, શ્લોક ૧૦૮, વસંતતિલકામાં, પૃ. ૪૪.

(૩) स्मृतितरङ्गम्—મધુકર (= ત્ર્યંબક) ગોવિન્દ માઈણકર, મુંબઈ, ૧૯૭૫, તરંગ ૨૦, શ્લોક ૧૧૫, કરુણપ્રશસ્તિ (elegy) કાવ્ય.

(૪) शर्मण्यदेशः सुतरां विभाति—ડૉ. સત્યવ્રત શાસ્ત્રી, અ. ભા. સં. પરિષદ, લખનૌ, ૧૯૭૬, શ્લોક ૧૦૦, પૃ. ૬૬, રૂ. ૨૦. અંગ્રેજી અને જર્મન અનુવાદ સહિત, પ્રવાસ વર્ણન.

**(અ) (૬) હાસ્યસાહિત્ય :**

(૧) हास्यविनोदवाटिका—વાસુદેવ દ્વિવેદી, વારાણસી, પૃ. ૧૦૮, શ્લો. ૨૦૬, રૂ. ૨ = ૫૦.

**(અ) (૭) સાહિત્યનો ઇતિહાસ :**

(૧) संस्कृतकविसमीक्षा—ડૉ. અમરનાથ પાંડેય, વારાણસી, ૧૯૭૭, ભાસ વગેરે ૧૩ કવિઓનો છન્દોબદ્ધ પરિચય, હિંદી અનુવાદ અને ટિપ્પણ સહિત.

**(અ) (૮) સંસ્કૃતાનુવાદો :**

(૧) श्रीश्रीरामकृष्णकथामृतम, प्रथमो भागः, સ્વામી ધ્યાનાત્માનન્દ અને અન્ય, કલકત્તા, ૧૯૭૬, પૃ. ૨૧૯, રૂ. ૨૦, સચિત્ર.

(૨) गिरिगीतम्—પ્રો. કે. પી. ઉરુમેસ, ત્રિચુર, ૧૯૭૮, પૃ. ૯૩, શ્લોક ૧૧૬, રૂ. ૭ બાઇબલના Sermon on the Mountનો અનુષ્ટુભમાં અનુવાદ-મૂળ સહિત.

(૩) आङ्ग्लरोमाञ्चम्—એચ. વી. ત્રિવેદી અને એલ. ઓ. જોશી, ૧૯૭૪, રૂ. ૧૫, અંગ્રેજી રોમાંટિક લિરીકોનો અનુવાદ.

(૪) શ્રી અરવિન્દ અને માતાજીના સાહિત્યનો અનુવાદ.

| | | |
|---|---|---|
| (૧) | श्रीमाता | જગન્નાથ વિદ્યાલંકાર. |
| (૨) | वेदरहस्यम् | ,, ,, |
| (૩) | सत्यारोहणम | ,, ,, |
| (૪) | अग्निमन्त्रमाला | ,, ,, |
| (૫) | चिन्तनाश्च विदुन्मेषाः | ,, ,, |
| (૬) | ध्यानप्रार्थनापीयूषम् | ,, ,, |

(૭) सावित्री— श्री કપાલિ શાસ્ત્રી
(૮) श्रीमातृतत्त्वप्रकाशः ,, ,,
માતાજીના ગ્રન્થો :—
(૧) श्रीमातृमुक्तावली — શ્રી કપાલિ શાસ્ત્રી
(૨) श्रीमातुः सूक्तिसुधा
(૩) श्रीअरविन्दविषये श्रीमाता
(૪) कथामञ्जरी

## (બ) (૧) નાટકો:

(૧) श्रीकृतार्थकौशिकम्[૮]—શ્રીકૃષ્ણ જોશી, અ. ભા. સં. પરિષદ, લખનૌ, અંક ૬, પૃ. ૧૧૨, રૂ. ૧૦

(૨) भैरवानन्दनाटकम्–માણિક કવિ અલાહાબાદ, પૃ. ૬૪, રૂ. ૪

(૩) गुप्तपाशुपतम् વિશ્વનાથ, ૧૯૭૫

(૪) प्राणाहुतिः–શિવસાગર ત્રિપાઠી, જયપુર, ૧૯૭૭ અંક ૧, રૂ. ૫

(૫) युगजीवनम्–શ્રીમતી રમા ચૌધરી, ૧૯૭૭

## (બ) (૨) સંગીત નાટકો

(૧) गीतगौराङ्गम्–વીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય,[૯] (પ. બંગાળમાં રેફ્યુજી રિલીફ એન્ડ રિહેબિલિટેશન ડિપાર્ટમેન્ટના કમીશનર અને સેક્રેટરી તરીકે કામ કરનાર આઈ. એ. એસ. ઑફિસર), ગીતગોવિન્દની જેમ સંગીતના રાગોવાળું પંચાંકી લીરિકલ નાટક, ૧૯૭૪. આ ઉપરાંત લેખકે બીજાં બે લિરિકલ નાટકો તથા ૭ અન્ય નાટકો અને એક સંસ્કૃત સૉનેટ કાવ્યસંગ્રહ અને ઓમર ખય્યામ ઉપર એક કાવ્ય પણ લખ્યું છે.

(૨) सुधाभोजनम्—ડૉ. અશોકકુમાર કાલિયા, અ. ભા. સં. પરિષદ, લખનૌ, બેઅંકી નૃત્ય–નાટિકા, નૃત્ય-સંગીત–નિર્દેશક ડૉ. પુરુ દાધીચ, સંસ્કૃતદિન સમારંભમાં ૨૯-૮-૭૭ના દિવસે રજૂ થયેલું.[૧૦]

(૩) पञ्चकन्यातरङ्गिणी—પ્રો. વિ. સુબ્રહ્મણ્યમ્, ૧૯૭૬. ભગવાન બુદ્ધના જીવન સાથે સંકળાયેલી પાંચ કન્યાઓની કથાને આવરી લેતું પંચાંકી નૃત્ય–નાટક.

## (બ) (૩) રેડિયોનાટિકા

(૧) नूतननाट्यप्रस्थानम्—ધનશ્યામ મા. ત્રિવેદી, બૃહદ્ ગુજ. સં. પરિષદ, અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૧૪૨, રૂ. ૮.

(૧) सत्यवादी हरिश्चन्द्रः, (૨) नमामि देवि कालिके, (૩) वैष्णवजनं तु एनं ब्रूमः, (૪) विना, (૫) महोदधौ प्रविशावः, (૬) मेनागुर्जरी, (૭) महासती तोरलम्, (૮) राजयोगी भर्तृहरिः—આ આઠ નાટકોનો સંગ્રહ. ભવાઈ નૃત્યની શૈલીના આધારે ગેય નૃત્યરચના.

---

૮ જુઓ ડૉ. રામજી ઉપાધ્યાય, ઉક્તગ્રન્થ, પૃ. ૧૨૧૬

૯ જુઓ પાદટીપ ૫.

૧૦ એજન, પૃ. ૧૨૫૭-૫૮.

( ૨ ) सूर्योदयः—ડૉ. અરુણોદય ન. જાની, संविद् ( ભા. વિ. ભવન, મુંબઈ ), નવેમ્બર, ૧૯૭૭, પૃ. ૬૧–૬૮. વરવિક્રયપ્રથા વિષે કટાક્ષ

( ૩ ) विवाहः—ડૉ. અરુણોદય ન. જાની, अजस्रा( લખનૌ ), જાન્યુ. ૧૯૭૯, પૃ. ૩-૭. વર્તમાન યુવકના લગ્ન અંગેના વિચારો અંગે કટાક્ષ.

અમદાવાદથી પ્રસારિત થયેલ રેડિયો નાટકો :—

પ્રા. વાસુદેવ વિ. પાઠક રચિત—

( ૧ ) मा भूदेवम्—મેઘદૂત પર આધારિત બેલે નાટિકા ( ૧૯૭૬ ).

( ૨ ) आराधना[૧૧]—પાર્વતીની શિવ પ્રાપ્તિની આરાધના અંગે બેલે નાટિકા (૧૯૭૧)

( ૩ ) शूद्रापि पूज्या-શબરીની ભક્તિ અંગે બે દૃશ્યની નાટિકા. ( ૧૯૭૮ ).

( ૪ ) विडम्बना—વેપારીની કાળાબજારીઆ મનોવૃત્તિને વ્યક્ત કરતી બે દૃશ્યની નાટિકા ( ૧૯૭૯ ).

આ ઉપરાંત ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા અને ડૉ. સુરેશ જે. દવે રચિત નાટકો પણ અમદાવાદ રેડીયો પરથી રજુ થયાં છે.

### ( બ ) ( ૪ ) અનુવાદો :

( ૧ ) आप्लवशकटिकम्–કેશવ શર્મા, સંસ્કૃત શોધ સંસ્થાન, સીમલા, શૉના Apple-cartનો અનુવાદ

( ૨ ) झंझा–કેશવ શર્મા, સંસ્કૃત શોધ સંસ્થાન, સીમલા. શેક્સપીઅરના Tempestનો અનુવાદ,

( ૩ ) यूथिका[૧૨]—रेवाप्रसाद द्विवेदी. શેક્સપીઅરના Romeo and Juliet ઉપરથી.

( બ ) ( ૫ ) नाट्यसाहित्यम्—સાગર યુનિ.ના સંસ્કૃત વિભાગાધ્યક્ષ અને सागरिकाના સંપાદક પ્રો. રામજી ઉપાધ્યાયે ૧૬મા વર્ષનો પ્રથમ અંક નાટ્ય સાહિત્ય અંક તરીકે પ્રસિદ્ધ કર્યો છે. તેમાં ૧૯ અને ૨૦મી સદીમાં થઈ ગયેલા નાટકકારોના નાટકોનો પરિચય આપ્યા છે.

### ( ક ) સંસ્કૃત ગદ્યસાહિત્ય

### ( ક ) ( ૧ ) ચરિત્રગ્રન્થ :—

सज्ज्ञात्मा श्रीगुरुजिः—હરિભાઉ ત્ર્યં. દેસાઇ, શારદા ગૌરવ ગ્રન્થમાળા નં. ૬૧, પુના, ૧૯૭૮, પ્રકરણ ૨૪, પૃ. ૧૬૪, રૂ. ૨૦; આર. એસ. એસના સરસંચાલક ગોલવલકરગુરુનું ચરિત્ર.

### ( ક ) ( ૨ ) નિબન્ધસંગ્રહ :—

( ૧ ) प्रवचनपारिजातः, ( ૨ ) प्रवचनचिन्तामणिः, ( ૩ ) प्रवचनप्रसूनाञ्जलिः, ( ૪ ) प्रवचननिचयः—ડૉ. સત્યનારાયણ શર્મા, ચૌખમ્ભા, વારાણસી, ૧૯૭૮. જર્મનીમાં Voice of Germany નામક આકાશવાણી કેન્દ્ર પરથી સંસ્કૃત કાર્યક્રમમાં પ્રસારિત કરાએલા નિબંધોના ચાર સંગ્રહો—રૂા. ૨૫, ૨૫, ૩૦, ૩૦.

---

૧૧ ડૉ. રામજી ઉપાધ્યાય, ઉક્તગ્રન્થ, પૃ. ૧૨૪૮

૧૨ જુઓ પાદટીપ ૬

(૨) विद्यावैजयन्ती निबन्धमाला भाग १–કેદારનાથ ઓઝા, વારાણસી, પૃ. ૧૬૬, રૂ. ૩૮. ભારતીય દર્શનોના વિષયોની ચર્ચા કરતા સંશોધનાત્મક નિબંધોનો સંગ્રહ.

(૩) चारुचरितचर्चा–રમેશચંદ્ર શુકલ, ૧૯૭૭. નિબન્ધસંગ્રહ.

**(ક) (૩) વાર્તાસંગ્રહ :**

(૧) चक्रवत परिवर्तन्ते—વિદ્યાધર દ્વિવેદી, સાર્વભૌમ સં. કાર્યાલય, વારાણસી, પૃ. ૬૪, રૂ. ૨

(૨) ललितकथाकल्पलता–ગોસ્વામી હરિકૃષ્ણ શાસ્ત્રી, ચૌખમ્ભા વારાણસી, રૂ. ૧૨.

**(ક) (૪) પત્રસાહિત્ય :**

पत्रकौमुदी–વરરુચિના ગ્રન્થનું સંપાદન. શ્રીમન્નારાયણ દ્વિવેદી અલાહાબાદ, પૃ. ૪૪, રૂ. ૩

**(ક) (૫) યાત્રાવર્ણન :**

यात्राविलासम्–આચાર્ય નવલકિશોર કાંકર, જયપુર, ૧૯૭૩, પૃ. ૧૦૮, રૂ. ૪.

જયપુરથી શરૂ કરી દિલ્લી, હરદ્વાર, હૃષીકેશ, ઉત્તરકાશી, લંકા, ભૈરવઘાટી, ગંગોત્રી, ગોમુખ, લંકા, ઉત્તરકાશી, હૃષીકેશ, હરદ્વાર થઈ જયપુર પાછા ફરતા સુધીનું કાદમ્બરી શૈલીથી હૃદયંગમ વર્ણન. અ. ભા. પ્રૌઢ સંસ્કૃત ગદ્યલેખન સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરનાર ગ્રન્થ.

**(ડ) સંસ્કૃત સામયિકો :—**

સંસ્કૃતભાષામાં આજે દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક, ત્રૈમાસિક, ષાણ્માસિક અને વાર્ષિક એ રીતે અનેક સામયિકો પ્રગટ થાય છે. તે પૈકી કેટલાંક અત્યન્ત ઉપયોગી સામયિકો નીચે પ્રમાણે છે.[૧૩]

(૧) शारदा (માસિક)—સંપાદક–વસન્ત અ. ગાડગીલ, POB 750, પૂના. રૂ. ૨૦.

(૨) सागरिका—ત્રૈમાસિકી, સં. ડૉ. રામજી ઉપાધ્યાય સાગર યુનિ., સાગર (મ પ્ર). રૂા. ૧૦.

(૩) संविद्—ત્રૈમાસિકી; સં. જયન્તકૃષ્ણ હ. દવે, ભારતીય વિદ્યાભવન, ચોપાટી રોડ, મુંબઈ–૭, રૂ. ૬.

(૪) अजस्रा—ત્રૈમાસિકી, સં. ડૉ. અશોકકુમાર કાલિયા, અ. ભા. સં. પરિષદ, મ. ગાંધી રોડ, હજરત ગંજ, લખનઉ, ૨૨૬૦૦૧, રૂ. ૧૦.

(૫) परमार्थसुधा—ત્રૈમાસિકી, સં. શ્રી સત્યનારાયણ શર્મા, સાર્વભૌમ સં. કાર્યાલય, ડી, ૩૮/૧૧૦ હૌજ કટરા, વારાણસી, રૂ. ૮,

ઉપરના સામયિકોમાં સર્જાતા સાહિત્યના અવલોકનનો ખાસ વિભાગ છે.

**સંશોધન અંગેની માહિતી માટે :**

(૬) प्राचीज्योति—વાર્ષિકી-સં. ડૉ. ગોપિકામોહન ભટ્ટાચાર્ય, કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્ર (હરિયાણા) ૧૩૨ ૧૧૯, રૂ. ૩૦

૧૩ સામયિકોની સંપૂર્ણ યાદી સંપાદક, 'શારદા' પાસેથી વિનંતી કરીને મંગાવી લેવી.

આ પત્રિકામાં જુદા જુદા સામયિકોમાં પ્રગટ થએલા લેખોનો વિભાગવાર સાર તથા જુદી જુદી યુનિવર્સિટીઓમાં થઈ ગએલા અને ચાલી રહેલા સંશોધન વિષે સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે.

(૭) Glory of India—ત્રૈમાસિક, સં. જે. એલ. શાસ્ત્રી અને આર. કે. શાસ્ત્રી, મોતીલાલ બનારસીદાસ, બંગલો રોડ, જવાહરનગર, દિલ્લી, ૧૧૦ ૦૦૭, રૂ. ૨૦.

આમાં લેખો, પુસ્તકોનાં અવલોકનો, સંશોધન અંગે માહિતી અને છેલ્લામાં છેલ્લાં પ્રકાશનોની યાદી વગેરે આપવામાં આવે છે.

દરેક લાયબ્રેરીએ ઉપરનાં બંને સામયિકો વસાવવાં જ જોઈએ.

ઉપર આપેલી સર્જાતા સાહિત્યની આછીપાતળી રૂપરેખા સંસ્કૃત ભાષા આજેય જીવંત છે અને તમામ ક્ષેત્રે કેવી પ્રગતિ કરી રહી છે તેનો ખ્યાલ આપી શકશે.

ગુજરાત આ ક્ષેત્રે પાછળ છે. તેથી સંસ્કૃત સાહિત્યને વિકસાવવાનું કાર્ય ગુજરાત ગંભીરપણે ઉપાડે એવી આશા અને અપેક્ષા સહ વિરમું છું.

# કાલિદાસ અને આનન્દવર્ધન

તપસ્વી નાન્દી

ભામહથી માંડીને આનંદવર્ધન સુધીના આલંકારિકોના ગ્રંથોમાં કાલિદાસના સ્થાનની ચર્ચા આ લેખમાં કરીશું. અલંકારશાસ્ત્રના લગભગ બધા જ વિચારપ્રવાહો જેવા કે, ધ્વનિ, અલંકાર, વક્રોક્તિ, વ.ના પ્રવર્તક પ્રધાન આલંકારિકો કાલિદાસ માટે માનબુદ્ધિ ધરાવતા જણાય છે, છતાં તેમાંના દરેકે આ મહાકવિ વિષે એકસરખો અભિપ્રાય વ્યક્ત કર્યો નથી.

આ બધામાં કદાચ આનંદવર્ધન સર્વપ્રથમ છે જેમણે, સાહિત્યિક વિવેચનાના વર્તુળમાં કાલિદાસને લોકપ્રિય બનાવવા મોટો પુરુષાર્થ કર્યો. આનો અર્થ એ નથી કે કાલિદાસ સાહિત્યક્ષેત્રમાં પોતાના સ્થાન માટે આનંદવર્ધન ઉપર આધાર રાખે છે, પણ એ વાત નક્કી કે, આનંદવર્ધન પોતાના રસ-ધ્વનિ-વ્યંજના સિદ્ધાન્તની સૂક્ષ્મતાઓ ઉપસાવવા માટે કાલિદાસમાં જણાતી ઘણી કાવ્યમય પરિસ્થિતિઓ અને ઘણાં વર્ણનોને ઉચિત ઉદાહરણો સ્વરૂપે પસંદ કરે છે.

આનંદવર્ધન ઉપર આવતાં પહેલાં આપણે જરૂરી ઐતિહાસિક ભૂમિકા બાંધવા ભામહથી શરૂઆત કરીશું, સ્પષ્ટ કારણોના અનુસંધાનમાં આપણે ભરતનો અહીં વિચાર કરવાના નથી.

ભામહ એક અનોખા બૌદ્ધિક હતા જે કયારે ય કોઈથી દબાતા જણાતા નથી. સાહિત્યના પાયાના પ્રશ્ન અંગેનો એમનો અભિગમ આથી જ ખૂબ વ્યક્તિવાદી સ્પષ્ટ, હિંમતભર્યો અને નિખાલસ જણાય છે, જો કે, તેઓ પણ પ્રસિદ્ધ કવિઓના સંદર્ભમાં નમ્ર બને છે. પણ ભામહ જ્યારે નમ્ર બનવાનું પસંદ કરે છે ત્યારે પણ તેમાં થોડો ખચકાટ જરૂર વર્તાય છે. તેમનું સ્વામાન, અથવા કહો કે, 'अहम्'–જલ્દી પીછેહઠ કરતું નથી અને પોતાને અત્રતત્રથી પ્રાપ્ત થતી સઘળી વિગતોને તેઓ જે તે સ્વરૂપમાં આવકારી શકતા નથી. આથી જ્યારે તેઓ એમ કહે કે 'काव्य', એટલે કે સાહિત્ય, દોષથી મુક્ત હોવું જોઈએ ત્યારે તેઓ ગંભીરતાથી એ વાત ઉચ્ચારે છે. આ સંદર્ભમાં જ તેઓ 'अयुक्तिमत्' દોષ અંગે વાત કરતાં નોંધે છે કાવ્યાલંકાર (૧.૪૨) કે,

> अयुक्तिमद्यथा दूता जलभृन्मारुतेन्दवः ।
> तथा भ्रमरहारीतचक्रवाकशुकादयः ॥ १. ८२.
> अवाचोऽव्यक्तवाचश्च दूरदेशविचारिणः ।
> कथं दूत्यं प्रपद्येरन्निति युक्त्या न युज्यते ॥ १. ८३.

મેઘ, પવન, ચંદ્ર, ભ્રમર, વ. ને દૂત સ્વરૂપે નિરૂપતા કવિયત્નને ભામહ કોઈ રીતે ચલાવી લેવા માગતા નથી. અરે આ તો ગમે તેની બાબતમાં જોવા મળે–પછી ભલેને તે કાલિદાસ પોતે કેમ ન હોય–તો પણ બરદાસ્ત થઈ શકે જ નહિ! સામાન્ય બુદ્ધિ અને સ્વાભાવિક તર્કને અસ્વીકાર્ય લાગે તેવું કશું જ તેઓ સ્વીકારવા તૈયાર નથી. આથી જ, કદાચ પ્રતિજ્ઞા.

નાટકની કથાને તેઓ સ્પર્શે છે ત્યારે ખૂબ કઠોર વલણ આપનાવે છે અને તેમાં જણાતા 'ન્યાયવિરોધી–દોષ'ની વિશદ ચર્ચા કરે છે (૪;-૩૯-૪૭). પણ કાલિદાસ તેમને માટે પણ કદાચ ખૂબ સુપ્રતિષ્ઠિત છે. આથી જ તેમનો રોષ કદાચ કાલિદાસને અનુલક્ષીને ન પણ હોય. તેઓ કાલિદાસને થોડી છૂટ આપવા રાજી પણ છે પણ ઓછી પ્રતિભાવાળા કવિઓનાં દૂતકાવ્યો આપવાના પ્રયાસો તેમને સુરુચિ અને સામાન્ય બુદ્ધિને માટે ભારે બોજારૂપ જણાયા છે. કદાચ કાલિદાસને ચિત્તમાં રાખીને જ તેઓ થોડી છૂટછાટ મૂકતાં જણાવે છે. (૧. ૮૮):

यदि चोत्कण्ठया यत्तदुन्मत्त इव भाषते ।
तथा भवतु भूम्नेदं सुमेधोभिः प्रयुज्यते ॥ १. ८८

આ 'सुमेधस्' તે નિઃશંક રીતે અહીં મેઘદૂતના રચયિતા જ હોઈ શકે, અને સાહિત્ય-સ્વામીઓની નીવડેલી કૃતિઓ વિષેનું બહુમાન એ સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના મૂલગત અભિગમનું વિશિષ્ટ લક્ષણ બની રહે છે અને તેનાથી આ સાહિત્યશાસ્ત્ર જે છે તે વાસ્તવમાં બની રહે છે. ભારતીય સાહિત્યશાસ્ત્ર કોઈ એકદંડી મહેલમાં પૂરાઇને ફક્ત સૈદ્ધાન્તિક ઊંચાઈઓ પાછળ દોડવાનો આશય ધરાવતું નથી, બલ્કે, તેથી વિરુદ્ધ મહાન સાહિત્યસ્વામીઓની પ્રવૃત્તિઓને તે અપનાવે છે અને બિરદાવે છે.

તો આમ ફરી કાલિદાસ ભામહની પ્રેરણામૂર્તિ બનતા જણાય છે જ્યારે ભામહ (૩. ૬) 'रसवत्' અલંકારનો સંપ્રત્યય સ્પષ્ટ કરે છે:

रसवद्दर्शितस्पष्टशृङ्गारादिरसं यथा ।
देवी समागमद्धर्ममस्करिण्यतिरोहिते ॥ (પાઠ, તાતાચાર્ય)

આનો સંદર્ભ સ્પષ્ટ રીતે કુમાર. ૫ ૮૪, ૮૫નો ઇશારો કરે છે. ભામહને મતે આ આખીય પરિસ્થિતિ શ્રૃઙ્ગારનું ઉત્તમ ઉદા. બની રહે છે. આપણે નોંધી શકીએ કે, ભામહ ઘણુંખરું તો આપણે માટે કેવળ નામશેષ થયેલા કવિઓની કૃતિઓમાંથી જ ઉદા. ટાંકે છે, પણ એમાં પણ કાલિદાસ કદાચ વિશેષ આદર પામતા જણાય છે, જો કે, તેમનો નામોલ્લેખ અહીં પ્રાપ્ત થતો નથી. કદાચ તેઓ એક પ્રતિષ્ઠિત 'सुमेधस्' હતા જેમનું નામ એટલું જાણીતું હતું કે તેનો ઉલ્લેખ ભામહને બિનજરૂરી જણાય છે. આપણે એ વિગત પણ નોંધીશું કે, ભામહ અને દંડીએ બાંધેલી 'મહાકાવ્ય'ની વ્યાખ્યા રઘુવંશ અને કુમારસંભવ જેવા ઉત્કૃષ્ટ પ્રયત્નોને નજર સમક્ષ રાખીને વિચારાઈ હતી.

આ સિવાય, દંડી કે જેઓ સ્વરચિત પદ્યોને જ ઉદાહરણ તરીકે પ્રયુક્ત કરે છે તેમના ગ્રંથમાં આપણને બીજું કાંઈ મળતું નથી. પણ કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં વામન કાલિદાસની રચનાઓમાંથી વધુને વધુ પદ્યો ટાંકે છે. સિદ્ધાન્તના સૂક્ષ્મ મુદ્દાઓ ઉપસાવવા ખાસ તો કુમારનો ઉપયોગ થનો જણાય છે. એ પછી રઘુ., અભિ. શા., વિક્રમો., તથા મેઘદૂતનો ઉલ્લેખ કરી શકાય. માલવિકાનાટકનો વધારે ઉપયોગ તો અનુગામી આલંકારિક ધનિકમાં સવિશેષ જણાય છે. પણ ત્યાં પણ કુમાર.નો સૌથી વધુ ઉપયોગ થયો છે, જ્યારે ઋતુસંહાર ક્યાંય ઉલ્લિખિત થતું નથી.

૧. ૨. ૧૧ આગળ વામન વૈદર્ભી રીતિને 'સમગ્રગુણા' કહે છે. એને ઉદાહૃત કરવા અભિ. શા. ૨. ૬–*गाहन्तां महिषाः* વ.નો નિર્દેશ મળે છે. ૩. ૧. ૧૧ માં વામન શ્લેષગુણને '*मसृणत्वं*' કહી સમજાવે છે અને નોંધે છે કે, मसृणत्वं नाम यस्मिन् सति बहून्यपि पदानि एकवद्भासन्ते। यथा-अस्त्युत्तरस्यां. વ. (કુમાર સંભવ ૧. ૧). આ પદ્યનો ઉપયોગ વામન અન્યત્ર પણ કરે છે. 'ओजस' ને ૩. ૨. ૨.માં તેઓ '*अर्थस्य प्रौढिः*' એમ સમજાવે છે. ત્યાં વધારે ઝીણવટમાં ઊતરીને તેઓ નોંધે છે-समासो यथा–ते हिमालयमामन्त्र्य. (કુમાર સંભવ ૬. ૯ ૪). વ. એ જ રીતે, ૩, ૨. ૬માં તેઓ નોંધે છે: सुगमत्वं वाऽवैषम्यं इति। सुखेन गम्यते ज्ञायते इत्यर्थः। यथा-अस्त्युत्तरस्यां.. (कुमार. ૧.૧), यथा वा,-का स्विदवगुण्ठनवती. व. अभिशा. पृ. १३.

૪. ૨. ૩. માં 'उपमा'ની ચર્ચા કરતાં વામન નોંધે છે: तद् द्वविध्यं पदवाकयार्थवृत्तिभेदात्। वाक्यार्थवृत्तिर्यथापाण्ड्योऽयमंसार्पित. (રઘુ. ૬.૬૦), વળી, ૪. ૨. ૧૪,માં उपमाप्रपञ्चे यथा. शुद्धान्तदुर्लभमिदं वपुः, વ., જે अभिशा. (१. १७) છે. ૪. ૩. ૧૬માં વામન 'પરિવૃત્તિ' સમજાવતાં જણાવે છે:—परिवृत्तिः यथा वा; विमुच्य साऽऽहारमहार्य. (કુમાર. ૫. ૮); અને ૪. ૩. ૨૯માં समाहितम्-तन्वी मेघजलार्द्र. વિક્રમો. ૪.૬૮; વામન નોંધે છે, अत्र पुरूरवसो लताया-मुर्वश्याः सादृश्यं गृह्णतः सैव लतोर्वशी संपन्नेति।

છેલ્લે, ૫. ૨. ૨૨માં વામન જણાવે છે: यथा, विषवृक्षोऽपि संवर्ध्य. વ. કુમાર સંભવ ૨.૫૫

આમ, કદાચ વામનથી માંડીને કાલિદાસમાંથી ઉદાહૃત કરવાનું વલણ વધુને વધુ પ્રબળ થતું ચાલે છે. ઉદ્ભટના ગ્રંથનો હેતુ મર્યાદિત છે અને તેથી તેને અહીં લેવાયો નથી. પણ કદાચ એ આશ્ચર્યકારક જણાશે કે રુદ્રટ પોતાના ગ્રંથમાં ક્યાંય કાલિદાસને નામથી કે તેમનામાંથી પદ્ય ઉદ્ધરીને પણ સ્પર્શતા નથી. ફક્ત, ૧૧, ૨૩માં રુદ્રટ એક શ્લોક આપે છે, જેમકે,

हे हंस देहि कान्तां मे भवता हृतेति किं मिथ्या।
ननु गतिरियं तदीया वाणी सैवेयमतिमधुरा॥

આને વિક્રમો, ૪. ૩૪—हंस प्रयच्छ मे कान्तां. વ. સાથે સરખાવી શકાય. વળી, રુદ્રટ જ્યારે જણાવે છે કે, ઉન્મત્તપ્રલાપ 'દોષ' જન્માવતો નથી, ત્યારે તેમના ચિત્તમાં વિક્રમો. હોવા સંભવ છે. આ સિવાય કાલિદાસ અંગે કોઈ નિર્દેશ રુદ્રટમાં પ્રાપ્ત થતો નથી. કદાચ એમ હોય કે સાહિત્યશાસ્ત્રીઓના વર્તુળમાં હજી કાલિદાસ એટલા સ્વીકારાયા નથી અને કદાચ તેમને ત્યાં પ્રસ્થાપિત કરવા, અથવા કહો પુનઃસ્થાપિત કરવા આપણને આનંદવર્ધનના પ્રયત્નોની રાહ જોવી પડે છે.

આનંદ કદાચ, આપણી જાણ પ્રમાણેના મૂર્ધન્ય આલંકારિક છે, જેમના ધ્વન્યાલોકને આપણે અલંકારશાસ્ત્રની 'પ્રસ્થાનત્રયી'માંનું પ્રથમ માનીશું જ્યારે અભિનવભારતી અને મમ્મટનું કાવ્યપ્રકાશ તેની પૂર્તિ કરે છે. આનંદ કદાચ ખૂબ લોકપ્રિય વિવેચક હતા आनन्दवर्धनः कस्य नासीदानन्दवर्धनः—અને આ લોકચાહનાના મૂળમાં કવિશ્રેષ્ઠ કાલિદાસનું પણ કર્તૃત્વ હોઈ શકે. આનંદનો રસ-ધ્વનિ-વ્યંજના સિદ્ધાન્ત એક ખૂબ વ્યાપક સિદ્ધાન્ત હતો જેમાં ગુણ, રીતિ, વૃત્તિ, અલંકાર વ. વિષેના બધા જ પ્રવાહોને સમાવી લેવાયા હતા. એમનો

આ સિદ્ધાન્ત એટલો તો ગતિશીલ હતો, એટલો તો ચમકદાર અને સહૃદયની સુરુચિનો સંતર્પક હતો કે તેના વિષે કોઈ દુર્લક્ષ્ય કરી શકે તેમ ન હતું. આનંદ બધાયના કેન્દ્રમાં આવી જાય છે અને જુદી જુદી અસરોને આત્મસાત્ કરે છે અને રૂપાન્તરિત કરે અને એક સર્વગ્રાહી સમતોલ સિદ્ધાન્ત અર્પે છે જે સૈકાંઓ સુધીની સાહિત્યવિવેચનાની નક્કર ભૂમિ બની રહે છે. છતાં, પોતાના આ માહાત્મ્યનાં તેજવલયોની વચ્ચે પણ આનંદ નિરતિશય નમ્રતા ધરે છે, અત્યંત મૃદુભાષી બને છે, અત્યંત સંસ્કારી અને અભિજાત જણાય છે અને કયારેય કોઈ વિચારધારાના ખંડનની પ્રવૃત્તિ ન આરંભતાં ફક્ત પોતાના મુદ્દાઓની અસરકારક અને વિધેયાત્મક રજૂઆત ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તે ખૂબ ખૂબ સુંદર લાગે તે રીતે જ. એમના વ્યક્તિત્વનું આ પાસું,—વાલ્મીકિના રામની માફક સારગ્રહણની આ વૃત્તિ–જે તેમના આત્માની સમૃદ્ધિ અને પૂર્ણતામાંથી ઉપસે છે તે, તેમની આ નમ્રતા તેમને આપણા મહાકવિ તરફ ખેંચી જાય છે, મહાકવિ કાલિદાસ, જેઓ સમાનશીલ છે, નમ્ર, અભિજાત અને મહાન છે. આ સમાનશીલતાને કારણે જ આનંદ કાલિદાસમાંથી વારંવાર ઉદ્ધૃત કરે છે અને કાલિદાસ તો સૂક્ષ્મ અભિવ્યક્તિની ખાણ હતા. આનંદનો સાહિત્ય વિષેનો વ્યાપક અભિગમ, પોતાના રસ-ધ્વનિ-વ્યંજના સિદ્ધાન્તની સૂક્ષ્મતાઓ આલેખતાં, કાલિદાસને સર્વોત્તમ કવિ તરીકે પિછાણે છે. આપણે આ મુદ્દાને વિસ્તારથી ચર્ચીશું છતાં, શરૂમાં એટલું નોંધવું જોઈએ કે, જયારે પરિસ્થિતિની માંગ હોય ત્યારે આનંદ કાલિદાસ જોડે અસંમતિ પણ દર્શાવે છે.

ધ્વન્યા. ૨. ૨૨માં अर्थशक्त्युद्भवो नाम अनुस्वानोपमव्यङ्ग्यो ध्वनिः ઉદ્ધાહૃત થયો છે, જેમાં, આનંદ, કુમાર. ૬. ૮૪—एवं वादिनि देवर्षौ. વ. ટાંકે છે. અહીં એક ખૂબ સૂક્ષ્મ મુદ્દાની છણાવટ આનંદ કરે છે અને તે છે **રસાદિધ્વનિના સક્રમત્વ** અંગેનો ! તેઓ નોંધે છે: अत्र हि लीलाकमलपत्रगणनं उपसर्जनीकृतस्वरुपं शब्दव्यापारं विनैवार्थान्तरं व्यभिचारिलक्षणं प्रकाशयति। **न चायमलक्ष्यक्रमव्यङ्ग्यस्यैव विषयः**। यतो यत्र साक्षात् शब्दनिवेदितेभ्यः विभावानुभावव्यभिचारिभ्यः रसादीनां प्रतीतिः, स तस्य केवलस्य मार्गः। यथा कुमारसंभवे मधुप्रसङ्गे वसन्तपुष्पाभरणं वहन्त्या देव्या आगमनादिवर्णनं मनोभवशरसन्धानपर्यन्तं शम्भोश्च परिवृत्तधैर्यस्य चेष्टाविशेषवर्णनादि साक्षाच्छब्दनिवेदितम्। **इह तु सामर्थ्याक्षिप्तव्यभिचारिमुखेन रसप्रतीतिः**। तस्मादन्यो ध्वनेः प्रकारः। અભિનવગુપ્ત ઉમેરે છે: रसस्त्वत्राऽपि दूरत एव व्यभिचारिस्वरुपे पर्यालोच्यमाने भातीति तदपेक्षया अलक्ष्यक्रमतैव। लज्जापेक्षया तु तत्र लक्ष्यक्रमत्वम्।

રસાદિધ્વનિમાં ક્રમનું સંવક્ષિત થવું એ અસાધારણ વિગત છે અને એને ઉદાહૃત કરવા આનંદ કાલિદાસ તરફ વળે છે તે સામાન્ય વાત નથી. આવી જ રીતે અલંકારોનો સમુચિત કે અસમુચિત પ્રયોગ પણ ખૂબ રસપ્રદ વિષય છે. આનંદ આ અંગે કેટલાંક તારણો આપે છે. અને ધ્વન્યા. ૨. ૧૯માં નોંધે છે: रसबन्धेष्वादृतमनाः कविः यमलङ्कारं तदङ्गतया विवक्षति, यथा—चलापाङ्गां दृष्टिं व. (अभि. शा. ६.२५). એ જ રીતે તેઓ નોંધે છેકે, निर्वोढुमिष्टमपि यं यत्नादङ्गत्वेन प्रत्यवेक्षते यथा श्यामास्वङ्गं चकित. વ. (મેઘ. ૨. ૪૧). કવિતાદેવી પરનું આવું ઘેરું પ્રભુત્વ તો મહાકવિ જ પ્રગટાવી શકે અને આનંદ પરિસ્થિતિનો કયાસ કાઢવામાં જરાય ક્ષતિ કરતા નથી.

સુબન્ત અને નિપાત અંગેની વ્યંજકતા પણ ધ્વન્યા. ૩. ૧૬માં કાલિદાસની મદદથી રેખાંકિત થઈ છે: **सुबन्तस्य व्यञ्जकत्वं यथा-तालैः शिञ्जा.** (મેઘ.) અને निपातानां व्यञ्जकत्वं यथा—

अयमेकपदे तया वियोगः, (વિક્રમો. ૪.૩) એ જ રીતે, अविवक्षितवाच्यस्य अत्यन्ततिरस्कृतवाच्ये प्रभेदे पदप्रकाश्यता यथा महर्षेर्व्यासस्य सप्तैता समिधः श्रियः, यथा वा कालिदासस्य—कः सन्नद्धे विरहविधुरां.....(મેઘ.), यथा वा, 'किमिव हि मधुराणां मण्डनं', (अभि. शा. ९) एतेषूदाहरणेषु 'समिध' इति, 'सन्नद्ध' इति, 'मधुराणाणिमि'ति च पदानि व्यञ्जकत्वाभिप्रायेण कृतानि। ધ્વનિના ભેદપ્રભેદોની ગણના (ધ્વન્યા. ૩. ૪૩) વખતે કાલિદાસનું પદ્ય લેવાયું છે: तत्र स्वप्रभेदसंकीर्णत्वं कदाचिदनुग्राह्यानुग्राहकभावेन यथा—एवं वादिनि. इत्यादौ। ઉપસર્ગોની વ્યંજકતા ધ્વન્યા. ૩.૧૬માં નિરૂપતાં આનંદ નોંધે છે: उपसर्गाणां व्यञ्जकत्वं यथा—निवाराः शुकगर्भ. (अभि. शा. १. १८), અને વળી, निपातव्यंजकत्व માટે નોંધે છે. यथावा, मुहुरङ्गुलीसंवृताधरोष्ठं (अभि. शा. ३. ३८). व.

રસગત અવિરોધનો એક સૂક્ષ્મ મુદ્દો પણ કાલિદાસમાંથી ઉદાહૃત થયો છે. ધ્વન્યા. ૩. ૨૦માં ગ્રંથકાર નોંધે છે કે,—तत्र लब्धप्रतिष्ठे तु विवक्षिते रसे विरोधिरसाङ्गानां बाध्यत्वेनोक्तौ अदोषः-यथा, स्वाकार्यं शशलक्ष्मणो. व. આ શ્લોક વિક્રમો.નો હોવાનો ઉલ્લેખ છે, જો કે, વિક્રમો.ની કોઈ પ્રાપ્ત વાચનામાં તે જણાતો નથી. આનંદ કહે છે કે ચવાયેલું વસ્તુ પણ રસથી ચમત્કૃત થતાં નવનવીન જણાય છે. ધ્વન્યા. ૪, ૪-માં તેઓ જણાવે છે કે, "दृष्टपूर्वा अपिह्यर्थाः व.-तस्यैव अर्थशक्त्युद्भवानुरणनरूपव्यङ्ग्यसमाश्रयेण नवत्वं यथा, एवंवादिनि इत्यादि श्लोकस्य।

આનંદના મંતવ્ય પ્રમાણે કેવળ વાચ્ય વિગત પણ અવસ્થા, દેશ, કાલ વ. ના અનુસંધાનમાં અનંત પ્રકારનું નવત્વ ધારણ કરે છે (ધ્વન્યા. ૪,૭) જેનું ઉદા. કાલિદાસમાંથી તેમને જડે છે: तथा ह्यवस्थाभेदान्नवत्वं यथा भगवती पार्वती कुमारसंभवे 'सर्वोपमाद्रव्यसमुच्चयेन' (१.५०) इत्यादिभिरुक्तिभिः प्रथममेव परिसमापितरूपवर्णनापि पुनर्भगवतः शम्भोर्लोचनगोचरमायान्ती 'वसन्तपुष्पाभरणं वहन्ती' मन्मथोपकरणभूतेन भङ्ग्यन्तरेणोपवर्णिता। सैव च पुनर्नवोद्वाहसमये प्रसाध्यमाना–"तां प्राङ्मुखीं तत्र निवेश्य तन्वीं" (कुमार. संभव ७-१३), इत्याद्युक्तिभिर्नवैनैव प्रकारेण निरुपितसौष्ठवा।

રસાદિ અલંકારનું સૌંદર્ય પણ (ધ્વન્યા ૨.૫) મહાકવિમાંથી જ ઉદાહૃત થયું છે, જેમકે વિક્રમો. ૪—तरङ्गभ्रूभङ्गा. વ., અથવા, तन्वी मेघजलार्द्र વ. વ્યંગ્યાર્થ જો સાહિત્યનો પ્રાણ હોય તો મહાકવિઓના પ્રબંધો તેની જ અભિવ્યક્તિ કરે છે અને તે દ્વારા તેમની પ્રતિભા આવિર્ભાવ પામે છે (ધ્વન્યા. ૧.૬-सरस्वती स्वादु. વ.). આનંદ પોતે જ આનંદથી ઉભરાય છે જ્યારે તેઓ નોંધે છે કે, तत् वस्तुतत्त्वं निष्यन्दमाना महतां कवीनां भारती अलोकसामान्यं प्रतिभाविशेषं परिस्फुरन्तं अभिव्यनक्ति। येन अस्मिन्नतिविचित्रकविपरंपरावाहिनि संसारे कालिदासप्रभृतयः द्वित्राः पञ्चषाः वा महाकवयः इति गण्यन्ते। કદાચ મહાકવિને આનાથી મોટી અંજલિ કોઈ મહાનુભાવે નહિ આપી હોય!

છતાં, પરિસ્થિતિ જ્યારે એવો અનુરોધ કરે છે ત્યારે આનંદ મહાકવિની પણ કાનપટ્ટી પકડવાનું છોડતા નથી, જો કે અહીં પણ પોતાના આભિજાત્યને સાચવીને ટીકાનાં વચનો નમ્રતાથી મિશ્રિત જ રહે છે અને ખાસ તો કાલિદાસનું અનુકરણ કરનારા નવીનોને માટે જ તેઓ ચેતવણીનો

સૂર કાઢે છે. ધ્વન્યા. ૩.૩૯માં કોઈ પણ રીતે વાચ્ય અભિવ્યક્તિ રોકાઈ જતાં વ્યંગ્યાર્થની શોભા ખંડિત થાય છે એવી નોંધ સાથે ગ્રંથકાર જણાવે છેઃ पत्युः शिरश्चन्द्रकला. ( કુમાર સંભવ ૭.૧૯ ) 'इत्यत्र निर्वचमं जघान', 'न किञ्चिदूचे' इति प्रतिषेधमुखेन व्यङ्ग्यस्यार्थस्य उक्त्या किञ्चिद्विषयीकृतत्वात्, गुणीभाव एव शोभते।

પણ અન્યત્ર આનંદનો રોષ કાલિદાસને ઉદ્દેશીને પણ ભભૂકી ઊઠે છેઃ ( ધ્વન્યા. ૩. ૧૪ ) —अनौचित्यादृते नान्यत्. વ. અનૌચિત્યને કારણે થતો રસભંગ સમજાવતાં તેઓ નોંધે છેઃ तस्मादभिनेयार्थेऽनभिनेयार्थे वा काव्ये यदुत्तमप्रकृतेः राजादेरुत्तमप्रकृतिभिर्नायिकाभिः सह ग्राम्य-संभोगवर्णनं तत्पित्रोः संभोगवर्णनमिव सुतरामसभ्यम्। तथैवोत्तमदेवताविषयम्। न च सम्भोगश्रृङ्गारस्य सुरतलक्षण एवैकः प्रकारः यावदन्येऽपि प्रभेदाः परस्परप्रेमदर्शनादयः संभवन्ति,। ते कस्मादुत्तमप्रकृतिविषये न वर्ण्यन्ते ?

પછી આનંદ ઉમેરે છે—यत्त्वेवंविधे विषये महाकवीनामप्यसमीक्ष्यकारिता लक्ष्ये दृश्यते स दोष एव स तु शक्तितिरस्कृतत्वात्तेषां न लक्ष्यत इत्युक्तमेव ।

આમ, સંદર્ભ પલટાતાં આનંદ કાલિદાસની પણ ખબર લઈ નાખે છે. છતાં, વ્યાપક રીતે જોતાં આનંદ કાલિદાસ ઉપર વારી ગયેલા છે એ નિર્વિવાદ છે અને આપણે ઉમેરીશું કે આ કવિ-સહૃદયની જોડી મા સરસ્વતીએ સર્જેલા એક જ સિક્કાની બે બાજુઓની માફક શોભે છે. *

---

* તા. ૩૧-૧૨-૭૮ના રોજ નારેશ્વર મુકામે મળેલા સંસ્કૃત અધ્યાપકોના સંમેલનમાં વાંચેલા લેખ—"Kālidāsa and Ānandavardhana"નો ગુજરાતી અનુવાદ–ત. નાન્દી

# વક્રોક્તિજીવિતમાં વસ્તુવક્રતા*

નરેન્દ્રસિંહ એ. મહીડા

પ્રાચીન ભારતીય કાવ્યશાસ્ત્રાચાર્યોએ તત્સમયાનુરૂપ કાવ્ય વિષયક મતોની સ્થાપના કરવાનો પ્રયાસ કર્યો અને એના સારરૂપ છ કાવ્ય સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. (૧) અલંકાર સંપ્રદાય, (૨) રીતિ સંપ્રદાય, (૩) રસ સંપ્રદાય, (૪) ધ્વનિ સંપ્રદાય, (૫) વક્રોક્તિ સંપ્રદાય, (૬) ઔચિત્ય સંપ્રદાય. આ સંપ્રદાયોના સૂક્ષ્મ અધ્યયનથી કહી શકાય કે ધ્વનિ કાવ્યનો આત્મા છે. એવા મતની સ્થાપના પછી આચાર્યોએ આ મતની અધિકતર પુષ્ટિ કરી છે, પરન્તુ કુન્તકાચાર્યે ધ્વનિ કાવ્યનો આત્મા છે એવા મતને સમર્થન ન આપ્યું અને વક્રોક્તિ જ કાવ્યનો આત્મા છે એમ કહીને છ રીતે વક્રોક્તિનું વિભાજન કર્યું.

પ્રથમ ઉન્મેષની વૃત્તિમાં તેણે સર્વપ્રથમ વક્રોક્તિની પરિભાષા આપી છે. "वक्रोक्तिः प्रसिद्धाभिधात व्यतिरेकिणी विचित्रैवाभिधा। कीदृशी। वैदग्ध्यभंगीभणितिः। वैदग्ध्यं विदग्धभावः कविकर्म कौशलं तस्य भंगी विच्छित्ति तदा भणितिः। विचित्रैवाभिधा वक्रोक्तिरित्युच्यते।" (વ. જી. પૃ. ૫૧)

અર્થાત્ વક્રતા જ વક્રોક્તિ છે, કવિ દ્વારા કથનશૈલી સુન્દર, હૃદય–ચોટ સાધક નીવડતી હોય તેવી ઉક્તિઓવાળું કાવ્ય વક્રતાપૂર્ણ થશે.

'વક્રોક્તિજીવિતમ્'ના ચાર ઉન્મેષોમાં કુન્તકે માત્ર વક્રોક્તિના છ પ્રકારો તથા તેના ઉપભેદોનું વિસ્તારથી વર્ણન કર્યું છે. તથા મંડનાત્મક પદ્ધતિથી આનન્દવર્ધન દ્વારા પ્રદર્શિત ધ્વનિપ્રભેદોનો પણ વક્રતાના પ્રભેદોમાં સમાવેશ કર્યો છે. તદ્ઉપરાન્ત કુન્તકે સર્વપ્રથમ કાવ્ય–નિર્માણમાં કથાવસ્તુ યા વિષયના સૌન્દર્યને જ શ્રેષ્ઠતાનો આધાર માનવાની વાત કરી છે, જે તેમનું નૂતન અને મૌલિક ચિંતન છે કારણ કે વસ્તુવક્રતાને અને તેના સ્વરૂપને તેમણે વિસ્તારથી સમજાવ્યું છે.

'વક્રોક્તિજીવિતમ્'નાં પ્રથમ અને દ્વિતીય ઉન્મેષોમાં એક પ્રખર વૈયાકરણીય દૃષ્ટિથી કુન્તકે કાવ્યના સૌન્દર્યનું આ પ્રમાણે પૃથક્કરણ કર્યું છે. (૧) વર્ણ વિન્યાસ વક્રતા, (૨) પદ પૂર્વાર્ધ વક્રતા અને (૩) પદપરાર્ધ વક્રતા, વક્રતાનું સવિસ્તર વર્ણન કરી વક્રતાની સીમા દર્શાવી છે. પરન્તુ તૃતીય ઉન્મેષમાં પદોના સમન્વયથી બનતાં વાક્ય દ્વારા વક્રતા ક્યારે, કેમ, ક્યાં, અને કેવી રીતે થાય છે, તેનું નિદર્શન કરીને વક્રતાનું સ્વરૂપ નિશ્ચિત કર્યું છે. અર્થાત્ વાક્યવક્રતાને જ વસ્તુવક્રતા માની તેના અન્તર્ગત વાચ્યવક્રતા, અર્થવક્રતા, અર્થાલંકાર વક્રતા અને પદાર્થવક્રતાનો સમાવેશ કરીને કાવ્ય સૌન્દર્યનું સૌથી મહત્વપૂર્ણ અંગ વસ્તુવક્રતા છે એમ ભારપૂર્વક જણાવ્યું છે.

અહીં કેટલીક કારિકાઓ અને વૃત્તિ–અંશોના આધારે વસ્તુવક્રતાને પ્રભેદો સાથે દર્શાવી, કુન્તકના મૌલિક પ્રદાન વિષે ચર્ચા કરીશ.

* ૩૧ ડિસેમ્બર, ૧૯૭૮માં નારેશ્વર જ્ઞાનસત્રમાં વાંચેલ શોધપત્ર.

કોઈપણ કવિની કૃતિ અથવા રચનાની પ્રશંસા તેના વસ્તુસૌન્દર્ય પર આધારિત છે. વર્ણ, પદપૂર્વાર્ધ અને પદપરાર્ધવક્રતાથી ભિન્ન એક વિશિષ્ટ વક્રતા વાક્યમાં હોય છે, કારણ કે કવિ વાક્યમાં વસ્તુ અથવા તથ્યને દર્શાવવાનો પ્રયત્ન કરે છે. આથી જ કુન્તકે તૃતીય ઉન્મેષમાં પ્રારંભની વૃત્તિમાં કહ્યું છે કે—'હું વસ્તુવક્રતાને જ વાચ્યવક્રતા અથવા વાક્યવક્રતા માનું છું. इदानीं वाक्यवक्रता वैचित्र्यमासूत्रयितुं वाच्यस्य वर्णनीयतया प्रस्तावाधिकृतस्य वस्तुनो स्वरूपं निरूपयति। पदार्थावबोधपूर्वकत्वाद् वाक्यार्थवसितेः। (પૃ. ૨૮૩ વ. જી.)

उदारस्वपरिस्पन्दसुन्दरत्वेन वर्णनम्।
वस्तुनो वक्रशब्दैकगोचरत्वेन वक्रता॥ (કા. ૧ ઉન્મેષ ૩ વ. જી.)

ઉપરોક્ત કારિકામાં વસ્તુવક્રતા ક્યાં અને કેવી રીતે હોય છે, તેનો નિર્દેશ કર્યો છે. અર્થાત્ વસ્તુનું જ્યારે ઉત્કૃષ્ટ સ્વભાવથી સુન્દર રૂપમાં શબ્દોમાં વર્ણન હોય, ત્યારે ત્યાં વાચ્ય અર્થ અથવા વસ્તુની વક્રતા જોઈ શકીશું. અહીં આચાર્ય કુન્તકે આનન્દવર્ધન કરતાં, જુદી રીતે વિવેચન કર્યું છે. આનન્દવર્ધને 'ધ્વન્યાલોક'માં રસધ્વનિને કેન્દ્રસ્થાને ગણી વિવેચન કર્યું છે. જ્યારે કુન્તક ઊર્મિવાદી નથી. તેમનું માનવું છે કે કાવ્યમાં જ્યારે કવિની કુશળતાથી વસ્તુનું સૌન્દર્ય વધી જાય ત્યારે તે કાવ્ય શ્રેષ્ઠ ગણી શકાય. ઉપરાંત કુન્તકે કહ્યું છે કે રસપૂર્ણ કથાવસ્તુનું વર્ણન કવિએ અવશ્ય કરવું જોઈએ. આમ તેમણે કવિઓની દૃષ્ટિ સીમાને નવી દૃષ્ટિ આપી અને નિર્દેશ્યું કે કાવ્યમાં જ્યારે સ્વાભાવિક સુંદર પદાર્થ વસ્તુનું વર્ણન મુખ્ય-રૂપે હોય ત્યારે ત્યાં ઉપમા, રૂપક આદિ અર્થાલંકારોનો વારંવાર પ્રયોગ ન કરવો, કારણ કે અર્થાલંકારો વસ્તુના સ્વાભાવિક સૌન્દર્યને હાનિ પહોંચાડે છે. આ જ વસ્તુ તેની વૃત્તિમાં પણ આપણે જોઈ શકીએ છીએ.

"तदिदमुक्तं भवति यदेवंविधे भावस्वभावसौकुमार्यवर्णनप्रस्तावे भूयसा न वाच्यालङ्काराणामुपमादीनामुपयोगयोग्यता सम्भवति, स्वभावसौकुमार्यातिशयम्लानताप्रसङ्गात्। (વ. જી. પૃષ્ઠ ૨૯૪)

આ વૃત્તિ–અંશથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે કુન્તકનું વસ્તુવક્રતાના વિષેનું ચિંતન જેવું તલસ્પર્શી છે, તેવું જ સ્વાભાવિક વસ્તુવર્ણનમાં ઉપમા, રૂપક આદિ અર્થલંકારોના નિષેધમાં પણ આચાર્ય આનન્દવર્ધન જેટલું જ ગહન અને સૂક્ષ્મ ચિંતનહીર, તે દેખાડે છે; કારણ કે આનન્દ-વર્ધને શૃંગાર આદિ કોમળ રસોના સંદર્ભમાં માત્ર યમક આદિ શબ્દાલંકારોનો નિષેધ કર્યો છે,[૧] જ્યારે કુન્તકે સ્વાભાવિક વસ્તુવર્ણનમાં શબ્દાલંકારોને સ્થાન આપ્યું નથી. તેમ જ ઉપમા આદિ અર્થાલંકારોનો અતિશય પ્રયોગ ઈષ્ટ ગણ્યો નથી, કારણ કે તે અલંકારો પણ સ્વભાવે સુન્દર વસ્તુના 'સૌન્દર્ય' (વક્રતા) ને હાનિકર્તા છે એમ તે માને છે. આમ આપણે વસ્તુવક્રતાના પ્રારંભિક ચિંતનમાં જ કુન્તકની મૌલિક વિચાર પરંપરા જોઈ શકીએ છીએ.

કુન્તકનું વસ્તુવક્રતા પરત્વેનું મંતવ્ય એ છે કે વિષય અથવા વસ્તુનું સૌન્દર્ય સહૃદયવાચકને રુચે તેવું હોવું જોઈએ. તે વસ્તુનું સૌન્દર્ય અભિધા, લક્ષણા કે વ્યંજના કોઈપણ વ્યાપારથી સહૃદયના ચિત્ત સુધી પહોંચે તેને કુન્તક મહત્ત્વ નથી આપતા. તેમ વ્યાપારક્રમનું પણ મહત્ત્વ

૧–કારિકા ૧૫ ઉદ્યોત બીજો ધ્વન્યાલોક.

સ્વીકારતા નથી. (વ. જી. પૃ–૨૯૪) આ સન્દર્ભમાં કુન્તકની દૃષ્ટિ વસ્તુપરક હતી છતાં પણ તેઓ સ–રસ વસ્તુ વક્રતાપૂર્ણ હોવી જોઈએ એમ માને છે. અહીં કુન્તકનું મુખ્ય સૂચન એ છે કે પ્રત્યેક કવિએ વસ્તુને મહત્તા આપીને કાવ્ય સ–રસ બનાવવું જોઈએ. વસ્તુવક્રતાના બે ભેદોને નામસહિત વૃત્તિમાં આપીને કારિકા દ્વારા તેનું કુન્તકે વિશ્લેષણ કર્યું છે—" सैषा सहजाहार्य भेदभिन्ना वर्णनीयस्य वस्तुनो द्विप्रकारस्य वक्रता " (વ. જી. વૃત્તિ પૃષ્ઠ ૩૦૭).

" अपरा सहजाहार्यकविकौशलशालिनी ।
निर्मितिर्नूतनोल्लेखलोकातिक्रान्तगोचरा ॥ " (કારિકા ૨ ઉન્મેષ ૩ વ. જી.)

**(૧) સહજા વસ્તુવક્રતા**

આ કારિકામાં કુન્તકે કવિના સ્વભાવના આધારે કાવ્ય વસ્તુની (વસ્તુ) વક્રતાના બે રીતે ભેદ પાડયા છે. કવિ દ્વારા અનાયાસ (સહજ) પૂર્વજન્મના સંસ્કારોને આધારે જ્યારે કાવ્યમાં સ્વાભાવિક વસ્તુનું વર્ણન કરવામાં આવે ત્યારે તેને સહજા વસ્તુવક્રતા કહી છે, જો કે તે વર્ણન હમેશાં સ્વભાવિક રીતે જ સુન્દર હોય છે એમ તેઓ માને છે અને તેનું દૃષ્ટાન્ત 'કુમારસંભવ' ના સર્ગ–૭, શ્લોક–૧૩માં જોવા મળે છે. કુન્તક કહે છે કે ત્યાં સ્વાભાવિક વસ્તુનું સુન્દર વર્ણન થયું છે.

**(૨) આહાર્યા વસ્તુવક્રતા**—કવિ જ્યારે કાવ્ય રચતાં પહેલાં પોતાની પૂર્વેના કાવ્ય અને શાસ્ત્રોનું સૂક્ષ્મ અધ્યયન કરી કાવ્યનિર્માણ કરે ત્યારે તેને આહાર્યા વસ્તુવક્રતા કહી છે. આચાર્ય કુન્તકે આ પ્રકારમાં કવિના કૌશલને જ કાવ્ય કહી કવિને પ્રથમવાર સર્વાધિક મહત્ત્વ પ્રદાન કર્યું છે. તેમ છતાં આહાર્યા વસ્તુવક્રતામાં અર્થ, અર્થાલંકારો, વાકયવક્રતા અને વાચ્ય વક્રતાનો સમાવેશ કર્યો છે. અર્થાત્ કુન્તકાચાર્યે પોતાના પૂર્વાચાર્યો દ્વારા પ્રદર્શિત અલંકારોના વિસ્તારનું વસ્તુવક્રતાના સન્દર્ભમાં પુનઃ મૂલ્યાંકન કર્યું છે, અને અલંકારોની વધતી જતી સીમાઓની હદ બાંધવાનો યત્ન કર્યો છે. આ કુન્તકનું તૃતીય પ્રદાન કહી શકાય.

કુન્તક આહાર્યા વસ્તુવક્રતાને અર્થાલંકારોની વક્રતા જ માને છે—" तदेवमाहार्या येयं सा प्रस्तुत विच्छित्ति विधाऽप्यलङ्कार व्यतिरेकेण नान्याकाचिदुपपद्यते । " (વ. જી. વૃત્તિ પૃષ્ઠ ૩૦૭) અર્થાત્ કુન્તકના મતે અર્થાલંકારો હંમેશાં કાવ્યવસ્તુની શોભાને અધિક સુન્દર બનાવે છે. મતલબ સહજા વસ્તુવક્રતાથી ભિન્ન આહાર્યા વસ્તુવક્રતામાં કવિ અર્થાલંકારોના પ્રયોગથી જે ચમત્કાર સર્જે છે તે વસ્તુમાં વિશિષ્ટ સૌન્દર્યનું અવધાન કરે છે. પરન્તુ આહાર્યા વસ્તુવક્રતામાંથી અલંકારો દ્વારા નિષ્પન્ન સૌન્દર્ય અને કવિની કલ્પનાઓને અલગ કરીએ તો કાવ્યવસ્તુ શુષ્ક અને નીરસ બની જવાથી લોકભોગ્ય કે સહૃદયશ્લાઘ્ય નહીં બને એ સ્પષ્ટ છે. આમ અલંકાર હંમેશાં વસ્તુની શોભા વધારે છે. તેથી તેને પણ વસ્તુવક્રતાના પ્રભેદોમાં કુન્તકાચાર્યે સ્થાન આપ્યું છે. વાકય અથવા વસ્તુની શોભા વધારતા અલંકારોના પ્રભેદ કુન્તક આ પ્રમાણે દર્શાવે છે :—

वाक्यस्य वक्रभावोऽन्यो यः भिद्यते सहस्रधा ।
यत्राऽप्यलङ्कारवर्गोऽसौ सर्वोऽप्यन्तर्भविष्यति ॥ (શ્લોક ૨૦, ઉન્મેષ ૩, વ. જી.)

આ અન્તર શ્લોક દ્વારા જ તેમના મતનું સ્પષ્ટીકરણ થાય છે. કારણ કે કારિકા અને વૃત્તિમાં કહેવાયેલ તથ્યનો સાર જ ગૂઢ રૂપમાં આ શ્લોકમાં કહેવાયો છે. આમ કાવ્યમાં કથાવસ્તુ

વક્રતાપૂર્ણ હોય તેને કુન્તક અતિ આવશ્યક માને છે. માટે જ કવિઓએ કાવ્યમાં વસ્તુને સૌન્દર્યપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ એવો સ્પષ્ટ મત ઉચ્ચારે છે.

આ રીતે કુન્તકની દૃષ્ટિએ કાવ્યમાં કથાવસ્તુ વક્રત્વપૂર્ણ હોય તે જ કાવ્યસૌન્દર્યનો માપદંડ છે. કાવ્યનું સૌન્દર્ય વસ્તુ સૌન્દર્ય પર જ આધારિત છે એપણ કુન્તકનું મૌલિક ચિન્તન છે. વાક્યની વસ્તુ અથવા પ્રબન્ધની વસ્તુ બંને વક્રતાપૂર્ણ હોય, તે કાવ્યની પ્રસિદ્ધિ માટે અતિ આવશ્યક છે, અર્થાત્ કવિ હંમેશાં સુન્દર વિષયનું જ ચયન પોતાના કાવ્ય માટે કરે છે.

વસ્તુવક્રતાના વિશેષ પ્રભેદો સહિતની વ્યાખ્યા કર્યા પછી કુન્તક નવા કવિઓના માર્ગ નિદર્શન માટે કથાવસ્તુના સ્વરૂપ અથવા કાવ્ય વિષય( વસ્તુ )ના સ્વરૂપનું વિભાજન પણ કરી આપે છે.

## વસ્તુ સ્વરૂપ વિભાજન :—

સર્વ પ્રથમ ચેતન અને અચેતન બે ભેદોમાં સ્વરૂપને વિભાજિત કર્યા પછી ચેતન વસ્તુમાં પણ મુખ્ય ચેતન અને ગૌણ ચેતન એવું પેટા-વિભાજન કરે છે. તેથી જ તૃતીય ઉન્મેષ, કારિકા ૫–૬માં તે સ્પષ્ટપણે કહે છે:—

" चेतनानां जडानां च स्वरूपं द्विविधं स्मृतम् ॥
तत्र पूर्वं प्रकाराभ्यां द्वाभ्यामेव विभिद्यते ।
सुरादिसिंहप्रभृतिप्राधान्येतरयोगतः ॥ " (વ. જી કારિકા ૫, ૬ તૃ. ઉન્મેષ)

કાવ્યમાં વર્ણવાયેલ વિષયવસ્તુનું સ્વરૂપ બે રીતનું હોય છે. (૧) ચેતન વસ્તુ, (૨) અચેતન વસ્તુ. આ બંને હંમેશાં નવીન અને ઔચિત્યપૂર્ણ હોય છે. આ બંનેમાંથી ચેતનના પણ બે પ્રકાર બતાવ્યા છે :—

### (૧) મુખ્ય ચેતન

દેવતા, અસુર, ગન્ધર્વ, સિદ્ધ, વિદ્યાધર, રાજા અને બ્રાહ્મણ વગેરેને પ્રાધાન્ય આપી કવિએ કાવ્યરચના કરવી જોઈએ એમ કુન્તક કહે છે તો

### (૨) ગૌણ ચેતન

સિંહ, પશુ, પક્ષી, આદિ સર્વ પ્રાણીઓનું વર્ણન પણ કાવ્યવસ્તુ આકર્ષક બનાવવા ગૌણરૂપે કૃતિમાં કવિએ વર્ણવવું જોઈએ એવું નીચેની કારિકાથી સ્પષ્ટ થાય છે :—

" मुख्यमक्लिष्टरत्यादिपरिपोषमनोहरम् ।
स्वजात्युजितहेवाकसमुल्लेखोज्ज्वलं परम् ॥ " (કા. ૭, ઉ. ૩, વ. જી.)

અર્થાત્ મહાકવિઓનો કાવ્ય-વિષય હંમેશાં મુખ્ય ચેતન અર્થાત્ દેવ, રાજા આદિના સુન્દર રતિ, ઉત્સાહ આદિભાવોથી યુક્ત મનોહર હોવો જોઈએ. આ જ સાચા કવિઓનો વર્ણન વિષય હોય છે ( सत्कवीनां वर्णनास्पदं भवति ) આમ કુન્તકે વિષયના સ્વરૂપનું વિભાજન એક નવી જ દૃષ્ટિથી કર્યું છે. દેવ, રાજા આદિનું ઉત્તમ વર્ણન તેમની રતિ, ઉત્સાહ આદિ ચિત્તવૃત્તિથી સુન્દર અને કાવ્યક્ષમ બને છે. કુન્તકે કારિકામાં વસ્તુની સાથે રસને પણ બહુ કુશળતાથી

સંધાન્યો (જોડી દીધો) છે. આનન્દવર્ધન દ્વારા પ્રતિપાદિત રસધ્વનિનો પણ કુન્તકે વસ્તુવક્રતામાં જ સમાવેશ કરી દીધો છે અને ચેતન તથા અચેતન બંને પદાર્થોને રસોદ્દીપનના હંમેશના સહાયક માની, યોગ્ય રીતે જ તેની રચના કાવ્યમાં અપેક્ષિત છે એવું કારિકામાં સ્પષ્ટ કહ્યું છે:—

रसोद्दीपनसामर्थ्यविनिबन्धनबन्धुरम् ।
चेतनानाममुख्यानां जडानां चापि भूयसा ॥ (કા. ૮, ઉ. ૩, વ. જી.)

કવિએ વિષયના સ્વરૂપનું ચયન કર્યા પછી કાવ્ય નિર્માણ પૂર્વે મુખ્ય ચેતન, અમુખ્ય ચેતન તથા જડ વસ્તુને પણ સ્થાન આપીને તેનું ઉદ્દીપક વિભાવોના રૂપમાં સંયોજન કરી કાવ્યનિર્માણ કરવું, જેથી કાવ્યવસ્તુ રસસમન્વિત બની રહે અને આવા સરસ વસ્તુવાળું કાવ્ય કવિની કીર્તિનો ઇત્રિગુણ બની રહેશે. આમ કુન્તક ઉપર નિર્દિષ્ટ કાવ્ય વિષયથી ભિન્ન વસ્તુઓને વર્ણનનો વિષય બતાવવાનો નિષેધ કરે છે, કારણ કે આ વિષયોથી ભિન્ન કોઈ વિષય કાવ્ય માટેનો વિષય બની જાય તો પણ તે કાવ્ય કદી (સહૃદયશ્લાઘ્ય) રમણીય થાય નહીં કે રમણીયતાનો અનુભવ પણ કરાવી શકે નહિ.

" शरीरमिदमर्थस्य रामणीयकनिर्भरम् ।
उपादेयतया ज्ञेयं कवीनां वर्णनास्पदम् ॥ " (કા. ૯, ઉ. ૩, વ. જી)

કુન્તકના આ કથનાનુસાર કાવ્યનું વિષયવસ્તુ હંમેશા રમણીયતાપૂર્ણ હોય તો જ તે કાવ્ય-વિષય બનવાની ક્ષમતાવાળું વસ્તુ છે તેમ માનવું, અન્યથા નહિ. આ ધારણાને આધારે જ તેણે રસને વસ્તુના સૌન્દર્યના પરિપોષક સ્થાન પર સ્થાપિત કર્યો છે. આ પણ કુન્તકાચાર્યનું એક નવીન મૌલિક ચિંતન છે.

નિષ્કર્ષરૂપે આપણે કહી શકીએ કે કુન્તકના પહેલાં કાવ્યશાસ્ત્રમાં વસ્તુનું આવું સૂક્ષ્મ, તલાવગાહી, સ્પષ્ટ વિવેચન કદી થયું નથી. તેમ વસ્તુસૌન્દર્યનિરૂપણ અને સ્વરૂપવિભાજન પરત્વે કોઈ આચાર્યે આવું પૃથકકરણાત્મક વિવેચન કર્યું નથી. જડ પદાર્થ અને અમુખ્ય ચેતનને ઉદ્દીપક તત્ત્વના રૂપમાં સૌ પ્રથમ વસ્તુના સંદર્ભે રાખી કુન્તકે નવીન કવિઓને માર્ગ–નિર્દેશન કરી સાચા કાવ્યનિર્માણનો હેતુ દર્શાવ્યો છે. તેમ જ ધ્વનિકારના રસધ્વનિને પણ કાવ્યમાં વિષય-વસ્તુના પોષકરૂપ માન્યો છે, અને સ–રસ વસ્તુને કાવ્યની શ્રેષ્ઠતાનો માપદંડ માની તેમણે ધ્વનિકાર દ્વારા કથિત (૧) વસ્તુધ્વનિ, (૨) અલંકારધ્વનિ અને (૩) રસધ્વનિ ત્રણેયનો સમાવેશ વસ્તુવક્રતામાં કર્યો છે, જે તેમનું નૂતન અને મૌલિક પ્રદાન છે તથા સૂક્ષ્મ ચિંતન–શૈલીનું સૂચક છે.

। इति शम् ।

સંદર્ભ ગ્રંથસૂચિ :

(૧) વક્રોક્તિજીવિતમ્–કુન્તક, પ્રકાશક : આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી. (૧૯૫૫)
(૨) ધ્વન્યાલોક-આનન્દવર્ધન, પ્રકાશક : આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી. (૧૯૫૨-અગસ્ત)

# જયંત ભટ્ટ અને તેની
# કાવ્યપ્રકાશની દીપિકા ટીકા[1]

ભક્તિનાથ ગિ. શુકલ

સંસ્કૃત સાહિત્યમાં, વિશેષત: અલંકારશાસ્ત્રમાં કાવ્યપ્રકાશ ગ્રંથ અનોખું સ્થાન ધરાવે છે. તેની રચનાના લગભગ ૫૦ વર્ષ પછી (ઈ. સ. ૧૧૫૮), ગુજરાતના પાટનગર અણહિલપત્તનમાં તેની હસ્તપ્રત લખાઈ છે. કાશ્મીરમાં રચાયેલા ગ્રંથની આટલા અલ્પ સમયમાં, ગુજરાતમાં હસ્તપ્રત થાય, એ તે યુગ માટે વિશિષ્ટ કહેવાય, પરંતુ આ હકિકત, કાવ્યપ્રકાશની પ્રતિષ્ઠા સૂચવવા પૂરતી છે.

આચાર્ય હેમચન્દ્રે, પોતાના કાવ્યાનુશાસનમાં, આ ગ્રંથનો વિવેચક દષ્ટિથી ઉપયોગ કર્યો છે. મમ્મટ પછીના અલંકારશાસ્ત્રના પંડિતોમાં કાવ્યપ્રકાશ ગ્રંથ અધ્યયન–અધ્યયનનું આદરણીય સ્થાન પામ્યો હતો. તેના ઉપરની ટીકાઓનો પ્રારંભ, સમકાલીન કહેવાય તેવા (ઈ. સ. ૧૧૩૫-૬૦) રાજાનક રુચક કે રુય્યકથી થાય છે. આ ટીકા રચવાની પરંપરા, પંડિત વામનાચાર્ય ઝળકીકરની ટીકા સુધી ચાલુ રહી છે. આથી જ એમ કહેવામાં આવ્યું છે કે:—

काव्यप्रकाशस्य कृता गृहे गृहे टीका तथाप्येष तथैव–दुर्गमः ।
सुखेन विज्ञातुमिमं य ईहते धीरः स एतां निपुणं–विलोकताम् ॥[2]

કાવ્યપ્રકાશની પ્રાચીન ટીકાઓમાં, રુચકની સંકેત, માણિક્યચંદ્રની સંકેત, સોમેશ્વરની કાવ્યાદર્શ-સંકેત, નરહરિ સરસ્વતીતીર્થની બાલચિત્તાનુરંજની ટીકા અને શ્રીધરની વિવેક ટીકા મુખ્ય છે. આ બધી ટીકાઓ પછી, સમયની દષ્ટિએ, જયંત ભટ્ટની જયંતી ટીકા અથવા દીપિકા ટીકા આવે છે.

સંસ્કૃત સાહિત્યમાં, જયંત ભટ્ટ કાવ્યપ્રકાશના પ્રાચીન ટીકાકાર તરીકે ગુજરાતને પણ સ્થાન અપાવે છે. આ જયંત ભટ્ટ વિષે મળતી વિગતો તેમણે રચેલી દીપિકા ટીકામાંથી જ પ્રાપ્ત થાય છે. આ ટીકાનું અન્ય નામ જયંતી છે, જે તેના કર્તાના નામ પરથી પડયું હોય એમ લાગે છે. કાવ્યપ્રકાશની આ એક જ એવી ટીકા છે કે, જેનો તે પછીના ટીકાકારે નામ સાથે વિપુલ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે, જે આ પ્રમાણે જોવા મળે છે:—

जयन्तीमुख्यटीकाभ्यः सारमाश्रित्य यत्नतः ।
निर्मितः रत्नकण्ठेन टीका सारसमुच्चयः ॥

---

૧ નારેશ્વર મુકામે તા. ૩૦–૩૧ ડિસેમ્બર '૭૮ના રોજ યોજાયેલ, ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના છઠ્ઠા અધિવેશનમાં રજૂ થયેલો લેખ.

૨ Kane P. V., History of Sanskrit Poetics, 1961, Foot-note on p. 275

इति श्रीविपश्चिच्चक्रवर्ति–श्रीमम्मटाचार्यविरचिते काव्यालङ्काररहस्यनिबन्धे काव्यप्रकाशे पण्डितभट्ट-श्रीजयन्तविरचितटीकायां बहूटीकाकारव्याख्यासारसहितायां काव्यप्रयोजनकारणेस्वरूपभेदनिर्णयो नाम प्रथम उल्लासः।[३]

ગ્રન્થના પ્રારંભમાં જયંત ભટ્ટ, પોતાના પિતાનો નામોલ્લેખ આ પ્રમાણે કરે છે:

इयं काव्यप्रकाशस्य दीपिका सुमनोहरा।
विरच्यते जयन्तेन श्रीभरद्वाजसूनुना॥[४]

ગ્રન્થના અન્તભાગમાં પિતાનું નામ સૂચવતો શ્લોક આ પ્રમાણે છે:—

श्रीमद्भरद्वाजपदाम्बुजीय प्रसादतो ग्रन्थरहस्यमेतत्।
विज्ञाय किञ्चित् कृतवान् जयन्तः तत्र प्रमाणं सुधियां वितर्कः॥[५]

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, જયંતના પિતાનું નામ ભરદ્વાજ હતું, છતાં ટીકાનાં અંત ભાગમાં "श्रीमद्भारद्वाजस्याङ्गभुवा पुरोहितश्रीजयन्तभट्टेन........विरचितेयं काव्यप्रकाश-दीपिका।"[૬] આમ નોંધી, પિતાનું નામ ભારદ્વાજ ગણાવે છે.

આ ઉપરથી એમ કહી શકાય કે જયંત ભટ્ટના પિતા વિષે, બે નામો—ભરદ્વાજ અને ભારદ્વાજ એવો નિર્દેશ મળે છે. ભારદ્વાજ નામ લઈએ તો તેઓ ભરદ્વાજ ગોત્રનાં હતાં એમ ફલિત કરી શકાય. જ્યારે ભરદ્વાજ તો વિશેષ નામ તરીકે લઈ શકાય. કદાચ ભરદ્વાજ અને ભારદ્વાજમાં લહિયાની શરતચૂક હોય, પણ અહીં એક શંકા થાય છે કે જયંત ભટ્ટ પોતાનું ગોત્ર જણાવતો નથી. આથી આદિ અને અંતમાં, પોતાના પિતાના વિશેષ નામનો ઉલ્લેખ કરી, પુષ્પિકામાં તેણે પોતાના ગોત્ર ભરદ્વાજનો ઉલ્લેખ, પિતાનું નામ ભારદ્વાજ આપી કર્યો હોય. આ શંકાનું કારણ, સોમેશ્વર અને જયંત ભટ્ટની ટીકામાં મળી આવતાં સમાન પરિચ્છેદો છે. સોમેશ્વર પણ ટીકાના અંતભાગમાં:—

भरद्वाजकुलोत्तंसभट्टदेवकसूनुना।
सोमेश्वरेण रचितः काव्यादर्शः सुमेधसा॥[૭]

ભરદ્વાજ કુળમાં પોતે ઉત્પન્ન થયેલ છે એમ જણાવે છે. આમ સોમેશ્વર અને જયંત વચ્ચે કાંઈક સંબંધ સંભવી શકે? અસ્તુ.

જયંત ભટ્ટના પિતા ભરદ્વાજ, મહામાત્યના પુરોહિત હતા એમ જોવા મળે છે. ટીકાની

---

૩ રત્નકંઠ, સારસમુચ્ચયટીકાની હસ્તપ્રત, નં. ૧૯૨, ૧૮૮૩–૮૪ ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ, પૂના, પત્ર ૩.

૪ શુકલ ભક્તિનાથ, "જયંત ભટ્ટની દીપિકા–ટીકા અધ્યયન અને સંપાદન (અપ્રકાશિત શોધપ્રબંધ", ૧૯૭૪, પૃ. ૨૯૩.

૫ એજન., પૃ. ૬૩૯

૬ એજન., પૃ. ૬૩૯

૭ પરીખ, આર. સી., "સોમેશ્વર—કાવ્યાદર્શસંકેત ટીકા," ભાગ ૧, ૧૯૫૯, પૃ. ૩૫૨.

પુષ્પિકામાં સારંગદેવનું નામ મળતું હોવાથી આ મહામાત્ય સારંગદેવનો જ હશે એમ કહી શકાય. સારંગદેવનો સમય, ઈ. સ. ૧૨૭૫ થી ઈ. સ. ૧૨૯૬ છે. તેના સમયમાં માલદેવ, કાન્હ, મધુસૂદન, વાધૂય એવા ચાર મહામાત્યો થયા હતા. જયંત ભટ્ટના પિતા કયા મહામાત્યના પુરોહિત હતા તેનો નામોલ્લેખ દીપિકામાં મળતો નથી, પણ તે ટીકાની પુષ્પિકામાં દીપિકાની રચના પૂર્ણ થયાનો સમય સં. ૧૩૫૦ (ઈ. સ. ૧૨૯૪) લખેલ છે. આ સમયમાં, સારંગદેવના મહામાત્ય વાધૂય હતા, તે આબુમાં આવેલા વિમલવસહિના લેખમાંથી સ્પષ્ટ થાય છે.

જયંત ભટ્ટના કુટુમ્બ વિષે બીજી કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી. જયંત ભટ્ટે, આ ટીકામાં તેમના પિતાની વિદ્વત્તાની પ્રશંસા કરી છે. ટીકાના પ્રારંભમાં તે લખે છે કે :—

"वाग्देवी सततं यस्य सेवते वदनाम्बुजम्।
जयति श्रीभरद्वाजः स विद्वन्मौलिमण्डनः॥"[८]

"જેમનાં વદનકમળને સરસ્વતી સતત સેવે છે, એવા તે વિદ્વજ્જનમૌલિમંડન શ્રી ભરદ્વાજનો ઉત્કર્ષ થાઓ."

તેમના પિતાનું વિવિધ વિદ્યાઓનું પાંડિત્ય આ ટીકાની પુષ્પિકામાં જોવા મળે છે :—

"साहित्यविद्याबिसिनीविकासनैकविभाकरस्य सकलालङ्कारविवेकचतुरमानसमानसराजहंसस्य षड्दर्शनपारावारपोतायमान-अवान्तरप्रतिभानिमज्जनैकमहापोतस्य निखिलपुराणपुराणीकृतमार्गेतरविद्वज्जनमनोज्ञानमहान्धकारसंहारसहस्रकरस्य श्रुतिस्मृतिमहार्थविभ्रान्तविश्रान्तविद्वज्जनमनोज्ञानतिमिरपरिहारचन्द्रोदयस्य श्रीमद्गुर्जरमण्डलेशमुकुटालङ्काररत्नप्रभापरिचुम्बनबहुलीकृतचरणनखकिरणस्य......।[९]

"તે સાહિત્યવિદ્યારૂપી કમલિનીના વિકાસ કરતા સૂર્ય, સર્વ આલંકારિક જ્ઞાન (વિવેક)માં ચતુર મનવાળા માનસ સરોવરના રાજહંસ, ષડ્દર્શનરૂપી સમુદ્રમાં વહાણની ગરજ સારતા; અવાન્તર પ્રતિભા જેની અંદર નિમજ્જન પામી છે તેવા અદ્વિતીય મહાપોત (મોટા વહાણ), સર્વ પુરાણોએ પ્રચલિત કરેલા માર્ગથી, ઇતર માર્ગે ગયેલા વિદ્વજ્જનોના માનસિક અજ્ઞાન રૂપી મહાન્ધકારનો સંહાર કરવામાં સૂર્ય, શ્રુતિસ્મૃતિના મહાર્થોમાં ભ્રાન્તિથા થાકી ગયેલા વિદ્વાનોના મનના અજ્ઞાનરૂપી તિમિરનો પરિહાર કરવામાં ચંદ્રોદય,......" એવા તેમને કહ્યાં છે. વળી આવી પ્રકાંડ વિદ્વત્તા હોવાથી ગુર્જરમંડલેશ તેમના ચરણકમળમાં, પોતાનું મસ્તક નમાવતા હતા એવી માહિતી પણ જોવા મળે છે.

આમ જયંત ભટ્ટના પિતા, ભરદ્વાજ વિવિધ વિદ્યાઓમાં નિષ્ણાત હતા એમ સ્પષ્ટ જોઈ શકાય છે.

**પિતા પાસે કાવ્યશાસ્ત્રનું અધ્યયન :—**

જયંત ભટ્ટે કાવ્યપ્રકાશનું અધ્યયન પિતા પાસે કર્યું હતું. ગ્રન્થના આદિભાગમાં તે આ પ્રમાણે જણાવે છે :—

---

૮ શુક્લ, ભક્તિનાથ, જયંત ભટ્ટની દીપિકા ટીકા—અધ્યયન અને સંપાદન (અપ્રકાશિત શોધ પ્રબંધ), ૧૯૭૪, પૃ. ૨૯૩

૯ એજન., પૃ. ૬૩૯

"प्रारब्ध एवात्र मया प्रयासः स्वतातपादाम्बुजयोः प्रसादात् ।"[૧૦]

"મારા પિતાના ચરણુકમળના પ્રસાદથી મેં આ પ્રયાસ આરંભ્યો છે."

અંતભાગમાં, તે જણાવે છે કે:—

"श्रीमद्भरद्वाजपदाम्बुजीय प्रसादतो ग्रन्थरहस्यमेतत् ।
विज्ञाय किञ्चित् कृतवान् जयन्तः तत्र प्रमाणं सुधियां वितर्कः ॥"[૧૧]

શ્રીમદ્‌ભરદ્વાજના ચરણુકમળની કૃપાથી, કાવ્યપ્રકાશ(ગ્રન્થ)નું આ રહસ્ય જાણીને, જયંતે કાંઈક (આ ટીકા) કર્યું. અર્થાત્ આ દીપિકા ટીકાની રચના કરી, તેમાં બુદ્ધિશાળી પંડિતોનું વિવેચન પ્રમાણ છે.

**જયંત ભટ્ટની અન્ય કૃતિઓ :—**

જયંત ભટ્ટે પિતા પાસે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરી, કાવ્યપ્રકાશની દીપિકા ટીકા રચી. તેમણે રચેલાં અન્ય ગ્રન્થો વિષે સ્પષ્ટ નિર્દેશ કોઈ પણ સ્થળે મળતો નથી; પરંતુ તેમણે રચેલી આ ટીકામાં જ; અન્ય બે ગ્રન્થોનો નિર્દેશ મળી આવે છે.

દીપિકા ટીકામાં, બીજા ઉલ્લાસમાં, પરમાણુંના વિવેચનમાં "સામાન્ય" સમજાવતાં તે નોંધે છે કે :—

"परं स्यादपरं चेति सामान्यस्य द्वयी गतिः ।
न परापरभावः स्यात् पृथिवीत्वादिना सह ॥
परमाणुत्वस्य यदि पृथिवीत्वं परं भवेत् ।
परमाणुत्वमपरं तदाप्येष्वपि जायते ॥
परमाणुपृथिवीत्वमपरस्य परेण तु ।
व्याप्यत्वं व्यत्ययश्चेत् स्यात्सर्वापि पृथिवी तदा ॥"[૧૨]

સામાન્ય બે પ્રકારનું છે: (૧) પર, (૨) અપર. આમ તેમણે ન્યાયશાસ્ત્રનાં તત્વો સમજાવતું કોઈ પુસ્તક રચ્યું હોય એવો આ નિર્દેશ છે.

ટીકામાં, ૭મા ઉલ્લાસમાં; દોષ પ્રકરણુમાં બે સ્થળે, તે સ્વકીય પુસ્તકનો ઉલ્લેખ કરે છે. (૧) ભગ્નપ્રક્રમત્વ સમજાવતાં, તે આ પ્રમાણે નોંધે છે:—

"भग्ने द्वे प्रक्रमे तावत् प्रतिपत्तास्खलन्मतिः ।
अतस्त्वनौचिति सा हि रसभङ्गस्य कारणम् ॥"[૧૩]

આમ રસભંગના કારણુ તરીકે આ દોષને સમજાવે છે. આ જ ઉલ્લાસમાં અનુકરણુનો દોષ કેટલેક સ્થળે થતો નથી, તે સમજાવતો આ નિર્દેશ મળી આવે છે.

---

૧૦ એજન., પૃ. ૨૯૩
૧૧ એજન., પૃ. ૬૩૯
૧૨ એજન., પૃ. ૩૧૧
૧૩ એજન., પૃ. ૪૨૭

"एकेन पूर्वमुक्तं यदपरेण तथैव तत् ।
पश्चादुच्यते सा ज्ञेया निर्दोषानुकृतिबुधैः ॥ "[१४]

આમ, એકે પહેલાં કહ્યું હોય અને બીજો તે જ પ્રમાણે કહે, છતાં કૃતિ નિર્દોષ બને છે. આમ કાવ્યના દોષોને લગતું અન્ય પુસ્તક પણ તેમણે સ્વતંત્ર રૂપમાં રચ્યું હશે. આજે તો આ સંદર્ભો સાથેની કાવ્યપ્રકાશની દીપિકા ટીકા સિવાય જયંત ભટ્ટનો અન્ય ગ્રંથ મળી આવ્યો નથી.

**જયંતનું પાંડિત્ય :—**

જયંત ભટ્ટની વિદ્વત્તા, આ ટીકામાં સ્થળે સ્થળે દેખાય છે. કાવ્યશાસ્ત્રનું જ્ઞાન તપાસતાં, ભરતથી શરૂ કરી ભોજરાજ સુધીના આલંકારિકોનાં ગ્રંથોનાં સંદર્ભો તે આ ટીકામાં રજૂ કરે છે; જેમકે ચોથા ઉલ્લાસમાં, ભરત, અભિનવભારતી વ.ના સંદર્ભો જોવા મળે છે. ધ્વન્યાલોકનાં સંદર્ભો તો પ્રથમથી દશમ ઉલ્લાસ પર્યન્ત, યત્ર તત્ર જોવા મળે છે. તદુપરાન્ત નવમા તેમજ દશમા ઉલ્લાસમાં ભામહ, ઉદ્ભટ, વામન, રુદ્રટ આદિના સંદર્ભો પ્રાપ્ત થાય છે. ચોથા ઉલ્લાસમાં, દશરૂપકનો સંદર્ભ તેમજ પાંચમા ઉલ્લાસમાં વ્યક્તિવિવેકનો સંદર્ભ જોવા મળે છે.

અલંકારોનાં વિવેચનમાં, અલંકારસર્વસ્વ તથા સરસ્વતી કંઠાભરણના નિર્દેશો જોવા મળે છે. વ્યાકરણશાસ્ત્રનું જયંતનું જ્ઞાન સૂચવતાં પાણિનિનાં સૂત્રો, તેની ટીકામાંથી પ્રાપ્ત થાય છે. વાક્યપદીયનો સંદર્ભ, બીજા ઉલ્લાસમાં જોવા મળે છે; તેમાં શબ્દવ્યાપારની ચર્ચામાં, મુકુલ ભટ્ટની અભિધાવૃત્તિમાતૃકામાંથી કારિકા અને વૃત્તિ તેમજ દૃષ્ટાન્તો પણ જોવા મળે છે.

જયંત ભટ્ટનું વૈશેષિક દર્શનનું જ્ઞાન બીજા ઉલ્લાસમાં, તથા ન્યાયનું પાંડિત્ય પાંચમા તેમજ દશમા ઉલ્લાસમાં જોઈ શકાય છે. ભાસર્વજ્ઞના ન્યાયસારનો સંદર્ભ, પાંચમા ઉલ્લાસમાં છે. વળી નિરુક્તનો સંદર્ભ પણ તે બીજા ઉલ્લાસમાં જણાવે છે; જે તેને વેદાંગનો પરિચય હશે તેમ માનવા પ્રેરે છે. પૌરોહિત્યના વ્યવસાય સાથે, આ સંદર્ભનો સંબંધ હોય તેમ ઠીક લાગે છે.

ટીકાના પ્રથમ ઉલ્લાસમાં, વાયુ અને મત્સ્યપુરાણનાં સંદર્ભો જોવા મળે છે. કાશ્મીરના પ્રત્યભિજ્ઞાદર્શનનું તેનું પાંડિત્ય, ટીકાની શરૂઆતમાં જોવા મળે છે. અહીં તે પ્રત્યભિજ્ઞાદર્શનનાં ૩૬ તત્ત્વો સમજાવતી કારિકાઓ નોંધે છે.

ઉપરનાં તથ્યોથી એ સ્પષ્ટ થાય છે કે, જયંત ભટ્ટ તેના પિતાની જેમ, વિવિધ શાસ્ત્રોનાં પંડિત હતા, એટલું જ ન હતું, તેમણે ન્યાય–વૈશેષિક અને અલંકારશાસ્ત્રનાં સ્વતંત્ર ગ્રન્થો રચ્યાં હોય એમ પણ જણાય છે.

**દીપિકા ટીકા :—**

આ ટીકાનો પ્રારંભ, વિઘ્નવિનાશક ગણપતિની સ્તુતિથી થાય છે. ગણપતિની મહત્તા સૂચવતા આ શ્લોકમાં તેમની ઉપાસના, બુદ્ધિ વ. પરિચારિકાઓ કરે છે એમ જણાવ્યું છે.

---

૧૪ એજન., પૃ. ૪૪૩

ઈન્દ્ર વ. દેવો પણ આ ઉપાસના કરે છે. બુદ્ધિ, ગણપતિની પત્ની તરીકે જો ગણીએ, તો તેનો પરિચારિકાના રૂપમાં ઉલ્લેખ આશ્ચર્યસૂચક કહેવાય.

આ ટીકા, મૂળગ્રન્થને વિશદ્ રીતે સમજાવે છે. કેટલાક ટીકાકારો, મૂળને સમજાવતાં, પોતે સમજવામાં વધારે ક્લિષ્ટ થઈ પડે છે. આ દોષ દીપિકા ટીકામાં નથી.

આ ટીકામાં, મૂળના મતને યોગ્ય રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે; જેમકે મૂળગ્રન્થના ૭માં ઉલ્લાસમાં, દોષપ્રકરણમાં, અપ્રધાનનું અતિવિસ્તારથી વર્ણન દોષરૂપ છે એમ જણાવી, મમ્મટ, "यथा हयग्रीववधे हयग्रीवस्य"[૧૫] એમ દૃષ્ટાંત આપે છે.

અહીં, માણિક્યચંદ્ર એમ સમજાવે છે કે:—"**विपक्षोत्कर्षेण मूलनायकस्य विष्णोर्महोत्कर्ष इति साध्विदमिति।**"[૧૬] "વિપક્ષનાં ઉત્કર્ષથી, મૂળનાયક વિષ્ણુનો મહોત્કર્ષ થાય છે, તેથી આ સાધુ છે, અર્થાત્ તે દોષરૂપ ગણતાં નથી. વળી, તે અન્ય ઉદાહરણમાં, બાણ ભટ્ટની કાદંબરીમાં, રૂપ-વિલાસમાં શબરપતિનો આશ્રમ, અટવીવર્ણન, ઈ. જે વર્ણનો છે, જે પ્રસ્તુતને ઢાંકી દે છે, તેનો બચાવ; આ બાબતમાં કવિઓ તત્ત્વજ્ઞો છે એમ કરી કરે છે, જેમ કે:—**प्रस्तुतरसतिरस्कारिणीं वर्णनां कुर्वन्तो दृश्यन्त इति त एवात्र तत्त्वज्ञाः।**"[૧૭]

જ્યારે જયંત, "**ननु एतच्च**"[૧૮]થી માણિક્યચંદ્રના મતને પૂર્વપક્ષમાં રજૂ કરી, તેનું ખંડન કરે છે કે પ્રતિનાયકનું અતિવિસ્તારવાળું વર્ણન, નાયકના ઉત્કર્ષમાં પર્યવસાન પામે છે, જેમકે:— "**तथापि अतिशयितं तत्प्रधानतिरोधायकतादोषपदवीमवतरति**"[૧૯] એટલે કે તે વર્ણન, અતિશયિત હોવાથી, પ્રધાનને, મુખ્ય નાયકને ઢાંકી દેતું હોવાથી, તે દોષરૂપ બને. આમ અહીં જયંત, મૂળગ્રન્થના મતને યોગ્ય રીતે સમર્થન આપે છે.

ટીકાનો અન્ય ગુણ, ગ્રન્થમાં પ્રાપ્ત થતા ઉદાહરણને પૂર્વાપર સંદર્ભથી સમજાવવાનો છે. દીપિકા ટીકામાં, આ ગુણ પણ જોવા મળે છે. જેમકે ચોથા ઉલ્લાસમાં, "**हा मातः**"[૨૦] શ્લોક સમજાવતાં, જયંત કહે છે કે, "**कश्मीरराजजननीमरणे उत्साहयित्रा भट्टनारायणेन रुदितं कृतम्**"[૨૧] આ જ ચોથા ઉલ્લાસમાં, "**क्वा कार्यम्**"[૨૨] શ્લોક સમજાવતાં, તે નોંધે છે કે, :—**उर्वशीविरहितस्य पुरुरवसः इयमुक्तिः।**"[૨૩]

---

૧૫ માણિક્યચંદ્ર સંકેત, ૧૯૨૧, પૃ. ૧૭૭

૧૬ એજન., પૃ. ૧૭૭

૧૭ એજન., પૃ. ૧૭૭

૧૮ શુકલ ભક્તિનાથ, જયંત ભટ્ટની દીપિકા ટીકા અધ્યયન અને સંપાદન (અપ્રકાશિત શોધ-પ્રબંધ), ૧૯૭૪, પૃ. ૪૫૭

૧૯ એજન., પૃ. ૪૫૭

૨૦ કાવ્યપ્રકાશ, આનંદાશ્રમ સંસ્કૃત સિરિઝ, પૂના, ૧૯૨૧, શ્લોક ૩૯

૨૧ શુકલ ભક્તિનાથ, જયંત ભટ્ટની દીપિકા ટીકા–અધ્યયન અને સંપાદન (અપ્રકાશિત શોધ પ્રબંધ), ૧૯૭૪, પૃ. ૩૪૭

૨૨ કાવ્યપ્રકાશ, આનંદાશ્રમ સંસ્કૃત સિરિઝ, પૂના, ૧૯૨૧, શ્લોક ૫૪

૨૩ શુકલ ભક્તિનાથ, જયંત ભટ્ટની દીપિકા ટીકા–અધ્યયન અને સંપાદન, (અપ્રકાશિત શોધ પ્રબંધ), ૧૯૭૪, પૃ. ૩૫૨

ટીકામાં, લાઘવનો ગુણ હોવો જરૂરી છે; જે આ ટીકામાં નજરે પડે છે. દા. ત. બીજા ઉલ્લાસમાં, "साक्षात्सङ्केतितमिति"[२४] સમજાવતાં, જયંત નોંધે છે કે "मूलग्रन्थे एवास्य स्पष्टोक्तत्वात् न तदुच्यते।[२५] આ જ રીતે બીજા ઉલ્લાસમાં, વૈશેષિક દર્શનની ચર્ચા કર્યા પછી, જયંત કહે છે કે:—एतेषां मूर्तामूर्तगुणत्वमेकानेकाश्रितत्वं सामान्यविशेषगुणत्वमेकेन्द्रियत्वं, द्वीन्द्रियग्राह्यत्वमतीन्द्रियत्वमपाकजत्वं च समानजात्यारम्भकत्वमसमानजात्यारम्भकत्वं चेत्यादि ग्रन्थगौरवभयात् प्रकृतानुपयोगाच्च नोच्यते।"[२६] છતાં, પ્રથમ ઉલ્લાસમાં ધ્વનિની ચર્ચા વખતે, ધ્વન્યાલોકની નવ કારિકાઓ અવતરણરૂપે મૂક્યા પછી, અને ધ્વનિભેદોનાં વધારાનાં દૃષ્ટાન્તો સમજાવ્યાં પછી જયંત એમ કહે કે "इह तु अनुपयोगित्वादमी ध्वनिभेदा विस्तरतो नोच्यन्ते।"[२७] આનું સમર્થન, તેનો ધ્વનિકાર માટેનો પક્ષપાત કહી શકાય.

ટીકાનો ખાસ ગુણ, પ્રકૃતને અનુસરવું તે છે, અને જે અપ્રકૃત હોય, તેનો વિસ્તાર ન કરવો, તે છે. આ ટીકામાં, આ રીતે જોતાં, પ્રકૃતનો જ વિસ્તાર જોવા મળે છે; અને અમુક વિષયો દાખલ કરી દેવાનું પ્રલોભન, આ ટીકામાં, જોવા મળતું નથી; જેમકે સોમેશ્વરના કાવ્યાદર્શ–સંકેતમાં, આઠમા ઉલ્લાસની ટીકામાં, નાટ્યશાસ્ત્રના રૂપક પ્રકરણનો ભાગ, જે રીતે ઉતાર્યો છે, તે કાવ્યપ્રકાશની દૃષ્ટિએ અપ્રસ્તુત હોવાથી, આ ટીકામાં નથી.

આ દીપિકામાં, સોમેશ્વરના કાવ્યાદર્શ–સંકેતના ઘણા સંદર્ભો મળી આવે છે. એમ પણ કહી શકાય કે આ ટીકા પર, કાવ્યાદર્શ–સંકેતનું ઋણ હોય; પરંતુ જયંત ભટ્ટ. જ્યારે પોતાની ટીકામાં તમામ વિગતો પૂર્ણ રીતે આપવાનો પ્રયત્ન કરે, ત્યારે પોતે જે ટીકા રચી, તેમાં સોમેશ્વરનો કાવ્યાદર્શ–સંકેત ઉપયોગમાં લીધો હોય, તો તેનો ઉલ્લેખ પણ ન કરે, તે જરા નવાઈની વાત છે.

દીપિકા ટીકાની પ્રતિષ્ઠા તો, તેની પછીના ટીકાકારોએ કરેલો તેનો ઉલ્લેખ સૂચવે છે.

(૧) વિસ્તારિકા ટીકાના રચયિતા, પરમાનંદ ચક્રવર્તી ભટ્ટાચાર્ય (ઈ. સ. ૧૪૦૦ થી ઈ. સ. ૧૫૦૦) "इति दीपिकाकृतः"[२८] થી આ ટીકાનો ઉલ્લેખ કરે છે.

(૨) બાલબોધિની ટીકાના રચયિતા શ્રી ઝળકીકર પણ જયંતનો ઉલ્લેખ લગભગ ૧૦ વાર કરે છે.[૨૯]

(૩) આપણે જોયું જ છે કે, આ ટીકાને આધારે, રત્નકંઠે સારસમુચ્ચય નામની ટીકા રચી છે. કાવ્યપ્રકાશની આ દીપિકા ટીકા, એ એક જ એવી ટીકા છે કે જેનો બીજી ટીકા રચવામાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થયો હોય, અને તે ટીકાકારે મૂળ આધારટીકાનો આવો નામનિર્દેશ કર્યો હોય.

———

૨૪ એજન., પૃ. ૩૦૯

૨૫ એજન., પૃ. ૩૦૯

૨૬ એજન., પૃ. ૩૧૨

૨૭ એજન., પૃ. ૩૦૪

૨૮ ઝળકીકર વામનાચાર્ય, "કાવ્યપ્રકાશ–બાલબોધિની ટીકા, ૧૯૫૯, પૃ. ૨૬

૨૯ એજન., પૃ. ૧૩, ૧૦૭, ૧૨૬, ૧૯૭, ૨૨૮, ૩૦૮, ૩૭૯, ૪૩૦, ૪૩૨, ૪૫૪

# 'માલવિકાગ્નિમિત્રમાં અર્થપ્રકૃતિ'[1]

ડી. જી. વેદિયા

ધનંજય કહે છે તેમ નાટયનું ફળ એક કે એકથી વધુ પુરુષાર્થની સિદ્ધિ છે, कार्यं त्रिवर्गस्त-मेकानेकानुबन्धि च (दशरूपक १-१६). માલવિકાગ્નિમિત્ર શૃંગાર રસપ્રધાન કૃતિ છે તેથી નાટકના અંતે કામ નામના પુરુષાર્થની સિદ્ધિ જ હોય તે સ્વાભાવિક છે. નાયક અગ્નિમિત્રનો કામ નામના પુરુષાર્થના ફળ ઉપર અધિકાર છે. તેથી માલવિકાગ્નિમિત્રમાં માલવિકા અને અગ્નિમિત્રની પ્રણયકથા આધિકારિક કથાવસ્તુ છે. પાંચમા અંકમાં માલવિકા અને અગ્નિમિત્રનું સુભગ મિલન સિદ્ધ થયું છે. તે જ અર્થપ્રકૃતિનું કાર્ય છે અને તે જ નાટકનું અંતિમ લક્ષ્ય છે.

કાલિદાસે માલવિકાગ્નિમિત્રમાં વિક્રમોર્વશીય અને શાકુન્તલની માફક समानुरागा प्रीतिःનું આલેખન કર્યું છે. તેનો સ્પષ્ટ એકરાર કવિએ કર્યો છે:—

(१) अनुरागोऽनुरागेण परीक्षितव्य इति सुजनवचनं प्रमाणीकुरु । (माल. अङ्क ३. पृ. ५३)

(२) अनातुरोत्कण्ठितयोः प्रसिध्यता
समागमेनापि रतिर्न मां प्रति ।
परस्परप्राप्तिनिराशयोर्वरं
शरीरनाशोऽपि समानुरागयोः ॥ (माल. ३-१५)

સમાનુરાગા પ્રીતિમાં પ્રેમનું બીજ 'અનુરાગ' નાયક નાયિકાના દિલમાં તારામૈત્રકથી એક સાથે જાગે તે સ્વાભાવિક છે પરંતુ માલવિકાગ્નિમિત્રમાં તેમ થતું નથી પરિણામે માલવિકાગ્નિ-મિત્રમાં અર્થપ્રકૃતિના બીજથી કાર્ય સુધીનો વિકાસ સ્વાભાવિક રીતે થતો નથી. પાંચમા અંકમાં બે શિલ્પકારિકા જણાવે છે તેમ યજ્ઞસેન અને માધવસેન વચ્ચે રાજ્યના વારસાનો ઝઘડો થતાં માધવસેનનો અમાત્ય પોતાની બેન કૌશિકી અને રાજકુમારી માલવિકા સાથે વિદિશા આવવા નીકળ્યો. તેમાં તેનો ઈરાદો માલવિકાનો વિવાહ અગ્નિમિત્ર સાથે કરી બદલામાં રાજકીય બલ્કે લશ્કરી મદદ મેળવવાનો હતો. જો આ કારણે અગ્નિમિત્ર જેવા પ્રૌઢરાજા પ્રત્યે મુગ્ધા માલવિકાના દિલમાં અનુરાગ જન્મ્યો હોવાનું માનીએ તો તે સમાનુરાગા પ્રીતિ નહીં પરંતુ પોતાના ભાઈને મદદરૂપ બને તે હેતુથી થયેલી પ્રીતિ માનવું રહ્યું.

માલવિકાનું ભવિષ્ય જ્યોતિષીએ ભાખ્યું હતું તે પ્રમાણે એક વર્ષ દાસી તરીકે રહેવું પડશે. એટલે માલવિકાને દાસીની અવસ્થામાં અગ્નિમિત્ર તરફ પ્રથમથી જ અનુરાગ હતો, એમ માની શકાય નહીં કારણ કે ત્રીજા અંકમાં બકુલાવલિકા અને માલવિકાની મુલાકાત થાય છે; ત્યાર પહેલાં બલ્કે ત્રીજા અંકના પ્રવેશક પહેલાં અનુરાગ જન્મ્યાનો કોઈ અણસાર મળતો નથી. છતાં ચોથા અંકના આરંભમાં અગ્નિમિત્રની ઉક્તિમાં આ પ્રણય વસ્તુના વિકાસનો ક્રમ આ રીતે બતાવ્યો છે:

---

1 ડીસેમ્બર ૩૦-૩૧, '૭૮ના રોજ નારેશ્વર મુકામે મળેલા સંસ્કૃતના અધ્યાપકોના અધિવેશનમાં રજૂ કરવામાં આવેલો લેખ.

तामाश्रित्य श्रुतिपथगतामास्थया बद्धमूलः
संप्राप्तायां नयनविषयं रूढरागप्रवालः।
हस्तस्पर्शे मुकुलित इव व्यक्तरोमोद्गमत्वा-
त्कुर्यात्क्लान्तं मनसिजतरुर्मां रसज्ञं फलस्य ॥ ( माल. ४/१ )

( અહીં बद्धमूलःને બદલે लब्धमूलः પાઠ વધુ ઉચિત લાગે છે. )

આ શ્લોકમાં मनसिजतरुः દ્વારા પ્રેમ-વૃક્ષનું રૂપક આપ્યું છે. પ્રથમ અંકના ચિત્રમાં માલવિકા દર્શન દશ્યમાં પ્રેમના બીજનું અંકુરિત થવું, બીજા અંકના નૃત્ય પ્રસંગમાં પ્રેમ રૂપી વૃક્ષને કૂંપળો બેસવાનું અને ત્રીજા અંકના અશોકદોહદ પ્રસંગે હાથનો સ્પર્શ પ્રેમ-વૃક્ષને કળીઓ બેઠી હોવાનું દર્શાવ્યું છે. ચોથા અંકના આરંભમાં અગ્નિમિત્ર પ્રેમ-વૃક્ષના ફળના રસનો આસ્વાદ માણવા લાલાયિત થયો છે. આ પદ્યમાં કવિ કાલિદાસ પ્રણયવસ્તુનો બીજથી કાર્ય સુધીનો વિકાસ સૂચવે છે.

આલંકારિકોએ પાંચ અર્થપ્રકૃતિ ગણાવી છે:—

बीजबिन्दुपताकाप्रकारीकार्यलक्षणाः ।
अर्थप्रकृतयः पञ्च ता एताः परिकीर्तिताः ॥ ( दशरूपक १-१८ )

ધનિક અવલોક ( दशरूपकम् पृ. ५ )માં નોંધે છે તેમ આ અર્થપ્રકૃતિઓ ' प्रयोजनसिद्धिहेतवः ' ( दश. पृ. ५ ) છે. આ પ્રયોજનની સિદ્ધિ એટલે નાયકને થતી પુરુષાર્થની સિદ્ધિ છે. આ અર્થ-સિદ્ધિ થાય ત્યાં સુધી વસ્તુનો વિકાસ સાધવાની પ્રક્રિયા તો અર્થપ્રકૃતિ છે. આ પાંચ અર્થ-પ્રકૃતિઓમાં બીજ પ્રથમ અને મુખ્ય છે.

स्वाल्पोद्दिष्टस्तु तद्धेतुर्बीजं विस्तार्यनेकधा ।

( दशरूपक १-१७ )

આ બીજ ફળનો પ્રથમ હેતુ છે (' फलस्य प्रथमो हेतुः '—साहित्यदर्पण ६-६६ ). આ બીજ એટલે ધીરે ધીરે વિસ્તૃત સ્વરૂપ ધારણ કરતું અત્યલ્પ કથન. ધનિક અવલોકમાં રત્નાવલીના પ્રથમ અંકના વિષ્કંભકમાં રત્નાવલીની પ્રાપ્તિ માટે દૈવની અનુકૂળતાને લીધે યૌગન્ધરાયણના વ્યાપારને અને વેણીસંહારમાં દ્રૌપદીના કેશસંયમનનો હેતુ સિદ્ધ કરવા ભીમસેનના ક્રોધ અને યુધિષ્ઠિરના ઉત્સાહને બીજ ગણાવે છે. રત્નાવલી નાટિકા માલવિકાગ્નિમિત્ર ઉપર આધારિત નાટિકા છે. રત્નાવલીમાં રત્નાવલીના વિવાહ ઉદયન સાથે થવાનાં હોવાની ખબર છે. આથી મુગ્ધા રત્નાવલીના દિલમાં અનુરાગ હોય તેથી તેને મેળવી આપવાના યૌગન્ધરાયણના પ્રયત્નમાં બીજવિન્યાસની ભૂમિકા રચાઈ છે. રાજાના દિલમાં અનુરાગ ચિત્રપ્રસંગે જ જન્મે છે પરંતુ યૌગન્ધરાયણનો હેતુ ઉદયનને રત્નાવલીની પ્રાપ્તિ દ્વારા સમ્રાટ બનાવવાનો છે તેથી ત્યાં સમાનુરાગા પ્રીતિ નથી. પ્રણયકથાનો વિકાસ યૌગન્ધરાયણની યોજનાના એક ભાગ રૂપે છે પરંતુ માલવિકા-ગ્નિમિત્રમાં તેમ નથી.

માલવિકાને ચિત્રમાં જોઈ અગ્નિમિત્રે રાણી ધારિણીને પૂછયું, ' अपूर्वेयं दारिका आसन्ना च देव्या आलिखिता किं नामधेयेति ॥ " ( माल. अङ्क १. पृ. ५ ) પરંતુ શંકાશીલ રાણીએ પ્રત્યુત્તર ન આપ્યો ત્યારે વસુલક્ષ્મી બોલી ઊઠી, 'आवुत्त एषा मालविकेति ।' ( माल.अङ्क–१, पृ. ६ ).

આ શબ્દો સાંભળતાંજ અગ્નિમિત્રને માલવિકાનું આકર્ષણ થયું. આ પ્રસંગે માલવિકા હાજર નથી. માલવિકા સાથે તારામૈત્રક વિના સમાનુરાગા પ્રીતિનું બીજ રોપાયું!!! વિક્રમોર્વશીયમાં ઉર્વશીના સૌંદર્યથી અભિભૂત થયેલા રાજા પુરુરવા સાથે નજર મળતાં ઉર્વશીની બોલાયેલી ઉક્તિ 'उपकृतं खलु दानवैः' (विक्रमोर्वशीयम् अङ्कक–१ पृ–७)માં અનુરાગનું બીજ રોપાયું છે. આ નાટકમાં 'तप्तेन तप्तमयसा घटनाय योग्यम् ।' (विक्रमोर्वशीयम् २-१६)થી કવિએ સમાનુરાગા પ્રીતિ જ સ્વીકારી છે. શાકુન્તલમાં 'अहो मधुरमासां दर्शनम्' (शाकु. अङ्कक–१, पृ १०)થી રાજાના દિલમાં અને ત્યારબાદ ભ્રમરબાધાપ્રસંગે રાજા દુષ્યંતના પ્રવેશ પછી તપોવન વિરોધી વિકાર અનુભવતી શકુન્તલાના દિલમાં અનુરાગ તારામૈત્રકના પરિણામે નૈસર્ગિકી પ્રીતિ રૂપે જન્મતો હોવાનું બતાવાયું છે (भावस्थिराणि जननान्तरसौहृदानि । शाकुः ५-२). માલવિકાગ્નિમિત્રમાં પ્રથમ અંકમાં નાયિકાને લાવવામાં આવતી જ નથી. બીજા અંકના નૃત્યપ્રસંગ પહેલાં નાયક અને નાયિકાનું મિલન થતું જ નથી. આ પ્રથમ મિલનમાં પણ બંનેમાં સ્થાયી ભાવ રતિ જાગ્રત થયો નથી. કેવળ અગ્નિમિત્રનો એકપક્ષીય પ્રેમ છે. જ્યારે વિક્રમોર્વશીય અને શાકુન્તલમાં પ્રથમ અંકના અંતે નાયક અને નાયિકા નયનસંગ, મનસંગ અને સંકલ્પની અવસ્થાઓનાં સોપાન સર કરી ચૂક્યાં છે. તેમના પ્રેમના બીજનો દૃઢ વિન્યાસ અનુક્રમે એકાવલી અને દર્ભાંકુરક્ષત તેમ જ વલ્કલભરાયાના પ્રસંગે નાયિકાઓના વિભ્રમમાં જોવા મળે છે. અહીં પ્રથમ અંકમાં તેનો અભાવ છે. તેથી જ માલવિકાગ્નિ મિત્રના ૪–૧નું પ્રથમ ચરણ 'तामाश्रित्य श्रुतिपथगतामास्थया बद्धमूलः ।' ખૂંચે છે. ચિત્રમાં માલવિકાને જોતાં અનુરાગનું બીજ બદ્ધમૂલ બન્યું!! માલવિકાગ્નિમિત્રમાં પ્રથમ બે અંકના અંતે પણ નયનસંગ, મનસંગ અને સંકલ્પની અવસ્થાઓ દર્શાવાઈ નથી. તેથી આલંકારિક દૃષ્ટિએ આ પ્રથમ ચરણ યોગ્ય લાગતું નથી.

ચિત્રમાં માલવિકાને જોયા પછી અગ્નિમિત્રને માલવિકાને પ્રત્યક્ષ જોવાની ઉત્કંઠા થઈ. હરદત્ત અને ગણદાસના કલહને અંતે ધારિણી બંને આચાર્યોની શિષ્યાઓના નૃત્યપ્રયોગની સ્પર્ધા માટે સંમત થતાં સંગીતશાળામાં તેની વ્યવસ્થા થઈ. 'मायूरी मदयति मार्जना मनांसि'। (माल. १-२१)થી રાજાની ઉત્કંઠા વધુ ઉત્કટ બની. સંગીતશાળામાં આવ્યા બાદ ગણદાસે 'विरलनेपथ्य' કરાવી પરિવ્રાજિકાની અનુમતિથી માલવિકાનો પ્રવેશ કરાવ્યો ત્યારે જ રાજાને માલવિકાનું પ્રથમ દર્શન થયું. અગ્નિમિત્ર માલવિકાને પ્રત્યક્ષ જોતાં અભિભૂત થયો :—

> दीर्घाक्षं शरदिन्दुकान्ति वदनं बाहू नतावंसयोः
> संक्षिप्तं निबिडोन्नतस्तनमुरः पार्श्वे प्रमृष्टे इव ।
> मध्यः पाणिमितो नितम्बि जघनं पादावरालाङ्गुली
> छन्दो नर्तयितुर्यथैव मनसः श्लिष्टं तथास्या वपुः ॥
> (माल० २/३)

માલવિકાએ નૃત્ય સાથે ભાવસભર ગીત રજૂ કર્યું :—

> दुर्लभः प्रियस्तस्मिन्भव हृदय निराश-
> महो अपाङ्गको मे प्रस्फुरति किमपि वामः ।
> एष स चिरदृष्टः कथमुपनेतव्यो
> नाथ मां पराधीनां त्वयि गणय सतृष्णाम् ॥ (माल० २/४

આ ગીતને સાંભળતાં જ ગૌતમે ગીતને રાજા પ્રત્યેના માલવિકાના પ્રેમનું અભિવ્યંજક ગણવાનું ડિંડિમ વગાડયું અને રાજા તો ' कामी स्वतां पश्यति।' ( शाकुन्तलम् २/२ ) એ ન્યાયે ગીતના ભાવમાં માલવિકાના અનુરાગનું પ્રતિબિંબ જુએ છે :—

जनमिममनुरक्तं विद्धि नाथेति गेये
वचनमभिनयन्त्या स्वाङ्गनिर्देशपूर्वम् ।
प्रणयगतिमदृष्ट्वा धारिणीसंनिकर्षा-
दहमिव सुकुमारप्रार्थनाव्याजमुक्तः ॥ ( माल० २/५ )

અહીં ' इव 'નો પ્રયોગ સંભાવના સૂચવે છે. વળી માલવિકાના રાજા પ્રત્યેના અનુરાગનો નિર્દેશ ચતુષ્પાદ વસ્તુવાળું ગીત ગવાય છે ત્યાં સુધી તો મળતો નથી. ગીત પૂરું થતાં માલવિકા ત્યાંથી જવા ઇચ્છે છે ત્યારે પણ રાજા તરફ અનુરાગભરી નજર કર્યાનું કોઈ સૂચન નથી. વિદૂષકે તેને જતાં રોકી ત્યારે રાજા અને રાણી સમક્ષ એક પરીક્ષાર્થી તરીકે લલિત લાવણ્યવતી મુગ્ધા નર્તિકાના ઊભા રહેવામાં પણ કયાંય અનુરાગનો આવિષ્કાર થતો નથી. ' अहो प्रयोगाभ्यन्तरः प्राश्निकः। ( माल. अङ्क-२, पृ. ३२ ) કહી વિદૂષકની હાંસી ઉડાવે છે ત્યારે બધા મોકળે મને હસે છે. ( प्रहसिताः—माल. अङ्क-२, पृ. ३२ ) પરંતુ માલવિકા કેવળ સ્મિત કરે છે. ( मालविका स्मितं करोति। माल. अङ्क-२, पृ. ३२ ). તેના આ સ્મિતમાં રાજા તરફ અનુરાગને બદલે શરમને લીધે સંકોચ જણાય છે. વિદૂષક રાજાનું કડું કાઢી માલવિકાને આપવા જાય છે ત્યારે ધારિણીના આદેશથી વિદાય થતી માલવિકાની ઉર્વશીની એકાવલી પ્રસંગે કે શકુન્તલાની દર્ભાંકુરક્ષત અને વલ્કલબાધા પ્રસંગે થતી ચેષ્ટા જેવી વિભ્રમની ચેષ્ટા થતી નથી. ' स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु।' ( मेघदूतम् १-२९ ) ન્યાયે મુગ્ધા માલવિકા આવા કોઈ વિભ્રમની અપેક્ષા સંતોષતી નથી. તેથી ' संप्राप्तायां नयनविषयं रूढरागप्रवालः ' ( माल. ४-१ )માં વ્યક્ત થતી બિન્દુની અપેક્ષા બીજ-વિન્યાસ પહેલાં કેવી રીતે સંતોષાય ? હા, રાજાની અનુરાગની આસ્થા કે આશાના બીજ વિન્યાસનું વાતાવરણ સર્જાય છે. આથી બીજા અંકના અંતે પણ નયનસંગ, મનસંગ કે સંકલ્પની સિદ્ધિ પહેલાં પ્રેમવૃક્ષરૂઢરાગપ્રવાલ: કેવી રીતે બને ?

આમ છતાં કાલિદાસે સમાનુરાગા પ્રીતિનો આધાર તારામૈત્રક રચ્યા વગર ત્રીજા અંકના પ્રવેશકમાં પ્રેમવૃક્ષના બીજારોપણનું પરિણામ ' रूढरागप्रवालः ' બતાવ્યું છે. કવિ નાયક અને નાયિકા જાગર, કૃશતા અને અરતિની અવસ્થામાંથી પસાર થતાં હોવાનો નિર્દેશ કરે છે :—

( १ ) समाभृतिका—बलवत्खलु साभिलाषो तस्यां भर्ता। केवलं देव्या धारिण्याश्चित्तं रक्षन्नात्मनः प्रभुत्वं न दर्शयति। मालविकाप्येषु दिवसेष्वनुभूतमुक्तेव मालतीमाला म्लायमाना लक्ष्यते। ( माला. अङ्कक ३, पृ. ३८ ).

( २ ) राजा—( आत्मानं विलोक्य )

शरीरं क्षामं स्यादसति दयितालिङ्गनसुखे
भवेत्सास्रं चक्षुः क्षणमपि न सा दृश्यत इति। ( माल. ३-१ ab )

આમ ત્રીજા અંકના આરંભ પહેલા પ્રેમનું બીજ અંકુરિત થયું છે. તેને કુંપળો બેઠી હોવાનું અસ્વાભાવિક રીતે દર્શાવાયું છે.

અંકુરિત પ્રેમબીજનો તંતુ વિચ્છિન્ન થાય ત્યાર પહેલાં નાયક-નાયિકાના મિલન માટે વિદૂષકે બકુલાવલિકાને દૂતી બનાવી માલવિકાના અનુરાગની પરીક્ષા કરાવી અનુરાગ બીજને દૃઢ બનાવવા અશોકદોહદપ્રસંગ પ્રયોજ્યો છે. તેથી માલવિકાના हस्तस्पर्शे વ્યક્ત થતાં रोमोद्गम વિચ્છિન્ન થતા પ્રણયતંતુને સાંધનાર બિન્દુ અર્થપ્રકૃતિ છે કારણ કે 'अवान्तरार्थविच्छेदे बिन्दुरच्छेदकारणम् ।' (दशरूपक १-१७). બિન્દુ વિષે ટીકા કરતાં ધનિક અવલોકમાં 'बिन्दुर्जले तैलबिन्दुवत्प्रसारित्वात् ।' (पृ. ५). કહે છે. આથી हस्तस्पर्शे થતા रोमोद्गमમાં વાસંતી વાતાવરણને લીધે પ્રેમ રૂપી વૃક્ષ મુકુલિત થવાનો કોઈ પ્રશ્ન નથી. વિક્રમોર્વશીયમાં ભોજપત્રપ્રસંગે લક્ષ્મીસ્વયંવરના આયોજનના સમાચાર અને રાણી ઔશીનરીનું આવી ચડવું (વિક્રમોર્વશીય અં. ૨, પૃ. ૩૬) કે શાકુન્તલમાં ત્રીજા અંકમાં ગૌતમીનું આગમન પ્રેમીઓના મિલનમાં અંતરાયરૂપ બને છે. તેમ અહીં 'पूरय पूरय। ननु अशोकः कुसुमं दर्शयति। अयं पुनः पुष्यति फलति च।' (माल० अङ्क-३, पृ. ५९) બોલતી ઈરાવતી ધસી આવતાં, મિલન સર્જાય છે. આમ અશોકદોહદપ્રસંગે અકસ્માત થતું મિલન બિન્દુ છે.

ઈરાવતીએ ફરિયાદ કરતાં રાણી ધારિણીએ માલવિકા અને બકુલાવલિકાને સારભાંડગૃહમાં કેદ કરતાં રાજાને માટે માલવિકાનું મિલન દોહ્યલું બન્યું ત્યારે સર્પદંશની યુક્તિથી સમુદ્રગૃહમાં મિલન શક્ય બન્યું. આથી સર્પદંશપ્રસંગ બિન્દુની ગરજ સારે છે. વિક્રમોર્વશીયમાં ભરતમુનિનો ઉર્વશીને શાપ અને પ્રિયાનુપ્રસાદનવ્રત આવું બિન્દુ છે. વિક્રમોર્વશીયમાં ગંધમાદન પર્વત ઉપર ઉદયવતીપ્રસંગ કે શાકુન્તલમાં દુર્વાસાના શાપને લીધે પ્રેમમાર્ગમાં અંતરાય આવે છે તેમ અહીં રાજા અને વિદૂષક સમુદ્રગૃહ તરફ જતા હોય છે ત્યારે ચંદ્રિકાનું દર્શન થતાં વિદૂષક બોલી ઊઠ્યો છે, "अहो कुम्भीलकैः कामुकैश्च परिहरणीया खलु चन्द्रिका ।" (माल. अङ्क-४, पृ. ७४) ત્યારે મિલન પ્રસંગે ઈરાવતી राशिमिवानुवक्रं (माल. अङ्क-३, पृ. ६२) અંગારકની માફક પ્રતિગમન કરી આવશે તેની પ્રતીતિ કરાવી વિઘ્નોનાં વાદળ હજી છૂટ્યાં નથી તેના એંધાણરૂપ છે. નિપુણિકા સાથે આવેલી ઈરાવતી સ્વપ્નમાં બોલતા વિદૂષક ગૌતમની ઉક્તિ 'भवति मालविके इरावतीमतिक्रामन्ती भव ।' (माल. अङ्क-४, पृ. ८३) સાંભળતાં ગુસ્સાના આવેશમાં નિપુણિકાને વિદૂષક ઉપર વાંકીચૂકી લાકડી નાખવા અનુમતિ આપે છે, અને લાકડી પડતાં વિદૂષકે સર્પની ભ્રાંતિથી બોલાયેલા શબ્દો "अविधा अविधा। भो वयस्य सर्पो म उपरि पतितः ।' (माल. अङ्क-४, पृ. ८३) સાંભળતાં રાજા, માલવિકા અને બકુલાવલિકા બહાર દોડી આવતાં તેમ જ સર્પને બદલે પોતાની ઉપર લાકડી પડી છે તે જોતાં વિષદૂષકની सप्रहासम् બોલાયેલી ઉક્તિ 'कथं दण्डकाष्ठमेतत् । अहं पुनर्जाने यन्मया केतकीकण्टकैर्दंशं कृत्वा सर्पस्य इव दंशः कृतस्तन्मे फलितमिति ।' (माल० अङ्क ४, पृ. ८४) ઈરાવતીના ગુસ્સામાં ઓર વધારો કરે છે. તેથી અહીં નાયક—નાયિકા આશા-નિરાશામાં અટવાય છે. તેથી અહીં પ્રાપ્ત્યાશા છે પરંતુ નિયતાપ્તિ નથી. સમુદ્રગૃહના આ પ્રસંગે નાયક-નાયિકાને બચાવી લેવાની જરૂર હોઈ કાલિદાસ વિક્રમોર્વશીયના સંગમનીયમણિ પ્રસંગ કે શાકુન્તલના માછીમાર અને માતલિ પ્રસંગ જેવો પિંગલવાનર પ્રસંગ પ્રયોજે છે, જેના પરિણામે પ્રાપ્ત્યાશા નિયતાપ્તિમાં ફેરવાઈ જાય તે માટે ભૂમિકા રચાય છે. પિંગલવાનરથી સંત્રસ્ત વસુલક્ષ્મીને આશ્વાસન આપવા ઈરાવતી ક્ષણભર બધું જ ભૂલી જઈ રાજાને વિનંતી કરે છે ત્યારે વિદૂષકની બોલાયેલી ઉક્તિ 'साधु रे पिङ्गलवानर ! साधु परित्रातस्त्वया सङ्कटास्त्वपक्षः ।' (माल० अङ्क-४, पृ. ८७)

પિંગલવાનર પ્રસંગની અગત્ય દર્શાવે છે. પરંતુ રાણી ધારિણી પાસેથી સર્પદંશના કપટથી નાગમુદ્રા મેળવી માલવિકાને છોડાવી દેવા સંકેતથી સમુદ્રગૃહમાં મિલન યોજ્યાની ઈરાવતીની ફરિયાદને લીધે રાણી ધારિણી માલવિકા, બકુલાવલિકા અને વિદૂષકને ભારે સજા કરે તેવી શક્યતા ઊભી થઈ છે ત્યાં જ ઉદ્યાનપાલિકા મધુકરિકાની ઉક્તિ 'आश्चर्यमाश्चर्यम्। अपूर्ण एव पञ्चरात्रे दोहदस्य मुकुलैः संनद्धस्तपनीयाशोकः।' (माल० अङ्क-४, पृ. ૮૭) સાંભળતા सत्यप्रतिज्ञा દેવી ધારિણી ઉપરના વિશ્વાસને લીધે પ્રાપ્યાશા નિયતાપ્તિમાં ફેરવાઈ જાય છે. તેથી મધુકરિકાએ અશોક વૃક્ષ મુકુલિત થયાની જાહેરાત વસ્તુતઃ રાજાનું પ્રેમવૃક્ષ મુકુલિત થયાની જાહેરાત છે. આ સમાચાર પ્રકરી છે. પ્રકરી વિષે ધનંજય કહે છે કે 'प्रकरी च प्रदेशभाक्' (दशरूपक १/१३) કથાવસ્તુના વિશાળ ફલક ઉપર ઝબૂકતી વીજળી જેવો આ નાનકડો પ્રસંગ પ્રકરી છે. વિશ્વનાથ માને છે કે પ્રકરી નાયકને પોતાનું આગવું ફળ હોતું નથી (प्रकरीनायकस्य स्यान्न स्वकीयं फलान्तरम्। साहित्यदर्पण ૬/૬૮–૬૯).

ફલાગમ, અવસ્થા અને નિર્વહણ સંધિ હોય ત્યાં કાર્યસિદ્ધિ થાય તે કાર્ય અર્થપ્રકૃતિનું કાર્ય છે. અહીં અગ્નિમિત્રનું रसज्ञं फलस्य (माल० अङ्क ४/१) થવું તે કાર્ય છે. કાર્યનો આરંભ પાંચમા અંકમાં મુકુલિત થયેલા અશોકવૃક્ષની સંભાવનાથી તેનો આરંભ થાય છે. માધવસેને મોકલેલી કલાનિપુણ કન્યાઓનું આગમન, માલવિકાનું અભિજ્ઞાન, પરિવ્રાજિકાનું જાહેર થવું, યજ્ઞસેન અને માધવસેન વચ્ચે વિદર્ભની વહેંચણી, વસુમિત્રના વિજયના સમાચાર અને અગ્નિમિત્રને સપરિવાર અશ્વમેધ યજ્ઞમાં હાજર રહેવા પુષ્યમિત્રના નિમંત્રણ દ્વારા નાટકનાં વિખરાયેલાં કથાસૂત્રો સંકેલાય છે. चन्दनं खलु मया पादुकापरिभोगेण दूषितम्।' (माल. अङ्क–५, पृ. ૬૮)થી પશ્ચાત્તાપ પામેલી સત્યપ્રતિજ્ઞા અનસૂયા રાણી ધારિણી સ્વહસ્તે જ માલવિકા અને અગ્નિમિત્રનાં લગ્ન કરાવી આપી રાજાને रसज्ञं फलस्य (माल. ૪.૧) બનાવે છે. ત્યારે ચોથા અંકના પ્રથમ શ્લોકમાં 'कुर्यात्'થી રાખેલી આશા પાંચમા અંકમાં સફળ બને છે.

કાલિદાસે માલવિકાગ્નિમિત્ર (૪-૧)માં પતાકાનો નિર્દેશ કર્યો નથી. જ્યારે નાયક પોતે ફલસિદ્ધિ કરવામાં નાકામિયાબ નીવડે ત્યારે પતાકાનો આધાર લેવાય. પતાકા પ્રાસંગિક વસ્તુ છે. ધનંજય તેની વ્યાખ્યા આપતાં કહે છે કે, 'सानुबन्धं पताकाख्यम्।' (दशरूपक ૧–૧૩). ધનિક અવલોકમાં તેની સ્પષ્ટતા કરતાં કહે છે, "दूरं यावदनुवर्तते प्रासङ्गिकं सा पताका, सुग्रीवादिवृत्तान्तवत्।' (दशरूपकम्–धनिककृतयावलोकाख्ययाव्याख्या......समेतम् पृ. ૪). વિશ્વનાથ પતાકાની વ્યાખ્યા આપતાં કહે છે: –

"व्यापि प्रासाङ्गिकं वृत्तं पताकेत्यभिधीयते ।<br>
पताकानायकस्य स्यान्न स्वकीयं फलान्तरम् ॥<br>
गर्भे सन्धौ विमर्शे वा निर्वाहस्तस्य जायते ॥ (साहित्यदर्पण—६., ૬૭–૬૮)

માલવિકાગ્નિમિત્રમાં વિદૂષક નાયકને સતત સહાયભૂત બની રહે છે. પરંતુ વિદૂષક પીઠમર્દ છે. કોઈ ગૌણકથાનો નાયક નથી. પ્રાસંગિક વસ્તુ કે પતાકા તરીકે યજ્ઞસેન અને માધવસેનના વારસાકલહને ગણાવી શકાય. નાટકના આરંભ અને અંતમાં તેનો સંદર્ભ છે. માધવસેનને

રાજ્યનો હિસ્સો પણ નાટકના પાંચમા અંકમાં મળે છે. માધવસેન સુમતિને અગ્નિમિત્ર સાથે પોતાની બેન માલવિકાના વિવાહ કરવા મોકલે છે. તેની જાણ પરિવ્રાજિકા કૌશિકીને છે. લૂટારાઓના આક્રમણને લીધે વિખૂટી પડી ગયેલી માલવિકાને અગ્નિમિત્રના અંતઃપુરમાં દાસી બનેલી જોઈ જ્યોતિષીએ ભાખેલું ભવિષ્ય સાચું પડશે તેમ લાગતાં હરદત્ત અને ગણદાસના કલહના પ્રસંગનો લાભ ઉઠાવી પોતાની આગવી રીતે નાયક-નાયિકાના પ્રણયમાં સહાયભૂત બને છે અને અંતે માધવસેનને પણ રાજ્યપ્રાપ્તિ થતી હોવાથી વારસાકલહના વૃત્તાંતને પતાકા માનવા પ્રેરાઈએ પરંતુ નીચેનાં કારણોને લીધે આ વૃત્તાન્તને પતાકા તરીકે સ્વીકારવામાં મુશ્કેલી છે :—

૧ માધવસેને સુમતિ સાથે માલવિકાને મોકલી રાજકીય લગ્ન ( Political Marriage ) દ્વારા મદદ મેળવવાનો ઇરાદો હતો. પરંતુ અગ્નિમિત્ર આ કારણે યજ્ઞસેન ઉપર દબાણ કરે છે એવું સ્પષ્ટ થતું નથી.

૨ અગ્નિમિત્રે વિદર્ભ ઉપર આક્રમણ કરવાની આપેલી આજ્ઞા કેવળ યજ્ઞસેને તેની આજ્ઞાનો અનાદર કરી રાજાના અહં ઉપર કરેલા ઘાનું પરિણામ લાગે છે.

૩ સુમતિ માર્યા જવાથી, માલવિકાનું અપહરણ થવાથી અને પંડિત કૌશિકીની પ્રવ્રજ્યાથી માધવસેનની અસલ યોજના અમલમાં મુકાતી નથી; તો તેની સફળતાની વાત કયાં રહી!

૪ પરિવ્રાજિકા કૌશિકી અને માલવિકા વચ્ચે ખૂબ જ સાવધાનીભર્યો સંપર્ક રહ્યો હશે તેનો નિર્દેશ કલાનિપુણ કન્યાઓ આવે છે ત્યારે જ મળે છે.

૫ પ્રત્યક્ષ રીતે માધવસેન અગ્નિમિત્રને કયાંય મદદરૂપ બનતો નથી. સામાન્ય રીતે પતાકાનાયક આધિકારિક નાયકને અર્થસિદ્ધિમાં ક્રિયાશીલ રહી સહાયભૂત બને છે પરંતુ અહીં તો અગ્નિમિત્ર પરોક્ષ રીતે માધવસેનને મદદરૂપ બને છે.

૬ ગર્ભ અને વિમર્શ સંધિમાં પતાકાનો નિર્વાહ થવો જોઈએ. અહીં પ્રથમ અને પાંચમા અંકમાં વારસાકલહનું કથાનક આવે છે અર્થાત્ મુખ અને નિર્વહણ સંધિમાં ગૌણ કથાનકની રાજકીય બાબત આવે છે. પરિવ્રાજિકાનું સમગ્ર કાર્ય તેના ભાગ રૂપે ગણીએ તો મુખથી નિર્વહણ સંધિ સુધી પતાકાનો વ્યાપ ગણવો પડે.

૭ માલવિકાના વિવાહ પાછળ લશ્કરી મદદ લેવાનો રાજકીય હેતુ હોય તો માલવિકાગ્નિમિત્રમાં સમાનુરાગા પ્રીતિ સ્વીકારી શકાય નહીં.

આમ માલવિકાગ્નિમિત્ર ૪–૧માં નિર્દેશેલ ચિત્રમાં માલવિકાના દર્શનથી સમાનુરાગાપ્રીતિનું બીજ ' आस्थया बद्धमूलः ' થતું નથી કે નૃત્ય પ્રસંગે પ્રેમવૃક્ષ ' रूढरागप्रवालः ' બનતું નથી. તેમજ અશોકદોહદ પ્રસંગે ' मुकुलित इव ' થતું જણાતું નથી. વસ્તુતઃ અશોકવૃક્ષને કળીઓ બેસે છે ત્યારે જ રાજાનું પ્રણયવૃક્ષ મુકુલિત બને છે અને પાંચમા અંકમાં કલાન્ત રાજા ' रसज्ञं फलस्य ' બને છે.

## સંદર્ભગ્રંથો


(१) मालविकाग्निमित्रम्—M. R. Kale, 3rd Edition, 1933.

(२) विक्रमोर्वशीयम्—H. D. Velanker, Sahitya Akademi, 1st Edition, 1961.

(३) अभिज्ञानशाकुन्तलम्—A. B. Gajendragadkar, Fifth Edition, 1951.

(४) मेघदूतम्—M. R. Kale, 6th Edition, Booksellers' Publishing Co.

(५) दशरूपकम्—( धनिककृतयावलोकाख्यया व्याख्यया भारतीयनाट्यशास्त्रगतदशरूपनिरूपणेन च समेतम् ) काशीनाथ पाण्डुरङ्ग परब, पञ्चमसंस्करणम्, निर्णयसागर प्रेस, १९४१.

(६) साहित्य दर्पणः—सं. हिन्दीव्याख्याकारः श्री शालग्रामशास्त्री, मोतीलाल बनारसीदास, Seventh Edition, 1973.

# સંસ્કૃત નાટકો અને સામાજિક પરિવેશ*

સી. એલ. શાસ્ત્રી

દરેક સાહિત્યમાં તત્કાલીન સમાજની અનેક વાસ્તવિકતાઓનું ચિત્રણ હોય છે. લોકચેતનાનો પ્રભાવ સર્જક પર પડે છે અને તે વિશેષ દૃષ્ટિકોણથી તેને મૂર્તસ્વરૂપ આપે છે. આથી વિવેચકનું કાર્ય તેવા સાહિત્યમાં પ્રતિબિંબ પામેલ સામાજિક ચેતનાનું અધ્યયન કરી તત્કાલીન પરિસ્થિતિ જાણવાનું છે. સંસ્કૃત નાટ્યસાહિત્યનો પ્રારંભ શાસ્ત્રના રૂપમાં ભરતના નાટ્ય-શાસ્ત્રથી તથા કળાના રૂપે ભાસનાં નાટકોથી થાય છે. નાટ્યશાસ્ત્ર એક જ સમયની રચના નથી પણ તેનો વિસ્તાર યથાસમય થતો રહ્યો. નાટ્યશાસ્ત્રે જે દૃષ્ટિ પ્રસ્તુત કરી હતી, તેને જ સંસ્કૃત નાટ્યકારોએ પુરસ્કૃત કરી. ભરતમુનિએ કહ્યું કે ત્રેતાયુગના આરંભમાં બધા લોકો અસભ્યતાનું આચરણ કરવા લાગ્યા. કામી, ક્રોધી, લોભી વગેરે સુખદુઃખમાં લીન બની ગયા. જંબૂદ્વીપ ઉપર દાનવ, યક્ષ અને નાગલોકોનો અધિકાર થઈ ગયો. તે વખતે ઈન્દ્ર વગેરે દેવો બ્રહ્મા પાસે ગયા અને એવા અદ્‌ભુત વેદની રચનાની વિનંતી કરી કે જે જોઈ અને સાંભળી શકાય. આ પાંચમો વેદ એટલે નાટ્ય, એવો ધ્વનિ થયો.

અહીં એ સ્પષ્ટ છે કે આ તત્કાલીન સમાજનું જ ચિત્રણ છે. ત્રેતાયુગ એ રામાયણ પછીનો યુગ છે. તે સમયે બ્રાહ્મણધર્મને દાનવોનો ભય હતો. શૂદ્રવર્ગ માટે પણ નાટ્યશાસ્ત્ર ચિંતિત છે. વેદપાઠન તો તેમના માટે નિષિદ્ધ હતું એટલે એવા સાહિત્યની જરૂર હતી જે સમાજના બધા વર્ગોનું મનોરંજન કરી શકે. અનાચારો પણ વધી રહ્યા હતા, અને તેમને રોકવા માટે એવા સાહિત્યની જરૂર હતી જેમાં જીવનની વિભિન્ન પરિસ્થિતિઓનું અનુકરણ હોય અને જેમાંથી મનોરંજનની સાથે સાથે મનુષ્યની કુત્સિત પ્રવૃત્તિઓની નિંદા કરી શકાય અને તેમનો વિનાશ થાય, પરિણામે માનવતા ઉચ્ચતા તરફ જાય; સાથે જ સ્થાપિત સમાજનું કાર્ય પણ અબાધરૂપે ચાલે એ દૃષ્ટિ ખરી.

થોડો વિચાર કરીએ તો સંસ્કૃત નાટકોના વિભિન્ન ઉદ્દેશ્યોમાં આપણે મહત્ત્વના આ પ્રમાણે ગણી શકીએ: ૧-મનોરંજન, ૨-વૈદિક સાહિત્યના સમાન્તર લલિત સાહિત્યનું સર્જન. ૩-બધા વર્ણો પ્રત્યે સહાનુભૂતિ. ૪-બ્રાહ્મણવાદી સમાજવ્યવસ્થા તેમજ સંસ્કૃતિનો પ્રચાર. ભારતમાં પ્રાચીન સમયમાં પ્રાપ્ત નિમ્નવર્ગના લોકોને ઋગ્વેદના અંતિમ સમયે શૂદ્ર તરીકે સ્વીકારી લેવામાં આવ્યા હતા. તે દૈત્ય-દાનવ મટીને વિરાટના પગ બની ગયા હતા. વૈદિક સાહિત્યમાં શૂદ્રો પ્રત્યે બ્રાહ્મણોની ભાવના કઠોર હતી. પણ સમય જતાં નવી પરિસ્થિતિમાં શૂદ્રો પ્રત્યેની દૃષ્ટિમાં પરિવર્તન આવવા માંડયું હતું. મહાભારત-કાળ પછી દાસપ્રથા તૂટી રહી હતી તથા બૌદ્ધ અને જૈન ધર્મોએ પણ પરિસ્થિતિ બદલવામાં મોટો ફાળો આપ્યો. તેમણે બધા માટે પોતાના ધર્મના બારણાં

---

* નારેશ્વર મુકામે તા. ૩૦-૩૧ ડિસેમ્બર '૭૮ના રોજ યોજાયેલા ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના છઠ્ઠા અધિવેશનમાં રજૂ થયેલો લેખ.

ખોલી દીધાં. વળી કેટલાક ગણતંત્રોનો પણ વિકાસ થયો જેમાં બ્રાહ્મણોનું સર્વોપરિ શાસન સ્વીકારવાનું રહી શકયું નહિ આથી બ્રાહ્મણવર્ગ અને બ્રાહ્મણવાદી ક્ષત્રિયોએ ફરી સંગઠિત થઈ પ્રાચીન વૈદિક મહત્તાનું ગૌરવ-ગાન કરવાનું રાખ્યું તથા ધાર્મિક ક્ષેત્રમાં પૌરાણિક ગ્રંથોમાં તથા સાહિત્યિક ક્ષેત્રમાં કાવ્યનાટકોમાં શોષિત વર્ણોને અધિકાધિક સ્થાન આપવાનું શરુ કર્યું; પણ શરત એ જ હતી કે તેઓ બ્રાહ્મણવાદી સમાજમાં રહે તથા તેમના વિચારોને સ્વીકારે.

મોટા ભાગના સંસ્કૃત નાટકોનું નિર્માણ એવા યુગમાં થયું જ્યારે વૈદિક સાહિત્ય ગૌણ બની ગયું અને પરિસ્થિતિ પ્રમાણે બ્રાહ્મણોએ ભાગવતધર્મનો પ્રચાર આરંભ્યો હતો. પુરાણોનો અભ્યુદય અને વિકાસ થઈ ગયા હતા. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ હ્રાસાવસ્થામાં પહોંચી ગયા હતા અને શૈવ તથા વૈષ્ણવ ધર્મ અતિ પ્રબળ બની ગયા હતા. શૈવ અને વૈષ્ણવ ધર્મોને વૈદિક ધર્મ કે સનાતન ધર્મ તરીકે માનવામાં આવતા. આ ધર્મોને પ્રસરાવનાર બ્રાહ્મણોએ કૌશલથી એક બાજુ શોષિત વર્ણોને સુવિધાઓ આપી અને બીજી બાજુ વૈદિક યજ્ઞ-યાગ પ્રક્રિયાને અક્ષુણ્ણ રાખી હતી. વૈદિક કર્મકાંડની ક્યારેક બાહ્ય દેખાવ ખાતર નિંદા કરવામાં આવતી પણ મૂલતઃ દરેક બાબતને વૈદિક મૂળમાં જ દોરી જવામાં આવતી. આથી ઈ. સ. પૂર્વેના નાટકોમાં શૈવ અને વૈષ્ણવ ધર્મોનો પ્રચાર એ એક ઉદ્દેશ્ય બની ગયેલ જોવામાં આવે છે. આમ, કહી શકાય કે સંસ્કૃત નાટ્યસાહિત્યની પાર્શ્વભૂમિકામાં માનવતાવાદી પ્રવૃત્તિ પણ જોવામાં આવે છે તો સાથે જ વૈદિક-પૌરાણિક સંસ્કૃતિની સુરક્ષાની ભાવના પણ રહેલી જોવામાં આવે છે.

પાણિનિ, પતંજલિ વગેરે દ્વારા રચિત કે ઉદ્ધૃત નાટકો જેવા કે જાંબવતી પરિણય, કંસ-વધ કે બલિવધ પૌરાણિક ધર્મનો પ્રચાર કરે છે. મોટાભાગના તત્કાલીન નાટકોનું વસ્તું પુરાણોમાંથી લેવાની વૃત્તિ રહી છે. સર્વપ્રથમ મુખ્ય નાટકકાર ભાસ આપણી આગળ છે, જો કે ૧૩ ત્રિવેન્દ્રમ નાટકોનું કર્તૃત્વ ભાસનું જ છે એ સર્વસમ્મત બાબત નથી. ભાસના નાટકોમાં પૌરાણિક ધર્મનો પ્રચાર તો જોવા મળે જ છે સાથે એક અન્ય પ્રવૃતિ પણ જોવા મળે છે. રાજાઓમાં વિલાસ, સ્વેચ્છાચાર અને બહુપત્નીવાદ વગેરે હોવા છતાં જનતા તેમના પ્રત્યે શ્રદ્ધા રાખતી જોવામાં આવે છે. આનું કારણ એ છે કે મૌર્યોની શક્તિ વિનષ્ટ થયા પછી વિદેશી લોકોનું આ દેશ પર આક્રમણ વધુ પ્રમાણમાં થવા લાગ્યું અને આ આક્રમણોની સામે જે રાજ-વર્ગ થતો હતો તથા પ્રજાને યુદ્ધોથી થતા વિનાશથી બચાવી લેતો હતો તેના દોષોને જનતા ક્ષમા કરતી એટલું જ નહી પણ તે દોષોને ગુણો તરીકે સ્થાપવાનો પણ પ્રયત્ન થતો હતો. એવા સમયમાં રાજાઓનું ગુણગાન જાણે સંરક્ષણના પ્રતીકનું ગુણગાન થતું હતું. આ બાબત ભાસમાં સ્પષ્ટ દેખાય છે. સ્વપ્નવાસવદત્તમાં એક વિચિત્ર અંતર્વિરોધ આથી જોવા મળે છે. નાટકકાર બહુપત્નીવાદના સિદ્ધાંતનું રક્ષણ કરે છે. ઉદયન વાસવદત્તાને ચાહે છે, પણ જ્યોતિષિઓના કથન પ્રમાણે મગધની રાજકન્યા પદ્માવતી સાથે પણ તેના લગ્ન થવાના હતાં, આથી મંત્રીઓએ ષડ્યંત્ર કરીને વાસવદત્તાને બળેલી જાહેર કરી અને પદ્માવતી સાથે ઉદયનના લગ્ન કરાવી દીધા. સાથે જ ઉદયનનો વાસવદત્તા માટેનો અક્ષુણ્ણ પ્રેમ પણ દર્શાવવામાં આવ્યો. એ સ્પષ્ટ છે કે રાજાઓના બહુપત્નીવાદ અને વિલાસનું જ ભાસ સમર્થન કરી રહ્યા છે. આ પરંપરા આગળ વધી અને પછીના કવિઓમાં તો પટ્ટમહિષી ઉપરાંત અન્ય દાસીઓ, પ્રેમિકાઓ વગેરેને અંતઃપુરમાં લાવી, તેમના પ્રત્યે રાજાનો પ્રેમ બતાવી અને મુખ્ય મહિષીનો થોડોક ભય બતાવીને છેવટે તેના વડે જ રાજા અને પ્રેમિકાના લગ્ન

કરાવી આપવામાં આવે છે. માલવિકાગ્નિમિત્ર, પ્રિયદર્શિકા, રત્નાવલી વગેરેમાં આપણે આ પ્રવૃત્તિ જોઈ શકીએ છીએ. આમ રાજાઓની કામવૃત્તિનું સમર્થન જોવા મળે છે. સાથે જ રાજાઓમાં અનેક ગુણોની સ્થાપના થતી પણ જોવામાં આવે છે. ભાસમાં તપસ્વીઓ, વેદપાઠ, યજ્ઞ અને શાસ્ત્રોને યથોચિત આદર અપાય છે. પણ એ બધાનો આધારસ્તંભ તો રાજા જ છે. રાજાઓના વૈભવ વિલાસાદિના વર્ણનથી કવિ મુક્ત થાય તો જનતાની દશાનું ચિત્રણ મળે, પણ તેમ મહદંશે થતું નથી.

સમાજની અવસ્થા પર કંઈક વધુ પ્રકાશ નાખે તેવું પ્રકરણ મૃચ્છકટિક છે. એમાં મુખ્યપાત્રો જો કે ઉચ્ચવર્ગના છે છતાં દરિદ્ર વેપારીની દશા અને અન્ય નિમ્નવર્ગીય લોકોનું સારું ચિત્રણ મળે છે. શૂદ્રકના વખતનું રાજ્ય નિરંકુશ હતું, સર્વત્ર લોકો સ્વેચ્છાચારી બની ગયા હતા, અને મુખ્ય અધિકારી સેનાપતિ અને મંત્રી હતા. ન્યાયવિભાગ વિકસિત હતો અને સાક્ષીની પ્રથા પ્રચલિત હતી. ન્યાયવિભાગ સ્વતંત્ર ન હતો અને રાજાના કુટુંબીઓ ન્યાયવિભાગ પર દબાણ લાવી શકતા. અંતિમ નિર્ણય રાજાને હસ્તક હતો.

શૂદ્રકના સમયે જાતિપ્રથા પ્રચલિત હતી, પણ તે પરંપરાગત રીતે મળતી નથી. ચારુદત્ત બ્રાહ્મણ હોવા છતાં મોટો સાર્થવાહ હતો તો સાથે જ વસંતસેના જેવી ગણિકાનો પ્રેમી હતો. શર્વિલક પણ બ્રાહ્મણ હતો પણ સાથે જ ચોરીમાં નિપુણ હતો. વેશ્યાઓ લગ્ન પછી 'કુલવધૂ'-નું પદ મેળવી લેતી. જુગારી, વેપારી અને રાજનીતિજ્ઞો સુખી જીવન ગાળતા. વેપારીઓના છોકરાં સોનાની ગાડીને રમકડાં તરીકે વાપરતા. દાસપ્રથા તે વખતે પ્રચલિત હતી. મદનિકાને દાસી બનવું પડયું હતું અને તેની કીમત ચૂકવી શર્વિલક તેને છોડાવી શકે એમ હતું. જનતા અંધવિશ્વાસ, રાજનૈતિક ષડ્યંત્રો અને નીચ રાજપુરુષો વડે પીડાતી હતી. ધૂર્ત, વિટ્ અને શકાર જેવાઓ રાજમાર્ગો ઉપર યથેચ્છ વ્યવહાર કરી શકતા. શકાર રાજમાર્ગ ઉપર વસંતસેનાનો પીછો કરે છે. બૌદ્ધોની પ્રતિષ્ઠા ઓછી થઈ હતી. વેશ્યાઓના ઘરમાં પણ ધાર્મિક કાર્યો થતાં એ ખરું. સંવાહક જેવો માણસ ભિક્ષુ થઈ જતાં આદરપાત્ર બન્યો હતો એટલે ધાર્મિક માણસનો આદર સમાજ કરતો હતો. બૌદ્ધ ભિક્ષુ તરફ માનની ભાવના ક્રમશઃ પછીના નાટકોમાં લુપ્ત થતી ગઈ. કાલિદાસમાં તેની ચર્ચા જ નથી.

કાલિદાસ પણ રાજાઓના ગુણગાનને મૂકતા નથી. કાલિદાસના રાજાઓ વૈદિકપ્રથા અને વિલાસિતા, બન્નેના સંરક્ષકો છે. આ રાજાઓ યજ્ઞમાં સર્વસ્વનું દાન કરતા, ઘોર વિલાસી અને પ્રચંડ વીર હતા. તપોવનોનું રક્ષણ કરતા અને વેદશાસ્ત્રોના નિયમો પ્રમાણે ચાલતી વર્ણવ્યવસ્થાનું રક્ષણ કરતા. આ બાબત શાકુન્તલમાં દેખાય છે. કણ્વનો આશ્રમ, મારીચનો આશ્રમ, દુષ્યંતની તપોવન પ્રત્યે ભક્તિ વગેરે એક બાજુ છે તો બીજી બાજુ વસુમતીની ઉપેક્ષા, હંસપદિકાનું ઉપેક્ષાગીત, શકુન્તલાનો અનાદર વગેરે છે.

દુષ્યંતમાં કેટલાક ગુણો દર્શાવ્યા છે તે તત્કાલીન ક્ષત્રિયોની પ્રતિષ્ઠાનાં કારણો બન્યા હશે. પુત્રવિહીન ધનિક ધનમિત્રની સંપત્તિ તે લઈ લેતો નથી. તે વીર-ધીર છે અને યુદ્ધમાં ઇન્દ્રની સહાયતા કરે છે. રાજાઓની યુદ્ધશક્તિ જનતાના હિતોને અનુકૂળ હતી. આથી તેની પ્રશંસા કરવી એ અનિવાર્ય હતું. સનાતન વૈદિક ધર્મના રક્ષક હોવાને કારણે રાજાઓને વિષ્ણુ પણ ગણવામાં

આવતા ! માલવિકાગ્નિમિત્ર એ સ્વપ્નવાસવદત્તની પરંપરાનું નાટક છે. અગ્નિમિત્ર અશોકવૃક્ષના મૂળમાં તે માલવિકાનું આલિંગન સ્પૃહે છે અને ઇરાવતીથી ડરે છે. પિતા પુષ્યમિત્ર અને પુત્ર વસુમિત્ર યુદ્ધમાં વ્યસ્ત છે પણ અગ્નિમિત્ર પ્રેમિકાની પ્રાપ્તિમાં વ્યસ્ત છે. વિક્રમોર્વશીયમાં અપ્સરાઓના સ્વતંત્ર પ્રેમની ચર્ચા છે, પણ પરાક્રમથી આ પ્રેમ પ્રાપ્ત કરી શકાય છે એમ રાજાના પક્ષે જણાવ્યું છે. અશ્વઘોષનાં નાટકોમાં બૌદ્ધધર્મનો પ્રચાર પ્રમુખ વિષય રહ્યો છે. હર્ષનાં નાટકોમાં અન્ય મૌલિકતા નથી પણ નાગાનંદમાં સમન્વયની ભાવના જોવા મળે છે. નાગાનન્દમાં વિટ્‌ના ખૂબ કહેવા છતાં બ્રાહ્મણ વિદૂષક સુરાપાન નથી કરતો. સામાન્ય રીતે વિદૂષક નિમ્નકક્ષાનો બ્રાહ્મણ છે માટે રાજા કે રાણીના પ્રણામનો હકદાર બતાવેલ છે.

ભવભૂતિના માલતીમાધવ–પ્રકરણનું સામાજિક દૃષ્ટિએ મહત્ત્વ છે. આમાં રાજકીય ખટપટો, બ્રાહ્મણ વર્ગનું મહત્ત્વ અને તત્કાલીન કેટલીક આસ્થાત્મક પ્રવૃત્તિઓ જોવા મળે છે. ૮મી સદી સુધી બૌદ્ધ સાધના ભ્રષ્ટ થઈ ગઈ હતી. સમાજમાં સર્વત્ર ચમત્કાર અને સ્મશાનસાધના જેવાં તત્ત્વો પ્રબળ બની રહ્યાં હતાં. ભવભૂતિએ અઘોરઘંટ અને કપાળકુંડલા જેવાં પાત્રો તે તત્ત્વોને સ્પષ્ટ કરવા માટે જ નિર્મિત કર્યાં છે. છતાં ભવભૂતિનાં ઉત્કૃષ્ટ નાટક ઉત્તરરામચરિતમાં કરુણાને નાટકનો આધાર બનાવેલ છે અને કવિ જનતા તરફ દૃષ્ટિપાત કરતા નથી એમ કહેવું પડે છે. ભવભૂતિ પછી વિશાખદત્તે મુદ્રારાક્ષસમાં રાજનૈતિક જીવનના પ્રપંચોનું સુંદર વર્ણન કરેલ છે. ષડ્‌યંત્રોના બધા જ પ્રકાર અહીં મળે છે, જોકે ભારતમાં એ તત્ત્વને આદર મળેલ નથી. મુરારિના અનર્ઘરાઘવનું કંઈ મહત્ત્વ ન રહ્યું કારણ કે તેમાં પૌરાણિકતા વધુ હતી. મુરારિએ પણ સમાજ તરફ જોયું નથી. ભટ્ટ નારાયણે પણ પૌરાણિકતા પકડી રાખી. રાજશેખરે બાલચરિત કે બાલરામાયણમાં પૌરાણિક કથા લીધી, અને કર્પૂરમંજરીમાં કંઈક સમાજિકતા આપી. પ્રબોધ-ચંદ્રોદય જેવાં નાટકોમાં મૌલિકતા ન રહી, પણ પ્રતીકાત્મકતા વધી ગઈ એટલે સામાજિક તત્ત્વો અદૃશ્ય થતાં ગયાં.

નાટક જીવનનું અનુકરણ છે પણ સંસ્કૃત નાટકોમાં એક વર્ગવિશેષના જીવનનું જ અનુકરણ મળે છે. મહાકાવ્યની પ્રવૃત્તિઓને નાટકોમાં ભરવાને કારણે અહીં સહજ–જીવનની અનુકૃતિનાં ચિહ્ન જવલ્લે જ મળે છે. સંસ્કૃત નાટકો કાવ્યતત્ત્વની દૃષ્ટિએ અનુપમ છે, પણ કાવ્યતત્ત્વ ઉપર વધુ ભાર મુકાતાં, નાટકોમાં સામાન્ય રીતે ઉપલબ્ધ સર્વાંગીણ સામાજિક તત્ત્વોની ઉપેક્ષા થઈ છે. મુખ્યત્વે જોતાં એમ લાગ્યા વગર રહેતું નથી કે સંસ્કૃત નાટકોમાં વિરાટ સમાજની અનુકૃતિ પ્રસ્તુત થઈ શકી નથી. એક વર્ગવિશેષનું ચિત્રણ છે પણ તે સાંગોપાંગ નથી. છતાં ઈ. સનના પ્રારંભથી માંડી સત્તરમી સદી સુધીના ભારતીય સર્જકના ચિત્ત પર પ્રભાવ પાડનાર મુખ્ય તત્ત્વો સંસ્કૃત નાટકોના સામાજિક પરિવેશમાં પ્રાપ્ત થાય છે અને તેથી આ નાટકો સંસ્કૃત સાહિત્ય માટે જ નહિ પણ સમગ્ર વિશ્વ સાહિત્ય માટે અમૂલ્ય કૃતિઓ કહી શકાય.

---

# છાયાનાટક*

આર. પી. મહેતા

જેમ્સ જે. હેઝ[1] પૂતળીખેલમાં ઉપયોગમાં આવનારી પૂતળીઓના અઢાર પ્રકાર ગણાવે છે. તેમાં ચાર મુખ્ય છે:—સ્ટ્રીંગ પપેટ.–સૂત્રચાલિત પૂતળીઓ. હેન્ડ પપેટ-હસ્તચાલિત પૂતળીઓ, શેડી ફિગર-છાયાકૃતિઓ, રૉડ પપેટ-દંડચાલિત પૂતળીઓ. છાયાકૃતિથી અભિનીત પૂતળીખેલને છાયાનાટ્ય કહે છે. છાયાનાટકોમાં વસ્તુતઃ પાત્રો રંગમંચ પર આવતાં નથી. ચામડાની કે જાડાપુઠાની બનાવેલી પૂતળીઓ ભારે પ્રકાશ અને પડદા વચ્ચે કઠપૂતળીખેલની જેમ ફેરવવામાં આવે છે. તેથી પડદા ઉપર પડતી તેની છાયાઓ ગતિ કરતી અને કંપતી લાગે છે. પડદા પાછળથી વ્યક્તિઓ નાટ્યાત્મક રીતે સંવાદ બોલતી હોય છે. પડદો સફેદ, સ્વચ્છ અને પાતળો હોય છે. પ્રેક્ષકો પડદા ઉપરની છાયાના રૂપમાં નાટક જુએ છે. પ્રો. સિલ્વાં લેવી[2] લખે છે. 'A drama in the state of shadow.'

આને લગતા કેટલાક મતભેદો જોવા મળે છે. જેમકે—

૧. રાજેન્દ્રલાલ મિત્ર, વિલ્સન[3]–Outline of a drama or entr'cte.

૨. પિશલ[4]–Shadow of a drama or half drama.

૩. ડે અને દાસગુપ્તા[5]–An epitomised adaptation of previous plays on the subject

૪. મોનિયેર વિલિયમ્સ[6]–A small drama, one imitative of another

ડે અને દાસગુપ્તાને[7] તો છાયાનાટકવાદ આધાર વગરનો લાગે છે. તેમની દૃષ્ટિએ છાયા-નાટક નામ શંકાસ્પદ છે. 'તેની સ્વરૂપચર્ચા લક્ષણગ્રન્થોમાં નથી. બીજી કોઈ રીતે ઐતિહાસિક કે સાહિત્યિક કોઈ પણ ધોરણે-તેમાં બુદ્ધિગમ્ય લાગે તેવાં લક્ષણો મહદંશે નથી. ઉપલબ્ધ છાયાનાટકો બીજાં સામાન્ય નાટકો જેવાં જ છે. તેઓ છાયાનાટક તરીકે લખાયાં હોય કે ભજવાયાં હોય તેવાં

---

* નારેશ્વર મુકામે તા. ૩૦–૩૧ ડિસેમ્બર, ૭૮ના રોજ યોજાયેલા ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ અધ્યાપક મંડળના, છઠ્ઠા અધિવેશનમાં વંચાયેલ લેખ.

१ हिन्दी साहित्य कोश भाग १, ले. श्रीवास्तव श्याममोहन-सं. वर्मा. धीरेन्द्र पृ. ३२३.

૨ A History of Sanskrit Literature, Dasgupta S. N., De S. K., p. 501.

૩ એજન

૪ એજન

૫ એજન

૬ A Sanskrit English Dictionary–Sir Monier Williams. p. 406.

૭ A History of Sanskrit Literature, Dasgupta S. N. De. S. K., p. 501.

ખાતરીબદ્ધ પ્રમાણો નથી.' તેમનો આ અભિપ્રાય અંતિમવાદી અને એકાંગી છે. તેમજ છાયા-નાટક, ઉપરની વ્યાખ્યાઓમાં કહ્યું છે તેમ, નાનું કે ઉતારાઓના સંગ્રહરૂપ નથી કારણ કે ઉપલબ્ધ છાયાનાટકોમા કેટલાંક નાટકો જ આવાં છે.

'સુભદ્રાપરિણય'ની પ્રસ્તાવનામાં નારાયણ ખિસ્તે શાસ્ત્રીએ જણાવ્યું છે, કે કઠપૂતલીનો સમાવેશ પણ છાયાનાટકમાં થયો હોય એમ લાગે છે. તેના સમર્થનમાં તેણે નાટ્યશાસ્ત્ર ૪-૨૬૮ ઉપરની અભિનવગુપ્તની આ ટીકા નોંધી છે......तत्रापि नाट्यछायात्मकतैव। नाट्यस्यैव ह्यमी भागनिष्यंदाश्चित्रपुत्रिकापुस्तप्रभृतयो ग्रन्थिकादिपरिकल्पितसाक्षात्कारकल्पप्रत्ययसम्पदः ॥ આ અવતરણમાં છાયાનાટ્યની અને તેના અવયવસમૂહ તરીકે ચિત્રો, પૂતળીઓ અને લાકડાની કે માટીની આકૃતિઓની નોંધ લેવાઈ છે.

પરંપરાગત તુર્કી છાયાનાટકો માટે Karagöz શબ્દ વપરાય છે. તે સત્તરમી સદીમાં ઈંગ્લૅન્ડમાં પ્રવેશેલા Punch & Judy નામના પૂતળીખેલ સાથે સામ્ય ધરાવે છે. Karagöz એ છાયાનાટકના મુખ્ય પાત્રનું નામ પણ છે. એ તુર્કી જનસમાજનો પ્રતિનિધિ છે. તેની સાથેનું પાત્ર Haçivat છે. તે સતત વિરોધ અને વિક્ષેપ ઊભા કરે છે. તે આળસુ અને અભિમાની છે. Karagöz સારું પાત્ર છે Haçivat ખરાબ. બંને ૧૪મી સદીના વાસ્તવિક જીવનનાં પાત્રો છે. પહેલાની તળપદી ભાષા છે, બીજાની સાહિત્યિક. ત્રીજું પાત્ર રોબિનહૂડના જેવું EFE નામનું છે. તે બંનેનો કલહ શમાવે છે. આમને લગતી ત્રીશ કથાઓ છે. તેમાં ગીત, નૃત્ય, ટૂચકાઓ, કટાક્ષો અને સામયિક બનાવોના પ્રતિભાવો હોય છે. જાવાનીઝ છાયાનાટક માટે 'બયંગ' શબ્દ છે. તેમાં તેના સાત સ્વરૂપભેદો છે.

ચીનમાં છાયાનાટકો ઈસ્વીસન પૂર્વેથી પ્રચલિત છે. જ્યોર્જ જૅકલના ઈ. ૧૯૨૫માં પ્રકાશિત થએલા 'ગોશીશ્તે ડેશ શૈટેન થિએટર્સ'માં જણાવાયું છે કે છાયાનાટ્યોનો પ્રચાર ચીનમાંથી ભારતમાં, ભારતમાંથી પર્શિયા, અરેબિયા, આફ્રિકા અને યુરોપીય દેશોમાં થયેલો છે. ચીનમાં આ છાયાઓને પારદર્શી રંગો દ્વારા રંગીન બનાવવામાં આવતી. પણ યુરોપમાં જતાં આ યુક્તિનો લોપ થયો. ચલચિત્રોની શરૂઆત પહેલાં ઈ. ૧૮૮૦–૯૦માં તેનો ઘણો પ્રચાર હતો. ચલચિત્રોના આવિષ્કારમાં તેણે પ્રેરણા આપી છે તેમ શ્યામમોહન શ્રીવાસ્તવ માને છે.[૮] મધ્યયુગી યુરોપમાં કઠપૂતળીને લગતાં જે નામો હતાં તે ભારતને અનુસરીને હતાં તેમ પિશેલ માને છે.[૯] યુરોપમાં આજે પણ છાયાનાટ્ય મંડળીઓનું અસ્તિત્વ છે. અહીં ભારતમાં સત્તરમી સદી સુધી પ્રયોગો થયેલા. જાવાદ્વીપમાં ભારતને અનુસરીને ઘણાં સમય પહેલાં છાયાનાટક શરૂ થએલાં. છાયાનાટકનું સાહિત્ય, સ્વરૂપ અને પ્રદર્શન–ત્રણેય બાબતો માટે તે ભારતનું ઋણી છે. દક્ષિણપૂર્વીય એશિયાઈ દેશોમાં છાયાનાટક વધુ કલાત્મક સ્વરૂપમાં વિકસ્યું છે. ઉદયશંકરે આ સદીના પાંચમા દશકના આરંભમાં છાયાનાટકપ્રથામાં અભિનવ પ્રયોગ કરેલો. રામકથાના બધા મુખ્ય પ્રસંગો તેમાં સમાવી લીધેલા. પૂતળીઓના સ્થાને ખરેખરા માનવ અભિનેતાઓ જ રાખેલા.

---

૮ हिन्दी साहित्य कोश, भाग १ ले. श्रीवास्तव श्याममोहन. सं. वर्मा धीरेन्द्र, पृ. ३२३.

૯ એજન

ભારતમાં છાયાનાટકની ચાર પરંપરાઓ છે. ડૉ. સુરેશ અવસ્થીએ[૧૦] તેની આલોચના કરી છે: (૧) ઓરિસ્સાની (૨) કેરળની (૩) આંધ્રની (૪) કર્ણાટકની. તેમાં ઓરિસ્સાની સૌથી વધુ પ્રાચીન છે. ચારેયમાં પૂતળીઓ અર્ધાથી બે મિટરની હોય છે, ઓરિસ્સામાં છાયાનાટક માટે 'રાવણછાયા' નામ છે. બાકીની પરંપરાઓમાં તેને માટે તે તે ભાષાના ચર્મપૂતળીનૃત્યના વાચક શબ્દો છે. ચરિત્રમાં રામકથા હોય છે. આંધ્ર-કર્ણાટકમાં આ ઉપરાંત મહાભારત કથા પણ હોય છે. કર્ણાટકમાં તો કથાથી અસંબદ્ધ એવાં અન્ય સામાજિક લૌકિકપાત્રો પણ હોય છે. કેરળમાં ધાર્મિક પ્રસંગોએ મંદિરમાં તેની રજૂઆત થાય છે. અહીં પૂતળીઓમાં છિદ્રો રખાય છે જેથી છાયાકૃતિઓમાં વસ્ત્રાભૂષણનો આભાસ ઊભો થાય. આંધ્ર અને કર્ણાટકમાં પૂતળીઓને પારદર્શક રાખીને, પડદા ઉપર રંગીન છાયાઓ ઉપસાવવામાં આવે છે. કર્ણાટકની પૂતળીઓનું સંચાલન બાકીના કરતાં સૌથી વધુ સીમિત હોય છે.

ડૉ. સુરેશ અવસ્થીના[૧૧] મત પ્રમાણે, સંસ્કૃત નાટકના ઉદયકાળથી જ તેનો પૂતળીનાટ્ય સાથે સંબંધ રહ્યો છે. બંને વચ્ચે સક્રિય વિનિમય રહ્યો છે. સંસ્કૃત નાટક પૂતળી ખેલ અને છાયાનાટકમાંથી જ ઉદ્ભવ્યું હોવાનો મત પિશેલ, લ્યૂડર્સ અને સ્ટેન કોનો ધરાવે છે. 'રૂપક' શબ્દ છાયાનાટકના સંદર્ભમાં વધુ બંધબેસતો છે એમ ડૉ. હંસરાજ[૧૨] પણ માને છે. છાયા-પ્રયોગ દરમિયાન, પડદા પાછળ બેસીને પાઠ વાંચનારની જગ્યા માટે नैपाठ्य શબ્દ છે, તેમાંથી સંસ્કૃત નાટકનો नेपथ्य શબ્દ બન્યો છે તેવી માન્યતા છે.

M Senart, F. W. Thomas અને Vincent A, Smithના[૧૩] મતે અશોકના શિલાલેખોમાંનાં ચૌદ આદેશો ઈ. પૂ. ૨૫૭—૨૫૬માં લખાયેલ છે. તેમાંનાં ચોથા આદેશમાં દેવગૃહો, હાથીઓ, હોળી અને બીજાં ધાર્મિક બાબતોનાં દશ્યો માટે 'રૂપ' શબ્દ વપરાયેલો છે. આ શબ્દ 'છાયાપ્રયોગ' માટે છે એમ પ્રો. કોનોનું મંતવ્ય છે.

બ્લૉચ, આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા અહેવાલ (૧૯૦૩–૪)માં[૧૪] જણાવે છે કે સીતાબેંગાની ગુફા રંગશાળાના ઉપયોગમાં આવતી હશે. તેના આગળના ભાગમાં ખાંચાઓ છે. છાયાખેલના પડદા માટે તે ઉપયોગમાં આવતા હશે તેમ આ વાદના સમર્થકો માને છે.

બૌદ્ધોના પ્રાચીન ગ્રન્થોમાંના 'થેરીગાથા'માં रूप्परूपक શબ્દ આવે છે. તેની અગાઉ પૂતળીનો ઉલ્લેખ છે. આથી પિશેલ આ શબ્દમાં પૂતળીખેલનો નિર્દેશ સમજે છે. 'મિલિન્દપન્હ' નામના બૌદ્ધગ્રન્થમાં વપરાયેલો रुपदक्ख શબ્દ અને જોગીમારાની ગુફામાં વપરાયેલો लूपदक्ख શબ્દ પૂતળીખેલ માટે છે તેમ આ સમર્થકો માને છે.

---

૧૦ सारे भारतकी कलामें अवधके राम-' धर्मयुग '-८ अक्टू. ७-८, पृ. ११–१२.

૧૧ એજન

૧૨ संस्कृत साहित्यका इतिहास —अग्रवाल हंसराज, पृ. २६८.

૧૩ Asoka-Smith Vincent A. P. 145-146

૧૪ संस्कृत नाटयकला-शुकल रामलखन. पृ. ९४८

મહાભારત ૩-૩૦-૨૩ અને ૫-૩૯-૧માં પૂતળીખેલને લગતા પુરાવા મળે છે. તેમાં જ ૧૨-૨૯૫-૫માં रूपोपजीवनम् શબ્દને સમજાવતાં ઈ. સ. ૧૭મા સૈકાના ટીકાકાર નીલકંઠે લખ્યું છે: रूपोपजीवं जालमण्डपिकेति दाक्षिणात्येषु प्रसिद्धं, यत्र सूक्ष्मवस्त्रं व्यवधाय चर्ममयैराकारैः राजामात्यादीनां चर्या प्रदर्श्यते । દાક્ષિણાત્યોમાં रूपोपजीवनम्ને जालमण्डपिका કહેવામાં આવે છે. તેમાં સૂક્ષ્મ વસ્ત્ર ગોઠવીને, તેના ઉપર ચામડાના આકારોની મદદથી, રાજા, પ્રધાન વગેરેની પ્રવૃત્તિ બતાવવામાં આવે છે.

પતંજલિના મહાભાષ્ય (ઈ. પૂ. ૧૪૪-૪૨)માં, ભૂતકાળમાં બનેલા બનાવો વર્ણવવામાં આવે ત્યારે વર્તમાનકાળ વાપરી શકાય છે, તેમ સમજાવ્યું છે. ત્યારે 'કંસવધ' અને 'બલિબંધ' પ્રસંગોના ઉલ્લેખ છે. તેમાં ત્રણ વર્ણન કરનારાઓ દર્શાવેલ છે. શૌભિક કે શોભનિક, ચૈત્રિક અને ગ્રન્થિક. લ્યૂડર્સ માને છે કે અહીં 'કંસવધ' અને 'બલિબંધ' એ બે છાયા નાટકો છે. શૌભિક છાયાચિત્રોને સમજાવનાર છે. ચૈત્રિકો પોતાનાં ચિત્રો બીજાને સમજાવે છે. ગ્રન્થિકો કથા કરવામાં વપરાતા હસ્તલિખિત ગ્રન્થ સાથે સંકળાયેલા છે.

વાત્સ્યાયને (ઈ.ની ત્રીજી સદી લગભગ) આખ્યાનક પટનો ઉલ્લેખ કર્યો છે. તેમાં અનેક દશ્યોમાં ચીતરાયેલી એક નાની વાર્તા વીંટાળાયેલા કંતાન ઉપર હોય છે. ઈ. ૫૦૦ના અરસામાં લખાયેલા 'મુદ્રારાક્ષસ'ના પ્રથમ અંકમાં આવા જ યમપટનો ઉલ્લેખ છે. ચાણક્યનો ગુપ્તચર ચંદનદાસના ઘરમાં વિસ્તારે છે. ભોજદેવે (ઈ ૧૧મી સદી) છાયાનાટક જેવી રચના માટે आख्यानक શબ્દ વાપરેલ છે.

'બૃહત્કથા' (ઈ.ની ત્રીજી સદી)ને અનુસરીને લખાયેલા 'કથાસરિત્સાગર'માં શિલ્પી મયાસુરની પુત્રી સોમપ્રભાની વાર્તા આવે છે. તે તેના સહચરને બોલતાં, નાચતાં, ઊડતાં, પાણી ભરતાં કે ફૂલ વીણતાં અને માળા લાવી આપતાં પૂતળાંથી રીઝવે છે.

વરાહમિહિર (ઈ. ૬ઠ્ઠી સદી) 'બૃહત્સંહિતા'માં (૫/૭૪) रूपोपजीविन् શબ્દ વાપરે છે. તે છાયાનાટકના સંદર્ભમાં છે તેમ ડૉ. રામસાગર ત્રિપાઠી માને છે.

'રત્નાવલી', (ઈ. ૬ઠ્ઠી સદીનો પૂર્વાર્ધ), 'દશકુમારચરિત' (ઈ. ૭મી સદી) અને 'પ્રબોધચન્દ્રોદય' (ઈ. ૧૧મી સદીનો ઉત્તરાર્ધ)માં આવા જાદુપ્રયોગો કરનારા ઈન્દ્રજાલિકો છાયાનાટકકારો હતા અને છાયાનાટકદ્વારા તે બતાવી શકાતા તેમ છાયાનાટકના સમર્થનમાં કહેવાય છે.

'ત્રૈવિક્રમમ્'માં વામન અવતારને લગતો ટૂંકો સંવાદ છે. એમ. આર. કવિના મતે[૧૫] તેના કર્તા પલ્લવવંશના મહેન્દ્ર વિક્રમવર્મા (ઈ. ૭મી સદી) અથવા નરસિંહ વર્મા (ઈ. ૮મી સદી) છે. આમાં સૂત્રધાર અને નટીનો સંવાદ છે. સૂત્રધાર બધા વિષ્ણુ-અવતારોનાં ચિત્રપટો નટીને બતાવતો હશે અને તેની કથા વર્ણવતો હશે. 'ત્રૈવિક્રમ'માં વામન અવતારને લગતું ત્રીજું ચિત્રપટ છે. સંવાદના અંતે નટી સૂત્રધારને પછીના ચિત્ર ઉપર જવાનું કહે છે. શાકુંતલ ઉપરની મલબારની ૩૦૦ વર્ષ અગાઉની 'છર્દન' ટીકામાં આના અજોડ પાત્રાલેખનની નોંધ લીધી છે. આનું નાટકીય આયોજન એકદમ વિશિષ્ટ છે એમ કૃષ્ણમાચારિયર[૧૬] પણ નોંધે છે

---

૧૫ History of Classical Sanskrit Literature, Krishnamachariyar. M. p. 688.

૧૬ એજન, p. 687.

ભવભૂતિનું મહાવીરચરિત (ઈ. ૮મી સદી), રાજશેખરનું બાલરામાયણ (ઈ. ૯ કે ૧૦મી સદી), અને જયદેવનું પ્રસન્નરાઘવ (ઈ. ૧૩મીસદી) આ ત્રણેય છાયાનાટકો છે તેમ શ્યામમોહન શ્રીવાસ્તવ[૧૭] જણાવે છે. આ રામકથાશ્રિત નાટકો છે. 'બાલરામાયણ' દશ અંકનું છે. બાકીનાં બંનેમાં સાત અંકો છે. રાજશેખરે 'બાલરામાયણ'ના પાંચમાં અંકમાં સીતા અને તેની બહેનપણીના મુખમાં પોપટ મૂકેલી માનવકદની પૂતળીઓ દર્શાવેલી છે. તેમનો રાવણ સાથેનો સંવાદ આપેલ છે

અભિનવગુપ્તે (ઈ. ૧૦મી સદીના છેલ્લા ચરણ અને ૧૧મી સદીના પહેલા ચરણમાં) અભિનવભારતીમાં છાયાનાટ્યને લગતો ઉલ્લેખ કર્યો છે. તે અગાઉ જોયેલો છે.

મેઘપ્રભાચાર્યનું 'ધર્માભ્યુદય' (ઈ. ૧૨૧૭માં રચાયેલું) ત્રણ દશ્યો ધરાવતું એકાંકી છે. ભાવનગરની જૈન આત્માનંદ ગ્રંથમાળા દ્વારા મુનિ પુણ્યવિજયે ઈ. ૧૯૧૮માં પ્રકાશિત છે. નાટક પોતાને છાયાનાટ્યપ્રબંધની સંજ્ઞા આપે છે. આને લગતું એક રંગસૂચન પણ છે. રાજા જ્યારે યતિ થવાનું જાહેર કરે છે ત્યારે આ સૂચન આપે છે. **यमनिकान्तरात यतिवेशधारी पुत्रकस्तत्र स्थापनीयः ।** આમાં રાજર્ષિ દશાર્ણભદ્રનું જીવન વર્ણવાયેલું છે. નાટક પાર્શ્વનાથના મંદિરમાં ભજવાયેલું છે.

ગુજરાતના અણહિલપુર પાટણના રાજા કુમારપાળે (ઈ. ૧૧૪૨ થી ૧૧૭૨) ભાવ-બૃહસ્પતિની પ્રેરણાથી સોમનાથ મંદિરમાં શિવલિંગનું પ્રતિષ્ઠાપન કારાવેલું અને કુમારપાળેશ્વર મંદિર બંધાવેલું. તેની યાદગીરીમાં ત્રિભુવનપાળે (ઈ. ૧૨૪૨-૪૩) વસંતોત્સવની ઉજવણી કરાવેલી. તેમાં તેની આજ્ઞાથી તેની હાજરીમાં સુભટનું 'દૂતાંગદ' ભજવાયેલું. પ્રસ્તાવનામાં આને લગતો નિર્દેશ છે. અશોકકુમાર મંજુમદાર, ભો. જે. સાંડેસરા, અને રસિકલાલ પરીખે આની નોંધ લીધી છે. વિંટરનિટ્ઝે તો તારીખ પણ આપી છે: ૭ ૩-૧૨૪૩[૧૮] નાટક પોતાને છાયાનાટકની સંજ્ઞા આપે છે. આની એક લઘુ અને બીજી દીર્ઘ, એમ બે વાચનાઓ છે. એકમાં ૫૬ અને બીજામાં ૧૩૮ પદ્યો છે. એગલિંગની નોંધ મુજબ લાંબી વાચનામાં પ્રસ્તાવના લંબાઈ છે. અને બીજાં વર્ણનાત્મક પદ્યો ઉમેરાયાં છે. ચાર દશ્યો ધરાવતાં આ એકાંકીમાં અંગદના દૂતકર્મનો પ્રસંગ છે. શરૂઆતની પ્રસ્તાવના પછીના પ્રથમ દશ્યમાં અંગદને દૂત તરીકે મોકલવામાં આવે છે. બીજામાં વિભીષણ–મંદોદરી રાવણને સમજાવે છે. ત્રીજામાં અંગદની ઉપસ્થિતિમાં માયાવી સીતા રાવણને પ્રેમ કરતી હોય છે. અંગદને તેની માયાનો ખ્યાલ આવે છે. તે ધમકી આપી જતો રહે છે. ચોથા દશ્યમાં બે ગંધર્વો રામનો વિજય વર્ણવે છે. વર્ણનાત્મક પદ્યોનો અતિરેક, ગણનાપાત્ર પાત્રો, પ્રાકૃતનો અભાવ, વીરરસપૂર્ણ સંવાદ, કૌશલપૂર્ણ છંદ–અલંકાર યોજના વગેરે તેની વિશેષતાઓ છે. નાની વાચનાને અંતે લેખકે બીજેથી ઉતારાઓ કર્યાનું કબૂલ્યું છે. તે ક્યાંથી લીધા છે, તે પણ જાણી શકાયું છે, જેમકે ચોથો શ્લોક 'પ્રસન્નરાઘવ'માંથી અને પાંચમો પણ તેમાંથી અને 'મહાવીરચરિત'માંથી લીધેલો છે. કેટલાક પ્રસિદ્ધ શ્લોક અહીં છે.

---

૧૭ हिन्दी साहित्य कोश. भाग. १. ले. श्रीवास्तव श्याममोहन सं. वर्मा धीरेन्द्र. पृ. ३२३.

૧૮ A History of Indian Literature, Winternitz M. Tr. Jha Subhadra, Vol. III Part I p. 303.

જેમકે, उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मीः। હિતોપદેશનો આ પ્રસિદ્ધ શ્લોક અહીં છે. નમિસાધુએ આ નાટકની પ્રશંસા કરી છે. સોમેશ્વરે પણ 'કીર્તિકૌમુદી'માં તેના પદન્યાસની પ્રશંસા કરી છે. सुभटेन पदन्यासः स कोऽपि समितौ कृतः। येनाधुनाऽपि धीरानां रोमाञ्चो नापचीयते॥

સોમેશ્વરદેવ (ઈ. ૧૩મી સદીનો પૂર્વાર્ધ) ગુજરાતના અણહિલવાડ પાટણના ચૌલુક્ય રાજાઓના કુળપુરોહિત હતા. તેણે 'ઉલ્લાઘરાઘવ' નામનું આઠ અંકનું નાટક લખેલું છે. તેના સાતમા અંકમાં રાવણના બે અસુર ગુપ્તચરોનો સંવાદ છે. તેમાંનાં એક વૃકમુખે રાવણને ખુશ કરવા રામલક્ષ્મણને લગતું ચીતરેલું પત્રપટ્ટ તૈયાર કર્યું છે. તે જોઈને બીજો કાર્પટિક તેને કહે છે छायानाट्यानुसारेण मनोहरमिदमालिखितं भवता। તેમના સંવાદમાં વર્ણવાયેલા, રાવણના પતનથી રામના પુષ્પકારોહણ સુધીના પ્રસંગો રજૂ થતા જાય છે. અહીં છાયાનાટકનો પ્રયોગ નોંધનીય છે. આ નાટક દ્વારકામાં પ્રબોધિની એકાદશીએ ભજવાયેલું છે.

વ્યાસ રામદેવે (ઈ. ૧૫મી સદીનો પૂર્વાર્ધ) પાંડવાભ્યુદય, રામાભ્યુદય, અને સુભદ્રાપરિણય ત્રણ નાટકો લખ્યાં છે. લેખકને રાયપુરના કલચુરિ રાજાઓનો આશ્રય છે. હરિબ્રહ્મદેવના આશ્રયમાં સુભદ્રાપરિણય, મેરુના આશ્રયમાં રામાભ્યુદય, અને રણમલ્લદેવના આશ્રયમાં પાંડવાભ્યુદયની રચના થયેલી છે. ત્રણેય નાટકોએ પોતાને છાયાનાટકની સંજ્ઞા આપી છે. પાંડવાભ્યુદયમાં દ્રૌપદીના જન્મથી વિવાહ સુધીની કથા બે અંકોમાં છે. 'સુભદ્રાપરિણય' ત્રણ દશ્યોવાળું એકાંકી છે. દૂતાંગદની શૈલીમાં રચાયેલી પ્રસન્ન રચના છે. નાટ્યશાસ્ત્રના નિયમો જડ રીતે પાળ્યા નથી. બે અંકના રામાભ્યુદયમાં લંકાવિજય, અગ્નિપરીક્ષા, અયોધ્યાગમન અને અભિષેકના પ્રસંગો છે.

વિઠ્ઠલ (ઈ. ૧૪૮૯ થી ૧૫૬૦)નું છાયાનાટક બીજાપુરના આદિલશાહી વંશના ઇતિહાસને આધારે રચાયેલું છે. કૃષ્ણમાચારિયરે[૧૯] તેની નોંધ લીધી છે.

વૈદ્યનાથ વાચસ્પતિ ભટ્ટાચાર્યે (ઈ. ૧૯મી સદીનો મધ્યભાગ) પાંચ અંકના 'ચિત્રયજ્ઞ'માં દક્ષયજ્ઞકથા આપી છે. તેને છાયાનાટક ગણવામાં આવે છે. તે નાટકના પ્રાથમિક સ્વરૂપથી દૂર છે. તેને બંગાળના 'યાત્રા' સાથે સામ્ય છે.

મહામહોપાધ્યાય શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર ભટ્ટ (ઈ. ૧૮૪૪ થી ૧૯૧૬) મોરબીના મહારાજા વાઘજી બહાદુરના આશ્રિત હતા. તે કાઠિયાવાડના પ્રશ્નોરા નાગર કુટુંબમાં જન્મેલા. તેનાં ત્રણ નાટકો—સાવિત્રીચરિત્ર, ધ્રુવાભ્યુદય અને શ્રીકૃષ્ણ ચંદ્રાભ્યુદય—એ પોતાને છાયાનાટકની સંજ્ઞા આપી છે. 'સાવિત્રી ચરિત' મુંબઈથી ઈ. ૧૮૮૨માં પ્રકાશિત થયેલ છે. જામનગરના વૈદ્ય રાજરત્ન ઝંડુભટ્ટજીની પ્રેરણાથી લખાયેલું નાટક 'ધ્રુવાભ્યુદય' ઈ. ૧૯૧૩માં ત્યાંથી જ પ્રકાશિત થયું છે. સાત અંકના આ નાટકના પાંચમાં અંકમાં એક વિશિષ્ટ પ્રયોગ છે. રાજા ઉત્તાનપાદ પાસે નારદશિષ્ય કપિંજલ આવે છે. તેની પાસે મયૂર પિચ્છ હલાવે છે. અને ઈન્દ્રજાલવિદ્યાથી વનમાં તપ કરવા ગયેલા ધ્રુવને વાસુદેવદર્શન સુધીના છેલ્લા છ માસના અનુભવો થયેલા તે પ્રત્યક્ષ બતાવે છે. શ્રી કૃષ્ણચંદ્રાભ્યુદય એ પંચાંકી નાટક ઉપર શાસ્ત્રી હાથીભાઈ શર્માએ 'જ્યોત્સ્ના' ટીકા લખી છે. લેખકના પુત્ર ભેલશંકર ભટ્ટે ઈ. ૧૯૧૭માં નાટક અને ટીકા બંને

---

૧૯ History of Classical Sanskrit Literature, Krishnamachariyar, M. p. 687.

મોરબીથી પ્રકાશિત કર્યાં છે. મોરબી નરેશની પ્રેરણાથી હરિ અને હરના ભેદનો ઉચ્છેદ કરવા આ નાટક રચાયેલું છે. તેના ચોથા અંકમાં એક વિશિષ્ટ પ્રયોગ છે. પાર્વતી કૃષ્ણની રાણીઓ સમક્ષ પ્રગટ થઈ તેમને દિવ્યદષ્ટિ આપે છે. તેના દ્વારા તેઓ, શિવારાધન માટે વનમાં ગયેલા કૃષ્ણને થયેલા અનુભવો પ્રત્યક્ષ જોવા પામે છે. પ્રસંગો કલ્પવામાં રહેલી મૌલિક્તા પ્રશંસનીય છે. હાથીભાઈ શાસ્ત્રીએ પોતાની ટીકામાં લખ્યું છે.[૨૦] कवेः प्रसादमधुराणां वाचामाचम्य रसं मोक्षमूलरादयो वैदेशिका अपि महाविद्वांसः सन्तोषमाविष्कुर्वन् यतस्तैः प्रकटिताः स्वामिपायास्तेषु मुद्रिताः सन्ति पुस्तकेषु ॥

કૃષ્ણનાથ સાર્વભૌમ ભટ્ટાચાર્યનું 'આનંદલતિકા' કલકત્તાની સંસ્કૃત સાહિત્ય પરિષદ્ પત્રિકા (Vol. 23) ઈ. ૧૯૪૦-૪૨માં પ્રકાશિત થયું છે. સ્ટેઈન કોનો તેને છાયાનાટક માને છે.[૨૧] તે આધુનિક નાટ્યકવિતા જ છે. તેના પાંચ વિભાગોને 'કુસુમ' નામ આપેલું છે.

'મહાનાટક'ના સમય અંગે અનુમાન કરવું મુશ્કેલ છે, કારણ કે ઈ. ૮૫૦ના અરસામાં થયેલા આનંદવર્ધને તેમાંથી ત્રણ શ્લોકો લીધા છે, તો બીજી બાજુ, મહાનાટકના કર્તાએ રાજશેખર ઈ. ૯ કે ૧૦મી સદીની રચનામાંથી શ્લોકો લીધેલા છે. આ નાટક પોતાને છાયાનાટકની સંજ્ઞા આપતું નથી પણ પિશેલ, લ્યૂડર્સ, કોનો અને વિંટરનિત્ઝ[૨૨] માને છે કે આ છાયાનાટક છે. જાવાનીઝ છાયાનાટક સાથે તેને સામ્ય છે સુભટના 'દૂતાંગદ'ને એકદમ મળતું આવે છે. આ નાટકની મધુસૂદનની વાચનાના સાતમા અંકમાં અને દામોદરની વાચનાના ૧૧મા અંકમાં દૂતાંગદની વસ્તુ આવે છે. દામોદરની વાચનામાં તો તેનું નામ પણ આવે છે. મધુસૂદનની વાચનામાં सौम्याः શબ્દ આવે છે. લ્યૂડર્સ તેને છાયાનટોના અર્થમાં સમજે છે. મધુસૂદનની વાચનામાં ૯ અંકો અને ૭૯૧ શ્લોકો છે જ્યારે દામોદરની વાચનામાં ૧૪ અંકો અને ૫૭૯ શ્લોકો છે. નાટકનું સ્વરૂપ વિશિષ્ટ છે. તેમાં ૯૫% પદ્યભાગ છે. વચ્ચે ક્યારેક ક્યારેક ગદ્ય આવે છે. રંગસૂચનો પણ ક્યારેક પદ્યમાં હોય છે. આરંભમાં સૂત્રધાર નાટ્યપ્રયોગ અંગે કશું કહેતો નથી. બંગાળના 'યાત્રા' કે પંજાબના 'સ્વાંગ' સાથે તેને સરખાવી શકાય. અગાઉના રામનાટકોમાંથી લીધેલા શ્લોકોનું સંકલન છે. પ્રાકૃતનો અભાવ છે. પાત્રો ઘણાં છે પણ વિદૂષક નથી. નાટકનું સ્વરૂપ અશંતઃ જાળવી રાખે છે. તેના કર્તૃત્વમાં હનુમાન કલ્પાયેલા હોવાથી આને 'હનુમન્નાટક' પણ કહે છે. આને પ્રકાશિત કરવામાં દામોદરે ભોજનો અને મધુસૂદને વિક્રમનો ફાળો માન્યો છે.

ગુજરાતના રામકૃષ્ણનું 'ગોપાલકેલિચંદ્રિકા' છાયાનાટક છે તેવી માન્યતાની નોંધ કીથે[૨૩] લીધેલી છે. તેનો સમય નિશ્ચિત નથી. કર્તા ઉપર રામાનુજાચાર્યનો પ્રભાવ છે. અને તેના પિતાનું નામ દેવજી બતાવેલું છે. એટલે અર્વાચીન હોવાનું માની શકાય. મહાનાટક સાથે રૂપસામ્ય ધરાવતા આ નાટકમાં પાંચ અંકો છે. તેમાં રાસલીલા-ગોપીવસ્ત્રાહરણ પ્રસંગો છે.

૨૦ શ્રી कृष्णचन्द्राभ्युदयम्-લે. ભટ્ટ શંકરલાલ માહેશ્વર ઉપરની ટીકા 'ज्योत्स्ना' લે. શર્મા હાથીભાઈ પ્રસ્તાવના.

૨૧ A History of Sanskrit Literature, Dasgupta S. N., De. S. K. P. 504.

૨૨ A History of Indian Literature, Winternitz M., Tr. Jha Subhadra, Vol. III. Part I, P. 301–302.

૨૩ The Sanskrit Drama, Keith. A. Barriedale, P. 272-273.

લેખકના નામ વગરના 'હરિદ્દત'ને લ્યૂડર્સ[૨૪] છાયાનાટક માને છે. જો કે નાટક પોતાને આ સંજ્ઞા આપતું નથી ભાસના 'દૂતવાક્ય'ની જેમ આમાં કૃષ્ણના દૂતકર્મનો પ્રસંગ છે.

'ધર્માભ્યુદય' પોતાને છાયાનાટકની સંજ્ઞા આપતું સર્વપ્રથમ છાયાનાટક છે ત્યાં સુધીની છાયાનાટકની ઉદ્દભવ અને વિકાસની પરંપરા માટે અનુમાનનો આશ્રય મળી રહે છે. ધર્માભ્યુદયથી આનંદલતિકા સુધીની છાયાનાટ્યરચનાઓનો સમય નિશ્ચિત થઈ શકતો હોઈ ઐતિહાસિક ક્રમમાં ગોઠવી શકાઈ છે. બાકીની ત્રણ રચનાઓનો સમય નિશ્ચિત થઈ શકે તેમ ન હોઈ છેલ્લે મૂકેલી છે.

## સંદર્ભ ગ્રંથસૂચિ

अग्रवाल हंसराज—संस्कृत साहित्यका इतिहास

अवस्थी सुरेश—'सारे भारतकी कलामें अवधके राम.' 'धर्मयुग'-८ अक्टू. ७८.

આચાર્ય ન. અ.—ગુજરાતનો રાજકીય અને સામાજિક ઇતિહાસ.

उपाध्याय बलदेव—संस्कृत साहित्यका इतिहास

Keith A. Berriedale—The Sanskrit Drama.

चैतन्य कृष्ण—संस्कृत साहित्यका नवीन इतिहास.

Krishnamachariyar M. History of Classical Sanskrit Literature.

Cuddon J. A. A—Dictionary of Literary Terms.

નાન્દી તપસ્વી—સંસ્કૃત નાટકોનો પરિચય.

Dasgupta S. N., De S. K.—A History to Sanskrit Literature.

Paul Harvay—The Oxford Companion to English Literature.

Chandra B. S.—A Companion to Sanskrit Literature.

ભટ્ટ શંકરલાલ માહેશ્વર—ध्रुवाभ्युदयम्

" —श्रीकृष्णचन्द्राभ्युदयम्

" —भद्रायुर्विजयम्

Monier Williams—A Sanskrit-English Dictionary.

Winternitz M.—A History of Indian Literature–Tr. Subhadra Jha—Vol III Part I.

सहाय राजवंश 'हीरा'—संस्कृत साहित्य कोश

वर्मा रामकुमार—मानक हिन्दी कोश. भाग. २.

गैरोला वाचस्पति—संस्कृत काव्य साहित्यका इतिहास

---

૨૪ એજન, p. 270

Smith Vincent A.—Asoka.
શાસ્ત્રી એ. ડી.—સંસ્કૃત સાહિત્યનો પરિચય.
શાસ્ત્રી સી. એલ.—સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ.
शुक्ल रामलखन—संस्कृत नाटयकला
श्रीवास्तव श्याममोहन सं. धीरेन्द्र वर्मा.—हिन्दी साहित्य कोश, भाग १,

# શ્રીદત્તપુરાણ

**શિવપ્રસાદ મ. દવે**

**૧ ઉપક્રમ :—** 'શ્રીદત્તપુરાણ', પ. પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામિમહારાજ વિરચિત પ્રાસાદિક ગ્રન્થ છે. આ વિદ્વાન અને સંત લેખક મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના માણગાંવ નામના ગામડામાં ઈ. સ. ૧૮૫૪માં (સં. ૧૯૧૦ના શ્રાવણ વદ ૫ ને રવિવાર) જન્મ્યા હતા. અત્રિ ગોત્રમાં ઉત્પન્ન થયેલા એમના પિતાશ્રી શ્રીગણેશ ભટ્ટ અને માતુશ્રી રમાબાઈ સ્વાભાવે વીતરાગ હતા અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ગૃહસ્થ જીવન જીવતાં હતાં. પ. પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીએ એમના 'શ્રીગુરુલીલામૃત' ગ્રન્થમાં લખ્યું છે :

એવા પુણ્યગ્રામમાં ટેંબેકુળમાં તેમ ।
દ્વિજસદને અંશાવતાર, લેવા ત્રિમૂર્તિ એમ ॥
કરે વિચાર નિજાંતરે........ ।

(અધ્યાય ૧૦૬, દોહા ૩૯–૪૦)

તે પ્રમાણે પૂ. સ્વામિમહારાજ દત્તસંપ્રદાયમાં શ્રીદત્ત ભગવાનના અંશાવતાર ગણાય છે. આઠ વર્ષની ઉમરે યજ્ઞોપવીત સંસ્કાર મેળવી, ફક્ત ચાર વર્ષમાં ગુરુ વિષ્ણુભટ્ટ ઉકિડવે પાસેથી અંગ–ઉપાંગ સહ સમગ્ર વેદસંહિતા અને બધાં જ શાસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી બાર વર્ષની ઉમરે તેઓ 'દશગ્રન્થી' કહેવાયા. ઈ. સ. ૧૮૭૫માં એમણે લગ્ન કર્યાં. સાત વર્ષના લગ્નજીવન બાદ, પત્ની દેવલોક પામ્યાં. એમના દેવલોક પામ્યાના ચૌદમા દિવસે એમણે સંન્યાસ ગ્રહણ કર્યો. ઈ. સ. ૧૮૮૯માં પાંત્રીસ વર્ષની ઉમરે પૂ. શ્રીનારાયણ સ્વામી પાસેથી દંડ ધારણ કરી શ્રી વાસુદેવાનંદ સરસ્વતી નામાભિધાનથી દંડી સ્વામી બન્યા. સતત ૨૪ વર્ષ ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોની યાત્રા કરી અને યાત્રા દરમિયાન જ સંસ્કૃતમાં લગભગ ૧૨ ગ્રન્થો અને ૨૦૦ ઉપરાંત સ્તોત્રો તેમ જ કેટલાક મરાઠી ભાષામાં ગ્રન્થો રચી એમણે સાહિત્ય જગતને આપ્યાં. શ્રીદત્તપુરાણ આમાંનો જ એક ગ્રન્થ છે.

## ૨ નામાભિધાન :

જેમ અન્ય પુરાણો એના એક પ્રધાન દેવતાને કેન્દ્રમાં રાખી ચરિત્રવિસ્તાર કરે છે, તેમ શ્રીદત્તપુરાણમાં પણ એના પ્રધાન દેવતા અત્રિ-અનસૂયા-નંદન શ્રીદત્તભગવાનની અવતારલીલાઓનું ગાન છે. છતાં પૂ. સ્વામિમહારાજે—

**सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।**
**वंश्यानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥** વિષ્ણુપુરાણ ૩/૬/૨૪

એ લક્ષણને ધ્યાનમાં લઇ એમની ટીકામાં સ્પષ્ટતા કરી છે કે—

'अत्र प्रकरणवशात् प्रथमकाण्डे सर्गोऽन्तिमे प्रतिसर्गो मध्ये
वंशमन्वन्तरादि चोपवर्णितम्। अत एवेदं पुराणमित्यमिधीयते।

શ્રીદત્તપુરાણ-ટીકા, પૃ. ૨૨ (સંસ્કરણ ૧૯૫૪)

એ રીતે (અ) પ્રથમ કાણ્ડમાં પંચમહાભૂત, ઇન્દ્રિયો, બુદ્ધિ વગેરે તત્ત્વોની ઉત્પત્તિ, (બ) અંતિમ કાણ્ડમાં બ્રહ્માદિ સ્થાવરાંત ચરાચર સૃષ્ટિની ઉત્પત્તિ, અને (ક) મધ્યમાં વંશ–સૂર્ય-ચંદ્રાદિ વંશ-, મન્વન્તર-મનુ, મનુપુત્ર, દેવ, સપ્તર્ષિ, ઈન્દ્ર વગેરે અને વંશ્યાનુચરિત—તે તે વંશના પ્રસિદ્ધ પુરુષોનું ચરિત્ર—આ બધાંનો સમાવેશ થાય છે એ રીતે શ્રીદત્તપુરાણ નામ સાર્થક છે.

## ૩ સંવિધાન:

વેદ સંસ્કૃતિના પરમ ઉપાસક એવા પૂ. સ્વામિમહારાજે ઋગ્વેદ રચના પ્રમાણે આ ગ્રન્થને આઠ અષ્ટક એટલે ૬૪ અધ્યાયમાં વિભાજિત કર્યો છે, ગ્રન્થની પુષ્પિકામાં તો એમણે એને 'સંહિતા' નામ પણ આપ્યું છે, જેમકે—

इति श्रीदत्तात्रेयपुराणे सार्धत्रिसाहस्र्यां......संहितायाम्......।

કુલ શ્લોકસંખ્યા સાડાત્રણ હજાર છે.

સમગ્ર ગ્રન્થમાં વેદાન્ત (Theory) અને યોગ(Practical)ના સૂત્રમાં જ શ્રી દત્તભગવાનની લીલાપ્રસંગોનાં મણકા ગૂંથ્યા છે, એ રીતે આ ગ્રન્થ ઉપનિષદોનું સારતત્ત્વ જ છે. વળી આ લીલાપ્રસંગોને એવી રીતે ગોઠવ્યા છે કે જેથી પ્રથમ બે અષ્ટક જ્ઞાનકાણ્ડ, અષ્ટક ત્રણથી છ ઉપાસના કાણ્ડ અને છેલ્લા બે અષ્ટક કર્મકાણ્ડના બને છે. આ ગ્રન્થના પ્રકાશકના મત પ્રમાણે જ્ઞાન દઢ કરવા અને કર્મ નિર્દોષ કરવા પરમાત્માની તાતિ ભક્તિની આવશ્યકતા સમજીને જાણે બે અષ્ટકના જ્ઞાનકાણ્ડ અને બે અષ્ટકના કર્મકાણ્ડની વચ્ચે ચાર અષ્ટકનો ઉપાસના કાણ્ડ ગ્રથિત કર્યો છે!

આ ઉપરાંત પ્રથમ અધ્યાય 'વેદપાદસ્તુતિ'માં દરેક શ્લોકના આરંભમાં ઋગ્વેદના દરેક અધ્યાયની પ્રથમ શ્રુતિના પ્રથમ પાદના શબ્દો સંકલિત છે, જેમકે પ્રથમ શ્લોકમાં अग्निमीळे परं देवं, બીજામાં अयं देवाय વગેરે. ઉપરાંત દરેક અધ્યાયનો આરંભ પણ આ રીતે જ શ્રુતિ-પાદથી કર્યો છે.

## ૪ શૈલી–સાહિત્યિક વિશિષ્ટતા:

પૂ. સ્વામિમહારાજના ગ્રન્થોનો અભ્યાસ કરતાં જોવા મળે છે કે જ્ઞાનમાં તેઓ આદ્ય જગદ્‌ગુરુ પૂ. શંકરાચાર્ય સમકક્ષ હતા. સંસ્કૃત ભાષા અને વ્યાકરણ પરનું એમનું પ્રભુત્વ અપૂર્વ હતું. એક અસામાન્ય કવિનું દર્શન એમની પાસે હતું. એટલે એમની ભાષાશૈલી સામાન્યતઃ વિદ્વદ્‌ભોગ્ય જ રહી છે. ઉચ્ચારણમાં જીભના લોચા વળે એવા પ્રયોગો એમણે યોજ્યા છે: જેમકે त्र्यब्ममेघौ, सूर्येन्द्वोर्लोकभज्ञानम् मद्यार्द्रास्थ्युच्छिष्ठ......વગેરે. પણ છતાં એમની શૈલીની એક વિશિષ્ટતા જોવા મળે છે કે પ્રસંગને અનુરૂપ એ શૈલી હોય છે. ઈન્દુમતીના વિલાપ કે ચરિત્રવર્ણન જેવા પ્રસંગોમાં એમની ભાષાના સારલ્ય, માધુર્ય અને પ્રાસાદિકતાના ગુણો દૃષ્ટિગોચર થયા વિના રહેતાં નથી. વળી શબ્દોની પસંદગી, શબ્દચમત્કૃતિ, વર્ણનકળા, છંદ અને અલંકાર યોજના, રસચર્વણા વગેરેમાં એમનો કવિ–આત્મા પ્રકાશી ઊઠે છે.

## ( અ ) શબ્દપસંદગી :

૧ દત્ત ભગવાન પાસેથી સહસ્રાર્જુને વરદાન મેળવ્યું હતું કે એનું મૃત્યુ ખ્યાતાધિક પુરુષના હાથે થાય. આથી ભગવાન પરશુરામ રૂપે અવતરી એનો વધ કરે છે. દત્તભગવાન કહે છે કે

अतोऽहं द्विजरूपेण हन्मि भक्तमपि स्वयम् ।

અષ્ટક ૪, અધ્યાય ૪ શ્લોક ૪૮

અહીં ' हन्मि ' પ્રયોગ છે. અર્જુન જ્ઞાનીભક્ત હતો. એને હણી શકાય ? પ્રયોગ ' हन्मि ' છે. हन् ધાતુ ' હિંસા ' અને ' ગતિ ' બંને અર્થમાં વપરાય છે. અહીં ' ગત્યર્થ ' સ્વીકારી ' हन्मि ' એટલે ' विदेहकैवल्यं गमयामि ' અર્થ ઊભો કર્યો છે.

૨ પરશુરામ સહસ્રાર્જુન પર આક્રમણ કરે છે ત્યારે એને ' ચોર ', ' લંપટ ' કહી સંબોધે છે. તે પ્રસંગમાં અર્જુન માટે લેખકે ' सुधीः ' શબ્દ વાપર્યો છે. હવે શંકા એ થાય કે જમદગ્નિ ઋષિની ગાય ચોરી લેનાર, એમનો વધ કરનાર सुधीः કઈ રીતે ? એનો જવાબ એ છે કે ' અર્જુનમાં અહંકારનો અભાવ છે, એનો બુદ્ધિલોપ નથી તેથી એને બંધન નથી '— આ આખો ભાવ આ શબ્દમાં વ્યંજિત થાય છે.

## ( બ ) શબ્દ ચમત્કૃતિ :

૧ પરશુરામ પોતાના માતાપિતાની ઔર્ધ્વદૈહિક ક્રિયા માટે દત્તભગવાનને આચાર્યપદ સ્વીકારવા વિનવે છે ત્યારે ભગવાન રામને કહે છે : अनाचारो न जनामि धर्मं वाऽधर्ममप्युत । માનવ પાસેથી આચારની અપેક્ષા રાખનાર ભગવાન अनाचारः '? પણ, આ શબ્દ ' प्रवृत्तिनिवृत्तिपरः आचारः न विद्यते यस्य सः ' અર્થમાં લેતાં વિરોધ દૂર થઈ જાય છે.

૨ પરમાત્માની ભક્તિ કરનાર ભક્ત કેવી આત્મોન્નતિ મેળવે છે તે વિશે કવિશ્રી કહે છે :

स्तुषे नराकृतिमपि श्रीगुरुं तं नराकृतिम् ।
साकारमपि यो भक्तं निराकारं करोत्युत ॥ ૫-૧-૧.

ભક્ત ' સાકાર ' છે; ભગવાન એને ' નિરાકાર ' બનાવે છે. કવિશ્રી શબ્દોને રમાડે છે. ' साकार ' એટલે શરીરાદિ સંઘાતના અભિમાનવાળો અને ' निराकार ' એટલે જેનો દેહાધ્યાસ નાશ પામ્યો છે તે.

## ( ક ) વર્ણનકળા :

### ૧. વર્ણનોચિત ભાષા :

પૂ. સ્વામિમહારાજ જ્યારે પણ જે શાસ્ત્ર કે દર્શનની ચર્ચા કરે છે ત્યારે તે શાસ્ત્ર કે દર્શનના જ પારિભાષિક શબ્દોનો પ્રયોગ કરે છે; ઉદા. દ્વિતીયાષ્ટકના પ્રથમ અધ્યાયમાં યોગના વિવરણમાં એમણે ચિત્તપ્રસાદન, સમાપત્તિ, સવિતર્ક, પંચક્લેશ શબ્દો વાપર્યા છે, જ્યારે મીમાંસા વર્ણનમાં અર્થવાદ, ઈષ્ટાપૂર્ત, વ્રાત્ય, મૌઞ્જી, ચૌલવ્રત વગેરે શબ્દો પ્રયોજ્યા છે.

## વર્ણન પ્રમાણનું ઔચિત્ય :

પૂ. સ્વામિમહારાજ વર્ણનમાં સંક્ષેપ જરૂરી હોય ત્યાં સંક્ષેપ સાધી શકે છે, જ્યારે વિસ્તાર કરવો ઉચિત લાગે તો ત્યાં તેમ કરે છે. ઉદા.

(અ) આયુ રાજા દત્તભગવાન પાસે ઉત્તમ પુત્રની પ્રાપ્તિનું વરદાન માગે છે. પુત્ર કેવા ગુણવાળો જોઈએ તેનું વર્ણન ત્રણ શ્લોકમાં છે; પણ જ્યારે ભગવાન એનું વરદાન આપે છે ત્યારે એ ઉક્તિ લેખકે એક જ શ્લોકમાં આપી છે :

प्रभुः प्राह तथैवास्तु पुत्रो वैष्णव उत्तमः ।
जिष्णुर्जिष्णूपमः साक्षाद्दिगन्तरलुठद्यशाः ॥ ૬-૧-૧૫

ભગવાન સંક્ષેપમાં કહે છે : દિશાઓમાં યશને ફેલાવનાર વિષ્ણુ જેવો ઉત્તમ પુત્ર પ્રાપ્ત થશે. અહીં એમનો લાઘવગુણ દેખાય છે.

(બ) પાંચમા અષ્ટકમાં પ્રથમ અધ્યાયમાં ઋતુધ્વજનું પાતાલકેતુ સાથેનું યુદ્ધ કેવળ એક જ શ્લોકમાં સમાવિષ્ટ કર્યું છે, જેમકે :

आरुह्याश्वं ययौ राजा योद्धुमाप तदासुरः ।
ससैन्यं तं क्षणाद्धत्वा विज्ञाप्य मुनये नृपः ॥ ૫-૧-૨૧

પરંતુ પરશુરામનું અર્જુન સાથેનું યુદ્ધ ૧૪ શ્લોકમાં વર્ણવ્યું છે; તો વળી આયુપુત્ર નહુષના હુણ્ડાસુર સાથેના વર્ણનમાં એઓશ્રીએ ૩૬ શ્લોક રોક્યા છે.

(ક) ચોથા અષ્ટકના ૬ઠ્ઠા અધ્યાયમાં શ્રીદત્તભગવાન અર્જુનને તુર્યાવસ્થાનો બોધ આપે છે. આ તુર્યાવસ્થા પહેલાં બીજી ૭ અવસ્થામાંથી પસાર થવું પડે છે : જેમકે શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થભાવની અને છેલ્લી તુર્યાવસ્થા. પણ પૂ. સ્વામિમહારાજ આ બધાંનો સમાવેશ એક પંક્તિમાં અજબ રીતે કરે છે :

अन्तर्बहिर्व्यवहृतीर्विस्मृत्यैकाग्र्यमास्थितः । ૪-૬-૪૫

અર્થાત્ તે અર્જુન આંતર–બાહ્ય વ્યવહારોને ભૂલી એકાગ્રતામાં ડૂબી ગયો.

(ડ) આયુપત્ની ઈન્દુમતીને પુત્રપ્રસવ થાય છે. તેણીને દુઃસ્વપ્ન આવે છે તેથી પુત્રની રક્ષા કાજે ભગવાન સૂર્યનારાયણની સ્તુતિ કરે છે એ સ્તુતિશ્લોકમાં લેખકે શ્રુતિને સમાવિષ્ટ કરી વેદનારાયણની પણ રક્ષણશક્તિની વ્યંજના કરી છે, જેમકે

भो देव सवितर्विश्वं दुरितं मे परासुव ।
परासुव च दुःस्वप्न्यं भद्रं यत्तन्म आसुव ॥ ૬-૧-૩૯

શ્રુતિ છે : विश्वानि देव सवितर्दुरितानि परासुव । यद्भद्रं तन्न आसुव ।

(ઇ) દુર્વાસા અંબરીષ પર ક્રોધ કરે છે. માણસ ક્રોધમાં ટૂંકાં વાક્યો જ બોલી શકે. તેથી શ્લોક રચના પણ તેવી જ છે. ઉદા.

हित्वा क्षुधितं मां, राजर्ष्यधम त्वम्।
पीतं तत एहि, श्रेष्ठोऽप्यधम त्वम् ॥ २–६–११

## ૩ વિચારસામ્ય :

(અ) જનસમાજ શ્રેષ્ઠપુરુષના આચરણને અનુસરે છે તે વાત—

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोऽपि च।
स यत्प्रमाण मनुते लोकस्तदनुवर्तते ॥ ४–३–५४

આ શ્લોક લગભગ ભગવદ્દગીતાના ‘ यद्यदाचरति श्रेष्ठ :......શ્લોકને મળતો છે.

(બ) આયુપુત્ર નહુષના હુણ્ડાસુર સાથેના યુદ્ધવર્ણનમાં કેટલાક શ્લોકમાં સપ્તશતીના વર્ણનની છાયા જોવા મળે છે: જેમ કે

चापांश्चिच्छेद केषांचित्स्यन्दनान् साश्वसारथीन् :
बाहूंश्चिच्छेद केषांचिद्भुवि शीर्षाण्यपातयत् ॥
दैत्यान्कांश्चिद्द्विधा चक्रे कांश्चिन्मध्ये विदारितान्।......॥ ६–४–३१, ३२

## (ક) છંદોયોજના:

શ્રીદત્તપુરાણનો સમગ્ર ગ્રન્થ પ્રાયઃ અનુષ્ટુપ્ છંદમાં રચેલો છે. પરંતુ જ્યાં પૂ. સ્વામિમહારાજે આવશ્યક લાગ્યું ત્યાં એમણે વર્ણાનુરૂપ છંદ બદલ્યા છે: ઉદા.

तव सतां वसतां मनसाऽनसा प्रपदयोः पदयो रजसाजसा।
सुसंहितः स हितस्तव तावता यदवतारवता जनतावता ॥ १-६-१६

માં દ્રુતવિલમ્બિત છે, તો વળી

અર્જુનની સ્તુતિ—

देवोऽभावो राद्धः सिद्धः।
सत्यो नित्यो बुद्धः शुद्धः। — ४-३-१३

માં વિદ્યુન્માલા છંદ છે, અને અશ્વતર નાગે કરેલી સરસ્વતીની સ્તુતિ—

जुषस्व बालवाक्यवत्स्तवं ममाम्ब भारती। ५–२–४१

‘ પંચચામર ’માં રચી છે. આમ છંદોવૈવિધ્ય જોવા મળે છે.

## (ખ) અલંકારો :

સમગ્ર ગ્રન્થમાં વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, ઉપમા, રુપક, અતિશયોક્તિ, સહોક્તિ જેવા અલંકારો જોવા મળે છે. જેમકે

૧ સહસ્રાર્જુન પરશુરામ સાથે યુદ્ધ કરવા જાય છે ત્યારે એના પ્રભાવ વિશે પૂ. સ્વામિમહારાજ લખે છે:

स सहस्रकरो दीप्तो दुर्धर्षस्तेजसार्जुनः।
रेजे रथीव मार्तण्डो दुर्निरीक्ष्यः प्रतापवान्॥ ४-६-४०

અહીં અર્જુનને સૂર્ય સાથે સરખાવી પૂર્ણોપમા સાધી છે, પણ એ ઉપરાંત सहस्रकरः—હજાર હાથવાળો ( અર્જુન ) અને હજાર કિરણવાળો ( સૂર્ય )માં શ્લેષ છે.

૨ ઋતુધ્વજ રાજા પાસે ગાલવ ઋષિ પુત્રની માગણી કરવા જાય છે, ત્યારે ઋતુધ્વજે વિના વિલંબ ગાલવ ઋષિને પુત્ર સોંપી દેવો જોઈએ એ ભાવ ઉપસાવવા કવિએ સહોક્તિધ્વનિ યોજ્યો છે, જેમ કે

तदैवाश्वोऽपतत् दिव्यो व्योम्नो वाक् चाशरीरिणी। ५-१-३

૩ અનસૂયાની સમજાવટથી કૌશિકપત્ની સતી સૂર્યને ઉદય પામવા આદેશ આપે છે તેના વર્ણનમાં—

सत्याहूत्या कौशिकासून् सहैव च हरंस्तमः। ३-२-४०

માં સહોક્તિમૂલક અતિશયોક્તિ અલંકાર છે.

૪ तव सतां वसतां मनसाऽनसा......માં વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ છે, તો दत्तात्रेयो प्रज्ञामेयो, वेदैर्गेयो योगिध्येयः ।માં અંત્યાનુપ્રાસ છે.

**( ૬ ) રસ :**

આ આધ્યાત્મિક ગ્રન્થમાં પણ પૂ. સ્વામિમહારાજે પ્રસંગાનુરૂપ રસચર્વણા કરાવી છે. ઇન્દુમતીના વિલાપમાં કરુણ રસ, હુણ્ડ–નહુષ યુદ્ધ કે રામ–અર્જુન યુદ્ધમાં વીરરસ, હુણ્ડાસુર નહુષનું અપહરણ કરે છે અને તે વખતે બધાંને નિદ્રાધીન કરી અંતઃપુરમાં પ્રવેશે છે એ પ્રસંગમાં અદ્ભુત રસ, તો કર્મકાંડમાં શરીરવર્ણનમાં રુધિર, માંસ, મૂત્ર, પુરીષથી ભરેલા દેહવર્ણન જેવા જુગુપ્સાપ્રેરક વર્ણનમાં બીભત્સ રસનું આયોજન ખૂબ વિશદતાથી આ વિદ્વાન કવિ કરી શક્યા છે.

આ રીતે શ્રીદત્તપુરાણ સાહિત્યરસિકો માટે આસ્વાદ્ય, સાહિત્યિક વિશેષતાઓ સભર ગ્રન્થ છે જે અભેદમાર્ગના પ્રવાસી માટે વેદાન્ત અને યોગને સરલ ભાષામાં સમજાવતો આધ્યાત્મિક ગ્રન્થ છે.

# પૂ. શ્રીરંગ અવધૂતરચિત 'रङ्गहृदयम्' એક વિહંગાવલોકન

જી. કે. પંડ્યા

रङ्गहृदयम् પૂ. રંગ અવધૂતરચિત સંસ્કૃત સ્તોત્રોનો સંગ્રહ છે. આ સ્તોત્રસંગ્રહમાંના કેટલાંક સ્તોત્રો પૂ. શ્રી. એ સ્વયંપ્રેરણાથી, કેટલાંક ભક્તજનોએ કરેલી અભ્યર્થનાના ઉત્તરમાં પ્રસાદરૂપે, અને કેટલાંક પૂ. શ્રી પ્રવાસમાં જાય ત્યારે ત્યાંના સ્થાન દેવતાની સ્તુતિરૂપે લખ્યાં છે. આ સ્તોત્રસંગ્રહ બે વિભાગમાં વિભાજિત છે. પ્રથમવિભાગમાં ભક્તિપ્રધાનસ્તોત્રો છે અને તેનું નામાભિધાન 'ભક્તિહૃદયમ્' એવું છે. ભક્તિહૃદયમ્‌માં ભક્તિને લગતાં ૫૫ સ્તોત્રો છે. બીજા વિભાગનું નામ 'જ્ઞાનહૃદયમ્' એવું છે. જ્ઞાનહૃદયમ્‌માં જ્ઞાનવિષયક ૭ સ્તોત્રો છે. સમગ્ર 'रङ्गहृदयम्'ના પરિશીલનથી આપણને ભક્તિરંગથી રંગાએલા પૂ. રંગ અવધૂત શ્રીના જ્ઞાનીભક્ત-હૃદયનાં દર્શન થાય છે પૂ. શ્રી દત્તોપાસક હોવાથી દત્તસ્તોત્રોની સંખ્યા સહેજ વધુ પ્રમાણમાં છે. છતાં એમની દત્તભક્તિની ભાવના જરાય સંકુચિત નથી એ કોઈપણ સ્તોત્ર વાંચવાથી સમજાશે. પૂ. શ્રીનું હૃદય ભક્તિરસથી એટલું બધું ઉભરાય છે કે બધાંય દેવદેવીઓની સ્તુતિમાં એ જ પરમતત્ત્વનો સાક્ષાત્કાર તેઓ નિરૂપે છે. પરિણામે . પૂશ્રીનું હૃદય દિવ્ય અભેદ ભક્તિરસથી કેટલું બધું રંગાયું છે તેનો આપણને પરિચય થાય છે.

'रङ्गहृदयम्' સ્તોત્ર સંગ્રહના અભ્યાસ ઉપરથી જણાશે કે આ સ્તોત્ર સંગ્રહમાં પૂ. શ્રીએ બધાય દેવદેવીઓની સ્તુતિ કરી છે જેમકે પંચાયતન દેવો, રામ, કૃષ્ણ, હનુમાન, નર્મદા વગેરે. પરંતુ બધાં દેવદેવીઓની સ્તુતિમાં એ જ પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. દા. ત. 'ભક્તિહૃદયમ્'માં આવેલું 'मन्त्रगर्भरामनवकम्' સ્તોત્રનો છેલ્લો શ્લોક—

तत्त्वं त्वमेतत खलु रामभद्रः
सीतात्मविद्यैव तवात्मशक्तिः ।
विवेकसंज्ञेन हनूमताऽऽप्ति-
र्नमस्त्रिधा रङ्ग ततोऽस्तु तेभ्यः

भक्तिहृदयम् – શ્લોક નં. ૯

'હે રામચંદ્ર ભગવાન, તમે તત્ત્વ છો, આપની આત્મશક્તિ સીતા આત્મવિદ્યા છે, વિવેક સંજ્ઞારૂપી હનુમાનથી આપની પ્રાપ્તિ થાય છે. હે રંગ (પરમાત્મા) આપ સર્વને ત્રિવિધ નમસ્કાર''. આમ અહીં પૂ. શ્રીનું આધ્યાત્મિક દર્શન રજૂ થયું છે. એવી જ રીતે 'भक्तिहृदयम्' માં આવેલ 'देवीस्तोत्र'માં પણ દેવીની સ્તુતિમાં નામભેદને ભૂલીને બ્રહ્મના ગુણો ગાય છે. જેમકે—

जगत्कारणं यद्विरिञ्चिस्त्वमेव
हरिः पालकोऽसौ त्वमेवासि चाम्ब ।

शिवः शाम्भवीहास्ति त्वत्तस्तुकोऽन्यो
वृथा नाममेदं विमूढा गृणन्ति ॥

भक्तिहृदयम्– શ્લોક ૭

'જગતના કારણરૂપ જે બ્રહ્મા તે તું જ છે અને હે માતા આ પાલક વિષ્ણુ પણ તું જ છે. આ લોકમાં કેશવ અને શાંભવી પણ તું જ છું. તારા વિના કોણ બીજું છે? વિમૂઢ લોકો નકામા નામના ભેદોનું ગાન કરે છે.'

'रङ्गहृदयम्'માંના કેટલાંક સ્તોત્રો જોઈશું તો જણાશે કે કેટલાંક સ્તોત્રો માનવસમુદાયના દુઃખ દૂર કરવા માટે લખાયેલાં છે. છતાં પણ આંતરિક મૂલ્યાંકન કરતાં જણાશે કે આ સ્તોત્રોમાં પૂ. શ્રી પોતાને માટે મોક્ષ અથવા અનન્ય શરણાગતિ યાચે છે. દા. ત. 'ભક્તિહૃદયમ્'માં આવેલું 'अर्बुदाभिन्नगुरुस्तुति' અહીં ગુરુથી અભિન્ન એવા આબુ પર્વતની સ્તુતિ કરી છે પરંતુ તેની ફલશ્રુતિ રૂપે મુક્તિ માંગી છે કે તારા વિના મને બીજું અહીં શરણ નથી. પોતાના ગુરુની સ્તુતિ માટે લખેલા સ્તોત્ર 'श्री वासुदेवनामसुधा'માં પૂ. શ્રી કહે છે કે—

नो विद्या नो तपः क्वापि वर्तते मयि निश्चितम् ।
तवास्मीत्येव मे तोषो यन्नाशे मरणं ध्रुवम् ॥

भक्तिहृदयम्– શ્લોક ૧૦૩

'ખરે જ મારામાં નથી જરાયે વિદ્યા કે નથી તપ; હું તારો છું એટલો એક જ મારે માટે સંતોષ છે. એનો નાશ થતાં મારું જરૂર મોત છે'. અહીં પણ પૂ. શ્રીનો શરણાગતિ ભાવ જણાય છે.

'रङ्गहृदयम्'માંના કેટલાંક સ્તોત્રો મંત્રગર્ભસારવાળાં છે. અથવા તો તેમાં મંત્રો સાધેલા છે. આવાં સ્તોત્રોની ઔપાસનિક કિંમત તો કોઈ સાચો ઉપાસક જ આંકી શકે પણ એમાં રહેલું રચના સૌંદર્ય અને પ્રસાદની વિપુલતા તો હરકોઈ જોઈ શકે તેમ છે. દા. ત. 'रङ्गहृदयम्'નો પ્રથમ વિભાગ 'ભક્તિહૃદયમ્'માં આવેલું 'श्रीरामनवकम्' સ્તોત્ર જોઈશું તો જણાશે કે અહીં દરેક શ્લોકનો પ્રથમ અક્ષર ક્રમવાર વાંચતાં 'શ્રી રામ જય રામ જય જય રામ' એવું વંચાશે. એ જ પ્રમાણે 'रामभजनम्'એ સ્તોત્રમાં પણ દરેક શ્લોકનો પ્રથમાક્ષર 'રઘુપતિ રાઘવ રાજારામ પતિતપાવન સીતારામ' એમ વંચાશે. એવી જ રીતે 'श्रीकृष्णस्तोत्रम्'ના દરેક શ્લોકનો પ્રથમાક્ષર 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ નારાયણ વાસુદેવ'એ પ્રમાણે વંચાશે. તદ્ઉપરાંત એકાદ સ્તોત્રમાં તો ત્રણથી ચાર મંત્રો પણ જોવા મળે છે. દા. ત. मृत्युञ्जयस्तोत्रम् આ સ્તોત્રમાં ૧૮ શ્લોકો છે અહીં દરેક શ્લોકનો પ્રથમાક્ષર જોઈશું તો

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिवबन्धनान् मृत्योर्मुक्षीयमामृतात् ॥

તથા દરેક શ્લોકનો પાંચમો અક્ષર જોઈશું તો

शरीरे जर्जरीभूते व्याधिग्रस्ते कलेवरे ।
औषधं जाह्नवीतोयं वैद्यो नारायणो हरिः ॥

તથા દરેક શ્લોકનો નવમો અક્ષર જોઈશું તો

दत्तात्रेय हरेकृष्ण उन्मत्तानन्ददायक ।
दिगम्बर मुने बालपिशाच ज्ञानसागर ॥

એ પ્રમાણે વંચાશે તથા દરેક શ્લોકનો તેરમો અક્ષર વાંચીશું તો

मृत्युञ्जय महादेव त्राहि मां शरणागतम् ।
जन्ममृत्युजरादुःखसंसार भयनाशन ॥

એ પ્રમાણે વંચાશે.

આમ કેટલાંક સ્તોત્રોમાં એક અથવા વધારે મંત્રો અથવા તો તે તે દેવની ધૂન આપણને જણાશે. વેદના મંત્રો સ્ત્રીઓ ન વાંચી શકે પણ પૌરાણિક અર્થમાં ગર્ભિત રીતે વેદના મંત્રો કયાંક કયાંક પૂ. શ્રીએ આપ્યા છે અને તેનો લાભ સ્ત્રીઓ અને શુદ્રો લઈ શકે. આ એક ચમત્કૃતિ છે.

પૂ. શ્રીની વૈચારિક ભૂમિકા સમજવા માટે 'ભક્તિહૃદયમ્'માં આવેલું 'दत्तनामस्मरणम्' સ્તોત્ર જોઈશું તો આ સ્તોત્રના દરેક શ્લોકની છેલ્લી પંક્તિમાં श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् એ પ્રમાણે શબ્દો આવે છે. અહીં દત્તશબ્દના ઘણા અર્થો થાય છે. दत्त એટલે માત્ર दत्त ભગવાન નહીં પણ दत्त એટલે સામ્બ, રામ વગેરે. આ સ્તોત્રમાં આવેલા એક શ્લોકમાં અંગ્રેજી સાહિત્યની છાયા પણ જોવા મળે છે. દા.ત.

हास्यं दृष्ट्वा हस्यते सर्वलोकैः ।
दुःखाश्रूणि हा न कोऽपि प्रमार्ष्टि ॥ भक्तिहृदयम्— શ્લોક ૨૬
'હસતો વિલોકી હસે સર્વલોક
ન દુઃખાશ્રુ કોઈ જ લૂછે વિલોક'

અહીં અંગ્રેજી સાહિત્યની લેખિકા ઈલાવીલર વીલકોકસના અંગ્રેજી વાકય **Laugh and the world laughs with you. Weep you weep alone**ની યાદ આપે છે.

પૂ. શ્રી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાને વ્યક્ત કરતાં એક સ્તોત્રમાં જણાવે છે કે મરેલાંને પણ જે લાકડાં અને અગ્નિ આપે છે તો પછી જીવતાને શું નહિ આપે ? માટે શ્રદ્ધાપૂર્વક પરમાત્માનાં ચરણ પકડવાનો ઉપદેશ આપે છે.

પૂ. શ્રી.એ પ્રસિદ્ધ સંસ્કૃત ઉક્તિ—'वादे वादे जायते तत्त्वबोधः' એમાં થોડો સુધારો કરીને એક સ્તોત્રમાં વિતંડાવાદ કરનારને પૂ. શ્રી કહે છે કે 'वादे वादे जायते वैरवह्निः'.

સમગ્ર સ્તોત્ર સંગ્રહના અભ્યાસથી લાગે છે પૂ. શ્રીની શંકરાચાર્યના અદ્વૈતમત ઉપર ખૂબ જ પ્રીતિ છે. જ્ઞાનવિષયક સ્તોત્રોમાં 'ब्रह्म सत्यं जगन् मिथ्या' એ સૂર આપણને જણાશે. સાથે સાથે પૂ. શ્રીની આત્મખુમારીનાં દર્શન પણ કેટલાંક સ્તોત્રોમાં આપણને થાય છે. દા.ત. 'ज्ञानहृदयम्'માં આવેલા 'मुक्तिस्तोत्रम्'માં પૂ. શ્રી જણાવે છે કે

आयान्तु निर्भयं रोगा शस्त्रास्त्रसहिताश्च ते
प्रहरन्तु यथाशक्ति निश्चलोऽस्मि महानगः ॥ ज्ञानहृदयम्— શ્લોક. ૧૧

'હે રોગ તમો શસ્ત્ર સાથે આવો પણ હું તો હિમાલયની માફક અડગ ઊભો છું.' આગળ જતાં પૂ. શ્રી કહે છે કે 'मृत्युः मे खाद्यम् उत्तमम्' મૃત્યુ એ તો મારું ઉત્તમ ખાદ્ય છે. પરંતુ પૂ. શ્રીની આત્મખુમારી તો 'अन्त्यप्रार्थना' સ્તોત્રમાં વધુ સ્પષ્ટ થાય છે. પૂ. શ્રી કહે છે કે હું મૃત્યુના દ્વારે અચલ ઊભો છું મને મૃત્યુની કંઈ પડી નથી. એ જ અવધૂત જ્યારે ભક્તિનમ્ર થાય છે ત્યારે 'ભક્તિહૃદયમ્'માં આવેલ 'आर्तप्रार्थना' સ્તોત્રમાં કહે છે કે—

नाहं जाने कोऽपराधः कृतो मे ।
नायासि त्वं नो ददासीह वाचम् ॥ भक्तिहृदयम्—શ્લોક ૩

'મેં શો અપરાધ કર્યો છે કે જેથી તું નથી આવતો કે નથી કાંઈ પ્રત્યુત્તર આપતો. તે હું નથી જાણતો, હે સર્વવ્યાપી પરમાત્મન્ જેવી રીતે વરસાદના પાણી વગર પાકની દુર્દશા છે તેવી રીતે તારા વગર મારું જીવવું દુઃખમય છે.' આમ અહીં પૂ. શ્રીની ભક્તિની વિનમ્રતાનાં દર્શન થાય છે. એવી જ રીતે 'नर्मदाष्टकस्तोत्रम्'માં પૂ. શ્રીની નર્મદા પ્રત્યેની અપાર ભક્તિનાં દર્શન થાય છે પૂ. શ્રી કહે છે કે 'હે નર્મદા તારા નીરના પ્રાશન માત્રથી પક્ષીઓ પણ નિર્મળ મુક્તિ પામે છે તો મર્ત્ય માનવીઓ કેમ નહિં ? તારા પાણીમાં જેણે સ્નાન કર્યું છે તેને બીજાં તપ, જપ વગેરે નિયમોની શી જરૂર ? રાજા થવા કરતાં તારાં પવિત્ર ભાઠામાં ગાયો ચારતો ગોવાળિયો થવું વધારે સારું છે'. આમ અહીં પૂ. શ્રીના ભક્તિવિભોર હૃદયનાં દર્શન થાય છે.

'रङ्गहृदयम्' સ્તોત્ર સંગ્રહમાં પૂ. શ્રી.એ સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં વિશેષ પ્રચલિત છંદોનો પ્રયોગ કર્યો છે. જેવા કે વસંતતિલકા, સ્રગ્ધરા, ઉપજાતિ, મંદાક્રાન્તા, શાલિની, શિખરિણી વગેરે, તથા અપ્રચલિત છંદો જેવા કે મત્તમયૂર, ગીતિ, આર્યા વગેરેનો પણ પ્રયોગ કર્યો છે. ગુજરાતી સાહિત્યમાં પ્રખ્યાત ગઝલ છંદનો પણ પૂ. શ્રી.એ અહીં ઉપયોગ કર્યો છે. આમ છંદ-વૈવિધ્યનાં પણ અહીં દર્શન થાય છે. સંસ્કૃત ભાષા ઉપરનું પ્રભુત્વ દરેક સ્તોત્રમાં દેખાય છે છતાંય ભાષા ભાવવાહી અને પ્રવાહી છે. સામાન્ય મનુષ્યો, થોડું સંસ્કૃત જ્ઞાન ધરાવનારને પણ આ સ્તોત્રોનો આસ્વાદ મળી શકે તેવી સરળ પ્રાસાદિક ભાષા અહીં દેખાય છે.

# "અવધૂતજીનું તત્ત્વચિંતન"

ઉમા દેશપાંડે

નારેશ્વરના સાક્ષાત્કારી સંતશ્રેષ્ઠ શ્રીરંગ અવધૂતજી મહાન સંસ્કૃતજ્ઞ અને તત્ત્વજ્ઞાની હતા. સંસ્કૃતભાષા, સાહિત્ય અને ફિલસૂફીનો સાંગોપાંગ સંપૂર્ણ અભ્યાસ કરી એમણે જિજ્ઞાસુ માટે સંસ્કૃતનું સમ્યક્ પદ્ધતિથી શિક્ષણ આપનારી બે પુસ્તિકાઓ પ્રકાશિત કરી હતી. તદુપરાંત કાકાસાહેબ કાલેલકરે સંપાદિત કરેલ सद्बोधशतकम् ઉપર એમણે વિદ્વત્તાપૂર્ણ, રસપ્રદ અને પ્રાસાદિક શૈલીમાં સંસ્કૃત ટીકા પણ લખી. 'गद्यं कवीनां निकषं वदन्ति' એ કસોટીને પોતે સફળતાથી પાર કરી ગયા. ઉપરાંત સંસ્કૃતમાં અનેક પદ્યો ગીતો અને સ્તોત્રો પણ એમણે લખ્યાં છે. એમની ભાષાશૈલી અત્યંત સરલ સુમધુર અને રોચક છે. તેમનો વાક્પ્રવાહ સમાસોથી ક્લિષ્ટ થતો નથી કે અલંકારોથી ઢંકાઈ જતો નથી. બાહ્ય ગુણોનો આડંબર એમાં દેખાતો નથી. છતાં તેમના વિશુદ્ધ વૈદગ્ધ્યથી, જીવનના સૂક્ષ્મ નિરીક્ષણથી અને પરતત્ત્વના પરિશીલનથી એમનું કાવ્ય રસિક રસજ્ઞ ને આનંદ આપનાર, પંડિતોની બુદ્ધિને સંતોષનાર અને મુમુક્ષુ માટે તારણહાર બને છે.

"रङ्गहृदयम्" નામના ગ્રંથમાં એમનાં કેટલાંક સંસ્કૃત સ્તોત્રોનું સંપાદન કરેલું છે. સ્તોત્રસંગ્રહના બે ભાગ છે. (૧) भक्तिहृदयम् અને (૨) ज्ञानहृदयम्. 'भक्तिहृदयम्'માં છંદોબદ્ધ ઈશસ્તુતિઓ છે જ્યારે 'ज्ञानहृदयम्'માં જીવ, જગત્ અને ઈશ્વરનું વિશ્લેષણાત્મક વિવેચન આપેલું છે.

એમનાં પદ્યોમાં ઉપનિષદોનાં તત્ત્વો અને સિદ્ધાન્તો વણાયેલા દેખાય છે. ઉદા. બૃહદારણ્યકમાં યાજ્ઞવલ્કય ગાર્ગીને કહે છે. "एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च।" (बृ. ३-८-७) તે જ સત્ય અવધૂતજી કહે છે.

"यस्मिन्निदं जगदशेषमनुप्रविष्टं
वस्त्रे गुणा इव गुणातिगमप्रमेयम्।" ३॥ ४. (दत्तप्रातःस्मरणम्)

જેમ ઉપનિષદમાં કહ્યું છે: यतो वाचो निवर्तन्ते, अप्राप्य मनसा सह (तै. उप. २-४-९१) તે જ પ્રમાણે પરબ્રહ્મરૂપ દત્તભગવાનને પ્રણતિ કરતાં અવધૂતજી કહે છે. वाङ्मानसातिगगुरुं विषयातिदूरं वाक्शक्तिदं शमवतां शरणं वरेण्यम् ॥ २ ॥ (दत्तसायंस्मरणम्) परित्राणाय साधूनाम् (भ.गीता ४-८) એ અવતાર પ્રયોજન ફરીથી સમજાવતાં અવધૂતજી કહે છે:

एको बभूव भजतामभिलाषसिद्ध्यै।
योऽनेकरूप इनचन्द्रगणेशब्रह्म ॥ ४ ॥ ૪. (दत्तसायंस्मरणम्)

दत्तात्रेयपञ्चकम् નામના સ્તોત્રમાં દરેક શ્લોકમાં એમણે ઉપનિષદોની સમુચિત શ્રુતિઓ સમાવિષ્ટ કરી છે. પહેલા શ્લોકમાં यो वै भूमा तत्सुखम् (छां. ७-२३-१) બીજામાં एकोऽहं बहु स्याम् (छां. ६-२-३) ૪.

જેમ પરતત્ત્વનું વર્ણન ઉપનિષદોમાં "यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति ( तै ३-१-१ ) અને तज्जलान् ( छां. ३-१४-१ ) આ પ્રમાણે કર્યું છે તેમ જ શ્રીદત્તભગવાન્

यस्मिन्नोतं प्रोतमशेषं जगदेतद्
यज्जं यत्स्थं चान्ते यस्मिंल्लयमेति ( दत्तप्रणतिः-१ )

કેનોપનિષદ્‌માનો ઉમા હૈમવતીનો ઉપદેશ અને છાંદોગ્યના પ્રજાપતિના ઉપદેશ તરફ અંગુલિનિર્દેશ કરતાં એ કહે છે :—

अग्निर्यद् दत्तं तृणमेकं न शशाक
दग्धुं वायुर्युत्थापयितुं स्वबलेन ।
ज्ञातुं चेन्द्रविरोचनप्रमुखाः प्रज्ञानं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥ ( दत्तप्रणतिः-३ )

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं ( मुं. २-१० ) અને न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ( भ. गीता. १५-६ ) આ સત્ય દોહરાવતાં પોતે કહે છે :—

यद्भासा रविचन्द्रमसौ तौ भास्वन्तौ
यं भासयितुं नो शक्तौ तौ स्वबलेन ॥ ७. ( दत्तप्रणतिः-७ )

અવધૂતજી જેમ પંડિત કવિ હતા તેમ જ્ઞાની ભક્ત પણ હતા. જ્યારે તેઓ ભગવાનની આર્ત પ્રાર્થના કરે છે ત્યારે સંત તુકારામ, રામકૃષ્ણ પરમહંસની માફક ઈશ્વરને મા તરીકે બોલાવે છે. રીસાયેલી પ્રિયતમાને એનો પ્રેમી ફરીફરીથી મનાવવાનો પ્રયત્ન કરે છે તેમ જ અવધૂતજી પરમેશ્વરને યાચના કરે છે :—

नाहं जाने कोऽपराधः कृतो मे
नायासि त्वं नो ददासीह वाचम् ।
कष्टं भूमंस्त्वद्विना जीवितं मे
सस्यस्येव प्रावृडम्भो विनाम्ब ॥ ( आर्तप्रार्थना-३ )

તેઓ આગળ કહે છે " તારા બારણે ભીખારી તરીકે આવ્યો છું મને જ્ઞાનવિજ્ઞાન સારની ભિક્ષા આપ. મારી ઈચ્છા પૂર્ણ નહી કરીશ તો "का मे हानिर्हास्यमेवापि ते स्यात्। પણ જે અનન્ય ભક્તિથી અર્જુન ઈશ્વરનું વિશ્વરૂપ જોઈ શક્યો અને જે ભક્તિનો મહિમા શ્રી કૃષ્ણ ભગવાન ગાય છે :—

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ( भ. गीता. ११-५४ )

તેવીજ અનન્ય ઉપાસનાની પરિણુતિ–પોતાની અપરોક્ષાનુભૂતિ વર્ણવતાં અવધૂતજી કહે છે :—

श्रुत्वेवेदं दीनमाक्रन्दनं स प्रादुर्भूतः शूलखट्वाङ्गधारी ।
भिन्द्मीमं भीषणं जन्मशूलं पायाद्देवो मौनगर्भोऽत्रिसूनुः ॥११॥

ભગવાનની–અમૃતત્વની પ્રાપ્તિ માટે શું કરવું ? સામાન્ય માણસને ઉપદેશ આપતાં તેઓ કહે છે :—

त्याज्यः कामः सर्वथा जन्ममूलं नो चेच्छक्यस्त्रीशप्राप्त्यै विधेयः ।
અને क्रोधस्त्याज्यः सर्वथा पापमूलं
नो चेत्कार्यस्तीव्रपापप्रकोपे । ( दत्तनामस्मरणम् –३५, ३६ )

કામ અને ક્રોધ જે જન્મ અને પાપનું મૂલકારણ છે તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. એ શકય ન હોય તો કામના ઈશ્વર પ્રાપ્તિ માટે રાખવી અને ક્રોધ કરવો તો પોતાના મોટા પાપ પ્રકોપ ઉપર.

માણસને વેપાર કરવાની ઈચ્છા હોયતો

वाणिज्येच्छा वर्तते चेत्कुरुष्व वाणिज्यं भो नामसङ्कीर्तनस्य ।

ખેતીની ઈચ્છા હોય તો "कामं कुर्याः सद्गुणानां कृषिं भोः।" કારણ "नो भीतिः स्याद्वर्षणा-वर्षणस्य। આ ખેતીમાં દુકાળની કોઈ શકયતાજ નથી. માણસને નોકરી કરવી હોય તો त्यक्त्वा मानं साधुसेवां विधेहि। કારણ भीतिर्नो स्यादर्धचन्द्रस्य चात्र—આ નોકરીમાથી છૂટા થવાનો ડર નથી.

નર્યા સ્વાર્થથી ભરેલા સંસારનું વર્ણન જેમ શંકરાચાર્ય પોતાના "चर्पटपञ्जरिकास्तोत्रम् આ પ્રમાણે કરે છે :—

यावद्वित्तोपार्जनसक्तस्
तावन्निजपरिवारो रक्तः ।
तदनु च जरया जर्जरदेहे
वार्तां पृच्छति कोऽपि न गेहे ॥ ३ ॥

તેમજ અવધૂતજી માણસને સભાન કરે છે :—

भूतौ सर्वे भोक्तुकामा मिलन्ति
नष्टैश्वर्ये तत्क्षणे विस्मरन्ति ।
संबन्धास्ते स्वार्थमूला ह मूढ
श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥६०॥ ॥ दत्तनामस्मरणम् ॥

ઈશ્વર સાથે એકરૂપ થયેલા શંકરાચાર્ય જેમ દરેક કર્મ ઈશ્વરને સમર્પિત કરે છે અને તેને સંબોધે છે :—

आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहं
पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः ।
संचारः पदयोः प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शम्भो तवाराधनम् ॥ ४ ॥
( शिवमानसपूजा )

તેમજ જેમની કુંડલિની શક્તિ જાગ્રત થઈ છે એવા અવધૂતજી કહે છે :—

कायः काशी ह्यात्मदेवोऽत्र दत्तो
वामा गङ्गा दक्षनासाऽर्कजाऽत्र।
मध्याऽजा सा सङ्गमो ब्रह्मरन्ध्रे
स्नात्वा ध्यात्वा मुच्यते मुक्त एव॥ (दत्तनामस्मरणम्-७७)

જે પ્રમાણે મુંડકોપનિષદ્ પરબ્રહ્મનું વિશ્વવ્યાપકત્વ વર્ણવે છે :— ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण। अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्॥ २-२-११॥ તેજ સત્ય દોહરાવતાં અવધૂતજી કહે છે :—

आदौ दत्तो मध्य एवापि दत्तो
दत्तो ह्यन्ते सर्वदा दत्त एव। (दत्तनामस्मरणम्-९१)

દત્તભક્તિથી રંગાયેલા અવધૂતજીને ભૌતિક શરીરની એટલી બધી અનાસક્તિ હતી, ઈશ્વર સાથેની તન્મયતા એટલી ચરમસીમા સુધી પહોંચેલી હતી કે પોતે વારંવાર ઉદ્‌ઘોષ કરતા :— दत्त दत्त स्मरन्मेऽयं देहः पततु निर्जने। चरन्तु पक्षिणः सर्वे मिष्टान्नं देहजं मम ॥ ७६॥ (दत्तनामसंकीर्तनम्)

જીવનમાં શાંતિ અને સૌખ્ય આપનાર અને એની અનન્ય ઉપાસનાથી ભક્તને જીવન્મુક્તિ આપનાર એક શ્રી દત્તાત્રેય ભગવાન જ છે એવી દૃઢ શ્રદ્ધાથી એમણે શ્રી દત્તાત્રેયને અનેકવિધ પ્રાર્થનાઓ અર્પણ કરી છે. તેમાં भुक्तिमुक्तिप्रदस्तोत्रम्, आर्तप्रार्थना, सर्वसौख्यकरस्तोत्रम्, दत्तनामस्मरणम्, दत्तप्रणतिः, दत्तभजनम्, दत्तार्तिक्यम् ઇ. સ્તોત્રો ભક્તિરસ પરિપૂર્ણ છે. રામરક્ષાદિ સ્તોત્રની માફક श्रीदत्तरक्षास्तोत्र પણ અમોઘ છે. આ ઉપરાંત અક્કલ કોટના સ્વામિ મહારાજ અંગેનું સ્તોત્ર, श्रीपादस्तवः, श्रीनृसिंहसरस्वतीपादुकास्तोत्रम् અને દરેક ભારતીય મહિનામાં પૂજનીય એવી દેવતાની પ્રાર્થના—कार्तिकादिमासक्रमेण ईशप्रणतिः વૈશિષ્ટ્યપૂર્ણ છે. જ્ઞાનયોગી શ્રી શંકરાચાર્યને વંદન કરતા પોતે કહે છે :—

वैशाखे मलरात्रिमात्रमिहिरं वेदान्तपद्मानन्नं
नानावादिकुतर्कमेरुकुलिशं कीर्तिध्वजं निर्मलम्।
कारुण्यामृतवारिधिं वररुचिं वागीशमात्मस्थितिं
संसारार्णवकर्णधारमतुलं त्वाचार्यदेवं भजे॥ १०॥

પ્રાતઃસ્મરણીય સદ્‌ગુરૂ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજના જીવનકાર્યને વર્ણવતું અવધૂતજી રચિત श्रीवासुदेवनामसुधा નામનું કાવ્ય અત્યંત ભાવપૂર્ણ અને પ્રાસાદિક છે. ગુરૂમાઉલીની પ્રાર્થના કરતા પોતે કહે છે :—

त्वं चेन्जहासि हे मातः कोऽन्यस्त्राताऽस्ति मामकः।
चेष्टेताबालवद्वालो माता मातैव सा पुनः॥१०२॥

ઋષિ વામદેવની માફક જેમને अहं ब्रह्मास्मि અને ईशावास्यमिदं सर्वम्‌ની અનુભૂતિ થઈ છે એવા અવધૂતજી કહે છે :—

नाहं मर्त्यो नासुरो नो सुरो वा
न स्थाणुर्नो जङ्गमो दृश्यरूपः ।
नाहं बालो नो युवा नापि वृद्धः
सोऽहं शान्तः सच्चिदानन्दरुपः ॥ ९ ॥ (कोऽहम्)

અને अमर्त्योऽहमजो ब्रह्मन् मृत्युर्मे खाद्यमुत्तमम्
कालस्य कालकृत्साक्षी सानन्दो नाटकी महान् ॥ १३ ॥ (मुक्तिस्तोत्रम्)

પણ આ બ્રાહ્મી સ્થિતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

नायमात्मा प्रवचनेन लभ्यः । (मुंडकोपनिषद ३-२-३) આ ઔપનિષદિક તત્ત્વ સમજાવતાં અવધૂતજી કહે છે :—

भाषणं भषणं विद्धि चित्तस्वास्थ्यप्रहारकम् ।
सभा भासो वृथा लोके तस्माज्जागृहि जागृहि ॥ (बोधमालिका-७)

વાણીના વિલાસથી મન: શાન્તિ નષ્ટ થાય જ છે અને દલીલોના લીધે વ્યક્તિ વ્યક્તિમાં દુશ્મનાવટ પેદા થાય છે.

वादे वादे वर्धते वैरवह्नि-
र्वह्नौ वह्नौ दह्यते स्नेहतन्तुः । ८४ ।(दत्तनामस्मरणम्)

પોતે જ પોતાની અધ્યાત્મિક પ્રગતિ કરવાની છે અને જન્મમૃત્યુના વિષચક્રમાથી છૂટવાનું છે :—

आत्मा मे गुरुराख्यातो मनः शिष्यो ह्यनुत्तमः ।
उपदेशस्तत्त्वमसि सोऽहं मंत्रः सनातनः ॥ ९ ॥
यावज्जीवं सुखं जीवेज्ज्ञात्वात्मानं परं व्रजेत् ।
जीवात्मैक्यं परं तत्त्वं यज्ज्ञात्वा नो पुनर्भवेत् ॥ (बोधमालिका-१०)

બધી ઇચ્છાઓનો ત્યાગ કરી માણસે નિસ્પૃહી થવું જોઈએ. કારણ :—

आशादासो जगद्दासो निराशीः सार्वभौम इत् ।
नो जनिः सत्यमेतस्य त्यक्तेच्छस्य कदाचन ॥ (बोधमालिका-२०, २१)

આનંદમય ઇશ્વરના ઉપાસકનો સામાન્ય જીવનવ્યવહાર પણ આસક્તિ રહિત, આત્મૈક્ય બુદ્ધિથી આનંદમય, કરૂણાસભર પ્રેમમય હોવો જોઈએ. કારણ :—

प्रेमतः परमाप्नोति यस्मात्प्रेममयं बृहत् ।
सर्वात्मैक्यं हि प्रेम स्याद्देहासक्तिर्न नारकी ॥ (बोधमालिका-३७)

એટલે જ નાસ્તિક અને આળસુ માણસને જગાડતાં પોતે કહે છે :—

निद्रासि त्वं निर्भरं देहगेहे
चोराश्चान्तः सर्वतो हा विशन्ति ।
मुष्णन्त्येते ह्यात्मवित्तं प्रधृष्य
ह्युत्तिष्ठात्मन् स्वापमेतं जहीहि ॥ (दत्तनामस्मरणम्-१९)

" શરીરરૂપી ઘરમાં તું નિરાતે સૂઈ જાય છે અને બધી બાજુથી ચોર અંદરપ્રવેશીને આત્મવિત્ત લઈ જાય છે. એટલે હે આત્મબંધો હવે ઊઠ. ઉંઘીશ નહી. "

પ્રશ્નોત્તરી દ્વારા સાધકને અધ્યાત્મમાર્ગનો ઉપદેશ શંકરાચાર્યની જેમ અવધૂતજી પણ અત્યંત રસપ્રદ રીતે અને સચોટતાથી કરે છે.

> किं ध्येयं ? हरिरूपं, नो हरिणाक्षी कदापि कस्यापि
> किं देयं ? सद्विद्या, का सा ? जन्तुर्विमुच्यते यस्याः ॥ २ ॥

શારીરિક ખામીથી માણુસ કુરૂપ અથવા બેડોળ દેખાતો નથી પણુ :—

> कोऽन्धो ? यः खलु रागी, बधिरो, नो यः शृणोति सद्वाक्यम् ।
> पङ्गुस्तीर्थं नेयान्मूकः को वा ? न यो हरिं गायेत् ॥ १५ ॥

જે વાસનાસક્ત છે તે આંધળો, જે સદ્વચન સાંભળતો નથી તે બહેરો જે તીર્થક્ષેત્ર જતો નથી તે પાંગળો અને જે હરિકીર્તન કરતો નથી તે મૂંગો માણુસ છે.

તો તીર્થ અને તારક મંત્ર કયો ?

> किं तीर्थं ? स्वस्वान्तं शुद्धं, देवोऽत्र निर्मलो ह्यात्मा ।
> को मन्त्रः ? श्वासकृतो हंसः सोऽहं विमुक्तिदो लोके ॥ १८ ॥

વિશુદ્ધ અંતઃકરણુ એજ તીર્થક્ષેત્ર જ્યાં નિર્મલ આત્મદેવ વસે છે. શ્વાસોચ્છ્વાસ દ્વારા અનયાસે થતો " अहं सः अहम् "નો મંત્ર મુક્તિ આપનારો છે.

સમાજમાં અસ્પૃશ્ય કોને કહેવાય ?

> कोऽस्पृश्यश्चण्डालः कोऽसौ ? क्रोधी, न चान्त्यजातो यः ।
> को न्वधो ? हरिभक्तो ज्ञानी, नैवात्र ब्रह्मबन्धुर्यः ॥ २३ ॥ ( प्रश्नोत्तरमाला )

જે માણુસ સંતાપ કરે છે તે જ અછૂત, ચાંડાળ છે, અંત્યજ નહી. અને જે જ્ઞાનયુક્ત ભગવદ્ભક્ત છે તે જ પૂજનીય છે નામધારી બ્રાહ્મણુ નહીં.

" अक्षरगीता "માં એમણે અકારથી હકારસુધીના બધાજ વર્ણોને શ્લોકોમાં આદ્યાક્ષર લઈને સુંદર આત્મોપદેશ કર્યો છે.

> औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।
> संसाररोगनाशाय पथ्यं साधुसमागमः ॥ १३ ॥
> कर्मैव कारणं विद्धि जीवानां सुखदुःखयोः ।
> सार्थं बन्धाय निष्कामं मुक्तये समुदाहृतम् ॥ १४ ॥
> घटे भिन्ने घटाकाशं लीयते च महाम्बरे ।
> देहे नष्टे तथा देही लीयते परमात्मनि ॥ १७ ॥
> भक्तिर्गरीयसी लोके विभक्तिभयनाशिनी ।
> भुक्तिदा मुक्तिदाऽमोघा तिष्येऽत्र भवनाशिनी ॥ ३७ ॥

આવા નાનકડા અર્થગર્ભિત શ્લોકોમાં જ્ઞાન, કર્મ અને ભક્તિમાર્ગનો સંપૂર્ણ નિચોડ આપી દીધો છે.

માનવતા એ જ શાશ્વતધર્મ છે તેનું પ્રતિપાદન કરતાં પોતે કહે છે :—

**मानामानौ समौ कृत्वा विनम्रस्तरुवद् भवेत् ।**
**सर्वभूतहितं कुर्वन् रागद्वेषौ विवर्जयेत् ॥**
**न द्रुह्यात् सर्वभूतानि सत्यहिंसादिकं चरन् ।**
**आत्मवत् प्राणिमात्रेषु पश्यन् कारुण्यभाग्भवेत् ॥**
**वशीकृत्वेन्द्रियग्रामं सहजं कर्म संभजेत् ।**
**फलं कर्तृत्वभावं च समर्प्य श्रीपदे मुदा ॥**
**ज्ञानवं चैषणानां च संप्राप्य समदृङ् मुनिः ।**
**वर्तमानेन वर्तेत निष्कम्पोऽल्पपरिग्रहः ॥**

બાદરાયણ વ્યાસ પ્રણીત બ્રહ્મસૂત્રોમાં જે પ્રમાણે આપણને ઉપનિષદોનાં તત્ત્વોનો સાર સંગ્રહ જોવા મળે છે તે જ પ્રમાણે અવધૂતજીના આ ધર્મસૂત્રોના ઉદ્‌ઘોષમાં માણસને પ્રેય અને શ્રેયમાર્ગમાંની **પ્રગતિની** ચાવી મળે છે. माता मातैव **केवलम् ।** छात्रदेवो भव । स्वयमाशीस्तु सत्कर्म । परस्परदेवो भव । श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।

આ પ્રમાણે શ્રીઅવધૂતજીનું તત્ત્વચિંતન અને તત્ત્વોપદેશ ઔપનિષદિક હોવા છતાં જનસામાન્યોને સમજી શકાય અને આચરણમાં મૂકી શકાય એવો છે. તે ભક્તિસભર અને ઉપાસનાપૂર્ણ હોવા છતાં સંકુચિત કે એકાંગી વિચારસરણીવાળો નથી. તેમાં આપણને સર્વ પ્રણાલિકાઓનો અને આચાર્યોના ઉપદેશનો સુંદર, સુભગ સુમેળ અને સમન્વય જોવા મળે છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ ત્રણેની આવશ્યક્તા પ્રતિપાદન કરીને જ્ઞાનાત્મક ભક્તિપૂર્ણ નિષ્કામ કર્મ-યોગથીજ માણસ સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે—આ એમનો સિદ્ધાન્ત છે.

**न मे वाग्विभवो देव भवत्तत्त्वार्थवर्णने ।**
**भवदीया परावाणी वैखर्या समुदाहृता ॥**

# ઋગ્વેદના દ્રષ્ટાઓમાં ઋષિ દીર્ઘતમસ્‌નું સ્થાન અને પ્રદાન[1]

ભરતકુમાર ડી. ભટ્ટ

## ૧ પ્રાસ્તાવિક :

આર્યોનો અથવા સમગ્ર માનવજાતિનો પ્રાચીનતમ, લિખિત મૂળ આધારગ્રંથ છે ઋગ્વેદ.

તેમાં પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના કવિવર કાલિદાસ, ભવભૂતિ, દંડી, બાણ, ભારવિ, માઘ, કે શ્રીહર્ષ જેવા સારસ્વતોનાં ઊર્મિમાધુર્ય, ભાવપ્રવણતા, પદલાલિત્ય, શૈલીગત કાવ્યસુષમા, કલ્પનાવૈભવ, અર્થગાંભીર્ય કે વર્ણનચાતુરીનાં દર્શન સુલભ નથી.

વળી ઉપનિષદોનું નિગૂઢ તત્ત્વચિંતન, દાર્શનિક વિચારધારાનો ઉન્મેષ તથા સૂક્ષ્મ, તર્કબદ્ધ, શાસ્ત્રીય મીમાંસાનું વૈદગ્ધ્યસભર નિરૂપણ ઋગ્વેદમાં જવલ્લે જ બીજરૂપે દૃષ્ટિગોચર થઈ શકે છે.

આમ છતાં, માનવજાતિની આદિમ સભ્યતા અને સંસ્કૃતિ, રહેણીકરણી તથા વિચારસરણી પર ઐતિહાસિક પ્રકાશ પાડતા ગ્રંથ તરીકે તેમ જ તુલનાત્મક ભાષાવિજ્ઞાનના અભ્યાસ માટે અને ભારત-યુરોપીય પરિવારની ભાષાઓના આંતરસંબંધના સમ્યક્ આકલન માટે ઋગ્વેદનો અભ્યાસ બહુમૂલ્ય બની રહે છે. વળી ધાર્મિક દૃષ્ટિએ તેમ જ નિસર્ગના સાન્નિધ્યમાં વિહરતા આપણા પૂર્વજોની હૃદયોર્મિઓનું–સરલ, સ્વાભાવિક, સુરેખ અને સુરમ્ય છતાં ભવ્યોદાત્ત કવિતામાં પડેલું—પ્રતિબિંબ ઝીલવાની દૃષ્ટિએ ઋગ્વેદનું અધ્યયન મહત્ત્વપૂર્ણ બની રહ્યું છે.

## ૨. ઋગ્વેદના પ્રમુખ દ્રષ્ટાઓ :

ઋગ્વેદનાં સૂક્તોની રચના ભિન્ન ભિન્ન ઋષિકુળો દ્વારા થઈ છે, જેમાં કેટલાક સ્વતંત્ર દ્રષ્ટાઓનો પણ ફાળો છે. કવચિત્ એક જ નામધારી અનેક ઋષિઓએ સૂક્તો રચ્યાં છે, તો કેટલાંક સૂક્તોની રચના કવયિત્રીઓએ પણ કરી છે. અગસ્ત્ય, અત્રિ, કણ્વ, ગૃત્સમદ, ભરદ્વાજ, વસિષ્ઠ, વામદેવ, ગૌતમ, વિશ્વામિત્ર, શુનઃશેપ જેવા કવિઓએ ઋગ્વેદના નિર્માણમાં પોતાનો ફાળો આપ્યો છે.

ડૉ. હ. રા. દિવેકર[2] સૂક્તકાર ઋષિ, છંદ, વિષયવસ્તુ, ભાષા, અલંકાર, સૂક્તમાં વર્ણિત દેવતા, ઈત્યાદિ દૃષ્ટિબિંદુથી ઋગ્વેદનો અભ્યાસ કરીને સૂક્તોનો કાલક્રમ દર્શાવવા પ્રયાસ કરે છે. તેઓ ઋગ્વેદનાં બધાં જ (૧,૦૨૮) સૂક્તોનું વિભાજન નીચે મુજબના સાત યુગોમાં કરે છે; જો કે આ યુગવિભાજન ચુસ્તપણે અનુસરાયું જ છે, એમ તો ન કહી શકાય. (૧)

---

૧ ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના નારેશ્વરમાં મળેલ અધિવેશનમાં તા. ૩૧–૧૨–૭૮ના રોજ પઠિત શોધપત્ર.

૨ दिवेकर, ह. रा., 'ऋग्वेद सूक्तविकास', पृ. २०

વિશ્વામિત્ર યુગ, (૨) ભરદ્વાજ યુગ, (૩) કણ્વ યુગ, (૪) અત્રિ યુગ, (૫) વસિષ્ઠ યુગ, (૬) વામદેવ યુગ, (૭) શૌનક યુગ.

## ૩ દ્રષ્ટાઓમાં ઋષિ દીર્ઘતમસ્‌નું સ્થાન :

'वेदार्थप्रकाश' નામક ભાષ્યના રચયિતા સાયણાચાર્ય જેવા પરંપરાગત ભાષ્યકારો તથા મોટા ભાગના અર્વાચીન વિદ્વાનો ઋગ્વેદ ૧. ૧૪૦–૧૬૪–એ પચીસ સૂક્તોની રચના દીર્ઘતમસ્‌નામક એક જ ઋષિએ કરી હોવાનું મંતવ્ય ધરાવે છે.

ડૉ. ડી. પી પાતંજલ શાસ્ત્રી[3] પ્રશ્ન ઉઠાવે છે કે 'દીર્ઘતમસ્‌' જેવી કોઈ માનવ વ્યક્તિ અસ્તિત્વમાં હતી કે કેમ ! અને આ શબ્દને "दीर्घं तमो यस्मिन् सः ।"એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ તરીકે સમજાવામાં આવે, તો તે વિભિન્ન દેવોને કયા સંદર્ભમાં લાગુ પડી શકે, તે વિચારણીય મુદ્દો છે, એમ જણાવે છે.

ડૉ. દિવેકર[૪] દીર્ઘતમસ્‌ના નામ સાથે સંલગ્ન ઉપર્યુક્ત પચીસ સૂક્તોનું સૂક્ષ્મ અવલોકન અને વિશ્લેષણ કરીને આ બધાં સૂક્તોના રચયિતા કોઈ એક દીર્ઘતમસ્‌ ઋષિને બદલે ભિન્ન ભિન્ન યુગમાં થઈ ગયેલા ત્રણ દીર્ઘતમસ્‌ ઋષિ હોવાનું મંતવ્ય ધરાવે છે. તેમના મતાનુસાર –(क) પ્રથમ મામતેય દીર્ઘતમસ્‌ ઋષિ કે જે ભરદ્વાજ યુગમાં થઈ ગયા, તેમના દ્વારા કુલ ૧૩ સૂક્તો રચાયાં છેઃ ૧. ૧૪૫–૧૫૦, ૧૫૨–૧૫૩, ૧૫૪–૧૫૬, ૧૫૭, ૧૫૯ અને ૧૬૦. (ख) બીજા દીર્ઘતમસ્‌ ઋષિ વામદેવના યુગમાં થઈ ગયા, જેમણે ૧. ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૫૧, ૧૫૮ અને ૧૬૧ સૂક્તો રચ્યાં છે. (ग) શૌનક યુગમાં થઈ ગયેલા દીર્ઘતસસ્‌ ઋષિએ ૧. ૧૪૨, ૧૬૨, ૧૬૩ તથા ૧૬૪ સૂક્તોની રચના કરી છે.

પરંતુ ડૉ. દિવેકરનું આ મંતવ્ય વિવાદાસ્પદ જણાય છે અને તે અંગે વિશેષ સંશોધન તથા પુનર્મૂલ્યાંકનને અવકાશ છે.

પાશ્ચાત્ય વિદ્વાનો સમગ્ર ઋગ્વેદનું અંતરંગનું તથા બહિરંગ પરીક્ષણ કરીને તથા તેનાં સૂક્તોની ભાષા, શૈલી, વિષયવસ્તુ વગેરેનો તુલનાત્મક અભ્યાસ કરીને એવો નિષ્કર્ષ તારવે છે કે ઋગ્વેદનાં મંડલ ૧ તથા ૧૦ પ્રમાણમાં અતિ પ્રાચીન નથી; અને તેમાં પ્રક્ષિપ્ત અંશો પણ સવિશેષ હોવાની સંભાવના છે, અને પરિણામે આ મંડલોની તેઓ ઉપેક્ષા કરે છે.

પરંતુ ડૉ. પાતંજલ[૫] જણાવે છે તેમ વિષયવસ્તુ, ભાવના (Spirit) અને સ્વરૂપની બાબતમાં તથા ભાષાકીય દૃષ્ટિથી આ મંડલોમાં તથા અન્ય મંડલોમાં ભિન્નતા નથી. વળી આ મંડલોનાં સૂક્તોના દ્રષ્ટાઓ પણ સામાન્ય માનવી નથી, પરંતુ અન્ય દ્રષ્ટાઓ જેવા જ

3 Patanjal Shastri, D. P., '*A Critical Study of Ṛgveda*', [I. 137-163] p. 4.

૪ પૂર્વોક્ત, પૃ. ૭૬.

૫ એજન, પૃ. ૫.

ઋષિઓ છે. આથી પ્રથમ મંડલનાં ઉપર્યુક્ત સૂક્તોના રચયિતા ઋષિ દીર્ઘતમસ્‌નું સ્થાન ઉપેક્ષણીય નથી; અને તેમનું પ્રદાન મૂલવતાં આ ઋષિ ઋગ્વેદના મૂર્ધન્ય દ્રષ્ટાઓમાં અવશ્ય સ્થાન મેળવી શકે છે.

ડૉ. વી. જી. રાહુરકર[૬] લખે છે તેમ ઋગ્વેદના '**शतर्चिनः**' (સો કે તેથી વધુ ઋચાઓના રચયિતા) ઋષિઓમાં સૌથી વધુ (અર્થાત્ ૨૩૭) ઋચાઓનું પ્રદાન કરનાર દીર્ઘતમસ્ ઋષિનું સ્થાન મહત્ત્વનું છે.

## ૪ દીર્ઘતમસ્‌નો જીવનવૃત્તાન્ત :

'ઔચથ્ય' (ઉચથ્યના પુત્ર) એવા પૈતૃક અભિધાનથી અને 'મામતેય' (મમતાના પુત્ર) એવા માતૃક અભિધાનથી પ્રસિદ્ધ દીર્ઘતમસ્ ઋષિના જીવનવિષયક ભિન્ન ભિન્ન કિંવદન્તીઓ પ્રચલિત છે. 'बृहद्देवता',[૭] સાયણાચાર્યનું ભાષ્ય,[૮] મહાભારત,[૯] ઐતરેય બ્રાહ્મણ[૧૦] વગેરેમાં દીર્ઘતમસ્ અને તેમના પુત્ર कक्षीवान्‌ના જીવનને લગતી કથાઓ નિરૂપિત થઈ છે. ઋ. વે. ૧. ૧૪૭, ૩ માં—

"ये पायवो मामतेयं ते अग्ने पश्यन्तो अन्ध दुरितादरक्षन् ।"

એ પંક્તિને આધારે ઉચથ્ય અને મમતાના પુત્ર દીર્ઘતમસ્‌ને ગર્ભસ્થ દશામાં જ બૃહસ્પતિ દ્વારા અંધત્વનો શાપ મળ્યો હતો અને અગ્નિની સ્તુતિથી તેમની તે આપત્તિ દૂર થઈ, त्रैतन સાથેનો તેમનો સંઘર્ષ, તેઓ દસમા યુગ પર્યંત (અર્થાત્ ૯૦ વર્ષ કરતાં વધારે) જીવ્યા હતા, વગેરે આખ્યાયિકા ઉપજાવી કાઢવામાં આવી હોય તેમ લાગે છે. પરંતુ ડૉ. સી. કુન્હન રાજા[૧૧] જણાવે છે તેમ દીર્ઘતમસ્ શબ્દ આ પ્રમાણે સમજાવી શકાય : "જે અંધકારમય દિગન્તોમાં દૂર સુધી જોઈ શકે છે તે." અર્થાત્ "રહસ્યમયતા, નિગૂઢતા, અગમ્યતાના અંધકારમય ખૂણાઓમાં

---

૬ Rahurkar, V. G., '**The Seers of the Rgveda,**' p. 177.

૭ જુઓ, શૌનકરચિત 'बृहद्देवता,' ૪–૧૧–૧૫ અને ૪–૨૧–૨૫, વિશેષતઃ નીચેના શ્લોકો :

"स व्याजहार तं गर्भं तमस्ते दीर्घमस्त्विति ।
स च दीर्घतमा नाम बभूवर्षिरुचथ्यजः ॥ ४.१४ ॥
जीर्णं तु दीर्घतमसं खिन्नास्तत्परिचारिणः ।
दासा बवद्ध्वा नदीतोये दृष्टिहीममवादधुः ॥ ४.२१ ॥
तत्रैकस्त्रैतनो नाम शस्त्रेणैनमपाहनत् ।
शिरश्चांसावुरश्चैव स्वयमेव न्यकृन्तत ॥ ४. २२ ॥
राज्ञा च प्रहितां दासीं भक्तां मत्वा महातपाः ॥
जनयामास चोत्थाय कक्षीवत्प्रमुखानृषीन् ॥ ४.२५ ॥"

૮ જુઓ, ઋ. વે. ૧.૧૪૭.૩ તથા ૧.૧૫૮.૫-૬ ઉપરનું સાયણભાષ્ય :

"अत्रेतिहासमाचक्षते ।........स च स्तुत्या प्रीतः आन्ध्यं पर्यहरदिति ।" વગેરે.

૯ જુઓ, મહાભારત સભાપર્વ ૭.૧૧, અનુશાસનપર્વ ૧૬૫.૪૨ તથા આરણ્યકપર્વ ૧૦૪, શાન્તિપર્વ ૩૪૧.

૧૦ જુઓ, "एतेन ह वाऽऐन्द्रेण महाभिषेकेण दीर्घतममामतेयो भरतं दौष्यन्तिमभिषिषेच ।" —ऐ० ब्रा. ८.२३.

૧૧ Kunhan Raja, C., '*Asya Vāmasya Hymn*', Intro., p. xxii.

પણ ગૂઢ તત્ત્વનું દર્શન કરવા જે સમર્થ છે તે." અથવા, "જે દીર્ઘકાલપર્યંત અવિદ્યા અર્થાત્ અજ્ઞાનરૂપી અંધકારમાં રહ્યા અને જીવનની ઉત્તરાવસ્થામાં જ્ઞાનપ્રાપ્તિને કારણે જેઓ અંધકારમાંથી બહાર આવ્યા તે." આમ 'દીર્ઘતમસ્' શબ્દ ઔચથ્ય–મામતેય ઋષિની વિચક્ષણતા, નિગૂઢ તત્ત્વદર્શિતા અને વિદગ્ધતાનાં પ્રતીક સમાન બની રહે છે.

શ્રી. રા. ગો. કોલંગડેએ[12] દીર્ઘતમસ્‌ની વંશાવળી આ પ્રમાણે આલેખી છે:

प्रजापतिवरुण = वाक्
|
अंगिरस
|
बृहस्पति | विरस | उचथ्य | शश्वती (कन्या)

उचथ्य
|
दीर्घतमाः
|
कक्षीवान्
|
(कन्या) घोषा
|
सुहस्त्य

## ૫ દીર્ઘતમસ્‌નાં સૂક્તોનો વર્ણ્યવિષય :

દીર્ઘતમસ્ ઋષિનાં પૂર્વનિર્દિષ્ટ પચીસ સૂક્તોમાંથી પહેલાં ચોવીસ સૂક્તોનો વર્ણ્યવિષય પરંપરાગત, અર્થાત્ અન્ય સૂક્તોના જેવો જ છે, જેમાં વિભિન્ન દેવતાઓની સ્તુતિ પ્રયુક્ત થઈ છે, પરંતુ અંતિમ સૂક્તમાં બાવન ઋચાઓ છે. આ પ્રદીર્ઘ સૂક્ત "अस्य वामस्य"...... શબ્દોથી શરૂ થતું હોવાથી 'अस्य वामीय' સૂક્ત નામથી પ્રસિદ્ધિ પામ્યું છે, અને ઋગ્વેદમાં તેનું વિશિષ્ટ સ્થાન છે.

આ પચીસ સૂક્તોના દેવતાઓ અનુસાર તેમનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય :—

| ક્રમ | દેવતા | સૂક્ત ક્રમાંકથી | કુલ સૂક્તો |
|---|---|---|---|
| १ | अग्नि | १४०-१५० | ११ |
| २ | मित्रावरुणौ | १५१-१५३ | ३ |
| ३ | विष्णु | १५४-१५६ | ३ |
| ४ | अश्विनौ | १५७-१५८ | २ |
| ५ | द्यावापृथिवी | १५९-१६० | २ |
| ६ | ऋभु | १६१ | १ |
| ७ | अश्व | १६२-१६३ | २ |
| ८ | संकीर्ण (विश्वेदेवाः) | १६४ | १ |
| | | કુલ | २५ |

१२ कोलंगडे, रा. गो., 'ऋग्वेददर्शन,' पृ. १५७

## ૬ દીર્ઘતમસ્‌ના પ્રદાનની વિશિષ્ટતા અને મહત્ત્વ :

ઉપર્યુક્ત કોષ્ઠક પર દૃષ્ટિપાત કરતાં એમ લાગે છે કે દીર્ઘતમસ્ ઋષિએ ૧૪૦ થી ૧૬૧ સુધીનાં સૂક્તોમાં ઋગ્વેદના અન્ય ઋષિઓની માફક પ્રચલિત દેવતાઓની જ સ્તુતિ કરી છે. આમ છતાં ક્વચિત્ પોતાની મૌલિક વિભાવનાથી તેમણે તે દેવતાઓને પરિમંડિત પણ કર્યા છે. દા. ત., "आविरेभ्यो अभवत्सूर्यो नृन्" શબ્દો દ્વારા "સૂર્ય પણ અગ્નિરૂપમાંથી જ પ્રગટ થયો" એમ કહીને અગ્નિને પણ સૂર્યની માફક સપ્તકિરણાવલિથી યુક્ત દર્શાવવાનો પ્રયાસ કવિએ કર્યો છે. વળી मित्रावरुणौના સર્વપ્રથમ દેવતાયુગ્મને લગતાં સૂક્ત લખવાની પહેલ પણ દીર્ઘતમાએ જ કરી. તે જ સૂક્તમાં "त्रिरश्रिं हन्ति चतुरश्रिरुग्रः" એ પદાવલિમાં "બળિયાના બે ભાગ"નો સિદ્ધાંત કાવ્યમય રીતે રજૂ કરવામાં આવ્યો છે. "जारः कनीनाम्" ( કુમારિકાઓને શીલભ્રષ્ટ કરનાર ) જેવા શબ્દો દ્વારા કવિ પોતાના અંગત વૃત્તાન્તને આત્મલક્ષિતાથી વર્ણવતા હોય તેમ લાગે છે. વળી 'विष्णु' નામક નવીન સૌરદેવતાનું સર્વપ્રથમ વર્ણન દીર્ઘતમાએ જ કર્યું છે, જેની કેટલીક અસર વામનાવતારમાં વિષ્ણુએ કરેલ ત્રિવિક્રમને લગતી પૌરાણિક કથામાં પણ પ્રતિબિંબિત થઈ છે. તદુપરાંત 'द्यावापृथिवी' જેવા યુગ્મદેવતા વિષે પણ દીર્ઘતમાએ જ સૌ પ્રથમ કલ્પના કરી છે. 'ऋभु' નામક અભિનવ તથા અપરિચિત દેવતાને પ્રકાશમાં લાવવાનું કાર્ય પણ તેમણે જ કર્યું.

સૂક્ત ૧૬૨ તથા ૧૬૩ 'अश्व'[૧૩]ને લગતાં છે, જેમાં 'इन्द्रपूषणा' દેવતાદ્વન્દ્વ માટેના યજ્ઞનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે. આ યજ્ઞમાં એક બકરા તથા ઘોડાની આકૃતિનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે, અને અંતે "यज्ञीया हिंसा हिंसा न भवति ।" જેવો ભાવ વ્યક્ત કર્યો છે. આ સૂક્તો પરથી તત્કાલીન યજ્ઞયાગાદિ અને કર્મકાંડના સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે.

સૂક્ત ૧૬૪ (अस्यवामीयसूक्त) અગમ્યવાદી અથવા ગૂઢતાવાદી અથવા કૂટસૂક્ત છે. તેમાં પ્રયુક્ત પ્રતીકો અને કલ્પનોનું મૂળ સ્વરૂપ સમજવું મુશ્કેલ છે; અને પરિણામે ગહન તત્ત્વચિંતનસભર આ સૂક્ત કોયડારૂપ બની ગયું છે.[૧૪] ડૉ. વી. જી. રાહુરકર લખે છે તેમ, "આ સૂક્તના મંત્ર ક્રમાંક ૧, ૧૧–૧૫ અને ૪૪માં संवत्सरના સ્વરૂપે રહેલ कालનું નિરૂપણ કરવામાં આવ્યું છે; જ્યારે ૨, ૩, ૭, અને ૫૨મા મંત્રમાં સૂર્યની સ્તુતિ કરવામાં આવી છે. ૨૪, ૨૫, ૩૭, ૩૯ અને ૪૯મા મંત્રમાં પર્જન્યનું વર્ણન કરવામાં આપ્યું છે. બાકીના બધાજ મંત્રો ગૂઢ અને દાર્શનિક છે."[૧૫]

પ્રસ્તુત સૂક્તમાં કહેવામાં આવ્યું છે કે પરમાત્મા એક અને અનંત છે. 'द्वा सुपर्णा...' મંત્રમાં આત્મા અને પરમાત્માનો પારસ્પરિક સંબંધ તથા ભેદ સ્ફુટ કરવામાં આવ્યો છે. આ

૧૩ શ્રી દયારામ સરસ્વતીની વિચારસરણિને અનુસરીને ડૉ. પાતંજલ શાસ્ત્રી આ સૂક્તોનું અર્થઘટન 'Horse Sacrifice'ને બદલે '*Electricity*' તરીકે કરે છે, પણ તે ગ્રાહ્ય લાગતુ નથી.

૧૪ "It is full of philosophy abounding in mysticism and Symbohlism.. ....his poctry becomes a mystery in many places; it is a riddle, an enigma."— Dr. C. Kunhan Raja, '*Poet Philosophers of the Ṛgvedɪ*', P. 1.

૧૫ પૂર્વોક્ત, પૃ. ૨૦૦.

पक्षिद्वयनुं ૩૫૬ અથર્વવેદમાં તથા મુંડકોપનિષદ્‌માં વિશેષ પ્રસિદ્ધિ પામ્યું છે. યજ્ઞ એ સમગ્ર વિશ્વનું પ્રતીક અને કેન્દ્રબિંદુ છે; એવું આ સૂક્તમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરમ તત્ત્વ એક જ છે, અને ફક્ત તેનાં નામરૂપ જૂજવાં છે, તેવી એકેશ્વરવાદની ભાવના "एकं सद् विप्राः बहुधा वदन्ति" (ઋ. ૧. ૧૬૪. ૪૬) દ્વારા અભિવ્યક્ત થઈ છે. યજ્ઞવિધાન એ ધર્મનું આદિમ સ્વરૂપ હતું, એમ આ સૂક્તના પચાસમા મંત્રમાં સૂચવવામાં આવ્યું છે.

સંસારની ઉત્પત્તિવિષયક કવિની જિજ્ઞાસા, ૧૨ મહિનાઓ, ૩૬૦ દિવસ-રાત, ૫ ઋતુઓ (હેમંત-શિશિરને એક માનતાં) દક્ષિણાયન, ઉત્તરાયણ, જીવાત્મા તથા પરમાત્માનો એકબીજા સાથેનો સંબંધ વગેરે પરિકલ્પનાઓને કારણે આ સૂક્ત ઋગ્વેદનાં नासदीय सूक्त, पुरुषसूक्त જેવાં મહત્વપૂર્ણ સૂક્તો સાથે સ્થાન પામી શક્યું છે.

દીર્ઘતમસના જીવનવિષયક કિંવદન્તી સમાજશાસ્ત્રીય તથા ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી વિચારતાં ઘણી મહત્ત્વની બની રહે છે, એવું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે. વળી તેનાં સૂક્તોમાં દીર્ઘતમાએ કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનો નિર્દેશ કર્યો છે; જેમકે ભૃગુઓ, ઉચથ્ય, મમતા, પુરુમીઢ, પણિઓ, તૌગ્ર, ત્રૈતન, સુધન્વાના પુત્રો વગેરે. પુરાવિદો તથા ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસીઓ માટે આ નિર્દેશ માર્ગદર્શક બની શકે તેમ છે.

## ૭ ઉપસંહાર :

કવિદ્રષ્ટા દીર્ઘતમસ્‌નાં સૂક્તોમાં આપણને એક તરફ દાર્શનિક, નિસર્ગગત તથા વિલક્ષણ ગૂઢતાનાં દર્શન થાય છે, તો બીજી તરફ રમણીય કલ્પનો, મનોહર ઉપમાઓ ગાણિતિક અકંગત અને રૂપકાત્મક પ્રતીકો તથા ક્વચિત્ વર્ણો અથવા શબ્દોના ઊલટસૂલટ કે ક્રમાનુસારી, વિરુદ્ધ કે સમાનાન્તર આયોજનથી નિષ્પન્ન થતી ચમત્કૃતિનાં દર્શન થાય છે, જેમાંથી કવિના ભાષાપ્રભુત્વ અને કવિપ્રતિભાની ઝાંખી થઈ શકે છે.

ઉચથ્ય અને મમતાના આ પુત્રના જીવનમાં તથાકથિત કરુણ ઘટના બની હશે કે નહિ, તો પણ ચર્મચક્ષુરહિત છતાં પ્રતિભાસંપન્ન કવિ દીર્ઘતમાએ જ્ઞાનચક્ષુ દ્વારા પ્રકૃતિનાં રમ્ય તત્ત્વોનું દર્શન કરીને, તથા અગમ્ય દાર્શનિક પરિકલ્પનાઓનું આકલન કરીને બૃહસ્પતિ, શુનઃશેપ, યમ, અંગિરસ્ જેવા વૈદિક અને પ્રાગ્વૈદિક કવિદાર્શનિકોમાં શાશ્વત સ્થાન પ્રાપ્ત કર્યું છે તે વાતમાં શંકાને સ્થાન નથી.

ભારતવર્ષની દાર્શનિક તથા અગમ્યવાદી વિચારસરણીના ઉત્તરકાલીન વિકાસનું આરંભબિંદુ ઋષિ દીર્ઘતમસ્‌નાં સૂક્તોમાં જોઈ શકાય છે.

---

# ગ્રન્થાવલોકન

**ન્યાયમંજરી** (જયંત ભટ્ટ વિરચિત) સંપાદક અને અનુવાદક ડૉ. નગીન જી. શાહ, પ્રકાશક એલ. ડી. ઈન્સ્ટીટયૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ–૯, ફેબ્રુઆરી, ૧૯૭૮ પૃષ્ઠ ૧૮૯+૬ મૂલ્ય રૂ. ૨૦.

ભારતીય ષડ્દર્શનોમાં ન્યાયદર્શન મહત્ત્વનું સ્થાન ધરાવે છે, કારણ કે દરેક દર્શનમાં પ્રમાણ, પ્રમેય પદાર્થ સાથે સંબંધ રહે છે જ, તેથી ન્યાયદર્શનને જો અન્ય દર્શનોનું પ્રયોજક માનીયે તો તે અસ્થાને નહીં ગણાય. આ કારણે જ 'काणादं पाणिनीयं च सर्वशास्त्रोपकारकम्' ઉક્તિ વિદ્વત્ સમાજમાં પ્રચલિત છે. કાણાદ શાસ્ત્ર વૈશેષિક કહેવાય છે, જે કણાદ મુનિ દ્વારા વૈશેષિક સૂત્રોની રચના થઈ છે. આ બન્ને સૂત્રોમાં વિષયની દૃષ્ટિએ એકતા હોવાથી, ન્યાય વૈશેષિક તરીકે ન્યાયદર્શન પ્રસિદ્ધિ પામેલ છે. આ ન્યાયદર્શન ઈ. સ. પૂર્વે ગૌતમ મુનિ દ્વારા રચાએલ પાંચસો એકત્રીસ સૂત્રોથી જાણીતું છે, તે સૂત્રો પાંચ અધ્યાયમાં વિભાજિત છે. એક એક અધ્યાયમાં બે બે આહ્નિક કરવામાં આવેલ છે, જેમાં પ્રમાણ–પ્રમેય–સંશય-પ્રયોજન વ. સોળ પદાર્થોનું વિવેચન છે. આવા ન્યાયદર્શન સૂત્રો પર પ્રથમ શતાબ્દીમાં શ્રી વાત્સ્યાયન મુનિએ ભાષ્ય લખ્યું છે, તે વાત્સ્યાયન ભાષ્ય તરીકે પ્રસિદ્ધ છે. તે ભાષ્ય ઉપર લગભગ છઠ્ઠી શતાબ્દીમાં ઉદ્યોતકરનો વાર્તિક લખાયેલ છે. તથા તે જ વાર્તિક ઉપર નવમી શતાબ્દીના પૂર્વાર્ધમાં મિથિલાના ષડ્દર્શન ટીકાકાર શ્રી વાચસ્પતિ મિશ્રે 'ન્યાયવાર્તિકતાત્પર્યટીકા'ની રચના કરેલી છે.

તે પછી તે જ ન્યાયદર્શનસૂત્રો ઉપર નવમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં શ્રી જયંત ભટ્ટે સ્વતંત્ર રૂપે વૃત્તિ લખી છે જે 'ન્યાયમંજરી' તરીકે જાણીતી છે. તેથી દાર્શનિક સમાજમાં શ્રી જયંત ભટ્ટ વૃત્તિકાર તરીકે પ્રસિદ્ધ છે. તેમનો આ ગ્રંથ ૧ થી ૧૨ આહ્નિકનો છે. તેમાં ૧ થી ૬ આહ્નિક સુધી પ્રમાણ પ્રમેય વગેરે સોળ પદાર્થોમાંથી માત્ર એક જ પ્રમાણ પદાર્થનો વિચાર કરવામાં આવેલ છે. પરંતુ પ્રમાણ પદાર્થના અવાંતરભેદ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દ—આ પ્રમાણચતુષ્ટયના વિચારમાં અનેક વિષયોનો પરામર્શ કરવામાં આવેલ છે. ૭ થી ૯ આહ્નિકમાં પ્રમેય પદાર્થનું વિવરણ છે તે પછી ૧૦ થી ૧૨માં સંશય, પ્રયોજના, દૃષ્ટાંત વગેરે ચૌદ પદાર્થોની સમીક્ષા કરી છે. આમ શ્રી જયંત ભટ્ટે ગૌતમ સૂત્ર પ્રમાણે 'ન્યાયમંજરી'માં જે વિચાર કરેલ છે તે સૌથી છેલ્લી મૌલિક કૃતિ ગણાય છે.

ત્યાર પછી તેરમી શતાબ્દીમાં મિથિલાના શ્રી ગંગેશોપાધ્યાયે ન્યાયદર્શન સૂત્રોને આધારે સ્વતંત્ર રૂપે નવ્યદૃષ્ટિથી "તત્ત્વ–ચિન્તામણિ" ગ્રંથની રચના કરી ત્યારથી ન્યાયદર્શન ક્ષેત્રમાં પ્રાચીન અને નવ્ય ન્યાયનો ભેદ થયો છે.

ડૉ. નગીનભાઈ શાહે શ્રી જયંત ભટ્ટની 'ન્યાયમંજરી'નું ગુજરાતી ભાષાનુવાદ કરી માત્ર ગુજરાતીમાં જ નહી પરંતુ સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં પણ આ પ્રકારના દર્શનગ્રંથનું ભાષાન્તર ગૌરવરૂપ છે.

આ ગ્રંથમાં તેઓશ્રીએ 'ન્યાયમંજરી'ના દ્વિતીય આહ્નિકનું ભાષાન્તર કરેલ છે તે જોઈ ઘણો આનંદ અનુભવું છું અને તેમને ધન્યવાદ આપુ છું, કારણ કે બે વર્ષ પહેલાં જ તેઓએ પ્રથમ આહ્નિકનો ભાવાનુવાદ કરેલો અને તે ગ્રંથ પ્રાચ્યવિદ્યામંદિર વડોદરાના નિયામકશ્રીએ અવલોકન માટે મને મોકલતાં તેનું અનુશીલન કરવાની તક મળી હતી. તે જ અવલોકનમાં મેં સૂચન કરેલું કે "જો શ્રી નગીનભાઈ આ ગ્રંથ ભાષાનુવાદ સાથે સંપૂર્ણ રીતે બહાર પાડશે તો સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં, પ્રાચીન ન્યાયદર્શનની કૃતિઓમાં આ ગ્રંથનું પુનર્જીવન ગણાશે" આ ગ્રંથ જોતાં મારું સૂચન સફળ થયું જાણી આનંદ અનુભવી આ મહત્કાર્ય બદલ તેમને અભિનંદન આપું છું અને પુન: સૂચન કરું છું કે આ ગ્રંથ ભાષાનુવાદ સાથે સંપૂર્ણ રીતે બહાર પાડી જનતા જનાર્દનની એવી સેવા કરે કે જેથી સાધારણ જનસમાજની દૃષ્ટિમાં સરળતાથી સમજાય કે સંસ્કૃત સાહિત્ય ક્ષેત્રમાં ઋષિઓ અને વિદ્વાનોએ કેવી રીતે પ્રાચીન કાળથી જ પુરુષાર્થચતુષ્ટયના સાધન માટે સૌથી ગહનશાસ્ત્ર ન્યાય દર્શન ગ્રંથોમાં પણ સોળ પદાર્થ દ્વારા પોતાના વિચારો દર્શાવ્યા છે. ભાઈશ્રી નગીન શાહની આ પ્રકારની સેવાથી વિદ્વાનોની દૃષ્ટિમાં સંસ્કૃત ભાષાનું સ્થાન સદા અમરત્વ પ્રાપ્ત કરશે.

## પ્રસ્તુત ગ્રંથનું વિષય વિવેચન

પ્રથમ પ્રકાશિત ન્યાયમંજરીના પ્રથમ આહ્નિકમાં શ્રી. શાહે દર્શાવેલ વિષય પ્રમાણે શાસ્ત્રનું પ્રયોજન—અન્ય દાર્શનિક કૃત પ્રમાણ લક્ષણનું ખંડન, પ્રત્યક્ષાદિ ચતુષ્ટય પ્રમાણનું સમર્થન, —આટલા વિષયોના ભાવાનુવાદ કરતા અવાન્તર એકત્રીસ વિષય સ્વરૂપ દર્શાવી સુબોધ બનાવ્યો છે. તે જ પ્રમાણે આ ગ્રંથમાં પણ બહુ જ ઝીણવટથી અવાન્તર વિષયોનું વિભાજન કરી સુબોધ બનાવ્યો છે. કારણ કે આ આહ્નિકમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન—આ ત્રણ પ્રમાણનું વિવેચન મૂલગ્રંથમાં શ્રી. જયંત ભટ્ટે કર્યું છે, તે સૌ વિષયોને શ્રી નગીન શાહે અવાન્તર વિષય દર્શાવી દરેક વિષયવસ્તુનો ભાષાનુવાદ કર્યો છે, જેથી સાધારણ જનોને પણ આ ગ્રંથ સુબોધ જણાશે. જેમ કે પ્રત્યક્ષ પ્રમાણના વિષયો ૨૯, અનુમાન પ્રમાણના ૩૧, ઉપમાનના ૧૧ મળી કુલ ૭૧ અવાન્તર વિષયોના ભેદ દર્શાવી ભાષાનુવાદ કરેલ છે જે વાચકોને ઉપકારક નીવડશે.

ભાષાનુવાદ બહુ જ સરળ અને સંદર્ભયુક્ત છે એટલું જ નહીં પણ જ્યાં જ્યાં મતમતાંતરોનો પ્રસંગ આવે છે ત્યાં ત્યાં અનુવાદકશ્રીએ ગ્રંથકર્તાનો કહેવાનો ભાવ સમજાવવા માટે સફળ પ્રયાસ કરી સરળ બનાવ્યું છે. જેમાં તેમની અનુવાદ કલાનું જ્ઞાન પણ જોવા મળે છે. જેમકે શરૂઆતમાં જ પ્રત્યક્ષ લક્ષણ કરતા ગ્રંથકર્તા ઉપર જે સ્મૃતિ, અનુવ્યવસાય વગેરેના વ્યવધાન હોવાથી ઈન્દ્રિયાર્થસંનિકર્ષમાં ક્ષતિ અન્ય દાર્શનિક દ્વારા દેખાડવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં ગ્રંથકર્તા શ્રી જયંત ભટ્ટે પ્રાચીન ભાષ્યોક્તિનું ભાષ્ય તરીકે પ્રમાણ આપતાં કહ્યું છે કે "यदा ज्ञानं वृत्तिस्तदा हानोपादानोपेक्षाबुद्धयः प्रमितिः" આ વિષયની સ્પષ્ટતા માટે અનુવાદક શ્રીએ ભાષાનો જે પ્રયોગ અનુવાદમાં કર્યો છે તે તેમનામાં રહેલી ગ્રંથાવગતિનું હાર્દ સમજાવે છે. તેમનો આવો ઊંડો અભ્યાસ અને સૂઝ આ અનુવાદમાં અનેક જગ્યાએ જોવા મળે છે.

આ ગ્રંથમાં ન્યાયદર્શનના ઘણા પારિભાષિક શબ્દો તથા મતાન્તરની દૃષ્ટિએ અન્ય દર્શનના પણ તેવા જ શબ્દો આપવામાં આવેલ છે તે શબ્દોની સ્પષ્ટતા—અર્થ વ. ની દૃષ્ટિએ—જો કરવામાં

આવી હોત તો તે વાચકોને વધુ સરળ થાત. જો આવા શબ્દોની સ્પષ્ટતા પહેલાં થયેલી હોય તો તે જેમાં હોય તેનું નામ વગેરેનો નિર્દેશ કરવો જોઈએ અને શક્ય હોય તો તેની જરૂરી સંક્ષિપ્ત ચર્ચા પણ કરવી જોઈએ. તદ્ ઉપરાન્ત જ્યાં અન્ય દાર્શનિકોનો મત આવે છે ત્યાં પણ તે મતનો સંક્ષિપ્ત સિદ્ધાન્ત આપવામાં આવે તો વધારે સુબોધ થાય. જો કે પ્રથમ આહ્નિકમાં આ પ્રમાણે થયેલ છે. પરંતુ હવે પછી તે ઉપર વિશેષ લક્ષ આપશે એમ આશા રાખું છું. આ માટે ઉદાહરણ આપું તો જેમ પ્રત્યક્ષ લક્ષણમાં इन्द्रियार्थसंनिकर्षोत्पन्नं ज्ञानमव्यपदेश्यमव्यभिचारि व्यवसायात्मकं प्रत्यक्षम्। આ લક્ષણમાં અવ્યપદેશ્ય અને વ્યવસાયાત્મક એ બે શબ્દની સ્પષ્ટતા જે હોવી જોઈએ તે નથી. મતાંતરમાં પદકૃત્ય વિષયમાં ચર્ચા કરેલ છે તે તેમના મતના અનુસંધાનમાં લક્ષણના અનુવાદમાં નથી. વળી ગ્રંથ સંપાદનમાં ગ્રંથના અંદરના ભાગમાં એક પૃષ્ઠ ઉપર ગ્રંથનું નામ, બીજા ઉપર વિષયનું નામ હોવું જોઈએ તે પણ આપેલ નથી. આવી ઉણપો હવે દૂર થશે જ એમ હું માનુ છું જેથી વાચકોને આહ્નિક પ્રમાણે વિષય વસ્તુ સતત ધ્યાનમાં રહી શકે. આવા ગ્રંથના સરળ અને સફળ અનુવાદ બદલ પુન: ધન્યવાદ સાથે વિરમું છું.

શોભાનંદ એસ. ઝા

* * *

**જેલડાયરી : જયપ્રકાશજી :** અનુ. સુભદ્રા ગાંધી; પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ, મૂલ્ય : રૂા. ૬-૦૦.

"સંવેદનશીલ માનવીના હૃદયમાંથી પ્રગટેલ આત્મશ્રદ્ધાનાં......વેણ......" એ પ્રાક્કથન-માંના શબ્દોને ચરિતાર્થ દર્શાવતી આ ડાયરી સ્વતંત્ર ભારતની પ્રજાના મંથનની યે ચિરસ્મરણીય વાચા નીવડી છે. ૧૯૭૫ની ૨૧ જુલાઈથી, અર્થાત્ કટોકટી લદાયા પછી પૂરા એક મહિને અને તેથી જેવી સ્વભાવિક એવી જ ચિંતનપૂત આ ડાયરી આરંભાય છે અને નવેમ્બરની ૪ પર્યન્ત તે ચાલુ રહી છે.

શરુનાં, સળંગ બે દિવસોમાં લખાએલાં, અઢારેક પૃષ્ઠ અહીં જાણે સમસ્ત ડાયરીનો નિચોડ સમાં થયાં છે. એમાં મંથન છે, અભ્યાસ છે, વેદના છે, સહૃદયતા છે અને ઝમતી–ફૂટતી આત્મ-શ્રદ્ધા, દેશની લોકનાડ ધબકતી જ રહેવાની એમાંની શ્રદ્ધા તો છે જ. બહારથી પૂર્ણ વિચ્છેદ પામેલો એકાંતકારાવાસ છતાં જગતભરના વર્તમાન વિશેની સજગ આલોચના અહીં છે. અન્તે ગ્રંથના વાચનનોયે મર્મ અહીં ઉદ્ગારાતો રહે છે. સંપૂર્ણ ક્રાંતિનો માયનો અને તેના નકશાની સાદી ધીંગી રેખાઓનું અહીં નિરૂપણ પણ મળવાનું. તોયે આ ડાયરીનું આકર્ષણ, એનું સાચું ઊંડું બળ કટોકટીએ પ્રેરેલ વ્યથા–વ્યંગ–મૂંઝવણ–વિશ્વાસની લાગણીની મર્મસ્પર્શી અભિવ્યક્તિમાં જ છે. એની પારદર્શી નિખાલસતા અને લોકહૃદય સાથે સતત ધબકતી એની સંવેદનશીલતા ઊંડે લગી અડે છે.

"શાંતિમય આંદોલનને ડામવા આ ત્રાગું ? તો પછી લોકોએ કરવાનું શું ?" (પૃ. ૨), "શી ધૃષ્ટતા છે સ્વચ્છંદતા વિષે ડહાપણ ડહોળવાની !" (પૃ. ૨), "જે સજ્જનો ને સન્નારીઓ

મારામાં દેશની એકમાત્ર ‘ આશા ’ જોતાં હતાં, તેઓ આજે શું કહેતાં હશે ? ” ( પૃ. ૩ ), “ મારી દુનિયાના ભગ્નાવશેષો...મને ભય છે કે મારા જીવનકાળ દરમિયાન એને પુનઃ સુવાંગ સ્વરૂપે જોવા હું પામવાનો નથી ” ( પૃ. ૧ ), કે “ ભારત આ કબરમાંથી ઊભું થશે જ, વહેલું–મોડું ય ” ( પૃ. ૩ ) –આ ઉદ્‌ગારોમાં જે સજીવતા છે તે ડાયરીમાં સળંગ અનુભવાતી રહે છે. એ સજીવતાના મૂળમાં છે મંથન અને શુભમાંની શ્રદ્ધા. તેથી જ જ્યાં અનિવાર્યપણે ઉદ્‌ભવે છે વ્યંગસંધાન, ત્યાંયે વાત્સલ્યોર્મિ હેર્યા વિના રહેતી નથી. એ વ્યંગમાં આંસુની ભીનાશ છે જ છે.

કટોકટી લાદતાં પૂર્વેની “ હલકટ ઘટનાઓ ” કે લાદ્યા પછીની દાંભિકતા કે હૃદયહીનતા કે બેશરમી આ ડાયરીમાં સંભારાય ત્યાં રોષ કે પ્રકોપ યા હતાશા કે કટાક્ષ પ્રગટે જ. પરંતુ એ પરનો સંયમ તરત જાગૃત પણ થાય છે. પરિણામે કલમની ધારામાં વધુ નીતરતી રહે છે તે તો કરુણા. જયપ્રકાશના સત્ત્વસંપન્ન આત્માની એ નૈસર્ગિક સમૃદ્ધિ છે. આ ડાયરી તેથી જ ચિરંજીવ રહે એમ છે. ઈંદિરાજી કે વિનોબાજી અંગે જ્યાં વ્યંગ છે, એની મહત્તા આ આત્મઓજસે જ સિદ્ધ છે. “ નવી દિલ્હીનાં એ બાજુ ”માંનો વ્યંગ ભારે અણીદાર છે. તેમ “ વહાલાં ઈંદિરાજી ! ભલાં થઈને દેશની સાથે સરસાઈ જતાવવાનું કરશો મા ” ( પૃ. ૧૫ )માંનું વાત્સલ્ય પણ એવું જ ભરભર છે.

રાષ્ટ્રના આધુનિક ભેખધારી કર્ણધાર જેવા જયપ્રકાશને જે ઉપજાવેલા આરોપે બંદીવાસમાં ધકેલાયા એ રાજકીય શેતરંજમાં માની લઈએ, તોયે બિહારમાંના રેલસંકટથી વ્યથિત એમને વિનંતિ છતાં પેરોલ પર ન છોડાય, એમના પત્રોનો જવાબ ન અપાય, એમના સાધારણ પત્રો પણ જે-તે ઠામે ન પહોંચાડાય, બ્રિટિશ સમયમાંયે જેલમાં નહનો એવો એમને માટે અ-સહવાસ સર્જાય, એમના જેવાને વહીવટી વડા પર પત્રો લખી અરજ ગુજારવી પડે, એ બધી કરુણતા અહીં ટૂંકામાં પણ સુરેખ ઊઠી છે. જોવાનું એ મળે છે, કે એ વખતે પણ એમની સહૃદયના કે લોકશ્રદ્ધા નિસ્તેજ થતી નથી.

પરિસ્થિતિના નિદાનમાં કોઈ ઝીણી-મોટી વાત તેઓ ચૂકતા નથી. “ કેમ જાણે નેહરુ ઘરાણામાં બધા નિર્ણયો રાજકારણના લેખાં જોખાંના આધારે જ લેવાતા હોય ! ” ( પૃ. ૧૫૨ ), “ આખું પિરામિડ એની ટોચને આધારે ખડું છે ! ” ( પૃ. ૧૪૯ ), રાષ્ટ્રના જીવનમાં કોઈપણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિણામો હાંસલ કરવાં હશે તો તે આંદોલનના દબાણ કે લડત વિના શક્ય બનવાનું નથી ” ( પૃ. ૧૧૭ ) જેવી નોંધો એની ગવાહી પૂરે છે. એ ખરું, કે સંપૂર્ણ ક્રાંતિ વિશેની એમની વિભાવના અહીં ખૂબ વ્યાપક, ટૂંકા અને તેથી કંઈક અદ્ધર જણાય એવા રૂપે આલેખાઈ છે. કિંતુ એ વિશે ગમે એટલી વિગતે પૃથક્કરણ સમજૂતી થાય તો યે એનું સાચું ઘટન તો પ્રત્યક્ષ વ્યવહારે જ મૂર્ત થાય એમ છે. વળી, આ ડાયરીમાં સર્વાંગત અર્થદર્શનનું પ્રયોજને ન હોય–નથી.

આ ‘ જેલડાયરી ’ માં સ્વજન-સ્નેહી-સાથીના આવવા જેવી બાબતે જે વાણીમાં ઝંકૃતિ ઝણઝણી છે તે પણ આ ડાયરીનું સ્વાભાવિત્વ બઢાવી રહે છે.

આ ‘ જેલડાયરી ’ નો અનુવાદ મૂળનાં હાર્દ-સ્વભાવને સફળપણે વ્યક્ત કરી શક્યો છે. એની પ્રવાહિતા અને માર્મિકતા બરાબર ઊતરી છે. “ દાળોવાટો કરી નાખ્યો, ” “ હો-ને-ના કરનારાઓ ” કે “ મતિનું મતિરું થઈ જતાં લગી ” જેવા ગુજરાતી ઢંગરંગના પ્રયોગો જોઈએ, અથવા

'આર્મિકૂપ' માટે નો ગુજરાતી પર્યાય 'લશ્કરી સત્તાઝપટ' જોઈએ, વળી 'વિના' ની જગ્યાએ સહજ રીતે ચોંટીલો થતો 'વિણુ' શબ્દ સંભારાયો તે જોઈએ, તો અનુવાદક બહેનની હોંસીલી જાગૃતિ વરતાઈ આવવાની. એ મર્મને આબેહવાને લક્ષે છે. તેથી જ એ સફળ છે. એ જોતાં, 'નિગરાણી,' અગ્રણીના અર્થમાં 'આગુ,' મારા પર કહેવા જતાં 'મુજ પર,' 'બીછાર' કે ઘંટડી લખવા જતાં 'ઘંટી' જેવા પ્રયોગો પરત્વે ગુજરાતી ભાષાના પોતને વીસરવા સરખું ન હતું. 'વાસ્તવતા,' 'ચિર' ને બદલે 'ચીર,' 'હરકોઈ સાધનો,' સ્રીજાતિ તેમ નપુંસકજાતિ એમ એક રીતે વપરાયેલ 'રુખ,' 'ગણુત્રી,' 'કાવત્રું,' જેવી શબ્દવીગતેય સાવધતા જરૂરી ખરી. પરંતુ ભાષા ઈબારતની સમગ્ર દૃષ્ટિએ આ અનુવાદ ઘણે મોટે હિસ્સે નિશાન વીંધી લેનારો થયો છે જ. એનું કારણ એ છે, કે કૃતિના વસ્તુ અને મર્મ ઉપરાંત કૃતિસર્જકના સમગ્ર શીલ સાથે અનુવાદક ઓતપ્રોત છે. આવી તદ્રૂપતા અનુવાદ, સારા અનુવાદ માટેની મૂળભૂત શરત છે. એ ન હોય ત્યાંજ "Oh, Translation! A Lie!" કહેવું પડે. અહીં અનુવાદ સચ્ચાઈનો રણકાર લાવેછે.

હસિત હ. બૂચ

* * *

**શ્રીમદ્‌ભગવદ્‌ગીતાઃ** સંપાદક : શાસ્ત્રી ગોવર્ધનેશ જોશી, પ્રકાશક : મંત્રી, શ્રી સૂર્યપુર સં. પાઠશાળા, આમલીરાન, સૂરત, પૃ. ૪૪૪, મૂલ્ય ( ન્યોછાવર ) રૂા. ૧૦.

ભગવદ્ગીતા એક એવો અજોડ ધર્મગ્રન્થ છે કે તેના ઉપર આઠમી સદીના શ્રી શંકરા-ચાર્યથી માંડીને અર્વાચીન સમયના પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનો અને પંડિતોએ પોતાના વિવિધ વિચારો વ્યક્ત કર્યા છે. અને ભગવદ્ગીતાનું મર્મ સમજાવવા માટે શ્લોકોના અન્વયાર્થ, શબ્દાર્થ અને સમજૂતી સાથે લખાયેલી અનેકવિધ આવૃત્તિઓ પણ જોવા મળે છે.

શાસ્ત્રી ગોવર્ધનેશ જોષીએ સંપાદિત કરેલી ભગવદ્ગીતાની આવૃત્તિમાં મૂળ શ્લોક, અન્વય, શબ્દાર્થ, શબ્દોની વ્યાકરણ વિષયક સમજૂતી અને કેટલાક શ્લોકો માટેની ગુજરાતીમાં નોંધ આપેલી છે.

સંપાદકે આપેલી નોંધની ચર્ચા અહીં ત્રણ વિભાગમાં કરવામાં આવેલી છે.

(૧) કેટલીક નોંધ સંદિગ્ધ, અસ્પષ્ટ અને અયોગ્ય લાગે છે. દા. ત. ૨–૧૮ (બીજો અધ્યાય, અઢારમો શ્લોક) ઉપરની નોંધ—"शरीरिणः અહીં શરીર શબ્દને આત્માના રૂપમાં લીધો છે."

૩–૨૫ ઉપરની નોંધ—"અનુષ્ઠાન, તત્ત્વજ્ઞાન અને ધર્મના આચરણથી લોકસંગ્રહ કરવો જોઈએ."

૩–૪૧ ઉપરની નોંધ—"इन्द्रियाणि–શબ્દથી મન–બુદ્ધિ. તે પણ ગ્રહણ કરવા, કારણ કે અંતર સુખ દુઃખાદિક માંટે મન–બુદ્ધિ આત્માનો ભાગ ભજવે છે."

૫–૨૮ ઉપરની નોંધ—"મૈત્રી, કરૂણા, મુદિત, પાપી પ્રત્યે ઉદાસીનતા રાખીને વર્તવું જોઈએ."

(૨) કેટલીક નોંધમાંના વિચારો અને વર્ણનો સંપાદકના પોતાના નથી; તે બીજેથી લીધેલા છે. (છતાં આવા બીજા લેખકોના કે ગ્રંથોના સંપાદક નામનિર્દેશ આપતા નથી) દા. ત. ૨–૧૫ ઉપરની નોંધ—"વિકાર ઉત્પન્ન થવાના કારણો હોવા છતાં જેનું ચિત્ત ચલાયમાન થતું નથી, તે ધીર કહેવાય છે."

આ સુભાષિત કવિ કાલિદાસે કુમારસંભવમાં આપેલું છે. (સરખાવો કુમારસંભવ ૧-૫૯ विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः ॥)

૩–૩૬ ઉપરની નોંધ–"અર્જુન કહે છે–હું ધર્મને જાણું છું પરંતુ આચરણ કરતો નથી, અધર્મને જાણું છું છતાં કોઈ દેવની પ્રેરણાથી અધર્મનું આચરણ કરવા તત્પર બન્યો હોઉં એમ લાગે છે."

આ ઉક્તિ મૂળ મહાભારતની છે. (સરખાવો):

जानामि धर्मं न च मे प्रवृत्तिः जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि देवेन हृदि स्थितेन यथा प्रयुक्तोऽस्मि तथा करोमि ॥

૬–૬ ઉપરની નોંધ–"મન જ મનુષ્યોનાં બંધન અને મોક્ષનો હેતુ છે. તે જો વિષયાસક્ત હોય તો બંધનકારક છે અને વિષયરહિત હોય તો મોક્ષ આપનાર છે."

આ, સંસ્કૃતગ્રંથ પંચદશીના બ્રહ્માનંદગત યોગાનંદ નામના પ્રકરણમાંના નીચેના શ્લોકનો અક્ષરશઃ અનુવાદ છે.

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।
बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥ ११ ॥

૭–૬ ઉપરની નોંધ–"જેમાંથી પાંચ મહાભૂતો ઉત્પન્ન થાય છે, પોષાય છે અને પરિણામે જેમાં પ્રવેશ કરે છે, તે જ સાક્ષાત્ બ્રહ્મ છે, તેને તું જાણ."

મૂળ સંસ્કૃત શ્લોક તૈત્તિરીય ઉપનિષદમાં આ પ્રમાણે છે.

यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति ।
यत्प्रयन्त्यभिसंविशन्ति तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति ॥ ३.१.१ ॥

૮–૩ ઉપરની નોંધ—"સૂર્ય સંપૂર્ણ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે. તેમ દેહને આશ્રયે રહેલો અંતરાત્મા બુદ્ધિપર્યંત દેહને પ્રકાશિત કરે છે."

ગીતાના તેરમા અધ્યાયમાં આવતા નીચેના શ્લોકનો આ સરળ અનુવાદ છે :—

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ।
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥ १३.३३

૮–૧૧ ઉપરની નોંધ–"ૐકાર રૂપી ધનુષ્ય, જીવરૂપી બાણ અને તેનું લક્ષ્ય બ્રહ્મ કહેવાય છે. માટે બાણ લક્ષ્યને જ જોઈ શકે તેમ મનુષ્યે પ્રમાદ રાખ્યા વગર બ્રહ્મને પામવું જોઈએ."

આ અનુવાદ મુંડકોપનિષદના નીચેના શ્લોકનો છે :—

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥ २-४

૧૪–૫ ઉપરની નોંધ—" એક લાલ, સફેદ અને કાળા રંગની સરખા સરસ રૂપવાળી અને બહુ પ્રજાને જન્મ આપતી એવી બકરીને એકજ બકરો ભોગવે છે ત્યારે બીજો બકરો તેને ભોગવેલી માની ત્યજે છે. "

આ વર્ણન શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં આપેલું છે :—

अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः ।
अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः ॥

૧૮–૩ ઉપરની નોંધ—" સાંખ્યવાદી પંડિતો કહે છે કે કર્મથી પ્રજાથી કે ધનથી અમૃતત્વ મળતું નથી " ઈ.

આ અનુવાદ કૈવલ્ય ઉપનિષદની નીચેની પંક્તિનો છે :—

न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः ।

( ૩ ) અમુક નોંધમાં આપેલી સમજૂતી તદ્દન ખોટી, સંદર્ભ વગરની અને અનધિકૃત ( unwarranted ) છે

દા. ત. ૨-૪૮ની નોંધ—" समत्वं–કોઈપણ કર્મ કરવામાં આવે તે પૂર્ણ થાય કે ન થાય પરંતુ સમાનભાવ રાખે તેને સમત્વ કહે છે. "

ગીતાએ કર્મની સિદ્ધિ અને અસિદ્ધિ પ્રત્યે સમાનભાવ રાખવાનું કહ્યું છે, ( सिद्ध्यसिद्ध्योः समो भूत्वा– ) નહિ કે કર્મની પૂર્ણતા કે અપૂર્ણતાની બાબતમાં.

૨–૪૯ની નોંધ–" કર્મની અપેક્ષાથી પર બનવું ખૂબ જ જરૂરી છે. "

કર્મયોગનું આ વિકૃત અર્થઘટન છે. કારણ ગીતાએ કર્મફળથી પર રહેવાનું કહ્યું છે કર્મની અપેક્ષાથી નહિ. ( कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन २-४७ ).

૪-૨૧ની નોંધ—" त्यक्तसर्वपरिग्रह :—માંસ, મધ, મદ્ય અને તેલ, તાંબૂલ, સ્ત્રી તથા સોનું તેમ જ—દવા આ વસ્તુનો ત્યાગ કરનારને સાચો સન્યાસી કહેવો. "

આ અર્થઘટન નિરાધાર અને ખેંચીતાણીને કરેલું લાગે છે, કારણ પરિગ્રહ ત્યાગના ઉપદેશમાં ગીતાને અસાર સંસારના મમત્વના ત્યાગની ભાવના અભિપ્રેત છે; અમુક વિશિષ્ટ વસ્તુનો ત્યાગ અભિપ્રેત નથી.

૬–૩૬ની નોંધ–" આત્માને વશ કરવા માટે યતિએ ભિક્ષા માંગવી, જપ કરવો, શૌચ, સ્નાન, ધ્યાન અને દેવપૂજન કરીને આત્માને વશ કરવો જરૂરી છે. " આ નોંધમાં વર્ણવેલા ભિક્ષાર્જન, સ્નાન, દેવપૂજન ઈ.નો ઉપદેશ ગીતામાં ક્યાંય્ જોવા મળતો નથી. આત્મસંયમ અથવા મનોનિગ્રહ માટે અભ્યાસ, વૈરાગ્ય, અનાસક્તિ અને ભગવદ્‌ભક્તિ જેવા ઉપાયો ભગવાન્ શ્રીકૃષ્ણે સમજાવેલા છે.

૯–૩૩ની નોંધ—" બાલ્યાવસ્થાથી જ વૈષ્ણવધર્મનું આચરણ કરી કાલક્ષેપન કરવું જોઈએ."

ગીતાના કોઈપણ શ્લોકમાં અમુક એક ધર્મના આચરણનો ઉપદેશ આપ્યો નથી. નિષ્કામ કર્મયોગ અને નિરંતર ભગવદ્ભક્તિ ઉપર ભગવાન્ શ્રીકૃષ્ણે વારંવાર ભાર મૂકયો છે.

૧૪–૧૨ની નોંધ–" હાથમાં ઘડિયાળ, આંખમાં ચશ્મા, કંઠમાં સોનાનો અછોડો, હાથની આંગળીઓમાં વીંટીઓ રાખવી, તરેહ તરેહનાં સુંદર કપડાં પહેરવાં, જાતજાતના ખાટા, ખારા, તીખા ખોરાક ખાવા વગેરે રજોગુણીનાં લક્ષણો જાણવા." હાથનું ઘડિયાળ અને આંખના ચશ્મા આજના યુગની અત્યાવશ્યક વસ્તુઓ થઈ છે. આવી વસ્તુઓના વપરાશ સાથે ગીતાને કોઈ લેવાદેવા નથી. માણુસના બાહ્ય પહેરવેશ કે ખોરાકનો તેની આધ્યાત્મિક ઉન્નતિ સાથે નહિવત્ સંબંધ છે. માણુસનું અંતઃકરણ નિર્મળ અને પરિશુદ્ધ કરવું એ જ ગીતાની નેમ છે. તેથી જ તે રજોગુણથી ઉદ્ભવતાં લોભ, અશાંતિ, વાસના ઈ. આંતરિક દોષો તરફ નિર્દેશ કરે છે.

૧૫–૧૪ની નોંધ—" વૈશ્વાનર નામનો અગ્નિ પ્રત્યેક પ્રાણીઓમાં રહેલો છે. તે ચાર પ્રકારના અન્નને પચાવે છે. દાંતથી તોડીને ખાવામાં આવે છે તે "ભક્ષ્ય", જિહ્વાથી ખાવામાં આવે તે "ભોજ્ય" ચાટીને ખાવામાં આવે તે 'લેહ્ય' અને ચૂસીને ખાવામાં આવે છે 'ચોષ્ય' એમ ચાર પ્રકારનું અન્ન હોય છે."

આ વર્ણન સદોષ છે. ચાર પ્રકારનું અન્ન નીચે પ્રમાણે છે:—
ભક્ષ્ય, ચોષ્ય, લેહ્ય અને પેય.

આમ ઘણીખરી નોંધમાંના વિચારો દોષપૂર્ણ, સંદર્ભરહિત, અનૂદિત અને અનધિકૃત છે.

ગીતાની મર્મબોધક વિભાવનાઓ (concepts) જેવી કે યોગક્ષેમ, કર્મ, યજ્ઞ, લોકસંગ્રહ ઈ. સંપાદકે સમજાવી નથી.

સંપાદકે આપેલી કેટલાક શબ્દોની વ્યાકરણવિષયક સમજૂતી અશુદ્ધ અને ખોટી છે.

દા. ત. :—कपिध्वजः = कपिः ध्वजायां यस्य सः। (પૃ. ૧૩)

कृतानिश्चयः = कृतं निश्चयं येन सः। (પૃ. ૫૨)

रसवर्जम् = रसं वर्जयति इति। (પૃ. ૬૬)

કેટલાક શબ્દોના અર્થો ખોટી રીતે ઘટાવ્યા છે.

દા. ત. घातयति = મારે છે.<br>कम् हन्ति = કોને મરાવે છે } (પૃ. ૪૨)

पञ्चमं दैवम् = પાંચમું દિશા, વાયુ, સૂર્ય વગેરે દેવોને જાણવા. (પૃ. ૪૦૫)

આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લેતાં પ્રસ્તુત આવૃત્તિને सर्वबोधिनीटीका सहिता (?) કેમ કહેવાય?

ગીતાના મૂળ શ્લોકોનું મુદ્રણ પણ એટલી બધી અસંખ્ય અશુદ્ધિઓથી ભરેલું છે કે તેમનો શુદ્ધિપત્રકમાં સમાવેશ કરાયો નથી. એટલે શુદ્ધિપત્રક પણ અપૂર્ણ રહેલું છે. દા. ત. ૧–૩૨

किं भोगेन जीवितेन वा । ( સાચો પાઠ किं भोगैः )

२-२४ नित्यं सर्वगतः......( સાચો પાઠ नित्यः सर्वमतः )

२-३० देही नित्यमवध्योऽयं देहं......( સાચો પાઠ–देही नित्यमवध्योऽयं देहे... )

४-१८ कर्मण्यकर्म...सयुक्तः कृत्स्न कर्मकृत् ( સાચો પાઠ–स युक्तः कृत्स्नकर्मकृत् ॥ ) ૪.

અને જ્યારે ૧–૪૩માં वर्णसंकरના ઠેકાણે આપણને वर्णशंकर વાંચવું પડે છે ત્યારે નીચેનો શ્લોક યાદ આવે છે.

यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत्सकलं शकलं सकृच्छकृत् ॥

આશા કરીએ કે સંપાદક મહોદય આગળની આવૃત્તિમાં અશુદ્ધિઓનું નિવારણ કરીને, તેને સારી રીતે પરિષ્કૃત કરે જેથી કરીને વિદ્યાર્થીઓને અને સામાન્ય લોકોને એક ઉપયોગી, રસપ્રદ અને ઉદ્બોધક પુસ્તક મળે.

સમગ્ર રીતે જોતાં, જીવનમાં ગીતાનો પ્રથમ વાર અભ્યાસ કરનાર માણસ માટે શ્લોકોના અન્વય અને શબ્દાર્થ જાણવા માટે આ આવૃત્તિનો મહદંશે ઉપયોગ થાય.

**શ્રીમતી ઉમાબેન દેશપાંડે**

* * *

**શિક્ષણદર્શન પરિભાષા કોશ:** લે. શાસ્ત્રી જયેન્દ્ર દવે, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, મૂલ્ય. રૂ. ૧૫.

શાસ્ત્રી જયેન્દ્ર દવેકૃત શિક્ષણદર્શન પરિભાષા કોશ નામક ગ્રંથને હું હૃદયથી આવકારું છું. શિક્ષણ અને દર્શનની મહત્ત્વની પરિભાષાઓનો આ કોષ પ્રકાશિત થયો છે. અનેક વિદ્યાશાખાઓના પારસ્પરિક અને વ્યાવહારિક એકતાનાં સૂત્રો આજે જ્યારે વિકાસ પામી રહ્યાં છે ત્યારે શિક્ષણ અને દર્શન જેવાં વિદ્યાક્ષેત્રો પણ તેમાં ફાળો આપી રહ્યાં છે. આ ગ્રંથ શિક્ષણ વિદ્યાશાખાના અભ્યાસુ જિજ્ઞાસુઓને શિક્ષણમાં રસ ધરાવવા ઉપયોગી થઈ પડશે એ એક સત્યકથન છે.

સર્જક જન્મથી નથી બનતો પરંતુ અભ્યાસની એકાગ્રતા અને ચિંતનમાંથી તેની વૃત્તિઓ તરફ પ્રયત્નશીલ થઈ તે તેમાં અનેરું સ્થાન મેળવે છે.

આ પરિભાષા કોશ શિક્ષણક્ષેત્રમાં કાર્ય કરતા સમાજને અલગ અલગ રીતે માર્ગસૂચક છે.

પહેલી નજરે તો આ પુસ્તક અમુક જનસમાજ માટે ઉપયુક્ત ગણી શકાય. શુષ્ક એવા વિષય પર આટલી મહેનત ખૂબ આવકારદાયક છે.

શિક્ષણદર્શનની એક પરિભાષા તૈયાર કરી તેને કોશ સ્વરૂપે મૂકવી, શિક્ષણદર્શનનાં મુખ્ય સાહિત્યનો અભ્યાસ કરી સંદર્ભ પુસ્તકોની સૂચિ તૈયાર કરવી, અને આ કાર્ય સંપાદન કર્યા

પછી ' શિક્ષણમાં અસ્તિત્વવાદ 'ના મૂળ વિષયને ઘાટ આપવા પ્રયત્ન કરવો, આવી કાર્યપદ્ધતિને આકારવામાં આવી છે. પર્યાય શબ્દ ઉપરાંત વિવિધ અર્થઘટન કરવાં, વિવિધ દૃષ્ટિબિંદુથી સમજૂતી આપવી, ઐતિહાસિક પ્રવાહના સંદર્ભમાં અર્થઘટન કરવું અને ક્રમશઃ કેવું અર્થપરિવર્તન થાય છે ઇત્યાદિ દર્શાવતી સામગ્રી આ પુસ્તક પૂરી પાડે છે. દર્શનશાસ્ત્રના પારિભાષિક અભ્યાસને પણ ગૂંથવામાં આવ્યો છે.

આ પુસ્તકને પ્રાક્કથન, આમુખ, નિવેદન, પરિભાષાઓ, A થી W સુધી, દર્શન-શાસ્ત્રનો પરિભાષાત્મક અભ્યાસ, સંદર્ભ ગ્રંથસૂચિ—આ વિષયોથી સાંકળી લેવામાં આવ્યું છે.

આ પ્રકારના કીમતી સંપાદન અને પ્રકાશન માટે ગ્રંથકર્તા તેમ જ સરદાર પટેલ યુનિવર્સિટીના અધિકારીઓને હાર્દિક અભિનંદન આપું છું.

પ્રભાકર ક. ડાંગરે

* * *

**મીરાં :** લે. હસિત હ. બૂચ, પ્ર. કુમકુમ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ; પૃ. ૮૯, મૂલ્ય : રૂપિયા પાંચ.

આપણા કેટલાક સંતકવિઓનાં સાધુચરિત જીવન અને કવનની કીર્તિ તેમના પોતાનાં જ પ્રદેશ અને ભાષા પૂરતી મર્યાદિત ન રહેતાં તે સમગ્ર દેશમાં ઓછાવત્તા અંશમાં વ્યાપેલી છે, એટલું જ નહીં પણ સમયના સીમાડાને ઓળંગીને પણ તેમની મનોહારી છવિ લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન પામી ચૂકી છે. મીરાંબાઈ એ વિરલ વિભૂતિઓમાંના એક છે.

આપણી મધ્યકાલીન કવિતાની આગલી હરોળનાં તથા સ્ત્રીકવિઓમાં અગ્રણી ' ગિરધર નાગરની સદશ ગોપિકા ' શાં મીરાંબાઈ પ્રથમ ભક્ત અને પછી કવિ છે. એની ભક્તિમાં કવિતા અને એની કવિતામાં ભક્તિ વહી રહી છે. તેથી જ મીરાંની કવિતાની નિર્વ્યાજ અકૃત્રિમતાથી આકર્ષાનાર સંત ગાંધીજીના અભિપ્રાયને સાહિત્યકાર મુનશીએ 'Supreme art of artless' ' કલા થવાના યત્ન વિનાની ઉત્કૃષ્ટ કલા ' એ શબ્દોથી અનુમોદન આપ્યું છે.

એ રાજસ્થાનની રાજકુમારી અને મેવાડી રાજવધૂનાં જીવન અને કવન વિષે સર્વશ્રી ભાનુસુખરામ મહેતા, મંજુલાલ મજમુદાર, ભૂપેન્દ્ર ત્રિવેદી, જેઠાલાલ ત્રિવેદી–ના નાનામોટા ગ્રંથોમાં, તથા ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ આલેખતા વિધિવ ગ્રંથોમાં, અને સર્વશ્રી કે. કા. શાસ્ત્રી, આનંદશંકર ધ્રુવ, દર્શક વગેરે વિદ્વાનોના લેખોમાં જુદી જુદી દૃષ્ટિએ ચર્ચા થયેલી છે. તદુપરાંત આચાર્ય પરશુરામ ચતુર્વેદી, ભારતેન્દુ હરિશ્ચંદ્ર, ' માધવ ', ડૉ. પ્રભાત, પદ્માવતી, ' શબનમ ' જેવા હિંદી ભાષાના વિદ્વાનોએ પણ પ્રમાણભૂત માહિતી સંશોધિત કરીને પૂરી પાડી છે.

આ સઘળી સામગ્રીનો તાટસ્થ્ય પણ પૂરતા વિવેકપૂર્વક અભ્યાસ કરી, તેમાંના ભિન્ન કે મિશ્ર મતોનો નિષ્કર્ષ સારવી શ્રી હસિત બૂચે, મીરાંનું સાહિત્યિક અને સંશોધન દૃષ્ટિથી સંક્ષિપ્ત પણ સ્પષ્ટ ચિત્ર આલેખવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. કાલનિર્ણય માટેના

વિવિધ સંદર્ભોના અનુલક્ષમાં તેમણે મીરાંની જીવનાવધિને ઈ.સ. ૧૪૯૯ થી ૧૫૪૭ વચ્ચે હોવાનું વધુ આધારભૂત માન્યું છે. મીરાંના જીવનની કેટલીક વિગતો તથા તેના પદોની ભાષા-વગેરેનાં નિર્ણયમાં તેમણે—અન્ય વિદ્વાનોની જેમ—૧૫૮૬માં લખાયેલી (દ્વારકાંવાળી ?) ડાકોર પ્રતને જ જૂનામાં જૂની આધાર કડી હોવાનું સ્વીકાર્યું છે. અને એ પદોની ભાષા મારવાડીથી મિશ્રિત ગુજરાતી છે એમ વિવિધ પદોમાંથી સમાંતર પંક્તિઓ ટાંકી દર્શાવ્યું છે. દા. ત.:

**"ચલો મન ગંગા-જમના તીર"**

**"ચલાં મનચા જમના કા તીર"** (ડાકોરવાળી પ્રત)

**"ચાલાં મણવા જમણા કાં તીર"** (રાજસ્થાની પ્રત)

મીરાંનાં કેટલાંક લોકપ્રિય ઘાટીલાં પદોની કર્તૃત્વદષ્ટિથી આછી ચર્ચા કરીને લેખકે, મીરાંનાં લગભગ બસો જેટલાં ગુજરાતી પદોમાં સ્ફુટ થતું મીરાંનું સ્વાભાવિક સંતર્પક કવિત્વ, એની માનસિક અનુભૂતિની સચ્ચાઈ તથા ગહનાઈ, કલ્પનાબળ કરતાંય ભાવદર્શનને જ વધુ સૂચવતી સીમિત ચિત્રરચના, એની સ્ત્રીસહજ મૃદુમધુર પદાવલિમાં પ્રગટતી સંગીતકવયિત્રીની સર્જકતા અને નર્તનક્ષમતા વગેરે લક્ષણો સુપેરે તારવી આપ્યાં છે. તે કહે છે:

**"મીરાં કાવ્ય પ્રગટાવતાં નથી; કાવ્ય મીરાંમાં પ્રગટી ઊઠે છે."** (૫૫)
શ્રી ભૂચના મતે, પ્રેમભક્તિનાં સંતકવયિત્રી લેખે મીરાંની પ્રતિભા 'સ્વાભાવિક–સ્વયંભૂ પહેલી અને વિશેષ.' એમાં પરંપરિત ભાવધારા અને બહુશ્રુતતાનો ફાળો ગૌણ, પણ અગણ્ય નહીં જ.

આ ભાવાવેગે ઝંકૃત ટૂંકાં સંગીતકાવ્યો-ઊર્મિકોની અપેક્ષાએ મીરાંની લાંબી રચનાઓ મોળી-કાચી પડે છે. મારવાડી-ગુજરાતી મિશ્રિત ભાષાની ૫૪૪ પંક્તિની, સખી મિથુલા સમક્ષ બોલાયા રૂપે પ્રાપ્ત મીરાંની લાંબી પ્રસંગ કથતી રચના (૧) **नरसी रो माहेरो** વિષે થોડી ચર્ચા કરી લેખકે જણાવ્યું છે કે આ **माहेरो** કૃતિની ૧૮૦૯થી જૂની પ્રત મળતી નથી એટલા જ માટે એનાં મીરાંના કર્તૃત્વ બાબત ડૉ. પ્રભાતે સેવેલી શંકાના મુદ્દાઓ વજૂદ વિનાના ઠરે છે. તે જ પ્રમાણે (૨) **'સત્યભામાજીનો રૂસણો'** અથવા 'સતભામાનું રૂસણું' નામક ૮૦ પંક્તિઓની ગરબીબંધની કૃતિ, તથા (૩) **'નરસિં મહેતાચિ હુંડી'**ની ગુજરાતી-વ્રજભાષાઓની મિશ્રણવાળી ૫૮ કડીની કૃતિ—ના કર્તૃત્વ વિષેના વિવિધ સંદિગ્ધ અભિપ્રાયોની લેખકે નોંધ લીધી છે. અલબત્ત, આ ત્રણે ય કૃતિઓ મીરાંની હોવા બાબતનો લેખકનો અભિપ્રાય તેમાંથી ડોકાય છે ખરો.

મીરાંના કાવ્યોનું વસ્તુ આ લાંબી રચનાઓમાં અથવા કૃષ્ણજીવનલીલા ગાતાં એનાં પદોમાં ચરિત્રાત્મક છે અને એમાં એની સર્જકતા ખીલી ઊઠતી નથી. વ્યાપ તેમ જ સત્ત્વપ્રભાવની દૃષ્ટિએ તો મીરાંનું ચિરંજીવ કવિત્વ મ્હોરી ઊઠે છે એના આત્મચરિત્રાત્મક વસ્તુવાળાં ટૂંકાં ભક્તિ-અધ્યાત્મબોધનાં પદોમાં. કારણ એમાં કૃષ્ણની પરમ પ્રેયસી-પત્ની રૂપે મીરાંની નિજરંગી આત્મલક્ષિતા-ફૂલની ફોરમની જેમ—સહજ રીતે ફોરી ઊઠે છે. વળી એમાં નરસિંહ-દયારામ-સૂર-ચૈતન્ય આદિ પુરુષ-કવિઓની પ્રગલ્ભતાની અપેક્ષાએ સ્ત્રીકવિની ગોપીભાવાનુભૂતિ, આભાસ-આયાસ વિના, નિઃશેષતઃ છવાઈ ગયેલી છે.

નરસિંહની બાબતમાં શ્રી કે. કા. શાસ્ત્રીએ તેમના નરસિંહવિષયક ગ્રન્થમાં કરી છે તેવી ચર્ચા અત્રે ન કરતાં શ્રી બૂચે, મીરાંની ભાવના અને કવિતા પર આ કે તે સગુણ-નિર્ગુણ સંપ્રદાય કે સંતોનો પ્રભાવ હોવા-ન હોવાના ચર્ચા-મુદ્દાને ગૌણ ગણીને નોંધ્યું છે કે:

"તુલસી સમું એનામાં યુગદર્શન નથી, સૂરદાસ જેવું શિલ્પ નથી, કબીરમાં મળે એવું તત્ત્વમંથન નથી કે નથી માર્ગદર્શન; પરંતુ એવું નથી તો જ મીરાં મીરાં છે, અને તો જ એનું કાવ્ય એનું જ થઈ રહ્યું છે." (૫૩)

મીરાંનાં પદોની સંગીતક્ષમતાની દૃષ્ટિએ કરવા યોગ્ય સ્વતંત્ર અભ્યાસ વિષેની શ્રી બૂચની ટકોર વ્યાજબી છે:

"મીરાંમાં સંગીત હેલે ચડયું છે, નરસિંહમાં ચિત્રતત્ત્વ, લોકજીવન, લોકવાણી, લોકઢાળ બન્નેની રચનાઓમાં ખરાં, છતાં બેઉની રચનાઓ લોકકાવ્યો નહિ. ઉદ્‌ગાર-ચિત્રાંકનમાં નરસિંહની રીત વધુ મોકળી અને સ્વાભાવિક; મીરાંમાં એ વધુ સંયમિત અને સ્વાભાવિક. આ બન્ને કવિઓની કૃતિઓમાં આત્મલક્ષિતાની આભા અપૂર્વ ગણાય પરંતુ લોકોને ખરું આકર્ષણ એમાં અનુભવાતી સચ્ચાઈનું-નિખાલસતાનું, એવી અસર મીરાંબાઈ વધુ ઊંડે લગી કરે છે." (૪)

બાસઠેક રાગરાગિણીઓમાં પ્રસરતી સુગેય ઢાળોની સંગીતમાધુરી, લયપસંદગી, શબ્દ-યોજના, પ્રાસલીલા, ટેક, ગીતના સુભગ ઉપાડમાં યોજાતાં શબ્દાવર્તનો (દા. ત. 'બોલ મા' ૩ વખત), રાજસ્થાની પદોમાં દોહા-દોહરાનો વિશિષ્ટ ઉપયોગ, વિરહ-સંવેદનની ઉત્કટતા, માર્મિક પણ ભાવવાહી ચિત્રાંકનો, પંદરેક રાધા-ઉલ્લેખનાં પદોની વિશિષ્ટતા, પ્રેમાનુબંધમાં પરિણમતી મીરાંની પ્રચ્છન્ન જ્ઞાનધારા, વૈરાગ્ય-રહસ્યદર્શનનાં કેટલાંક પદોમાંનું પારદર્શીપણું, સુરેખ-સળંગ રૂપકયોજના અને પ્રતીકાત્મક આલેખન, અને સૌથી વિશેષ તો નિર્ભેળ પ્રેમભક્તિની આરત અને મસ્તી—આવી ગુણરિદ્ધિ તથા કાવ્યસિદ્ધિને દર્શાવતાં સૌંદર્યબિન્દુઓની ઝાંખી કરાવવા શ્રી બૂચે નીચેનાં જેવાં ગુજરાતી-રાજસ્થાની-વ્રજનાં પદો પર સુયોગ્ય પસંદગી ઉતારી છે. થોડાંક જોઈએ:

'રામ-રમકડું જડિયું રે રાણાજી!', 'જૂનું થયું રે દેવળ જૂનું થયું', 'મારી વાડીના ભમરા, મારી વાડી વેડીશ મા', 'ચાકર રાખોજી! અમને', 'ચાલોને જોવા જઈએ રે, મા, મોરલી વાગી', 'કયાં ગયો રે મોરલીવાળો, અમને રાસ રમાડી રે?', 'રૂડી ને રંગીલી તારી વાંસળી રે જી', 'વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે', 'હો રાધે પ્યારી! દે દે બંસી હમારી', 'મુખડાની માયા લાગી રે, મોહન! તારા', 'ઘેલાં તો અમે હરિનાં ઘેલાં, નિર્ગુણ કીધાં નાથે', 'બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના.', 'પ્રેમની (૩) રે, મને લાગી કટારી પ્રેમની', 'પ્રેમની વાત છે ન્યારી, ઓધવજી!', 'કઠણ થયા રે માધવ મથુરાં જઈ, કાગળ ન લખ્યો કટકો રે', 'કાનુડો શું જાણે મારી પીડ? બાઈ! અમે બાળકુંવારાં રે', 'પિયા કારણ રે પીળી ભઈ રે', 'કયારે મળશે કા'ન, જોશીડા! જોશ જુઓને', 'કહીં જાઈ કરું રે પોકાર?', 'કોઈ માધવ લ્યો, હાં રે માધવ લ્યો, વેચંતી વ્રજનારી', 'બોલે ઝીણા મોર, રાધે તારા ડુંગરિયા પર, બોલે', 'નાવ રિસાયો રે બેની, મારો નાવ રિસાયો રે', 'ઉપાડી ગાંસડી વેઠની રે, કેમ નાખી દેવાય?', 'વેચવા નીસર્યાં મોહનજી! અમે મહી વેચવા', 'નંદકુવરનું નામ સાંભળી આશાભર્યાં અમે આવ્યાં', 'માછીડા રે હોડી હલકાર', 'કહાન માગ્યો દ્યો, જશોદાજી!', 'લે ને તારી લાકડી ને લે ને તારી કામળી, વાછરું ચરાવવા નૈં જાઉં, માવલડી', 'નંદલાલ! નહીં રે આવું, મજ ઘેર કામ છે', 'મચકાળા મંદિરિયે આવ, મચકે મોહી રહી છું', 'નહી રે વિસારું હરિ,

અંતરમાંથી ', ' તમે જાણી લ્યો, સાયર સરખા મારા વીરા રે, દિલ ખોલીને દીવો કરો રે, હોજી ', ' મારી દસ આંગળીઓ થઈ છે લાલ......હું સપનામાં પરણી શ્રી ગોવિંદને ', ' ઝૂમકહાર શીદ તોડચો, હો રાજ ! ', ' લેહ લાગી મને તારી, સાંવરિયા ', ' આજે રંગીલી ગણગોર છે, સાંવલિયા ! ', ' હું રોઈ રોઈ અખિયાં રાતી કરું ', ' હેરી મૈં તો દરદ દીવાની, મેરા દરદ ન જાણે કોય ', ' જોગી મત જા, મત જા મત જા ', ' બંસીવાલા ! આજો મોરા દેશ ', ' અબ મોહિ કયૂં તરસાવો ? ' વગેરે.

આટલી પણ યાદી આપવાનું પ્રયોજન એ છે કે, ગુજરાતી ગ્રંથકાર શ્રેણીના–માત્ર પરિચયાત્મક લઘુપુસ્તિકા આપવાના–ઉદ્દેશને વફાદાર રહીને પણ આપણા સંનિષ્ઠ અભ્યાસી સાહિત્યકાર શ્રી બૂચે, સંકલિત પણ સંક્ષિપ્ત સ્વરૂપે કરેલી સમીક્ષામાં એમની વિવેચનાશક્તિ અને આગવી ગદ્યલઢણ ( જેનાં ઉદાહરણ સ્થળસંકોચને લીધે અત્રે આપ્યાં નથી )ની પ્રતીતિ થાય છે. તે માટે શ્રી બૂચ તથા આ શ્રેણીના આયોજક પણ અભિનંદનના અધિકારી છે. અંતમાં શ્રી હસિતના જ શબ્દોમાં.

**“ વસ્તુતઃ મધ્યકાલીન ગુજરાતી કવિઓનું સપ્તર્ષિમંડળ વિચારીએ, તો નરસિંહ–અખો–પ્રેમાનંદ–આનંદઘન–શામળ–દયારામ સાથે અરુંધતી જેવાં મીરાં દીપે છે. ” (૩)**

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )**

* * *

## સાભાર સ્વીકાર

૧ **મહાનિબંધ વર્ગીકૃત સૂચિ (૧૯૫૯–૧૯૭૭):** સં. શ્રી પ્રકાશ વેગડ, પ્ર. મે. આર. આર. શેઠની કું; ફૂવારા સામે, ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૮+૮૦, કિંમત : રૂા. ૧૨ = ૦૦.

૨ **સંસ્કૃત નાટકોનો પરિચય :** લે. ડૉ. તપસ્વી નાન્દી, પ્ર. અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. ૬ + ૪૯૦, કિંમત : રૂા. ૧૭ = ૦૦.

૩ **અતીતની આંખે :** લે. અને પ્ર. શ્રી ગોસ્વામી મોહનપુરી, જ્યુબિલી, બીટ નં. ૧૨, પોરબંદર–૩૬૦ ૫૭૫, પૃ. ૧૫૬, કિંમત : રૂા. ૧૨ = ૦૦.

૪ **બુદ્ધદેવ ( ત્રિઅંકી નાટક ):** લે. શ્રી રઘુનાથ ત્રિ. બ્રહ્મભટ્ટ, પ્ર. ફાર્બસ ગુજરાતી સભા, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪, પૃ. ૧૨+૧૦૬, કિંમત : રૂા. ૧૨ =૦૦.

૫ Catalogue of Gujarati Manuscripts Collected by મુનિરાજ શ્રી પુણ્યવિજયજી, સં. વિધાત્રી વોરા, પ્ર. નિયામક, એલ. ડી. ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૨ +૮૫૬, કિંમત : રૂા. ૧૨૦ = ૦૦.

૬ **સંસ્કૃતિ પૂજા :** લે. અને પ્ર. શ્રી મણિભાઈ પુ. વોરા, કડિયા પ્લોટ, પોરબંદર–૩૬૦ ૫૭૫, પૃ. ૧૬૦, કિંમત : રૂા. ૮ = ૦૦.

૭ **સાધક સાથી (ભાગ-૨):** લે. ડૉ. સોનેજી, પ્ર. શ્રીસત્શ્રુતસેવા, સાધના કેન્દ્ર મીઠાખળી, મહારાષ્ટ્ર સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પૃ. ૧૬+૧૯૨, કિંમત: રૂા. ૪=૦૦.

૮ **વડલાની છાયા:** સં. શ્રી ભોગીભાઈ ગાંધી, પ્ર. શ્રી કૃષ્ણવદન હ. ગાંધી, ૫/સી, સોનાવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઈ-૪૦૦ ૦૦૭, પૃ. ૩૨૮, કિંમત: છાપેલ નથી.

૯ **અભીપ્સા:** લે. શ્રી રમણલાલ જોષી, પ્ર. મેસર્સ બી. એસ. શાહ પ્રકાશન, ૧૧૮૩, પાનકોર નાકા, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૨૨૮, કિંમત: રૂા. ૧૮=૦૦.

૧૦ **શ્રી નૃસિંહ માહાત્મ્ય:** લે. શ્રી નવીન જોષી, પ્ર. શ્રી રણછોડરાય સેવક મંડળ, શ્રી રણછોડરાય મન્દિર, વાઘેલા કન્યાશાળા, રાજપૂત વાડો, ખંભાત, પૃ. ૨૪, કિંમત: છાપેલ નથી.

૧૧ **એશિયામાં રાષ્ટ્રવાદ:** ડૉ. જયકુમાર ર. શુકલ, પ્ર. અધ્યક્ષ, યુનિવર્સિટી, ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પૃ. ૬+૭૪, કિંમત: રૂા. ૨=૫૦ પૈસા.

૧૨ **આકાર:** સં. શ્રી જગમાલ રથવી, શ્રી અરવિંદ ઘોરી અને બીજા, પ્ર. 'ઉદ્ભવ', લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર, પૃ. ૩૨, કિંમત: રૂા. ૨=૦૦.

**કુમકુમ પ્રકાશન, મામુનાયકની પોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧ ના પ્રકાશનો:**

૧૩ **નરસિંહરાવ:** લે. શ્રી વ્રજલાલ દવે, પૃ. ૬૨, કિંમત: રૂા. ૫=૦૦.

૧૪ **અખો:** લે. શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદી, પૃ. ૯૪, કિંમત: રૂા. ૫=૦૦.

૧૫ **કનૈયાલાલ મુનશી:** લે. શ્રી મનસુખલાલ ઝવેરી, પૃ. ૬૬, કિંમત: રૂા. ૫=૦૦.

૧૬ **ગાંધીજી:** લે. શ્રી ચી. ના. પટેલ, પૃ. ૯૬, કિંમત: રૂા. ૫=૦૦.

૧૭ **સમાન્તર:** લે. શ્રી રમણલાલ જોષી, પૃ. ૨૧૪, કિંમત: રૂા. ૧૮=૦૦.

**ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રકાશન સમિતિ, બોચાસણવાસી શ્રી અક્ષર પુરૂષોત્તમ સંસ્થા, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ના પ્રકાશનો:**

૧૮ **વેદરસ:** લે. શ્રી હર્ષદરાય ત્રિ. દવે, પૃ. ૧૪+૨૧૪, કિંમત: રૂા. ૬=૦૦.

૧૯ **આધાર વરસે અનરાધાર:** લે. શ્રી નાનુભાઈ દવે, પૃ. ૧૪૪, કિંમત: રૂા. ૪=૦૦.

૨૦ **પ્રેમસખી પદાવલિ:** સં. પ્રો. અનંતરાય મ. રાવળ, પૃ. ૫૬+૧૩૪, કિંમત: રૂા. ૪=૦૦.

૨૧ **દેવાનંદ પદાવલિ:** લે. ડૉ. જયંત પાઠક, પૃ. ૮+૧૬+૭૬, કિંમત: ૩=૦૦.

૨૨ **સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી :** લે. શાસ્ત્રી ભકિતપ્રિયદાસ, પૃ. ૩૦, કિંમત: રૂા. ૦=૬૦ પૈસા.

૨૩ **ભક્તરાજ દાદાખાચર :** લે. સાધુ માધવપ્રિયદાસ, પૃ. ૩૨, કિમંત : રૂા. ૦=૬૦ પૈસા.

૨૪ **સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી:** લે. શાસ્ત્રી સિદ્ધેશ્વરદાસ, પૃ. ૩૨, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૨૫ **ભગવાન સ્વામિનારાયણ સંગીત કલાના પોષક :** લે. નિનુ મઝુમદાર, પૃ. ૩૦, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૨૬ **સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી : સદ્‌ગુરુ શતાનંદ સ્વામી :** લે. શાસ્ત્રી શ્રી હરિદાસ, પૃ. ૩૨, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૨૭ **સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી:** લે. શાસ્ત્રી નારાયણ ભકત, પૃ. ૩૨, કિંમત: રૂા. ૦=૬૦ પૈસા.

૨૮ **અનાદિ મહામુક્ત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી :** લે. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ, પૃ. ૩૨, કિંમત: રૂા. ૦=૬૦ પૈસા.

૨૯ **ભક્તરાજ પર્વતભાઈ : ભક્તરાજ ગોર્ધનભાઈ :** લે. (૧) સાધુ નારાયણ મુનિદાસ (૨) સાધુ હરિપ્રકાશદાસ, પૃ. ૩૨, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૩૦ **સંપ્રદાયનો વિકાસ અને ગુરુપરંપરા :** લે. શ્રી હર્ષદરાય ત્રિ. દવે, પૃ. ૩૨, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૩૧ **ભગવાન સ્વામિનારાયણ :** લે. શ્રી હરીન્દ્ર દવે, પૃ. ૩૨, કિંમત : રૂા. ૦=૬૦ પૈસા.

૩૨ **ભગવાન સ્વામિનારાયણના વચનામૃત બિંદુ :** પૃ. ૫૮, કિંમત : રૂા. ૦=૫૦ પૈસા.

૩૩ **સ્વામી ! મને વાત કરોને......** : પૃ. ૧૨, કિંમત : રૂા. ૦=૮૦ પૈસા.

૩૪ **સરસ મઝાની વાત** : પૃ. ૧૪, કિંમત : રૂા. ૧=૦૦.

૩૫ **Swaminarayana Bliss** (English Quarterly) : પૃ. ૫૨, કિંમત : રૂા. ૧=૫૦ પૈસા.

૩૬ **ભગવાન સ્વામિનારાયણ** (સચિત્ર) : પૃ. ૩૨, કિંમત : રૂા. ૫=૦૦.

# ખાંસી
# રહી જા છાની

## આવ્યો
### નવા રૂપમાં આજ
### ખાત્રીદાયક ઈલાજ




ગ્લાયકોડિન ખાંસી દૂર કરવા
માટેનો કોઈ સાધારણ ઈલાજ નથી.
એ તો છે ભારતભરમાં ખાંસી માટેનું
એક ખાત્રીદાયક ઔષધ.

ગ્લાયકોડિન ખાંસીને શરૂ કરનાર
ચારેય કેન્દ્રો પર તરત અસર કરે છે.

- મગજમાંના ખાંસીના કેન્દ્રને કાબૂમાં રાખે છે.
- ગળાનો ચચરાટ દૂર કરે છે.
- ફેફસાંમાં જમા થયેલ કફને બહાર કાઢે છે.
- છાતીની જકડન દૂર કરી સ્નાયુઓને રાહત આપે છે.

દરેક પ્રકારની પીડાકારક ખાંસીમાંથી
છુટકારા માટે ભરોસાપાત્ર ઇલાજ—
ગ્લાયકોડિન. આરામથી શ્વાસ લેવામાં
અને ચેનથી ઊંઘ લેવામાં નડતી
તકલીફ હટાવવામાં અસરકારક.

Alembic

એલેમ્બિક—ડૉક્ટરો હમેશાં જેનાં
ઔષધોમાં વિશ્વાસ ધરાવે છે.

## ગ્લાયકોડિન ખાંસી ખામોશ કરવામાં ભારતમાં અજોડ.

everest/78/ACW/236-g




RATAN BATRA/DB/G/307

# WINNING COMBINATION

**The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'.**

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT.' Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

## UNIBUILT®


**Jyoti Ltd.** BARODA


HYDRAULICS · ELECTRICALS · POWER ELECTRONICS

Marketed by

**JYOTI MARKETING AND PROJECTS LIMITED.**

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005





everest/790/JY

**Statement about the ownership and other particulars about newspapers**

## SVĀDHYĀYA ( स्वाध्याय )

(To be published in the first issue every year after the last day of February)

FORM IV
( See Rule 8 )

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda |
| 2 | *Periodicity of its Publication* : | Three Months—November, February,<br>May and August |
| 3 | *Printer's Name* :<br>( *Whether citizen of India* )<br>(*If foreigner, state the country of origin*)<br>*Address* : | Dr. A. N. Jani<br>Yes<br><br>Sultanpura, Jamkhana's Pole,<br>Baroda-390 001 |
| 4 | *Publisher's Name* :<br>( *Whether citizen of India ?* )<br>( *If foreigner, state the country of origin* )<br>*Address* : | Dr. A. N. Jani<br>Yes<br><br>Sultanpura, Jamkhana's Pole,<br>Baroda-390 001 |
| 5 | *Editor's Name* :<br>( *Whether citizen of India ?* )<br>(*If foreigner, state the country of origin*)<br>*Address* : | Dr. A. N. Jani<br>Yes<br><br>Sultanpura, Jamkhana's Pole,<br>Baroda-390 001 |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M. S. University of Baroda, Baroda |

I, A. N. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**A. N. Jani**
***Signature of Publisher***

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

## M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor :* **A. N. Jani**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly published in every September, December, March and June.

SPECIAL FEATURES :

Articles on Indology, textual and cultural problems of the Rāmāyaṇa, Epic & Purāṇic studies, Notices of manuscripts, Reviews of books, Survey of contemporary Oriental Journals and the publication of rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the features of the Journal.

CONTRIBUTORS TO NOTE :

( 1 ) Only typewritten contributions will be accepted. Copies should be retained by the authors for any future reference, as no manuscripts will be returned.

( 2 ) *To maintain uniformity in transliteration in all the papers published in the Journal of the Oriental Institute, it is essential that all contributions should follow the standard system of transliteration ( c = च, ch = छ, ś = श, ṣ = ष,* etc. ).

( 3 ) All contributions to the Journal should be sent to the *Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda–390 002.*

SUBSCRIPTION RATES :

| | Annual |
|---|---|
| Inland | Rs. 30/- ( Post-free ) |
| Europe | £ 3.00 ( „ „ ) |
| U.S.A. | $ 10.00. ( „ „ ) |

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscriptions to the Journal may be sent to—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Baroda-390 002, Gujarat, India.**

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **ગુજરાતનો પોટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૨૬ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૨૭ | **ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૨૮ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨** (૧૯૭૯)—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૯૬=૦૦ |


પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલ ખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા—૩૯૦ ૦૦૨**

**અરુણોદય ન. જાની**
સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મ. શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જુલાઈ, '૭૯.